# ગુજરાતી પાંચમી ચોપડીના

## નવા અર્થ.



શબ્દના વર્ગ, કવિતાની સમજુતી, દરેક પાઠમાંથી કાઢેલા ઉપયોગી સવાલ, કેટલાક ઉપયોગી પાઠમાંથી કાઢેલા સાર, અઘરાં વાકયોની સમજુતી તથા કેટલાંક અઘરાં વાકયના પદચ્છેદ સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર

જમનાદાસ ભગવાનદાસ બુકસેલર

સુરત 'ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ'માં દલપતભાઇ દ્વારા

સને ૧૮૯૦.

કીમત ૫ આના

# ગૂજરાતી પાંચમી ચોપડીના
## નવા અર્થ.

શબ્દના વર્ગ, કવિતાની સમજુતી, દરેક પાઠમાંથી કાઢેલા ઉપયોગી સવાલ, કેટલાક ઉપયોગી પાઠમાંથી કાઢેલા સાર, અઘરાં વાકયોની સમજુતી તથા કેટલાંક અઘરાં વાકયના પદચ્છેદ સાથે

છપાવી પ્રસિદ્ધ કરનાર

**જમનાદાસ ભગવાનદાસ બુકસેલર.**

સુરત "ગુજરાત સ્ટાનડર્ડ પ્રેસ"માં દલપતભાઇ દાજી સાહેબે છાપી.



સને ૧૮૯૦. સંવત ૧૯૪૬.

કીંમત ૫ આના.

# સૂચના.

અભ્યાસીઓને પોતાને ખાનગી વખતમાં કેટલાક ખુલાસાને માટે શબ્દના અર્થની જરૂર છે, માટે દરેક ભાષામાં તેના કોષ હોય છે. તે જ રીતે શરૂઆતની કેળવણી લેનારા વિદ્યાર્થીઓને પોતાની વાંચનની ચોપડીમાં આવેલી ગુંચવણો દૂર કરવા સારૂ અર્થોની ચોપડીઓની અગત્ય થઇ પડી છે. હાલમાં ચાલતી પાંચમી ચોપડીના અર્થની ચોપડી કરતાં આ સર્વોત્તમ છે; કેમકે એક ઘણાજ કસાયલા અનુભવીએ એ તૈયાર કરી છે અને જે વિદ્વાનોએ તેનો હસ્તલેખ તપાસ્યો છે તે રાજી થયા છે. માટે વધારે લખાણ ન કરતાં શિક્ષકોની મુનસફી ઉપર આ બાબત ઇનસાફ કરવાનું સોંપીએ છીએ.

લા૦ પ્રસિદ્ધ કર્તા.

૪૪૩૯

# નવા અર્થ.

## પાઠ ૧ લો.

ખરૂં (વિ) સાચું.
છાતી ચલાવનાર (ના) હિંમત ચલાવનાર.
ખૂણો (ના) બે કરા જ્યાં એકઠા થાય તે જગા.
દફતર (ના) ચોપડીઓનું પોટલું.
તોબરો (ના) ઘોડાઓને ચંદી ખવાડવાને બનાવેલી 'ચામડાની કોથળી, તે બહારથી ફૂલેલી હોય છે તેથી આ ઠેકાણે તોબરા જેવું મોં એટલે ચઢાવેલું મોં-એટલે ગુસ્સે થએલો.
ખળકતો (કૃ) ગુસ્સામાં ફફડતો.
મિજાસ ગયા છે (ક્રિ) ખીજવાયલો છે.
છેડતી (કૃ) બોલાવતી.
ચૂપ બેસવું (ક્રિ) છાનામાના બેસવું, બોલ્યા વિના બેસવું.
બનવાનું (ક્રિ) મળતીરાસ આવવી.
ખમાય (ક્રિ) વેઠાય.
ઘંટ (ના) ઘંટડી ઘંટા, ઝાલર, કાંસાની ગોળ થાળી જેવી હોય છે તેને કાના હોતા નથી ને વગાડવાના કામમાં આવે છે.
ભમરડો (ના) લાકડાં કે હાથીદાંતનું આ રવાળું રમકડું દોરી ભેરવી ફેરવવામાં આવે છે.
આર (ના) ભમરડાની નીચે લોઢાની પાતળી સળી હોય છે તે.
હિસાબ (ના) ગણિતના દાખલા.
સ્લેટ (ના) પત્થરપાટી.
વાજબી (વિ) ખરૂં, સાચું.
ગેરવાજબી (વિ) ખોટું.
સમજણ (ના) સમજવાની શક્તિ, અકલ.
પહેલા થવું (ક્રિ) પહેલે નંબરે આવવું.

સવાલ...જીવણરામ જયાનંદને શા કારણથી નઠારો ગણતો હતો? અને તે કારણ ખરાં હતાં?

## પાઠ ૨ જો.

વાળુ (ના) રાતનું ભોજન.
રોષ (ના) ગુસ્સો, રીસ.
ઊતર્યો (ક્રિ) કમી થયલો, ઓછો થએલો.
મીઠા વચનથી (ના) નરમાશથી, માયાથી
લેહ (ના) ઇશક, મઝા, શોખ.
છેતર્યો (ક્રિ) ઠગ્યો.

પાડ માનવો (ક્રિ) ઉપકાર માનવો.
કામે પાડી જોજે (ક્રિ) એને એકાદ તારૂં કામ સોંપજે.
ખાતરી (ના) પતીજ, નિશ્ચય, ખાતરનીશા.

સવાલ? રાત્રે જીવણુરામની માએ તેની જોડે કઇ બે બાબત વિષે વાત કીધી.

(૨) જીવણુરામની માએ જે બે વાત તેને સમજાવી તેથી જીવણુરામની ખાત્રી થઇ કે જયાનંદ ભલો છોકરો છે? અને જ્યારે જીવણુરામની ખાતરી ન થઇ ત્યારે તેણે કઇ યુક્તિથી જયાનંદની ભલમનસાઇની પરીક્ષા કીધી.

(૩) જયાનંદે પોતાની સ્લેટમાં જીવણુરામને જોવા દીધું હોત ને ભમરડો આપ્યો હોત તો શું થાત વારૂ?

## પાઠ ૩ જો.

આલ (ના) વર્તણુંક.
ફાયદો (ના) લાભ.
છૂટી (ના) પાણી પીવાની રજા.
કેડે (અ) પછી.
બને છે (ક્રિ) હજો છે. મળતી રાસ આવે છે.
ભોળો (વિ) પાપ વગરનો.
મશ્કરી (ના) ઠઠા, મજાક.
ખીજવતાં (ક્રિ) ચીડવતાં, ગુસ્સે કરતાં.
હેત (ના) માયા, પ્રેમ, વહાલ.
યત્ન (ના) [illegible]
સુધારો (ના) રીવાજ, [illegible]રો ધારો.
ગુણ (ના) ફાયદો.
હાંસી (ના) મશ્કરી, ફજેતી.
ચાહે (ક્રિ) વહાલ કરે.
દુર્ગુણ (ના) નઠારા ગુણ, નઠારાં લક્ષણ.

સવાલ? જયાનંદ સારો છોકરો છે એમ જીવણુરામની ખાત્રી થઇ કે નહીં? અને જીવણુરામે તેની મા આગળ જયાનંદનાં કેવાં વખાણ કીધાં.

(૨) જયાનંદ હર કોઇ છોકરાને દાખલો કે [illegible] ત્યારે શીખવતો?

(૩) ખરૂં ને વાજબી કરવાની હિંમત જીવણુરામમાં કે જયાનંદમાં હતી? અને એવા ગુણથી શું લાભ થાય?

## પાઠ ૪ થો.

પક્ષી (ના) પાંખવાળાં જાનવર.
રૂવાં (ના) નાના ને સુંવાળા વાળ.
ઊન (ના) ઘેટાંના વાળ.
ચાંચ (ના) પક્ષીના મોં ઉપર લાંબી પાતળી વાંકી કે સીધી જે અણી નીકળેલી હોય તે.
પાંખ (ના) પક્ષીને ઉડવામાં મદદ કરનાર તેના શરીરના અવયવ.
અવતરે છે (ક્રિ) જન્મે છે.
ઈંડું (ના) પક્ષીનો ગર્ભ જે ખોખાંમાં હોય છે તે,—ને જેમાંથી બચ્ચું નીકળે છે તે.

[illegible] ભાગ.
નસકોરાં (ના) ચાંચના કાણાં.
શ્વાસ લેવો (ક્રિ) દમ લેવો.
છિદ્ર (નામ) કાણું.
વતી (અ) વડે, થી.
હવા (ના) પવન.
અણીઆળી (વિ) અણીદાર.
ગીધ (ના) એક જાતનું મડાં ખાનારૂં પક્ષી.
ગરુડ (ના) એક જાતનું પક્ષી.
સમળી (ના) એક જાતનું પક્ષી.
બાજ (ના) એક જાતનું પક્ષી.
ઘૂડ (ના) એક જાતનું પક્ષી.
કાગડો (ના) એક જાતનું કાળા રંગનું પક્ષી.
લકડખોદ (ના) એક જાતનું પક્ષી ઝાડ ની ઉપર પોતાની ચાંચ માર્યા કરે છે માટે એ નામ પડયું.
ચાસ (ના) એક જાતનું પક્ષી.
સારસ (ના) એક જાતનું પક્ષી. એ હંમેશાં નર ને માદા જોડે ફરે છે.
ચકલી (ના) એક જાતનું પક્ષી.
કૂકડી (ના) મરઘી.
કબુતર (ના) એક જાતનું પક્ષી.
દેવચકલી (ના) એક જાતનું પક્ષી. એને દુર્ગા ચલી પણ કહે છે.
હોલા (ના) કબુતરના જેવું એક જાત નું પક્ષી.
જળકૂકડી (ના) એક જાતનું પાણીમાં રેહેનારૂં પક્ષી.
બતક (ના) પાણીમાં રેહેનાર એક પક્ષી એ બુડકી મારી માછલી પકડે છે.
મોર (ના) એક જાતનું પક્ષી. એના પીછાં ઘણાં પોહોળાં હોય છે.
કોયલ (ના) કાળા રંગનું ને મધુર રાગવાળું એક પક્ષી.
પોપટ (ના) લીલા રંગ અને રાતી ને વાંકી ચાંચ ને કાંઠલાવાળું પક્ષી,
મેના (ના) એક જાતનું પક્ષી સારિકા.
કાકાકૌવા (ના) એક જાતનું પક્ષી.
દેવતરસ્યો (ના) એક જાતનું પક્ષી. બપૈયો. ચાતક.
બગલું (ના) રંગે ધોળું ને લાંબી ચાંચ પાંખ ને લાંબા પગવાળું પક્ષી.

સવાલ—પક્ષીને બીજા જાનવર કઇ કઇ વાતમાં મળતાં આવે છે? ને કઇ બાબતમા મળતાં નથી આવતાં?

૨ પક્ષીને ઉડવું શાથી સેહેલું પડે છે?

૩ શું પક્ષી એકલાં નસકોરાંજ વતે દમ લે છે?

૪ પક્ષીની કઇ કઇ છ જાત છે? અને તે દરેક જાતનાં ત્રણ ત્રણ દાખલા આપો.

---

## પાઠ ૫ મો.

---

સિંધવ (ના) એક જાતનો ખાર જમીનમાંથી નીકળે છે. રંગે ધોળો સ્વાદે મીઠાના જેવો ખારો ને એ-

સામાં વપરાય છે.

ડોળની (ના) ટોપલીઓ જેવી માંચી.

ઝુંમર (ના) ઝાડની ડાળીઓના આકારનું દીવા મુકવાનું એક સાહિત્ય.

અછત (ના) ટોટો. ખુટકો.

ખાણ (ના) કંઈ પણ વસ્તુ મેળવવાનો અથવા ભરવાને જમીનમાં ખોદેલો ખાડો.

સુરંગ (ના) જમીનમાં ખાડો ખોદી માંહે દારૂ ભરી બંધ કરી જામગરીથી સળગાવે છે તેથી જમીન ફાટે છે તે.

ચોસલાં (ના) મોટાં ગચીયાં.

મૂર્તિ (ના) પ્રતિમા. બાવલું. મોટા પુરૂષ કે દેવ દેવીની લાકડાંની કે ધાતુની પ્રતિમા બનાવે છે તે.

કુહાડી (ના) કાપવાનું એક લોઢાનું ઓજાર.

હથોડો (ના) ટીપવાનુ સોનીનું ઓજાર.

ઉત્પન્ન કરવું (ક્રિ) પેદા કરવું.

ફીકું (વિ૦) સ્વાદ વિનાનું.

અથાણાં (ના) કેરી, કેરાં, લીંબુને મીઠાંવગેરેમાં આથે છે તે.

દુર્બળ (વિ૦) જોર વગરનું.

સવાલ ૧ સિંધવની મોટી ખાણો ક્યાં છે? તેમાંથી કેટલાં વર્ષથી સિંધવ નીકળે છે ને હજી કેટલાં વર્ષ સુધી ચાલે તેટલો સિંધવ છે?

૨ એ ખાણોમાં શી રીતે ઉતરાય છે ને ત્યાં માણસોની વસ્તી હોય છે કે?

૩ ઘણું [illegible] તો તેને શી રીતે ખોદી કાઢે છે?

૪ ખાણમાંથી નીકળે તેવોને તેવોજ સિંધવ ખાધામાં આવે છે કે? જો નહિં તો શું કરવું પડે છે?

૫ એશિઆના ઉત્તર ભાગ, સ્પેન, ને આફ્રિકાના વચલા ભાગમાં સિંધવ શા કામમાં વપરાય છે?

૬ આપણે પરમેશ્વરનો પાડ શા માટે માનવો જોઇએ? અને મીઠું કે સિંધવ ન હોત તો આપણને શી શી હરકતો પડત?

## પાઠ ૬ ઠો.

ટીસી (ના) કુંપળ-પાતરાંની કળી.

પાનખર ૠતુ (ના) જે મોસમમાં ઝાડનાં પાતરાં ખરી જાય તે મોસમ; પોશ ને મહા માસ.

ખરી પડવું (ક્રિ) પડી જવું.

ડાખળી (ના) નાની ડાળી.

કુંપળ (ના) નવું કુમળું પાતરૂં.

ચાકુ વતી (ના) ચપ્પુ વડે. વતી અવ્યય છે.

સવાલ-૧ વરસની ૠતુઓ કેટલી છે ને તે કયા કયા મહિનામાં બેસે છે.

જવાબ-૧ વસંત એટલે ફાગણ ને ચૈત્ર ઝાડોને નવાં પાતરાં આવે છે. (૨) ગ્રીષ્મ-ઉનાળો વૈશાખ ને જેઠ. એમાં તાપ ઘણો પડે. (૩) વર્ષાૠતુ-

[illegible]ણ માસમાં વર્ષાદ ઘણો વરસે ને દાણાનું વાવેતર થાય. (૪) શરદ ૠતુ ભાદરવો ને આશો માસમાં ખાધું પચે નહીં ને માણસ શરીરે દુઃખી થાય. (૫) હેમંત ૠતુ–કારતક ને માગશર માસમાં તડાકની શરૂઆત થાય છે ને નવું અનાજ પાકે છે. (૬) શીશીર ૠતુ–પોશ ને મહા મારાગાં ટાઢ ઘણી ને હીમ પડે એજ પાનખર ૠતુ. એમાં ઝાડના પાતરાં ખરી જાય. વળી કેટલાકો ત્રણ ૠતુ ગણે છે. (૧) શીઆળો, (૨) ઊનાળો, (૩) ચોમાસું. કેટલાક એ મોસમ ગણે છે. (૧) શીઆળો, (૨) ઉનાળો ચોમાસાને ૠતુમાં ગણતા નથી.

(૨) પાનખર ૠતુમાં ઝાડનાં બધાં પાતરાં ખરી જાય ત્યારે તે મરીને સૂકા લાકડાં જેવાં થઇ જાય છે કે નહીં ?

(૩) ઝાડને નવાં પાતરાં શી રીતે આવે છે ?

(૪) ઝાડના કેટલાં અંગ છે અને તે અનુક્રમે બોલો.

જવાબ–(૧) મૂળ, (૨) થડ, (૩) ડાળી, (૪) પાંદડાં, (૫) કળી, (૬) ફુલ, (૭) ફળ, (૮) બી.

---

## પાઠ ૭ મો.

---

પાનું (ના) ફળ.

પૂમડું (ના) રૂનો નાનો જથો.

હુંફાળી (વિ) ગરમ.

જાળવે છે (ક્રિ) સાચવે છે, રક્ષણ કરે છે.

હુંફવાળે છે (ક્રિ) ગરમ કરે છે, ગરમી આપે છે.

ધાબળી (ના) ઊનની કામળી.

કળી (ના) નહીં ખીલેલું ફુલ.

આકાર (ના) ડોળ, ઘાટ, રૂપ.

ખીલે (ક્રિ) ફુલની પાંખડીઓ જૂદી પડેલી હોય તે.

કરમાઇ (કૃ) ચીમળાઇ.

જગતકર્તા (ના) દુનિઆને બનાવનાર એટલે પરમેશ્વર.

સવાલ ૧–વનમાળીએ ટીશીમાંથી ચપ્પુ વતે શું કાઢયું ને તેના બાપને તેણે શું કહ્યું ?

(૨) ટીશીઓમાં જે ધોળું ધોળું દેખાય છે તે શું કામ કરે છે ?

(૩) વનમાળીના બાપે તેને ટીશીમાંથી પાંદડાં કાઢી જોવા આપ્યાં ત્યારે તે શું બોલ્યો ?

(૪) ટીશીનો બાહારનો ભાગ કઠણ શાથી થયો ને તે ભાગ શેનો બનેલો છે ને તે શું કામ બજાવે છે ?

(૫) ટીશીની વચ્ચોવચ શું હોય છે?

(૬) ટીશી મોટી થયા પછી તેમાંથી શું શું નીકળે ? પાંદડાં પ્રથમ ટીશીમાંથી નીકળે ત્યારે કેવા રંગનાં હોય ને પછી કેવા રંગના થાય ને શાથી.

(૭) કળીમાંથી ફુલ થવાને અને તે-

ને ખીલવવાને કઈ બે વસ્તુની જરૂર છે ? અને તે બે વસ્તુ ન હોત તો ટીશી, કળી, ને ફુલની શી વલે થાત ?

---

## પાઠ ૮ મો.

---

સુરત (ના) તાપી કિનારે ગુજરાતમાં એક પ્રખ્યાત શેહેર છે.

સબબ (ના) કારણ.

નદીનું મૂળ (ના) જે ઠેકાણે નદી દરિઆને મળે તે અને જ્યાંથી નીકળે તે તેનું મૂળ કહેવાય.

આંતરે (ના) છેટે.

નામીચું (વિ) પ્રખ્યાત, જાણીતું.

આફત (ના) વિપત્તિ, આપદા, અકસ્માત.

હાલત (ના) સ્થિતિ, અવસ્થા હાલ.

મથક (ના) મુખ્ય ઠેકાણું, પીઠ.

વેપારનું મથક (ના) વેપારનું મુખ્ય ઠેકાણું.

કોટ (ના) શેહેર કે ગામને ફરતી બાંધેલી ઊંચી ને જાડી ભીત.

પરૂં (ના) શેહેરની અંદરની વસ્તીની નજીકની વસ્તી, શેહેરનો ભાગ.

કોટવાલ (ના) પોલિસ અમલદાર કોટની અંદરની વસ્તીનું રક્ષણ કરનાર અમલદાર.

અડચણ (ના) હરકત, મુશીબત.

ભાગળ (ના) મોટા દરવાજા સુરતમાં એવી ભાગળ આગળ નાનો કે મોટો બ... લોકો ભાગળ ... બજાર સમજે છે. હું ભાગળે જાઉં છું એટલે બજારમાં સોદો લેવા જાઉં છું.

કિલ્લો (ના) દુશમનથી આવી ન શકાય માટે મોટી જાડી ભીત કરી લઇ તેની વચ્ચે બાંધેલું મકાન, ગઢ, ગઢી.

કિનારો (ના) કાંઠો, બાજુ, તટ.

ખાઇ (ના) ખાડી, કોતર.

કલેક્ટર (ના) જીલ્લાનું મેહેસુલ ઉઘરાવનાર અધિકારી.

માજીસ્ટ્રેટ (ના) ફોજદારી મુકરદમા ચુકવનાર અધિકારી.

આસીસ્ટંટ (ના) મદદગાર.

કચેરી (ના) આફીસ, અમલદારો જે જગાએ બેસી પોતાનું કામ કરે છે તે જગા.

કોઠી (નામ) લાતી, વખાર.

અંગ્રેજ (ના) યૂરોપખંડના ઈંગ્લાંડના રહેવાશી લોક.

વલંદા (ના) યૂરોપખંડના હોલાંડ દેશના રહીશ લોકો ડચ.

વલંદાવાડ (ના) વલંદા લોકને રેહેવાનો મોહોલો કે શેરી.

લાતી (ના) વખાર, કોઠી.

ફિરંગી (વિ) આપણા શરીરના રંગથી જુદા રંગના. એ મૂળ અર્થ છે. પણ પહેલ વહેલા હિંદુસ્તાનમાં પોર્ટુગીઝ આવ્યા, તેથી તેનેજ એ શ-

…રંગી એટલે યુરોપના પોર્ટુગીઝના વતની લોકો અને તેથી ફિરંગી નામ ગણે.

સવાલ ૧ સુરત શેહેર ક્યાં છે ને અસલના વખતમાં એમાં વેપાર રોજગાર કેવો હતો? તથા હાલ નબળો પડ્યો હોય તો તે શાથી?

(૨) સુરતને અસલ કિલ્લા કોટ હતા? તેમાંનો કયો કોટ કોણે કોની રજાથી શા માટે તોડી પાડ્યો?

(૩) સુરત શહેર કયા બે મુખ્ય ભાગમાં વહેંચાયલું છે?

(૪) હાલના નવા કોટને કેટલા દરવાજા તથા બારી છે ને એ શેહેરના કિલ્લા વિષે શું જાણો છો?

(૫) યુરોપની કઇ કઇ પ્રજા સુરત જોડે વેપાર કરવા આવી હતી? અને ઈ૦ સ૦ ૧૬૧૨ માં શી બીના બની?

---

## પાઠ ૯ મો.

---

અમલદાર (ના) અધિકારી.

દરિઆ મહેલ (ના) દરિઆને કાંડે બાંધેલો મહેલ, પણ આ ઠેકાણે તાપી નદીને કાંડે બાંધેલો મહેલ.

રેલવે (ના) લોઢાના પટાનો આગગાડીને જવાનો રસ્તો.

યુરોપીયન (ના) યુરોપખંડના રહેવાશી.

ડક્કો (ના) લાકડાનો ઉપાડી લેવાનો પૂલ

ફુરજો (ના) જતાં આવતાં વહાણો નોંધવાનું ને તેના ઉપર જગાત લેવાનું સરકારી મકાન માંડવી.

ઇમારત (ના) મકાન, ઘર.

મરામત (ના) ભાગ્યું તૂટ્યું સમરાવવું તે

હાલત (ના) સ્થિતિ.

શરિઆમ (વિ) ધોરી. મોટા, જાહેર.

મ્યુનિસિપાલ ખાતું (ના) શેહેર સુધરાઈ ખાતું.

રેલવે સ્ટેશન (ના) આગગાડીને ઉભી રહેવાની જગા.

સડક (ના) બાંધેલો રસ્તો.

નિરૂપયોગી (વિ) કામમાં ન આવે તે.

બારકશ (ના) મોટાં વહાણ.

વાસો કરે છે (ના) મુકામ કરે છે, રહે છે. કરે છે (ક્રિ.)

મૂલ (ના) કિંમત.

મારફત (અ) વડે, થી,

સવાલ ૧ સુરતમાં મોગલાઇ અમલદારોની કઇ કઇ ઇમારતો છે. અને તેઓની હાલત હાલમાં કેવી છે?

(૨) પરાંના ને શેહેરના ધોરી રસ્તા કેવા છે? અને કઇ સડક વખાણવા લાયક છે?

(૩) પાણી છાંટવાનું, રસ્તા સાફ કરવાનું ને રાત્રે દીવા મૂકવાનું કામ કોણ કરે છે? અને એ કામમાં જે ખરચ થાય તે કોની પાસે વસુલ લેવામાં આવે છે.

(૪) શેહેરના પશ્ચિમ ભાગમાં કોના મકાન છે? તથા શેહેરને પરામાં કયા

—લોકની વસ્તી છે ?

(૫) હાંસ તાપી નદીમાં વહાણ ચાલે છે ? જો નહીં તો શાથી અને બીજી કઇ કઇ જાતના લોકોના મકાન જોવા લાયક છે ?

---

### પાઠ ૧૦ મો.

---

અફીણ (ના) ખસખસના ડોડામાંથી નીકળતો રંગે કાળો રસ. તે સ્વાદે કડવું હોય છે. ઓસડમાંને કેફ કરવામાં આવે છે.

આળસ (ના) સુસ્તી.

રસ (ના) ગુણ, સ્વાદ.

અધકું (વિ) વધારે.

અંગે (ના) શરીરે.

અકસે (ના) અકસામાં.

હીણો (વિ) ઓછો.

કારજ (ના) કામ, મતલબ.

સરે (ક્રિ) થાય.

અહાર (ના) ખાવું.

સ્વપ્ન (ના) સમણું, ઉંઘમાં જે જુઠી વાત યાદ આવે છે તે.

વશ થયો (ક્રિ) તાબે થયો.

સ્વપ્ન વશ થયો—સમણું આવ્યું હોય.

ભક્ષ કરે (ક્રિ) ખાય.

કુખ (ના) પેટનાં પાસાં.

નિરધાર (અ) નક્કી.

ભણતર (ના) ભણતું, વિદ્યા.

મિથ્યા (સ) ફોકટ, નકામું.

દિસે (ક્રિ) [illegible]

માયા (ના) મારૂં પોતાનું કરવું તે. [illegible] દગાઇ.

પલકે (ના) પલકારમાં, જોતજોતામાં.

ધન (ના) દોલત.

તન (ના) શરીર.

ભજા (ના) આબરૂ.

ફીટી જાય (ક્રિ) જતાં રહે.

રંક (ના) ગરીબ.

રાય (ના) રાજા.

બનીયા (ક્રિ) થયા.

મહિમાય (ના) પ્રતાપ, ફળ, વર્ણન કરવા લાયક ગુણ.

રિધ (ના) દોલત.

સિધ (ના) મનની ઇચ્છાનું પુરૂં પડવું.

ધણી (ના) માલિક.

વરઘોડો (ના) વર પરણવા જતી વખતે જે સાજન માજન વાજાં વગેરે જોડે લઇ જાય તે ટોળું. વરનો ઘોડો.

વના (ના) વસ્તુ—પાનાં.

ફના થવું (ક્રિ) નાશ પામવું, જતા રહેવું.

ફજેત કરવું (ક્રિ) ફજેતી કરવી, ખરાબ કરવું, ફસાવવું.

રેત (ના રેતી.

ઓછું (વિ) પાત્ર (ના) હલકું માણસ.

અદકું (વિ) વધારે, ઘણું.

વઢકણી (વિ) લડે એવી.

મારકણો (વિ) મારે એવો.

ચોમાસું મહાલીશી (ક્રિ) ચોમાસાનું ઘાસ ચર્યો.
કડકણો (વિ) કરડે એવો.
હડખવા (ના) હડખું—કુતરાં કોલાં વગેરેને એક રોગ થાય છે, તેથી તે જેને તેને કરડવા દોડે ને જેને કરડે તેને તે રોગ થાય, અને કદાચ તે મરી પણ જાય.
હાલ્યો (ક્રિ) થયો, ચાલ્યો.
મર્કટ (ના) વાંદરૂં. રાતાં મોનું વાંદરૂં. બોલ. નું.
મદિરા (ના.) દારૂ.
સોકો (વિ) સર્વ કોઈ, બધા.
બીએ (ક્રિ) ડરે.

## સમજુતી.

અફીણ અને આળસ એ બેમાં એવો ગુણ છે કે, તે જેમ જેમ વધારે ખાતા જઇએ અથવા આળસ કરતા જઇએ, તેમ તેમ શરીરે ને અક્કલે નબળા થતા જઇએ.

જો અફીણ ખાવું ને આળસ કરવું મૂકી દઇએ, તો આપણું કામ થાય, એટલે આપણને ફાયદો થાય, ને નહીં તો અખો ભગત કહે છે, કે તે ખાતાં ખાતાં અથવા આળસમાં ને આળસમાં મરવાનો વખત આવે.

જેમ કોઇ માણસ ઉંઘી ગયો હોય, ને તેને સ્વપ્નું આવ્યું હોય, અને જો તે સ્વપ્નામાં તે ખાતો હોય, પણ જ્યારે જાગી ઉઠે, ત્યારે તે ભૂખ્યો ને ભૂખ્યોજ હોય છે, તેજ પ્રમાણે અખો ભગત કહે છે, કે માણસ ભણે છે ખરો, પણ જો ભણતર ઉપર વિચાર કરે, નહીં તો તે ભણતર સ્વપ્નામાં ખાધાના જેવું નકામુંજ છે. મતલબ કે વિચાર વિનાનું ભણતર કશા કામનું નથી.

આ સંસારમાં ઘણા માણસો સુખી છે ને ઘણા દુખી પણ છે. પણ એ બધાં ખરેખરાં સુખી કે દુખી નથી. એ તો સંસારની માયાને લીધે આપણને એમ લાગે છે. જે સુખી હોય તે જોત જોતામાં દુખી થાય છે, ને તે સોનું, ધન ને આબરૂ જતી રહે છે અને મરી પણ જાય છે. મતલબ કે આ દુનિઆમાં કંઇ સુખ કે દુખ છેજ નહીં. એ તો માત્ર માણસ સુખ ને દુખ માને છે એટલું એજ. ખરૂં સુખ પરમેશ્વરને ઓળખવો ને તેની ભક્તિ કરવામાં છે.

જે ગરીબ હોય તે રાજાના જેવો સુખી થઇ જાય છે. અખો ભગત કહે છે કે, એ આપણે માયાને લીધે એવું દેખીએ છીએ. એ પ્રતાપ માયાછે. નો

જેમ વરઘોડામાં ઘણી વસ્તુ એકઠી થાય છે, ને તે થોડો વખત રહી પાછી જતી રહે છે, તેમ પલક વારમાં ઘણી દોલત આવી મળે છે, અને આપણું ધારેલું કામ પાર પડે છે, જેને

માણુસ પોતાનું કરી માને છે, પણ તે વરઘોડાની વસ્તુની માફક નાશવંત છે. અખોભગત કહે છે કે માયા માણુસને ફજેત કરે છે, તે ખાંડના જેવી ગળી લાગે છે, પણ તેનું પરિણામ રેતીમાં ચાલવા જેવું અઘરૂં આવે છે.

" હલકું માણુસ હોય ને વળી જરા વધારે ભણ્યો હોય, વહુ લડકણી હોય અને વળી તેને છોકરો આવે, ગોધો મારકણો તો હોય, ને વળી ચોમાસાનું લીલું ઘાસ ચરી મસ્તાનો બન્યો હોય, કુતરો કડકણો તો હોય, ને વળી તેને હડખું લાગ્યું હોય, મૂળે તો વાંદરૂં એટલે અટકચાળું પ્રાણી ને વળી તેણે દારૂ પીધો હોય, અખો ભગત કહે છે કે એઓથી બધા બીએ.

## પાઠ ૧૧ મો.

મગર (ના) એક જાતનું મોટું દરિઆઇ માછલું.

ગરોળી (ના) સરડા જેવું પણ ચપટું ઘરમાં ફરતું એક નાનું પ્રાણી. ઘેડી. સાપબામણી.

ભીંગડાં (ના) પોપડા.

કઠણ (વિ) અઘરી. મુશકેલ.

ફાડ (ના) ચીરો.

તીણા (વિ) અણીવાળા.

સેવાય છે (ક્રિ) પોષાય છે.

અદ્ભુત (વિ) નવાઈ જેવી.

શિકાર કરવો.

સવાલ ૧—મગરનો ઘાટ કોના જેવો હોય છે? અને તે કયા કયા દેશમાં થાય છે?

(૨)—મગરનુ જથુ રહેવાનું ઠેકાણું કયાં હોય છે?

(૩)—મગરનો રંગ કેવો હોય છે, તેની લંબાઇ કેટલી હોય છે તેની પીઠ પરના ભીંગડાં કેટલાં કઠણ હોય છે? તથા તેના મોની ફાડ કેવી હોય છે ને તેમાં શુ હોય છે?

(૪)—મગર ઇંડાં મૂકે છે કે બચ્ચાં જણે છે ને તે કયાં અને તેને કોણ ખાઈ જાય છે?

## પાઠ ૧૨ મો.

ભગત (ના) ભક્તિ કરનાર, પૂજનાર માનનાર.

સ્થિર (વિ) હાલ્યા ચાલ્યા વિનાનું.

સડેલ (વિ) કોહેલું.

તલપ મારવી (ક્રિ) કુદકો મારવો, ફલંગ મારવી.

દુર્ગંધ (ના) નઠારી વાસ, બદબો.

મરકી (ના) ઘણા માણસો મરી જાય તે વખત.

વ્યાધી (ના) શરીરે જે કંઇ રોગ થાય તે.

પેદા થાય (ક્રિ) ઉત્પન્ન થાય.

ભાતભાતના (વિ) જાત જાતના, તરેહ

પ્રસાદ (ના) ખાવાનું. નૈવેદ.
ધરાવતા (કૃ) ચઢાવતા. મૂકતા.
મસ્ત થયા (ક્રિ) મજબુત થયા, જોરાવરથયા, તાજા થયા.
જાળવવા (કૃ) તપાસવા. સંભાળવા.
ભરણ પોષણ (ના) ગુજરાન, ખોરાકી પોશાકી.
ખુશબોદાર (વિ) સુગંધીદાર.

સવાલ ૧—મગર કેવી રીતે શિકાર કરે છે?

(૨)—મગર માણસને કંઇ ફાયદાકારી કામ કરે છે?

(૩)—મગરનો રોજનો સાધારણ ખોરાક શું છે?

(૪)—મિસરદેશના લોકો કયા જાનવરની પૂજા કરતા અને કેવી રીતે?

(૫)—સિંધના કરાંચીના તળાવ વિષે શું જાણો છો?

---

## પાઠ ૧૩ મો.

---

ખરૂં લોઢું (ના) પોલાદ, ગજવેલ, ખરૂં.
સખ્ત (વિ) કઠણ.
ધાર (ના) અણી.
બરછી (ના) ભોગવાનું એક હથિઆર.
કાતર (ના) લુગડાં કાપવાનું બે પાનાવાળું દરજીનું ઓજાર.
ચપ્પુ (ના) નાની વસ્તુ કાપવાનું એક સાધારણ સાહિત્ય, છરી.
આરી (ના) પાટીઆં વેહેરવાનું દાંતાવાળું ઓજાર.
કૂહાડો (ના) લાકડાં કાપવાનું એક ઓજાર.
રંદો (ના) લાકડાં સાફ કરવાનું સુતારનું ઓજાર.
ગજ (ના) સળીયા.
કમાન (ના) ચાંપ, ઘડિયાળ, ગાડી, કોચ વગેરેમાં લોઢાની સ્થિતિ-સ્થાપક ગોળ પટી હોય છે તે.
નરમ (વિ) ઝટ વારમાં વાંકું વળે તેવું.
ઓજાર (ના) રાચ, સાહિત્ય.
નજર પડે છે (ક્રિ) માલમ પડે છે.

સવાલ ૧ લોઢાંનાં કયાં કયાં ઓજાર બને છે? (૨) પોલાદ કરવાની કઇ રીત છે? શા શા કામમાં કઠણ પોલાદ જોઇએ ને શા શા કામમાં નરમ પોલાદ જોઇએ અને નરમ પોલાદ શી રીતે બનાવે છે?

---

## પાઠ ૧૪ મો.

---

ભઠ્ઠી (ના) ભોંયમાં ખાડો ખોદી ચણી લીધેલો ચૂલો.
હથિઆર (ના) મારવાનાં ઓજાર જેવાં કે તલવાર, ભાલા, બંદુક.
ઓજાર (ના) કામ કરવાનાં સાહિત્ય જેવાં કે હથોડો કુહાડો, સાંડશી.
ઘાટ (ના) ડોળ, આકાર.
પાણી પાવું (ક્રિ) લોઢાને તપાવીને ત-

રત પાણી કે તેલમાં બોળી તાઢું પાડવું.

આસમાની (વિ) આકાશના રંગ જેવો.

ઘેરો (વિ) ઘણો.

શામળો (વિ) કાળો.

ઓપ (ના) ચળકાટ.

પતરાં (ના) પાતળાં પાનાં.

તાર (ના) લાંબા પાતળા દોરા જેવો હરકોઇ ધાતુનો આકાર.

બરડ (વિ) ઝટ વારમાં ભાગી જાય તેવું.

સ્થિતિ સ્થાપક (વિ) વાંકું વાળ્યા પછી પાછું પોતાની અસલ સ્થિતિમાં આવે એવું.

સવાલ ૧ ભઠ્ઠીમાંથી કાઢેલું પોલાદ ઘાટ ઘડવામાં તરતજ આવે છે કે? નહીં તો શું કરવું પડે છે અને તે કરવાની રીત કેવી છે?

(૨) પોલાદના રંગ જૂદા જૂદા શાથી થાય છે?

(૩) પોલાદનો મૂળ રંગ કેવો હોય છે? એનો તાર કે પતરાં શા માટે થઈ શકતાં નથી?

---

## પાઠ ૧૫ મો.

---

કિલ્લો (ના) શત્રુથી બચવાને ઊંચી જાડી મજબૂત ભીત બાંધી તેમાં જે મકાન બાંધ્યું હોય તે, ગઢ.

બંધીખાનું (ના) કેદીઓને રાખવાની જગા.

ઇતરાજી ([illegible]

કેદ રાખે (ક્રિ) બં[illegible] બનાવી રાખે.

બંધીવાન (ના) કેદીઓ.

સમે (ના) વખતે.

સોબત (ના) સંગત, મેળાપ.

દારોગો (ના) કેદીઓનો ઉપરી.

અકળાયો (ક્રિ) ગભરાયો.

સમાગમ (ના) મેળાપ, મુલાકાત.

બાકું (ના) કાણું.

ઓસાર (ના) પહોળાઇ, ચોડાઇ, જાડાઇ.

ફાટ (ના) ચીરો.

બાપજી કરીને રાખે (ક્રિ) ખુશી થઇને રાખે.

વિશ્વાસ પડયો (ક્રિ) ભરોસો આવ્યો.

દર (ના) ઊંદરને રહેવાનો ખાડો. ફાટ.

સવાલ ૧. બાસ્ટિલ શું હતો ને કયાં, તથા તેનું શું બનાવ્યું હતું?

(૨) લાટૂદ કોણ તે કેટલા વરસ કેદમાં રહ્યો? કેદખાનામાં તેને કયા પ્રાણીની મુલાકાત થઇને શી રીતે?

---

## પાઠ ૧૬ મો.

---

માંસ (ના) માસ, ગોસ.

હળી ગએલો (વિ) મળી ગએલો, ઓળખીતો થઇ ગએલો.

ગુણ (ના) ફાયદો, નફો.

ડોકીયાં કરે (ક્રિ) આઘા રહીને જોવું.

હેળવવા (કૃ) મેળવી લેવા.

જુક્તિ (ના) તદબીર.

ખોલી.

મોકળે મને (ના) ખુલ્લા દિલથી, નિર્ભય.
ધશીને (કૃ) દોડીને, આગળ પડીને.
પાધરી (અ) નરતજ.
ખેંચાખેંચ (ના) તાણાતાણ.
રાવ ખાવી (ક્રિ) ફર્યાદ કરવી.
ટેકીને (કૃ) અડાડીને, મૂકીને.
પંઝો (ના) પહોંચો.
ડોળ (ના) ભભકો.
મનસુબો (ના) વિચાર.
માદા (ના) સ્ત્રી જાત.
હિમાયતી (ના) મદદગાર, રક્ષણ કરનાર.
લાજ (ના) શરમ.
ઝીલી લીધો (ક્રિ) ઝીપી લીધો, પકડી લીધો
વીસરી ગયો (ક્રિ) ભૂલી ગયો.

સવાલ ૧. ઊંદર લાટૂદ જોડે ઘણો હળી ગયો ત્યારે તે ઊંદરે પોતાનું રેહેઠાણ કયાં કીધું ?

(૨) એ ઊંદર બીજે દહાડે પોતાની જોડે કોને તેડી લાવ્યો ?

(૩) ઊંદરના સમાગમથી લાટૂદને શો ફાયદો થયો ?

---

## પાઠ ૧૭ મો.

---

રહેતે રહેતે (અ) ધીમે ધીમે.
કુટુંબ (ના) એક કુળના હોય તે, એક ઘરના.
હાર (ના) ઓળ, પગંત.
ટેવ (ના) આદત.
ગંદી (વિ) ગોબ્રૂ.
સૂગ આવી (ક્રિ) કંટાળો આવ્યો, અણગમો થયો.
પીરશીને (કૃ) ભાણું પૂરીને.
સારાંશ (ના) મતલબ.
નિરાંત (ના) ચેહેન, પરવાર, ફુરસદ.
મોજ (ના) મઝા, સેહેલ.
ઝાઝા (વિ) ઘણા.
વિજોગ થવો (ક્રિ) જૂદા પડવું, એક બીજાથી છૂટા થવું.
હીજરાયો (ક્રિ) દુખી થયો, એકલવાયો.
નર્યા વિ) એકલા, ફક્ત.
એકાંત વાસ (ના) એકલું રહેવું.
હાડછેડ કરવો (ક્રિ) તિરસ્કાર કરવો, ધિક્કારવું.
માયા (ના) હેત–પ્રિત.

સવાલ ૧. બધું મળી કેટલા દિવસમાં કેટલા ઊંદર લાટદ પાસે એકઠા થયા ?

(૨) દરમાંથી એ દશ ઊંદરમાંથી હરકોઇને બોલાવવો હોય ત્યારે લાટૂદ શું કરતો ?

(૩) લાટૂદે ઊંદરોને જૂદું ખાવાનું શા માટે આપ્યું ને ખાધા પછી તે કેવી ગમત કરાવતો ?

(૪) ઊંદરોનો ને લાટૂદનો વિજોગ કેટલી મુદતે શાથી થયો ? અને એ વિજોગથી લાટૂદને શું થયું ?

(૫) લાટૂદને ઊંદરની વાત ઉપરથી આપણે કઇ ત્રણ બાબતની શિખામણ લેવી જોઇએ ?

## પાઠ ૧૮ મો.

ચપ્પુ (ના) કાપવાનું એક નાનું ઓજાર.

કાતર (ના) લૂગડાં કાપવાનું ધારવાળું બે પાનાનું એક ઓજાર.

સૂડી (ના) સોપારી કાપવાનું એક ઓજાર.

અસ્ત્રા (ના) હજામત કરવાનું એક ઓજાર.

વર્ણન (ના) બ્યાન, હકીકત.

ધ્યાનમાં રાખવું (ક્રિ) લક્ષમાં રાખવું, યાદ રાખવું.

લાટ (ના) ગોળ ધરી.

કારખાનાં (ના) કામ કરવાના ઠેકાણાં.

ચક્કર (ના) ગોળ પૈડું.

ઘા (ના) ધબાકા, સપાટા.

બીબું (ના) લાકડાંનું, ધાતુનું કે મટોડીનું બનાવી તેની અંદર રસ રેડવાથી તેના જેવો નક્કર કે પોલો ઘાટ બને તે વસ્તુ.

સંભાળથી (ના) કાળજીથી.

ઓપ (ના) ચળકાટ.

મૂલ (ના) કિંમત.

સવાલ ૧. પોલાદ કેટલી જાતનાં થાય છે અને તે દરેકને બનાવવાની શી રીત છે અને તે શા કામમાં આવે છે?

(૨) ઈંગ્લાંડમાં પોલાદના કારખાનામાંના હથોડા એક મિનિટમાં કેટલા ઘા મારી શકે છે? અને તે હથોડા શાથી નીચા ઊંચા થાય છે?

પાળી (ના) ચપ્પુ.

કારીગીરી (ના) નકશી કામ.

પાનું (ના) ફળ.

હાથો (ના) ચપ્પુને જે ભાગ આપણા હાથમાં રહે છે તે.

સરાણ (ના) ચપ્પુ, સૂડી વગેરેને ધાર લાવવાને ઘસવાનું એક ગોળ પથ્થરનું ચક્કર.

કેડે (અ) પછી.

હાથી દાંત (ના) હાથીનો દાંત.

કચકડું (ના) હાથીનું હાડકું.

સોય (ના) લોઢાની પાતળી સળી જે લૂગડા શીવવામાં કામ લાગે છે.

છીણી (ના) લોઢું કાપવાનું એક ઓજાર.

રેતરડી (ના) લોઢું પીતળ વગેરે ઘસવાનું ઓજાર, કાનસ.

આરી (ના) નાનું કરવત.

કરવત (ના) દાંતા દાંતાવાળું લાકડાં વેહેરવાનું ઓજાર.

તલવાર (ના) લોઢાનું એક હથિઆર હાથમાં ઝાલી મારવામાં આવે છે.

કટારી (ના) બે પાસ ધારવાળું ને ટોચ તરફ પાતળું એવું એક મારવાનું હથિઆર.

કોદાળી (ના) જમીન ખોદવાનું ઓજાર.

ચાંચવા (ના) જમીન ખોદવાનું એક ઓજાર.

...ી જાડી ને એક છેડેથી અણીઆળી લાકડી જે ખાડો ખોદવામાં કામ લાગે છે.

સવાલ ૧. ચપ્પુ કયા પોલાદના બને છે અને તેના ઉપર બધું મળી કેટલી કારીગીરી થાય છે ને કેટલા માણસના હાથમાં જાય ત્યારે એક ચપ્પુ તૈયાર થાય ?

(૨) ચપ્પુ વગેરે લોઢાનો સામાન બનાવવા તે કયા ગામમાં કારખાનાં છે?

(૩) ચપ્પુ શી રીતે બનાવે છે તેની રીત બરાબર અનુક્રમમાં બોલો?

(૪) કુહાડા, કોદાળી, વગેરે શેના બને છે ને ખરૂં પાવું એટલે શું ?

## પાઠ ૨૦ મો.

નજર પડે છે (ક્રિ) દેખાય છે.
પાર (ના) કાંઠો.
રળિયામણું (વિ) શોભિતું.
કોટ (ના) શેહેરની ફરતી જાડી ભીંત.
મરામત (ના) ભાગ્યું તુટયું સમરાવવું તે.

પાઘડી પને છે એટલે પાઘડી જેમ લાંબી છે ને પહોળી થોડી છે તેમ એ શેહેર લાંબું ઘણું છે ને પહોળું થોડું છે.

બજાર (ના) જ્યાં માલ અપાય લેવાય તે ઠેકાણું.
ટેકરો (ના) ટીંબો, ઊંચો બંધાઇ ગએલો ઢગલો.
ઢોળાવ (ના) ઢાળ.
જાસ્તી (વિ) વધારે.
ઘેરાવો (ના) ઘેર, પરિધ.
હાલત (ના) સ્થિતિ, દશા.
બંદર (ના) નદી અથવા દરિઆ કિનારાનું શેહેર કે જ્યાં વહાણ આવતાં જતાં હોય.
રેતીના દાંડા (ના) રેતીના લાંબા આકારના ઢગલા.
અડચણ (ના) હરકત.

સવાલ ૧. ભરૂચ શેહેર કયાં આવ્યું? ને તેનો દેખાવ કેવો છે?

(૨) શેહેરનો આકાર કેવો છે? ને ત્યાંના રસ્તા કેવા છે? અને હાલ ભરૂચમાં વહાણ આવવા જવાને શાથી હરકત પડે છે?

## પાઠ ૨૧ મો.

ફુરજો (ના) જતાં આવતાં વાહાણને નોંધી તેનાપર જગાત લેનાર સરકારી કચેરી સાથેનું મકાન.
લાતી (ના) વખાર.
અદાલત (ના) ઇનસાફ કરવાની કચેરી.
કચેરી (ના) આફીસ.
અવસ્થા (ના) હાલત, સ્થિતિ.
મ્યુનિસિપાલ કમેટી (ના) શેહેર સુધરાઇ ખાતાની મંડળી.
સુતરાઉ (વિ) સુતરનું.
લોઢવું (ક્રિ) પીલવું, કપાસમાંથી કપાસીઆ ને રૂ જુદું પાડવું.

દેશાવર (ના) બીજા દેશ.
રોજી (ના) રોજગાર, ધંધો.
ભાવ પૂછતું નથી (ક્રિ) કિંમત પૂછતું નથી એટલે તેને કોઈ લેતું તો નથીજ પણ તેની કિંમત મજાત પૂછતા નથી મતલબ કે તે હવે બીલકુલ ખપતું નથી ને વિલાતી કાપડ ઘણું ખપે છે.
વણકર (ના) વણવાનો ધંધો કરનાર.
લાચાર (વિ) ગરીબ નિરૂપાય.
કારખાનાં (ના) કામ કરવાના ઠેકાણાં.
ઠામઠામ (ના) ઠેકાણે ઠેકાણે.
સસ્તાં (વિ) સોંઘાં. ઓછી કિંમતનાં.
ઘટારત (વિ) લાયક યોગ્ય.
રોકી મૂકવા (ક્રિ) ઘાલી મૂકવા. ખરચી નાંખવા.
ચાલ (ના) રીવાજ રીત—ધારો.
રોજગાર (ના) ધંધો.
સોંઘાં (વિ) સસ્તાં.

સવાલ ૧—ભરૂચનો કુરજો ક્યાં છે ને ત્યાં શું છે? શેહેરના રસ્તા સુધારવાને કોણ મેહેનત લે છે તથા સરકારની કઈ કઈ કચેરીઓ છે?

(૨) અસલ એ શેહેરમાં કઇ વસ્તુ ઘણી નીપજતી ને હાલ કેમ નથી થતી?

(૩) ભરૂચમાં શેના કારખાનાં ઘણાં છે?

(૪) ઘરેણામાં પૈસા રોકવા કરતાં શેમાં રોકવાથી દેશને લાભ થાય? ને લોક સુખી

---

## પાઠ ૨૨ મો.

---

જીવડાં (ના) નાનાં પ્રાણી.
રમુજી (વિ) ગમત આપનારી.
વિદ્વાન (વિ) ઘણું ભણેલા માણસ.
વર્ણન (ના) હકીકત—બ્યાન.
માથું (ના) ડોકની ઉપરનો શરીરનો ભાગ.
પેઢું (ના) પેટની નીચેનો શરીરનો ભાગ.
મૂછ (ના) નાકની નીચે ને હોઠની ઉપર જે વાળ હોય છે તે.
અચરજ પામીએ (ક્રિ) નવાઇ પામીએ.
ચોમેર (ના) ચારે બાજુએ.
સુંદર (વિ) શોભિતી.
પોત (ના) કુમાસ.
નાજુક (વિ) કૂમળું, નરમ સુંવાળું, સુંદર કારીગીરીવાળું.
ઘટ (વિ) મજબૂત, જાડું.
ચકચકિત (વિ) ચળકાટવાળું.
ભાંગડાં (ના) નાનાં ને પાતળાં પડ અથવા પોપડા.
સૂંઢ (ના) હાથીનો એક લાંબો લટકતો શરીરનો અવયવ—જેનાથી તે હર કંઈ ચીજ પકડે છે અને ખાય પીએ છે.
ચુસી લેવું (ક્રિ) શોષી લેવું.
પોષણ કરવું (ક્રિ) ગુજરાન કરવું.

આસ્તાલ છે (ક્રિ) દેખાય છે.
મધ (ના) ફૂલોમાંનો મીઠો ને મીઠો રસ જે મધમાખી પોતાના પૂડામાં એકઠો કરે છે તે.
મીણ (ના) ચીકણો પીળો પદાર્થ મધમાખી પોતાના શરીરમાંથી કાઢી પૂડો બાંધે છે તે.
રેશમ (ના) હીર.
રોગ (ના) વ્યાધિ, મંદવાડ.

સવાલ ૧. (જીવડાંની વાત કહી છે કેટલી જાતનાં જીવડાંની હકીકત માણસના જાણવામાં આવી છે અને તેના શરીરના મુખ્ય ભાગ કેટલા ને કયા કયા છે?

(૨) જીવડાંની આંખ વિષે શું હકીકત જાણો છો?

(૩) માખ,-ભમરાને પતંગીઆની પાંખ કેવી હોય છે?

(૪) હાથીના જેવી સૂંઢ કોને હોય છે ને તે શા કામમાં આવે છે.?

(૫) જીવડાં આપણને કયા ત્રણ ફાયદાઓ કરે છે? તથા બીજાં મોટાં પશુને એ શું કામમાં આવે છે?

---

## પાઠ ૨૩ મો.

---

પીડા (ના) દુખ, આપદા.
પીડાય (ક્રિ) દુઃખી થાય.
પિંડ (ના) શરીર, દેહ.
આપણો (સ) આપણો.
પ્રાણી (ના) જીવ, જાનવર, પશુ.
બાપડો (વિ) ગરીબ.
મદાંધ (વિ) અહંકારમાં આંધળો.
દિલે (ના) મનમાં.
દયા (ના) મહેર, રહેમ.
ધરો (ક્રિ) રાખો.
રચ્યા (ક્રિ) બનાવ્યા.
અવેવ (ના) શરીરના ભાગ.
સહુ (વિ) આખું, બધું.
વાત (ના) ઉપાય, મહેનત.
લગીરના (વિ) જરા, થોડું, કંઇ પણ.
અધિક (વિ) વધારે.
ઠીક (વિ) સારૂં.
ઉર (ના) મન, દિલ.
આણીને (કૃ) લાવીને.
ધરો (ક્રિ) મૂકો.
ચર્ણ (ના) પગ.
ધોખ (અ) ધબ દઇને.
મિત્ર (ના) દોસ્તદાર.
ઘાતની (ના) મારી નાંખવાની, ખૂનની.
વિશેષ (વિ) વધારે.
વર્ણવો (ક્રિ) કહો, બ્યાન કરો.
ઇશ (ના) પરમેશ્વર.
એહનો (વિ) એનો.
મળેલ (કૃ) મળેલો.
ઉદાર (વિ) સખી.
પ્યાર (ના) હેત, પ્રિત, માયા.
તેહને (સ) તેનો એટલે પરમેશ્વરનો.
દીધેલ (કૃ) આપેલું.

માણીને (કૃ) ભોગવીને.
ગજાથી (ના) શક્તિથી, જોરથી.
વેદના (ના) દુઃખ.
વિચારીએ (ક્રિ) વિચાર કરીએ.
ક્રૂર (વિ) ઘાતકી.
કર્મ (ના) કામ.
પીછાણીને (કૃ) જાણીને.
અધર્મ (વિ) પાપી, બેરવાજબી.
જંતુ (ના) જીવડાં, પ્રાણી.
પાય (ના) પગ.
તોડીને (કૃ) ભાગીને.
પરોવી (કૃ) ઘોંચીને.
શૂળ (ના) કાંટાનું જુમખું.
ખેલ (ના) રમત.
ખોડીને (કૃ) ખોડું કરીને, પગ ભાગીને.
નિશાન (ના) બંદુક તીર વિગેરે મારવાને અમૂક ઠેકાણું કે બિંદુ મુકરર કીધું હોય તે.
વિનાશ (ના) નાશ, મોત.
તાણીને (કૃ) ખેંચીને.
તીર (ના) બાણ, શર.

## સમજુતી.

જુઓ કે પીડા કરવાથી જેમ આપણા શરીરને દુઃખ થાય તેમ બિચારા ગરીબ પશુને પણ થાય છે. માટે તમે અહંકારમાં છાકી જઇને બિચારા પ્રાણીમાં જીવ છે એમ જાણીને મારશો નહી. અરે ભાઇઓ તમે મનમાં દયા રાખો ને ગરીબ પ્રાણીને દુઃખ ન દો.

તે શરીરના દરેક ભાગ પરમેશ્વરે બનાવેલા છે તમો લાખો ઉપાય કરો તોપણ તમારાથી તેમાનું લગાર પણ થઈ શકવાનું નથી. માટે તેમાંનો એકાદ ભાગ ભાગી નાંખતાં પહેલાં તમે ઘણો વિચાર કરો, ને મનમાં પરમેશ્વરથી ડરો. અરે ભાઇઓ તમે મનમાં દયા રાખો ને ગરીબ પ્રાણીને દુઃખ ન દો.

પ્રાણીને ગરીબ જાણીને તમે તેના ઉપર ધબ દઇને પગ મૂકશો નહીં. તમારા મિત્રનો (પ્રાણીનો) જીવ લઇને તમે ખુશી થશો નહીં. વળી પ્રાણીને મારી નાંખવાની વાત તમે વધારે વખાણીને કરશો નહીં. અરે ભાઇઓ તમે મનમાં દયા રાખો ને પ્રાણીને દુઃખ ન દો.

આપણાને તેના એટલે પ્રાણીના બનાવનાર એકજ ઇશ્વર છે અને જેમ પરમેશ્વર આપણા ઉપર પોતાનો સખી પ્યાર રાખે છે, તેમ તેઓના ઉપર પણ રાખે છે. પરમેશ્વરે જે સુખ તેઓને આપ્યું છે તે તેઓ ભોગવીને ભલે ફરે ને હરે; તેમાં આપણે તેને હરકત શું કરવા કરવી જોઇએ? અરે ભાઇઓ તમે પ્રાણી ઉપર મનમાં દયા રાખો ને તેમને દુઃખ ન દો.

તેની શક્તિથી વધારે ભાર ભરીને તેને આપણે શું કરવા માર મારવો જોઇએ? તે બિચારા ગરીબ પ્રાણીનું દુઃ

એ. ઘાતકી કામને પાપનું કામ જાણી તમે કદી પણ તેવું કામ કરશો નહીં. અરે ભાઇઓ તમે પ્રાણી ઉપર મનમાં દયા રાખો ને તેમને દુઃખ ન દો.

જીવડાંની પાંખ ને પગ તોડીને મૂર્ખ માણસ પાપનું કામ કરે છે. વળી તેને ખોડાં બનાવીને એટલે પગ ભાગી નાંખીને કાંટાની શૂળમાં ઘોચીને ખરાબ રમત કરે છે અથવા નિશાન માંડીને તેના ઉપર તીર મારીને તેનો નાશ કરે છે. અરે ભાઇઓ તમે પ્રાણી ઉપર મનમાં દયા લાવો ને તેને દુઃખ ન દો.

---

## પાઠ ૨૪ મો.

---

પ્રાંત (ના) દેશ, મૂલક.

મહારાષ્ટ્ર (ના) મોટો દેશ, દક્ષિણ હિંદમાં એ નામનો એક દેશ છે.

પંજાબ (ના) પાંચ નદીઓની વચ્ચેનો દેશ.

ત્રણ ખૂણિયો (વિ) ત્રણ ખૂણાવાળો.

પૂર્વ (ના) જે દિશામાં સૂર્ય ઉગે તે દિશા.

પશ્ચિમ (ના) જે દિશામાં સૂર્ય આથમે તે દિશા.

ઉત્તર (ના) પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહેવાથી જે તરફ ડાબો હાથ આવે તે દિશા.

દક્ષિણ (ના) પૂર્વ દિશા તરફ મોં કરી ઉભા રહીએ ને જે તરફ જમણો હાથ આવે તે દિશા.

ઈશાન (ના) ઉત્તર ને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો.

વાવ્ય (ના) ઉત્તર ને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો.

નૈરૂત્ય (ના) દક્ષિણ ને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો.

અગ્નિ (ના) પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેનો ખૂણો.

કોણ (ના) ખૂણો.

હદ (ના) બાજુ દિશા.

સમુદ્ર (ના) દરિઓ.

હિમાલય (ના) બરફનું ઠેકાણું. એવું નામ પાડવાનું કારણ એ કે એ પર્વત ઉપર બારે માસ બરફ પડયું રહે છે.

મુસાફર (ના) મુસાફરી કરનાર.

વિકટ (વિ) અઘરો, મુસ્કિલ.

ઓળંગવા (ક્રિ) પસાર કરવા.

લડવૈયા (વિ) લડાઇમાં હોશિયાર.

ઝાડી ઝાંખરાં (ના) ઝાડ પાન, વનસ્પતિ.

નજરે આવે છે (ક્રિ) દેખાય છે.

રસાળ (વિ) રસાળી, ફળદ્રુપ.

છેક (વિ) ઘણું, વધારે.

મેદાન (ના) સપાટ જમીન, પ્રદેશ.

વહે છે (ક્રિ) રેલા ચાલે છે, ચાલે છે.

ફળાદિ (ના) ફળ વિગેરે. આદિનું પચ્છેદ જૂદું કરીએ તો શબ્દયોગી અવ્યય થાય.

પાકે છે (ક્રિ) નીપજે છે, ઉત્પન્ન થાય છે.
પૂર (ના) રેલ.

જળ જળ થઈ રહે છે એટલે બધે પાણી ફરી વળે છે.

ડાંગર (ના) ભાત, વગર ખાંડેલા ચોખા.
ક્યારડા (ના) ડાંગર પકવવાના ખાડા.
નાવડાં (ના) હોડીઓ.

સીમાડો (ના) હદ, સીમા.

અસલી (વિ) પેહેલાંના અગાઉના.

સવાલ ૧–હિંદુસ્તાનની ચારે દિશાએ શું છે?

(૨) ઉત્તર તરફથી એ દેશમાં આવવાનો કયો રસ્તો છે? અને તે રસ્તામાં કેવા લોકો રહે છે?

(૩) હિમાલય પર્વતની નીચે આવીએ તેમ તેમ શું જોવામાં આવે છે, ને છેક નીચાણમાં કઇ બે મોટી નદીઓ વહે છે? અને એ નદીઓથી દેશને શું ફાયદો થાય છે?

(૪) હિંદુસ્તાનના અસલી રાજા કયા મુલકમાં થઇ ગયા?

(૫) સિંધુ ગંગા વગેરે હિમાલયમાંથી નીકળનારી નદીમાં ઉનાળામાં શાથી પૂર આવે છે?

જવાબ–હિમાલયનો બરફ ઓગળવાથી ચોમાસાની ને ઉનાળાની બે રેલથી એ દેશ વધારે ફળદ્રુપ થાય છે.

---

*હિંદુસ્થાન (ના૦) હિંદુ લોકને રેહેવાની જગા.

અસલ (વિ) પહેલાંનું, ખરૂં.

કાચું સોનું પાકે એટલે ખરેખરૂં સોનું નહીં પણ સોનાની કિંમતની બરોબરી કરે એવી કિંમતનો માલ પાકે તે. એટલે ઘણો કિમતી માલ પાકે છે.

પહાડી (વિ) પહાડના જેવી.

કસ (ના) દમ, જોર, રસ.

ભાલોડો (ના) ભાલો એટલે નીચેથી પહોળો ને ઉપરથી સાંકડો થતાં છેક ઉપર અણી નીકળેલી હોય તેવો આકાર.

અણી (ના) છેવાડાનો ભાગ.

તળેટી (ના) પર્વતના નીચેના ભાગની જગા.

સાગ (ના) એક જાતનું ઝાડ, જેના લાકડાં ઘર બાંધવા વિગેરેમાં આવે છે.

---

* હિંદુસ્થાન લખવું ખરૂં નથી શાથી જે હિંદુ એ ફારસીને સ્થાન એ સંસ્કૃત શબ્દ છે. પણ સ્તાન એ સ્થાનના અર્થને મળતા અર્થનો ફારસી શબ્દ છે, તો હિંદુસ્તાન લખવું વધારે યોગ્ય છે. પંજાબ આગબોટ જેવા શબ્દમાં એ નિયમનું ઉલ્લંઘન થયું પણ છે.

(ના) એક જાતનું ઝાડ, જેનું કડુ, ખુશબોદાર હોઇ ઘશીને, માથે ચોપડવામાં આવે છે.

આંબા (ના) કેરીનું ઝાડ.

કપાસ (ના) રૂના છોડવા.

શેરડી (ના) જેમાંથી ખાંડ ગોળ નીકળે તે છોડ.

નાળિએરી (ના) નાળિએરનું ઝાડ.

તાડ (ના) એક જાતનું ઊંચું ઝાડ.

અફીણ (ના) ખસખસના છોડના જીંડવામાંથી જે રસ નીકળે તે.

કરિઆણું (ના) વસાણું એટલે મેથી, જીરૂં, સુવા, એલચી, તજ વિગેરે.

પોલાદ (ના) ખરૂં લોઢું.

હીરા (ના) એક જાતનો સાફ, સફેત ને ચળકતો કિંમતી પત્થર.

નીપજ (ના) પેદાશ, ઉપજ.

લલચાઇને (કૃ) લોભાઇને.

ચિત્તા (ના) એક જાતનું ફાડી ખાનાર જાનવર.

વાઘ (ના) એક જાતનું ફાડી ખાનાર જાનવર.

હાથી (ના) મોટામાં મોટું ભૂચર પ્રાણી જેનો રંગ કાળો ને ચાર પગ ને એક સૂંઢ હોય છે.

વનસ્પતિ (ના) ભાજી પાલો, કંદ ફળ, વિગેરેના છોડ.

ઝાઝી (વિ) ઘણી.

ચાલ (ના) રીવાજ, રીત.

સવાલ ૧ લો-આખા હિંદની લંબાઈ પહોળાઇ ક્યાંથી ક્યાં સુધી ગણાય છે, અને કેટલી.

(૨) દક્ષિણ હિંદનો આકાર કેવો છે, ને તે ક્યાંથી ક્યાં સુધી ફેલાએલો છે?

(૩) હિંદમાં કેવો કેવો પાક થાય છે, તથા ક્યાં કેવાં જાનવર નીપજે છે?

(૪) હિંદુસ્તાનપર ચઢાઇ કરનારા શાથી લોભાતા?

---

## પાઠ ૨૬ મો.

સુધરેલા (વિ) જેઓના રીવાજ સારા હોય તેવા લોક. ભણેલા.

કાયદા (ના) રાજ્ય અથવા સંસાર ચલાવવાના ધારા.

પદવી (ના) હોદ્દો, માન, આબરૂ.

જથા (ના) ટોળાં.

વ્યવહાર (ના) લેવડ દેવડ, કારભાર.

બળવાન (વિ) જોરાવર.

શૂરા (વિ) બાહાદૂર.

હકૂમત (ના) અમલ, હુકમ, રાજ્ય સત્તા.

સલાહ (ના) અભિપ્રાય, અનુમત, વિચાર

વહીવટદાર (ના) કામદાર.

બંદોબસ્ત (ના) વ્યવસ્થા, શાન્તિ.

વજે (ના) ખેતરનુ ભાડું-ગણોત.

વસુલ કરતા (ક્રિ) જમા કરતા. એકઠી કરતા.

જગાત (ના) દાણ, કર

વેપારી (ના) વેપાર કરનાર.
વસવાયાં (ના) કુંભાર સુથાર, ધોબી સોની વગેરે ગામનું કામ કરનારા મજુરીઆત લોકો.
વેઠ (ના) મફત કામ કરાવવું તે.
પ્રજા (ના) રૈયત, લોકો.
ઇનસાફ કરવો (ક્રિ) બેની લડાઇમાં ખરું ખોટું શું છે તે પારખી ચૂકાદો કરવો.
ખૂન કરવું (ક્રિ) મારી નાખવું.
શૂળી (ના) કાંટાની સૂળીના આકારની લોઢાની એક વસ્તુ જેથી માણસનો જીવ લેવામાં આવતો.
કાંડાં (ના) પોંચા.
દંડ (ના) શિક્ષા બદલ લેવાના રૂપિઆ.
માલ મિલ્કત (ના) સામાન, રાચરચીલું.
ધર્મ દાન (ના) ગરીબ પણ લાયક માણસને મફત કંઇ પણ આપવું તે.
નર્કે જાય એટલે મરી ગયા પછી તેની માઠી અવસ્થા થવી, દુઃખી થવું.
ઇનસાફી (વિ) વાજબી ચાલનાર.
વિદ્યાવાન (ના) ભણેલા, વિદ્વાન.

---

## પાઠ ૨૭ મો.

---

પૈસે ટકે (ના) ધન દોલતમાં.
વાર તેહેવાર (ના) સપરમા દહાડા, પર્વ. ઓચ્છવના દિવસ.
ભાત ભાતના (ના) જાત જાતના, તરેહ તરેહના.
કસબી (વિ) જેમાં કસબનો વણાટ છે.
માણેક (ના) એક જાતનો રાતા તો ચળકતો કિંમતી પત્થર, હીરો સફેત રંગનો હોય છે.
જડેલાં (કૃ) બાંધી લીધેલાં ઝારી લીધેલાં, ટાંકેલાં.
રાજ દરબાર (ના) રાજ મહેલ, રાજાનો રહેવાનું ઘર.
સોનેરી (વિ) સોનાવાળાં.
સાજ (ના) સામાન.
ડોલી રહે છે (ક્રિ) હાલી રહે છે, બાંધેલાં ઝુલી રહે છે.
રથ (ના) ચાર પૈડાંની ગાડી.
પીછાળાં (વિ) પીછાંવાળાં.
દોલત (ના) ધન, પૈસા, સંપતિ.
મોહ પામીને (કૃ) લલચાઇને, લોભાઇને.
યુનાન (ના) હાલનો ગ્રીસ દેશ.
સુમારે (અ) આશરે.
આથમણા (વિ) પશ્ચિમ તરફના.
પડાવ (ના) મૂકામ, રેહેઠાણ.
હૂમલો (ના) ચડાઇ, હલ્લો.
પડતી મૂકવી (ક્રિ) જતી કરવી, રહેવા દેવી.
શાણી (વિ) ડાહી.
તાબે રહેવું (ક્રિ) કહે તેમ કરવું, હુકમમાં રહેવું.
ચાહીને (કૃ) ઇચ્છીને.
કળા (ના) હુનર.
રાજ્યનીતિ (ના) રાજ્ય ચલાવવાની રીત

---

ફેલાવો (ના) વિસ્તાર, વધારો.
છેવાડે (અ) છેલ્લા, દેશની સરહદ તરફના.
વસ્યા (ક્રિ) રહ્યા.
ગુજરાન (ના) પોષણ, નિર્વાહ.
બળ (ના) જોર, કૌવત.
કેડો (ના) પૂઠ, પીછો.
હાથ કરી લીધો (ક્રિ) જીતી લીધો.
ગ્રંથ (ના) પુસ્તક, ચોપડી.
સ્થાપ્યું (ક્રિ) માંડયું, શરૂ કીધું.
મહિમા (ના) પ્રતાપ, આબરૂ, માન.

---

## પાઠ ૨૯ મો.

---

પરાક્રમી (વિ) બહાદૂરીના કામ કરનાર.
અજીત (વિ) કોઇથી જીતાય નહીં એવો.
ગાંજ્યો (ક્રિ) હડયો, હાર્યો.
શક(ના) જીતની યાદગીરી રાખવા તે જીત મેળવનારના જન્મ દિવસથી અથવા તે જીતના દિવસથી દર વર્ષે કાળની ગણત્રી ચલાવવી તે.
સંવત (ના) વિક્રમ રાજાએ ચલાવેલા શક તે સંવત કહે છે.
વિક્રમાજીત (ના) નહિં જીતાય એવો વિક્રમ રાજા.
ખંડિએર (ના) ભાગી ગએલાં મકાન.
રસાળ (વિ) કસવાળી.
ફટાયો (ના) પિત્રાઇ ભાઇ, જે કે પોતાનો ભાગ જૂદો પાડી રહેલો તે.
ગણતી (ના) હિસાબમાં, લેખામાં.
દૈવ યોગથી (ના) નશીબથી.

---

## પાઠ ૩૦ મો.

---

વૈભવ (ના) મોજ, શોખ, સેહેલ.
કીર્તિ (ના) આબરૂ.
ફેલાઇ (ક્રૃ) પ્રસરી.
ફોજો (ના) લશ્કર.
કસબી (વિ) કીસબ કરવામાં હોશિયાર.
મહાભારત (ના) એ એક સંસ્કૃત ભાષામાં લખાયલું સર્વથી મોટું પુસ્તક છે. એમાં પાંડવ કૌરવની લડાઇ એ મુખ્ય બીના છે. એ પુસ્તક ઘણું મોટું છે, તેથી મહાભારત શબ્દનો અર્થજ મોટું થાય છે. અને તેથી તે એવા અર્થમાં હોય તો વિશેષણ થાય.
રામાયણ (ના) એ પણ સંસ્કૃત ભાષામાં લખાએલું એક પુસ્તક છે. તેમાં રામ રાજાએ લંકા ઉપર કરેલી સ્વારીનું વર્ણન છે.
નાટક (ના) માણસના સ્વભાવને તેઓની રીત ભાત દેખાડવા માણસોના વેશ કાઢી જે ખેલ કરે છે તે. એમાં ગદ્યને પદ્ય બંને હોય છે.
દેવસ્થાન (ના) દેવને રહેવાનું મકાન.
સદ્ગુણ (ના) સારા ગુણ.
શોભા (ના) રળિયામણાપણું, સુંદરતા.
પાડાપડોશી (ના) ઘરની નજીકના રહેનાર

કજીઓ (ના) લડાઇ.
દાનત (ના) મનની ઇચ્છા, નિયત.
સાફ (વિ) ચોખ્ખી, સીધી, વાજબી.
લેખ પત્ર (ના) ખત કબાલા, કબુલતનું લખાણ.
તકાવવું (ક્રિ) લઇ લેવાને ધારવું.
પાળતા (ક્રિ) કરતા.
લગ્ન (ના) સ્ત્રી પુરૂષનું હંમેશને માટે પ્રિતિની ગાંઠથી જે જોડું બંધાય તે, વિવાહ.
નાચ (ના) રામજણીને નચાવવી તે.
વાવરી નાખવા (ક્રિ) ખરચી નાંખવા.
બંધન (ના) ધારા, અટકાવ.
છૂટ (ના) છૂટી, રજા.

## પાઠ ૩૧ મો.

સ્થાવર (વિ) હાલી ચાલી ન શકે એવી.
મિલ્કત (ના) માલ, જણુસ.
વારસો (ના) મરનારની જે મિલ્કત તેના વારસને મળે તે.
કાયદો (ના) ધારો.
મિલ્કતદાર (ના) મિલ્કતવાળો.
હિસ્સા (ના) ભાગ.
વંશજો (ના) વંશમાં જન્મેલા છોકરાઓ.
અવસ્થા (ના) હાલત.
રોકાવું (ક્રિ) ગુંથાવું.
શોધ (ના) તપાસ, નવી શોધી કાઢેલી યુક્તિ.
પરવાર (ના) ફુરસદ, વખત.
કળા (ના) [illegible]
ખબરદાર (વિ) હોશિયાર, [illegible]
જ્ઞાન (ના) સમજણ, જાણવાનું તે.
ઘટે છે (ક્રિ) લાયક છે.
ચાલ (ના) રીવાજ.
હુનર (ન.) કળા.
દાખલ કરવું (ક્રિ) શરૂ કરવું.

## પાઠ ૩૨ મો.

મીઠું (ના) એક જાતનો ખારો પદાર્થ જે આપણા ખાવામાં આવે છે. દરિઆના પાણીને સૂકવીને તે બનાવે છે. એ ખારૂં છતાં એને મીઠું કહે છે, કારણ કે રાંધેલા અનાજમાં એ નાંખવાથી તેનો ફિક્કો સ્વાદ જતો રહી તે મીઠું લાગે છે, તેથી એનું નામ પડયું છે.
ખપ (ના) જરૂર.
જગત્કર્ત્તા (ના) દુનિયાને બનાવનાર એટલે પરમેશ્વર.
બે તૃતીયાંશ (વિ) આખી વસ્તુના ત્રણ ભાગ કરી તેમાંથી બે ભાગ લઇએ તે.
મહાસાગર (ના) મોટો દરિઓ.
લૂણ (ના) મીઠું.
ભંડાર (ના) ખજાનો, વખાર.
ગચીયાં (ના) ચોસલાં, મોટાં ઢેફાં.
ભળેલું (કૃ) મળેલું, મિશ્રિત.
પહાણ (ના) પત્થર.
ઝરણ (ના) વહેળા, પાણીનું વહેવું.

ર છે.

નથી.

, પણો, કઢાયું.

(ક્રિ) તાપથી ઊનું કરે છે.

નલ (ના) કચરો. ગંદવાડ.

કાપવું (ક્રિ) કાઢવું.

પારદર્શક (વિ) જેની આરપાર દેખાય તેવું.

ગાંગડા (ના) કકડા.

બાઝે છે (ક્રિ) બંધાય છે, બને છે.

અરધું પરધું (વિ) અરધાને આશરે.

છાંટી નાંખે છે (ક્રિ) દેવતા ઉપર પાણી નાંખી ઓલવી નાંખે છે.

વખારો (ના) મોટી દુકાનો.

યાદ હશે (ક્રિ) ભાન હશે, સાંભરતું હશે.

સિંધવ (ના) ખાણમાંથી નીકળતો ધોળો ને ખારો પદાર્થ.

સવાલ ૧ લો. મીઠા જેવી દરેક માણસને ખપની વસ્તુ પરમેશ્વરે કયાં મૂકી રાખીછે? (૨) મીઠું પકવવાની કઈ બે રીત છે. તે રીતો કયા કયા દેશોમાં ચાલે છે, અને તે રીત કેવી હોય છે? મીઠાને ઠેકાણે કયો પદાર્થ કેટલાક દેશમાં વપરાય છે?

---

## પાઠ ૩૩ મો.

---

અગર (ના) જ્યાં મીઠું પાકે તે જગ્યા.

સ્થિર (વિ) હાલે ચાલે નહી તે.

લેહેર (ના) સપાટો, ઝપાટો.

ઘેરાવો (ના) પરિઘ, ઘેર.

ધોધવો (ના) પાણીના વહેળાનું ઊંચેથી પડવું.

કુંડ (ના) પત્થરથી બાંધેલો છોબંધ ખાડો.

ધોધ (ના) ધોધવો.

ઢળતી (વિ) ઢાળ પડતી.

ભય (ના) બીક.

ઝરો (ના) પાણીનો વહેળો.

ખંડેર (ના) પડી ગયલાં મકાન.

તીર્થ (ના) જાત્રાનું ઠેકાણું, પવિત્ર સ્થાન.

થર (ના) પડ, પોપડા.

બાઝતા (ક્રિ) થતા, ઝમી જતા.

સવાલ. વરાડ પ્રાંતના લુનાર ગામમાં જે સરોવર છે તેનાં પાણી કેવ છે, ને તે સરોવરનું વર્ણનકરો. ?

---

## પાઠ ૩૪ મો.

---

ભલાઇ (ના) ભલમનસાઈ, સાલસાઈ.

કઠોર (વિ) કઠણ, કડવું, સકત લાગે તેવું, ઘાતકી.

ધમકી (ના) ધાક, બીક.

બલાત્કાર (ના) જોરજુલમથી.

અણગમો (ના) નાખુશી.

સામે થવું (ક્રિ) સામે બોલવું, અથવા લડવું.

ઇચ્છા (ના) મરજી.

મન દઇને (ક્રિ) મન લગાડીને, કાળજી રાખીને.

વેર (ના) દુશમનાઈ.

ખરૂં દિલ (ના) સાચા મનથી, લક્ષપૂર્વક.
રૂપ (ના) આકાર.
હુકમ (ના) આજ્ઞા.
વિનંતિ (ના) અરજ.
માયનો (ના) અર્થ.
અસર (ના) લાગણી, ફળ, પરિણામ.
નરમાશથી (ના) ભલમનસાઈથી.
ઊમંગ (ના) હોંશ.

સવાલ ૧. આપણું કામ કયારે બગડે ને કયારે સારૂં થાય ? (૨) આપણા બરોબરીઆ પાસે હુકમથી કંઈ કામ કરાવીએ, ત્યારે તે કેવી રીતે કરે છે ? (૩) સુધરેલા દેશના લોકો પોતાના ચાકર ઉપર હુકમ કરે છે કે નહીં ?

## પાઠનો સાર.

મીઠા બોલથીને નરમાશથી બોલવાથી આપણું કામ ઘણી સારી રીતે થાય છે, પણ હુકમના બોલથી સારૂં થતું નથી. માટે આપણે આપણા ઉપરી કે હાથ નીચેના માણસ કે બીજા હર કોઇ માણસ જોડે નરમાશથી અને મીઠા વચનથી બોલવું. એમ કરવાથી આપણું સારૂં થાય છે, ને હુકમથી કામ કરાવીએ તો વખતે બગડે છે.

---

## પાઠ ૩૫ મો.

---

સુવાકય (ના) સારા બોલ.
સ્નેહ (ના) હેત.
સદૈવ (અ) હંમેશાં.
વાધે
કુવાકય (ના) નઠા...
કલેશ (ના) કજીઓ કંકાસ.
લાધે (ક્રિ) મળે અથવા થાય.
વિવેક (ના) સારા નરસાનો વિચાર કરવો તે અથવા ડહાપણ.
વીર (ના) ભાઇ.
ઊચાર (ક્રિ) બોલ.
વાણી (ના) બોલ, શબ્દ.
વિશ્વ (ના) દુનિઆ.
વખાણે (ક્રિ) તારીફ કરે. સ્તુતિ કરે માન આપે.
કીર્તિ (ના) આબરૂ, જશ.
જનો (ના) માણસો.
પડે (ક્રિ) હલકે દરજ્જે ઊતરે, અથવા ગરીબાઇમાં આવી જાય.
ચઢે (ક્રિ) મોટે દરજ્જે ચઢે, અથવા સુખી થાય.
વડેજ (અ) થી. જ નકી બતાવવા માટે છે
પ્રાણી (ના) માણસ.
પ્રજા (ના) લોકો.
પાળે (ક્રિ) પોષે.
સુખે (ના) સુખથી.
ઘુડ (ના) એક જાતનું પક્ષી. એ પક્ષી રાત્રે જેના ઘર પર બોલે તે ઘરમાંથી ૭ માસમાં એકાદ માણસ મરણ પામે, એવો વહેમ કેટલાક લોક રાખે છે, તેથી એ પક્ષી જો દીઠામાં આવે, તો તેને મારી કાઢે છે. એ પક્ષીનો દેખાવ ઘણો કદરૂપો હોય

છે, ને તે રાત્રે જોઇ શકે છે. દિવ-
સે તેને દેખાતું નથી.

ઉચ્ચારનું (ના) બોલીનું.

ભલી (વિ) સારી.

ભલાઇ (ના) ભલમનસાઇ, સારાપણું.

બુરી (વિ) નઠારી, નઠારા શબ્દ બોલે
તેવી.

બુરાઈ (ના) નઠારાપણું.

રાજકુમાર (ના) રાજાનો છોકરો.

રાણી (ના) રાજાની સ્ત્રી.

દેશે (ક્રિ) આપશે.

દુધ (ના) ગાય, ભેંસ વિગેરેના આંચ-
ળમાંથી જે ધોળો પ્રવાહી પદાર્થ ની-
કળે છે તે. આપણા ખાધામાં આ-
વે છે.

દહી (ના) દુધમાં છાશ અથવા બીજી
કંઇ ખટાશ નાંખી તેને આંધરકીને
બનાવે છે તે.

ઘી (ના) દહીને વળોવીને તેના ઉપર
જે ચીકણું તત્વ તરી આવે છે, તેને
માખણ કહે છે; ને તે માખણને ગ-
રમ કરી ઘી બનાવે છે, જે આપણે
ખાઇએ છીએ.

અમૂલ્ય (વિ) ઘણી કિંમતનો માલ.

લગાર (વિ) થોડું.

પળી (ના) સાંકડાં મોંના વાસણમાંથી
ઘી, તેલ, દીવેલ વિગેરે પ્રવાહી પ-
દાર્થ કાઢવાને જે લોઢાની બનાવેલી
હોય તે.

મુખેથી (ના) મોંમાંથી.

રે (અ) હે.

માનવી (ના) માણસ,

વેણ (ના) બોલ.

મૂકયું (ક્રિ) કાઢયું, બોલ્યું.

થૂંકયું (ક્રિ) થૂંકી કાઢેલું થૂંક.

વિમાસશો (ક્રિ) પસ્તાશો, દીલગીર થશો

હાણી (ના) ખરાબી, કમબખ્તી.

છરા (ના) બંદુકમાં નાંખવાની ગોળીઓ.

તણે (અ) નો.

છેદ (ના) ઘા. જખમ.

ઉપાય (ના) ઈલાજ.

સૂઝે (ક્રિ) માલમ પડે.

કાપ (ના) ઘા, જખમ.

રૂઝે (ક્રિ) મટે, સારૂં થાય, નવી ચામડી
આવવી.

ભડાકો (ના) અવાજ.

વિષે (અ) માં, અંદર.

હુડાકયો (કૃ) હણહણાટ કરતો, ઝડપથી.

વદો (ક્રિ) બોલો.

વણશે (ક્રિ) બગડશે.

ભાર તોલ (ના) માન, આબરૂ, વકર,
મરજાદા.

## સમજુતી.

સારા બોલ બોલવાથી બધા માણ-
સો હંમેશાં આપણા ઉપર હેત રાખે
છે, અને નઠારા શબ્દ બોલવાથી હંમે-
શાં બધા જોડે કજીઓ કંકાસ થાય
છે, માટે હે ભાઇઓ તમે જે બોલ બો-
લો, તે વિચાર કરીને અથવા દહાપ
વાપરીને બોલોવું.

સારા શબ્દ બોલવાથી આખી દુનિઆના લોકો આપણને વખાણશે, પણ નઠારા શબ્દ બોલવાથી આપણી આબરૂ લોકો જાણશે નહીં. એટલે આપણને માન આપશે નહીં. વળી માણસ મોટે દરજ્જે ચઢે એટલે આબરૂ પામે ને નીચે દરજ્જે ઊતરે એટલે આબરૂ ઓછી થાય, તે પણ જીભના સારા નરસા બોલથીજ થાય છે. માટે હે ભાઇઓ તમે જે બોલ બોલો તે વિચારીને અથવા ડાહપણથી બોલો.

જુઓ કે લોકો પોપટને પોતાને ઘેર હોંસથી પાળે છે, ને ઘુવડ પક્ષી પોતાના માળામાં પણ સુખથી સુઈ શકતું નથી. એ સારા નરસા બોલનુંજ કારણ છે. એટલે ઘુવડ નઠારા શબ્દ બોલે છે, તેથી લોકો તેને મારી કાઢે છે, ને પોપટ સારા બોલ બોલે છે તો લોકો તેને પોતાની પાસે રાખે છે. માટે હે ભાઇઓ તમે જે બોલ બોલો તે વિચારીને બોલો.

ગરીબ માણસ હોય કે રાજાનો છોકરો હોય, કે રાણી હોય પણ જો તે સારી જીભ રાખે એટલે સારા બોલ બોલે તો લોકો તેને ભલા કહે છે, પણ નઠારી જીભ રાખે એટલે નઠારા શબ્દ બોલે, તો લોકો તેને નઠારા કહે છે, માટે હે ભાઇઓ તમે જે બોલ બોલો તે વિચારીને બોલો.

સારા શબ્દ બોલવાથી તમને દુધ દહીં કે ઘી જેવા ઊત્તમ પદાર્થ મળશે. અને જે પદાર્થની ઘણી કિંમત હશે તે તમને થોડી કિંમતમાં મળશે પણ નઠારા શબ્દ બોલશો તો એક પળી પાણી કે જેની કિંમત બીલકુલ નથી તેવી સસ્તી વસ્તુ પણ તમને મળશે નહીં. માટે હે ભાઇઓ તમે જે કંઇ બોલો તે વિચારીને બોલો.

જેમ થૂકેલું ફરીથી ચાટી જવાતું નથી તેમ હે માણસ તારા મોંમાંથી સારા કે નરસા જે શબ્દ નીકળ્યા તે પાછા લેવાતા નથી, ને પછી નઠારૂં બોલીને તમે પસ્તાશો ને નુકશાન થશે, માટે હે ભાઇઓ તમે જે કંઇ બોલો તે વિચારીને બોલો.

જો બંદુકની ગોળી લાગી હશે, તો તેનો ઘા મટાડવાને આપણને ઉપાય જડશે, પણ જેમ કાચની કોઠી કાણી થએલી પાછી સાજી થતી નથી, તેમ નઠારા શબ્દ બોલીને જે ઘા આપણે બીજાને લગાડયો હશે તે કદી મટવાનો નથી, માટે હે ભાઇઓ તમે જે બોલો તે વિચારીને બોલો.

સારો કે નરસો તોપનો અવાજ હવામાં હણહણાટ કરતો ચાલ્યો જાય છે તે તમારાથી ઝાલી શકાતો નથી, તેમ મોંમાંથી સારા કે નરસા નીકળેલા બોલ પાછા ખેંચી લેવાતા નથી. માટે હે ભાઇઓ તમે જે કંઇ બોલો તે વિચારીને બોલો.

જો તમે વિચારીને શબ્દ બોલશો તો તમારૂં કામ કદી બગડશે નહીં, ને દલપતરામ કવિ કહે છે કે તેમ કીધાથી એટલે વિચારીને બોલવાથી લોકોમાં તમારૂં વજન પણ સારૂં પડશે.

---

## પાઠ ૩૬ મો.

---

પવન (ના) જોરમાં ફુંકાતો વા.
સૂરજ (ના) જે તેજસ્વી ગોળાની આસપાસ બધા ગ્રહો ફરે છે તે ગોળો.
બળ (ના) જોર, કૌવત.
વાદ (ના) તકરાર.
જબરો (વિ) જોરાવર.
તપી ગયા (ક્રિ) ગુસ્સે થયા.
મારામારી પર આવ્યા—મારામારી કરવા લાગ્યા.
ચંદ્રમા (ના) પૃથ્વીની આસપાસ ફરનારો ઉપગ્રહ.
વટેમાર્ગુ (ના) મુસાફર.
બળ (ના) જોર.
અજમાવો (ક્રિ) કરી બતાવો.
ઊતરાવે (ક્રિ) કઢાવે,
બળવાન (વિ) જોરાવર.
આગળ થયો (ક્રિ) પહેલો થયો.
વરસાદ (ના) આકાશમાંથી જે પાણી પડે છે તે.
વાવાઝોડું (ના) પવનનું તોફાન.
ભરાઇને (કૃ) સંતાઇને, લપાઇને.
લપેટતો (કૃ) વીંટાળતો.
વાદળાં (ના) આકાશમાં વરાળના જથા હોય તે.
તપ્યો (ક્રિ) તાપ કીધો, ગરમ થયો.
બફારો (ના) તાપ, કઢારો, ઉકળાટ.
સેહેવાયો (ક્રિ) ખમાયો, વેઠાયો.
બળાત્કાર (ના) જોર જુલમથી કરાવવું.
આકળા થવું (ક્રિ) ગુસ્સે થવું, ઊતાવળા થવું.
નરમાશ (ના) નમ્રપણું.

સવાલ ૧ લો. સૂરજને પવન વચ્ચે કેવી તકરાર ચાલી? તે તકરાર કોણે ને શી રીતે મટાડી? (૨) આખરે એ બેમાંથી કોણ બળવાન શાબીત થયો ને શી રીતે? (૩) એ વાત ખરી બની છે? કે જોડી કાહાડેલી છે? ને જો તેમ હોય તો એમાંથી આપણે શું શીખામણ લેવી.

### પાઠનો સાર.

પવનની પેઠે જોર જુલમથી આપણે કામ કરાવીએ તો તે સારૂં થતુ નથી, પણ મીઠાશને નરમાશથી આપણું કામ સારૂં થાય છે, માટે આપણે હંમેશા હર કોઈ જોડે મીઠાશને નરમાશથી બોલવું.

---

## પાઠ ૩૭ મો.

---

પ્રાણી (ના) જીવ, જાનવર.
પશુ (ના) ચાર પગવાળાં પ્રાણી,
પક્ષી (ના) પાંખવાળાં પ્રાણી

માછલાં (ના) દરિઆમાં રહેતું એક જાતનું પ્રાણી.

કીડા (ના) ઝીણાં જીવડાં.

માણસ (ના). બે પગને બે હાથવાળું ને વિચાર શક્તિવાળું પ્રાણી એ બધા પ્રાણીમાં ઉત્તમ છે, તેજ આપણે.

ફેર (ના) તફાવત.

અંગજ્ઞાન (ના) શરીરને લગતું જ્ઞાન કે સમજણ. ભૂખ લાગે છે. તે તથા પીશાબ કરવાના થઇએ એ અંગજ્ઞાન કહેવાય.

તર્કશકિત (ના) વિચાર કરવાની શકિત. ઘણી ટાઢ વાય તો ઊનનાં લૂગડાં પહેરવાં એ તર્ક શકિત કહેવાય. સ્લેટના ચાપડા નીકળી જાય માટે છોકરાઓ તેને કાતી લોઢાના પટા દેવડાવી ખીલીઓ ઠોકાવે છે, તેથી ચાપડા ઝટ વારમાં ખસી જતા નથી, માટે એ પટા જડાવ્યા એ તર્ક શકિત કહેવાય.

ટેકો (ના) અઢીંગણ, ઝીલી રાખવાને જે થાંભલો મૂકયો હોય તે.

જંગલી (વિ) જંગલમાં રહેનાર, નહી સુધરેલાં.

કડાકૂટ (ના) માથા ફોડ, ધાલમેલ.

ગુમાવે છે (ક્રિ) ગાળે છે, કાઢે છે.

ભેદ (ના) તફાવત.

હથિઆર (ના) મારવાના ઓજાર.

વાપરવું (ક્રિ) કામમાં લેવું.

[illegible]ડી (ના) નાની ઝુંપડી, છાપરૂં.

[illegible] (ના) ખાવાનું.

સંઘરવો (ક્રિ) એકઠો કરવો.

કોઠાર (ના) લાકડાની કે માટીની અનાજ ભરવાની કોઠી.

સસલું (ના) લાંબા કાનને નરમ વાળ વાળું એક ચોપગું જાનવર.

બીવર (ના) એક જાતનું જાનવર.

મધ માખ (ના) મધ બનાવનારી માખી.

વિશેષ (વિ) વધારે.

ઓજાર (ના) કંઇ પણ વસ્તુ તૈયાર કરવાનાં સાહિત્ય.

કુહાડો (ના) કાપવાનું ઓજાર.

અંગ (ના) શરીર.

દર (ના) નાના જાનવરને રહેવાનો ખાડો.

રાફડો (ના) સાપનું દર.

માળો (ના) પક્ષીને રહેવાનું ઘર.

કોદાળી (ના) જમીન ખોદવાનું ઓજાર.

હળ (ના) જમીન ખેડવાનું એક ઓજાર.

વાવેલા (કૃ) રોપેલા.

ધાન (ના) અનાજ.

દાતરડું (ના) કાપવાનું એક ઓજાર.

ખોરાકી (ના) ખાવાનું.

સવાલ ૧ લો. પ્રાણી એટલે શું ને તેના બે ત્રણ દાખલા આપો? (૨) માણસ એ પ્રાણી ખરો કે નહીં? અને માણસને બીજાં પ્રાણીમાં કયો મોટો તફાવત છે? (૩) અંગ જ્ઞાન ને તર્ક શક્તિ એટલે શું તે દાખલો આપી સમજાવો? (૪) જંગલી માણુને બીજાં પ્રાણી કઇ કઈ વાતમાં મળતાં આવે છે?

## પાઠ ૩૮ મો.

ભૂલ (ના) ચૂક.
ઉદાસ (વિ) દીલગીર.
ડાળી (ના) ઝાડનો એક ભાગ.
માનીને (કૃ) મનમાં રાખીને.
સોચના (ના) દીલગીરી.
તકરાર (ના) કજીઓ.
મંડળી (ના) ટોળી, સમુદાય.
વાદવિવાદ (ના) તકરાર.
ધ્યાનમાં (ના) લક્ષમાં.
વૈદ (ના) ઓસડને રોગનો જાણનાર.
ગુણ (ના) અસર, ફાયદો.
રોગ (ના) મંદવાડ, વ્યાધિ.
લાગુ પડે (ક્રિ) બંધ બેસતો આવે.
વનસ્પતિ (ના) ઝાડ પાલો.
માથે લેવું (ક્રિ) કબુલવું.
ગુંચવણ (ના) હરકત, મુશીબત.
પાર પડતું (કૃ) પૂરૂં થતું, નક્કી થતું.
સંસાર (ના) દુનિઆ.
અજમાવી જોવું (ક્રિ) કરી જોવું.
ઠોકર (ના) ખતા, ઠોકર ખાવી–શિખામણ લેવી.
ખબરદાર (વિ) હોશિઆર, જાણીતો.
ખપ (ના) ઉપયોગ, વાપર, કામ.
ઉમર (ના) જીંદગાની.
ભેદ (ના) તફાવત, ફરક.
પ્રેરણા (ના) પ્રથમની બુદ્ધિ જે પરમેશ્વરે આપેલી તે, જન્મની સાથેજ જે બુદ્ધિ હોય તે.
કસર (ના) ભૂલ, ચૂક.
કમ (વિ) ઓછી.
બંદોબસ્ત (ના) ગોઠવણ. વ્યવસ્થા.
તર્ક (વિ) વિચાર, ધારણા.
ધીરજ (ના) શાંતિ, સબુરી,
ઉદ્યોગ (ના) મહેનત.
મહેલ (ના) રાજાને રહેવાનું ઘર.
ભક્તિ (ના) ભજન કરવું.
શક્તિ (ના) તાકાત, સમજ.
પંક્તિ (ના) હાર, જાત.
ઉત્તમ (વિ) સૌથી સરસ.

સવાલ ૧. માણસને જાનવરમાં બીજો કયો મોટો તફાવત છે? (૨) ઓસડ શોધવામાં માણસ ને કેટલાંક જાનવરમાં શો તફાવત છે? (૩) માણસ ને બીજાં પ્રાણી વચ્ચે ત્રીજો મોટો તફાવત કયો છે, તે દાખલો આપી સમજાવો? (૪) બીજાં બધાં પ્રાણી કરતાં માણસ શ્રેષ્ટ શા કારણથી ગણાય છે?

## પાઠ ૩૯ મો.

મગજ (ના) ભેજું. માથાની ખોપરીમાંનો નરમ ભાગ.
ફેર (ના) તફાવત.
કોરે (ના) બાજુએ.
કોરે મેલી (કૃ) પડતી મૂકીને, એ વાત બંધ રાખીને.
રચના (ના) બનાવટ, ઘાટ.
ભેદ (ના) તફાવત.

કરોડ (ના) વાંસાની વચ્ચેનું મોટું હાડકું.
ટટાર (વિ) સીધા.
છાતીભેર (અ) છાતી કાઢીને ટટાર.
છીપ (ના) માછલીને રહેવાનું બે પડવાળું ઘર.
શંખ (ના) દરિઆઈ જીવડાંને રહેવાનું શંકવાકાર ઘર.
ચોપગાં (વિ) ચાર પગવાળાં.
નહોર (ના) મોટા નખ.
મેંઢાં (ના) ઘેટાં.
ભૂંડ (ના) એક જાતનું ભોંય ખોદનાર ચોપગું જાનવર.
ખરી (ના) ગાય ભેંસ વગેરેને પગને છેક તળીએ શિંગડાં જેવું હોય તે.
માફક આવે (ક્રિ) અનુકુળ આવે.
કૃપાળુ (વિ) મેહેરબાન, દયાળુ.
ચરવું (ક્રિ) જમીન ઉપર ઉગેલું ઘાસ મોઢે વતી ઊખેડી ખાવું. (ઢોર ચરેછે)
સરજ્યાં (ક્રિ) બનાવ્યાં.
ગરજ (ના) દરકાર, જરૂર, ખપ.
પારજ નહીં () છેડો નહીં એટલે ઘણુંજ વધારે,

સવાલ ૧. માણસને બીજાં પ્રાણી વચ્ચેનો તફાવત તો આપણે જાણ્યો, પણ સઘળાં પ્રાણીમાં તેઓના શરીરના સંબંધમાં કયા બે મુખ્ય તફાવત છે? કરોડવાળાં પ્રાણીના દાખલા આપો ને જેને કરોડ નથી એવા પ્રાણીના નામ દો? (૩) કયાં કયાં પ્રાણીને હાથે પગે નહોર, ખરી, કે આંગળાં હોય તે કહો! (૪) બધા દેશમાં બધી જાતનાં જાનવર થાય છે કે? (૫) ઊંટની ડોક ઊંચી ને ગાય ભેંસની નીચી શા માટે બનાવી છે? (૬) ઘેટાંના શરીર પર ઊનને માણસના શરીર પર પાતળાંને આછાં રૂવાં શા માટે પરમેશ્વરે કીધાં હશે?

---

## પાઠ ૪૦ મો.

---

અચરજ (ના) નવાઈ, તાજુબી.
પમાડે (ક્રિ) કરે.
ચાંચ (ના) પક્ષીના મોં ઉપર લાંબીને સીધી શીંગડા જેવી અણી હોય તે.
વડે (અ) થી.
લીલ (ના) લીલા રંગની પાણીમાં ચીકણી વનસ્પતિ થાય છે તે.
પર (ના) પીછું.
સુંવાળાં (વિ) નરમ, લીસાં.
સેવવા (ક્રિ) પોષવા, ઈંડા ઉપર પાંખ નાંખી ગરમી આપવી.
માદા (ના) સ્ત્રી જાત, નારી જાત.
ચારો (ના) ખાવાનું.
ઠરતી (કૃ) રહેતી, થોભતી.
ક્ષણ (ના) પળ.
વીલાં (વિ) સૂનાં.
સમે (ના) વખતે.
નર (ના) પુરૂષ, ધણી, વર.
સોડે (અ) પાસે, નજીક.
બીક (ના) ભય, બીક.

ફૂકડી (ના) મરઘી.
સુંવાળાં (વિ) લીસાં, નરમ.
પર (ના) પીછું.

સવાલ ૧ લો—પક્ષી પોતાના માળા શાથી ને કેવા બાંધે છે તથા નાનાં પક્ષીના માળામાં ગરમી વધારે રેહેવાની શી જરૂર છે? અને માળામાં શું ચોહોડે છે?

(૨) માળામાં બચ્ચાં હોય ત્યારે મા ચારો લેવા જાય તો કેટલી મોડી આવે છે? અને કેટલેક વખતે મા ચારો લેવા જતી નથી તો કોણ ચારો લાવી આપે છે?

(૩) બચ્ચાં ઇંડાંમાંથી નીકળી શું કરવા માંડે છે? તથા ટાઢમાં બચ્ચાં અરસપરસ કેવી રીતે બેસે છે?

(૪) કેટલાંક બચ્ચાં ઇંડાંમાંથી બહાર નીકળે કે તેને પાંખ હોતી નથી તો તે માળામાંથી નીચે પડી જાય માટે તેની માદા શું કરે છે? કઈ જાતના બચ્ચાં અવતરે કે તરતજ દોડવા માંડે ને શાથી?

---

## પાઠ ૪૧ મો.

સુતો (કૃ) સુઇ જતો, પડી રહેતો.
પારણું (ના) ઘોડીઆને ઝોળીને બદલે લાકડાનું ચોખંડું પાંજરૂં હોય તેવું ઘોડીયું.
પુત્ર (ના) છોકરો.
છેક (વિ) ઘણો, બહુ.
છાંનો રાખવો (ક્રિ) રડતો બંધ રાખવો.
મહા (વિ) ઘણું.
હેત (ના) પ્રેમ.
દયાળી (વિ) દયાવાળી, દયા લાવનારી,
સૂકામાં (વિ) સૂકી કે કોરી જમીનમાં.
ભીને (વિ) ભેજવાળી જમીનમાં.
પોઢી (કૃ) સૂઇને.
પીડા (ના) દુઃખ.
પંડે (ના) શરીરે, દેહે.
તજે (ક્રિ) છોડી દે.
સ્વાદ (ના) સારા ખાવાનો સ્વાદ.
કડુ (વિ) કડવું ઓસડ. (ના૦)
બચી (ના) ચુમી, બોકી.
લેતું (કૃ) કરતું.
તજી (કૃ) છોડી દઇને.
તાજું (વિ) તરતનું.
ખાજું (ના) ખાવાનું.
દેતું (ક્રિ) આપતું.
મીઠાં (વિ) સુંદર, મધુર.
ગીત (ના) રાગ કાઢીને ગાવાનાં વાક્યો.
ખડું (ક્રિ) ઠેકર ખાશે.
ખમા (અ) માફ કરો. રક્ષણ કરો.
આણી (કૃ) લાવી.
વાણી (ના) શબ્દ, બોલ.
પાંપણે (ના) આંખના પોપચાં ઉપરના વાળ.
પ્રેમ (ના) હેત.
પૂર (વિ) ઘણા.
પાણી (ના) આંસુ.

પ્રભુ (ના) ઉત્કૃષ્ટ રીતે થનાર એટલે પરમેશ્વર.
ભક્તિ (ના) ભજન, સ્તવન.
જુક્તિ (ના) તદબીર.
ટળે (ક્રિ) મટે, જાય.
તાપ (ના) દુઃખ.
મૂક્તિ (ના) મોક્ષ.
ચિતે (ના) મનમાં.
ચિંતા (ના) ફિકર.
રૂડું (વિ) સારૂં.
ચહાતું (કૃ) ઇચ્છતું.

### સમજુતી.

(૧) જ્યારે હું નાનો બાળક હતો ત્યારે પારણામાં સૂતો. ને કદાચ રડતો તો મને છાનો કોણ રાખતું. વળી મને દુઃખી થએલો જોઇને કોણ દુઃખી થતું? હે ઘણા હેતવાળી ને મારાપર દયા લાવનારી મા તે તુંજ.

(૨) પોતે ભીની જમીનમાં સૂઇ મને સુકામાં સુવાડતી, અને મારે શરીરે કંઇ રોગ થાય, તો તરત તું સારા સારા સ્વાદવાળા પદાર્થ ખાવાના મૂકી દેતી. વળી મને સુખ કરવાને કડવાં ઓસડ કોણ ખાતું? ઘણા હેતવાળી ને મારાપર દયા લાવનારી મા તે તુંજ.

(૩) વળી પોતાની છાતી સરસો ચાંપીને મને ચુમીઓ કોણ કરતું? અને તરતનું નવું ખાવાનું પોતે નહીં ખાતાં મને કોણ આપતું? વળી મને મધુર ગીતો કોણ ગાતું? હે ઘણા હેતવાળી ને દયાળી મા તે તુંજ ગાતી.

(૪) કદાચ હું પડી જાઉં અથવા ઠોકર વાગે તો ખમા (પરમેશ્વર એની એ ભૂલ માફ કરી એનું રક્ષણ કરો) એવા બોલ કોણ બોલતું? અને પડવાથી કંઇ ઇજા થતી તો કોની આંખમાંથી હેતનાં આંસું પડતાં? વળી પોતાનું દુધ તે મને કોણ પાતું? ઘણા હેતવાળી ને મારાપર દયા લાવનારી મા તે તુંજ પાતી.

(૫) વળી પરમેશ્વરની ભક્તિ કરવાની તદબીર કોણ બતાવતું? કે જે ભક્તિ વડે દુઃખ ને પાપ જતાં રહીને મોક્ષ મળે છે. વળી મારૂં ભલું ઇચ્છવામાં પોતાના મનમાં કોણ ફિકર રાખતું? ઘણા હેતવાળી ને મારાપર દયા લાવનારી મા તે તુંજ રાખતી.

---

## પાઠ ૪૨ મો.

---

જળે (ના) પાણીની સાથે.
જડ્યું (ક્રિ) બાંધ્યું.
હેત (ના) પ્રિત.
ગણિતે (ના) ગણિતશાસ્ત્રથી.
ભૂલી જવું (ક્રિ) વીસરી જવું.
લીધી (ક્રિ) કાઢી, બજાવી.
ચાકરી (ના) નોકરી, બરદાસ.
આકરી (વિ) અઘરી, મુશ્કિલ.
અમૂલી (વિ) જેની કિંમત ન થાય તે-

વી એટલે ઘણીજ કિંમતની.
દાસ (ના) ચાકર.
સદા (અ) હંમેશાં.
વાળી આપવું (ક્રિ) પાછું આપવું.
સાટું (ના) બદલો, અવેજ.
દેવના દેવ (ના) પરમેશ્વર.
આનંદદાતા (ના) સુખનો આપનાર.
ગુણ (ના) પાડ.
માતા (ના) મા, બા, જી.
સમો (ના) વખત.
જોગ (ના) તાલ, લાગ.
દેજે (ક્રિ) આપજે.
પ્રિતથી (ના) હેતથી.
નિત્ય (અ) હંમેશાં.
પાડે કરે (ક્રિ) મોઢે કરે, ગોખે.
રીઝી (કૃ) ખુશી થઇને.
દેવ (ના) પરમેશ્વર.

**સમજુતી.**

જેમ માછલી ને પાણી વચ્ચે કુદરતી હેત રહેલું છે, એટલે પાણીથી માછલી જૂદી પડે તો તરત મરી જાય તેમ આજે હું મોટો થયો છું તો પણ તારૂં હેત મારા ઉપર જેવું ને તેવું કાયમજ છે. વળી એ હેત એટલું બધું છે કે ગણિત શાસ્ત્રથી ગણી જોઇએ તો ગણી પણ શકાતું નથી. મતલબ કે ઘણુંજ હેત છે. ઘણા હેત વાળી ને મારાપર દયા લાવનારી મા એ ઘણુંજ હેત રાખનારી તે તુંજ.

(૨) તેં જે મારી અપરી સેવા બજાવી છે તે બધું શું ભૂલી જઇશ ? ના કદી નહીં. હંમેશાં તારો ચાકર થઇને એ ચાકરીનો બદલો વાળી આપીશ. મારાપર દયા લાવનાર ને ઘણા હેતવાળી મા તે તુંજ.

(૩) હે પરમેશ્વર મને મારી માએ જેવો ગુણ કીધો છે, તેનો બદલો વાળવાને તું મને વખત આપજે. ઘણા હેતવાળી ને મારાપર દયા લાવનારી મા તે તુંજ.

(૪) આટલા આઠ છંદ જે માણસ શીખે અથવા સાંભળે ને પછી હેત રાખીને મોઢે કરી તે પ્રમાણે ચાલે એટલે ઘડપણમાં માની સેવા કરે, તો પરમેશ્વર તેવા છોકરા ઉપર ખુશી થઇને બધે ઠેકાણે તેને સુખી રાખે. આ છંદ દલપતરામ કવિના બનાવેલા છે.

**ઉપલા બે પાઠનો સાર.**

આ ઉપરથી છોકરાઓએ શીખામણ લેવાની છે કે તેઓની માનો તેમના ઉપર ઘણો પાડ થએલો હોય છે. તે નાના હતા ત્યારે તેમને ઉછેરવાને તે બિચારીએ ઘણું દુઃખ વેઠયું છે. માટે દરેક છોકરાને લાયક છે કે મોટપણે માની ચાકરી કરવી, ને આપણી શક્તિ પ્રમાણે તેની ઇચ્છા પૂરી કરવી. ઘણા મૂર્ખ છોકરા તેની ઘરડી માને હેરાન કરે છે. એવા દુષ્ટ છોકરા કદી સુખી થવાના નથી, ને લોકો તેને વખાણના નથી, પણ તેનું માઠું બોલે

છે. જે છોકરો મા બાપની સેવા કરશે, તે જરૂર સુખી થશે. ને પરમેશ્વર તેનાપર રાજી થશે.

---

## પાઠ ૪૩ મો.

---

સુંદર (વિ) શોભિતું.
ચીની (વિ) ચીન દેશનું.
ચલાણું (ના) માટીનો સુંદર બનાવેલો વાડકો.
રકાબી (ના) માટીની બનાવેલી સુંદર તાસક અથવા થાળી.
ચમચો (ના) માટીનો બનાવેલો એક સુંદર ઘાટ જેને એક ચાડું ને લાંબી દાંડી હોય છે, દુધ, ચા વિગેરે પીવાના કામમાં આવે છે.
ચકમક (ના) એક જાતનો ચળકતો પત્થર.
ઝારીને (કૃ) ઘસીને, ઠોકીને.
હાંડી (ના) દીવો મૂકવાનું કાચનું એક વાસણ.
કંદીલ (ના) ગ્લાસ.
બિલોરી (વિ) કાચની એક જાત, ચળકતો ને પારદર્શક.
ભઠ્ઠી (ના) મોટો ચૂલો.
પકવે છે (ક્રિ) ગરમ કરીને તેનો ભૂકો થાય એવી કરે છે.
થર (ના) પડ.
કેડે (અ) પછી.
ભૂકો (ના) ચૂરો.
બારીક (વિ) ઝીણો.
પ્રવાહી (વિ) રેલો ચાલે એવું.
નરમ (વિ) ઢીલો.
લીસો (વિ) સુંવાળો, ચીકણો.
ગુંદાય (ક્રિ) છુંદાય.
ચાક (ના) પૈડું.
કેળવાએલી (વિ) તૈયાર થએલી. હર કંઇ કામને માટે લાયક થએલી.
લોંદો (ના) લુગદી, પીંડો, ગોળો.
પોલો (વિ) માંહેથી ખાલી.
નજરે (ના) રૂબરૂ, પોતાની મેળે.

સવાલ ૧—એ રકાબી, ચમચા, ચલાણાં કઇ બે વસ્તુના બને છે ?

(૨) ચકમકના પત્થરને પ્રથમ શું કરે છે ને પછી માટી જોડે કેવી રીતે મેળવે છે ?

(૩) એ મેળવણીને કોના ઉપર મૂકી તેના ઘાટ બનાવે છે. અને ચાક ઉપર મૂકેલા લોંદાને કેવી રીતે ને શા માટે દાબતો પડે છે ?

---

## પાઠ ૪૪ મો.

---

ડોળીયું (ના) કોઈ વસ્તુ બનાવવાને તેનો કાચો ઘાટ બનાવ્યો હોય તે.
ખરાદી (ના) લાકડાંના રમકડાં ઉતારનાર.
સંઘાડો (ના) લાકડાનો ગોળ આકાર ઉતારવાનુ ખરાદીનું એક ઓજાર.
તાળવું (ના) ઝારીની બાજુએ બળ-

ગાંડલી વાંકી નળી.
મેળવણી (ના) મિશ્રણ.
ગારો (ના) મટોડીને પલાળીને નરમ કરેલી.
આદાની (ના) ચા ઉકાળવાનું વાસણ.
કથરોટ (ના) મોટી થાળી.
ધીમી આંચવાળી ઓછા તાપવાળી.

સવાલ ૧—કઈ કઇ વસ્તુઓ ચાક ઉપર તૈયાર થતી નથી અને તે શી રીતે થાય છે?

(૨) નાળચાંને હાથા વાસણ જોડે ક્યારે ચોટી દેવામાં આવે છે?

(૩) એ વાસણને પકવવાની રીત કેવી છે તથા એને ચળકતાં શી રીતે કરે છે?

---

## પાઠ ૪૫ મો.

સફેદ (વિ) ધોળાં.
પ્યાલા (ના) ચલાણાં.
બરણી (ના) કાચ અથવા માટીનું એક જાતનું વાસણ.
રંગીત (વિ) રંગેલું, રંગવાળું.
આસમાની (વિ) આકાશના રંગ જેવાં.
કરચ (ના) નાનો ભાગ.
ખબરદાર (વિ) હોંશિઆર.
ચિતારા (ના) ચિતરવાનો ધંધો કરનાર.
ચિત્ર (ના) ચિત્રામણ, છબી.
શોધ (ના) તપાસ.
સાધારણ (વિ) મધ્યમ.
હુનર (ના) કળા, કસબ, યુક્તિ.
ઝીણી નજર ( ) બારીક નજર, લક્ષ રાખી જોવું.

સવાલ—ચમચા, રકાબી, ચલાણાં ઉપર ચિત્ર હોય છે તે શી રીતે પાડે છે? પ્રથમ ચળકાટ ચઢાવે કે ચિત્ર પાડે?

(૨) સોનેરી રંગના ચીત્ર શેનાથી ને કેવા કારીગરથી પાડવામાં આવે છે?

(૩) રકાબી, ચમચા, ચલાણા એ કયાંથી આવે છે ને એને ચીનાઇ વાસણ કેમ કહે છે?

(૪) ચીનાઇ વાસણ બનાવવાની માટી આપણા દેશમાં છે કે નહીં? અને એવી માટી પ્રથમ કયા દેશમાં જણાઇ ને પાછળથી તપાસ કરતાં કયા કયા દેશમાં માલમ પડી?

(૫) ચીનાઇ વાસણની બનાવટ ઉપરથી આપણે શી શી શીખામણ લેવી જોઇએ.

---

## પાઠ ૪૬ મો.

ઉભરાઇ જવું (ક્રિ) બાહાર નીકળી જવું.
રેલા (ના) ધારા.
અજમાવી જોવું (ક્રિ) કરી જોવું.
ધર્મશાળા (ના) ગરીબ લોકો અને મુસાફરને મફત રેહેવાનું ઘર.
સવાર (ના) ઘોડે બેસનાર.
મેદો (ના) ઝીણો ને સુંવાળો ભૂકો.

ગારો (ના) કાંઇ ચાટ કરવ ને પલાળે-
લી માટી.

ઉચટયાં (ક્રિ) થયાં, નીકળ્યાં.

ચકમક (ના) એક જાતનો ચળકતો પત્થ
ર જે પોલાદ પર પછાડવાથી દેવ-
તા પેદા થાય છે.

સવાલ ૧ લો–વિલાયતના કુંભાર
પ્રથમ ચળકતાં વાંસણ શી રીતે કરતાં
શીખ્યા. (૨) વિલાયતના કુંભાર પ્ર
થમ માટીના વાસણ સફેત શી રીતે
કરતાં શીખ્યા.

---

## પાઠ ૪૭ મો.

---

રાજધાની (ના) રાજાને રહેવાનું ઠેકા-
ણું– શેહેર.

વસાવ્યું (ક્રિ) માણસની વસ્તી કરાવી.

તાબામાં (ના) અમલમાં, સત્તામાં.

ઉજડ (વિ) વસ્તી વગરનો.

ખેતરાં (ના) ખેડવાનાં ખેતર.

પ્રતિષ્ટા (ના) સ્થાપના.

ગણપતિ (ના) હિંદુનો એક દેવ. મહા-
દેવનો પુત્ર.

પોશાળ (ના) નિશાળ.

તળાવ (ના) પાણી ભરી રાખવાને
ખોદેલો મોટો ખાડો.

શિવલિંગ (ના) મહાદેવના લિંગની
મૂર્ત્તિ

મસીદ (ના) મુસલમાનોને નીમાજ પ-
ઢવાનું ઠેકાણું.

પડખે (અ) બાજુએ.

સવાલ ૧ લો–પાટણ શેહેર કોણે
ક્યારે અને કોના નામથી વસાવ્યું ને
પ્રથમ તે કયા દેશની રાજધાની હતું ?
(૨) પંચાસરા પારસનાથનું દેરૂં પા-
ટણના કયા ભાગમાં છે ને કોણે બં-
ધાવ્યું. હિમાચાર્ય, સહસ્ત્ર લિંગ તળા
વ તથા રાણીની વાવ વિષે શું
જાણો છો ?

---

## પાઠ ૪૮ મો.

---

વર્ણન (ના) હકીકત, બયાન.

જૈન (ના) બૌધધર્મનો એક ફાંટો,
શ્રાવકનો ધર્મ.

પુસ્તકભંડાર (ના) પુસ્તકોનો ખજાનો
પુસ્તકાલય, લાયબ્રેરી.

તાડપત્ર (ના) તાડના પાતરાં.

પટોળું (ના) એક જાતનું રેશમી બુ-
ટાદાર લુગડું, પરણતી વખતે છો-
કરી પહેરે છે તે.

ડાભળીઆળી (વિ) સૂડીની એક જાત.

જાર (ના) જુવાર. એક જાતનું અ-
નાજ.

પેદાશ (ના) નિપજ.

કુંડ (ના) છોબંધ બાંધેલો ખાડો.

રૂદ્રમાળો (ના) પાટણમાં એક મોટી
ઇમારત હતી.

મૂળ (ના) શરૂઆતનું ઠેકાણું ઉત્પત્તિ
સ્થાન.

કુળદેવી (ના) પોતાના કુળની દેવી. ગોત્રજ.

ઠરાવવાને (કૃ) નક્કી કરવાને.

કુમારિકા (ના) કુંવારી છોકરી.

સવાલ ૧ લો—પાટણમાં કઈ જાત નાં પુસ્તક ઘણાં છે અને તે પુસ્તકો શેના ઉપર લખેલાં છે? (૨) પાટણ જીલ્લાની કઇ કઇ વસ્તુ વખણાય છે ને કઈ કઇ વસ્તુ ત્યાં ઘણી નીપજે છે. (૩) કરણસાગર તળાવ—રૂદ્રમાળો મોઢ બ્રાહ્મણ—તથા કડવા કણબી વિષે શી હકીકત તમારા. વાંચવામાં આવી છે?

---

## પાઠ ૪૯ મો.

---

ખંડ (ના) પૃથ્વીનો એક ભાગ કે જે ઘણા દેશો મળીને થએલો હોય તે.

બરફ (ના) ઠરી ગએલું પાણી.

ગગન (ના) આકાશ.

ઝગઝગે છે (ક્રિ) પ્રકાશે છે.

તેજ (ના) પ્રકાશ—અજવાળું.

અરૂણ (ના) સૂર્ય ઊગતાં પહેલાં જે પ્રકાશ દેખાય છે તે.

પ્રકાશ (ના) તેજ, અજવાળું.

રત (ના) રૂતુ, મોસમ.

ભોંયરૂં (ના) જમીનમાં ખોદેલો ખાડો તેને છાથી ચણી લે છે, માંહે ઉતરવાને બારણું ને દાદર હોય છે.

ઠીંગણાં (વિ) બટકાં નીચાં.

કદરૂપાં (વિ) નઠારા રૂપનાં—ઘાટનાં.

ગંદાં (વિ) ગોબરાં, મેલાં.

મેદાન (ના) સપાટ જમીન.

રેતાળ (વિ) રેતીવાળાં.

પહાડી (વિ) પહાડવાળાં.

વસનારા (કૃ) રહેનારા.

રબારી (ના) ભરવાડ.

ઉદ્યમી (વિ) મહેનતુ.

કસબી (વિ) કસબ શીખેલો.

કસબ (ના) હુન્નર

કીરણ (ના) સીધી લીટીમાં પડતો પ્રકાશ, તેજ.

જાતજાતના (વિ) તરેહ તરેહના.

તેજાના (ના) લવેંગ, તજ, મરી વિગેરે.

જવાહીર (ના) હીરા, માણેક, પાના પોખરાજ શની વગેરે.

ઝેરી (વિ) ઝેરવાળા. કરડે ને ઝટવારમાં મરી જવાય એવો.

વર્ણ (ના) શરીરનો રંગ.

સામળો (વિ) કાળો, ઘઉંવર્ણો.

મૂર્ત્તિ (ના) દેવની કે મોટા પુરૂષની છબી અથવા બાવલું.

સવાલ ૧ લો—એશિઆની ઉત્તરે કયો દેશ આવ્યો છે ત્યાં સું બહુ પડે છે? ને ઘણા દહાડા સુધી સૂરજ ઉગતો નથી તો અજવાળા વિના લોકો શી રીતે કામ કરતા હશે? (૨) ઘણી ટાઢને લીધે લોકો આપણા જેવા ઘરમાં રહી શકતા નથી તો ક્યાં રહે છે ને કામસ્ચાટકા શું છે ક્યાં છે ને ત્યાંના લોકો કેવા છે? (૩) એશિઆ-

ના મધ્ય ભાગમાં ક્યા દેશ આવ્યા? ને ત્યાંના લોકની સ્થિતિ કેવી છે. (૪) એશિઆના પૂર્વ ને દક્ષિણ ભાગમાં કેવા દેશો આવ્યા ને ત્યાં શેની નીપજ છે?

## પાઠ ૫૦ મો.

સુમારે (અ) આસરે.
ઉત્પત્તિ (ના) પેદાશ.
રણ (ના) રેતીનું મેદાન.
નગર (ના) શેહેર.
બેસુમાર (વિ) સુમારવગરની-ઘણી.
ફુટડી (વિ) રૂપાળી.
મહાબળવાન (વિ) ઘણો જોરાવર.
દરબાર (ના) કચેરી.
જોદ્ધા (ના) વડવૈયા, લશ્કરના નાયક.
કાને પડી (ક્રિ) સાંભળવામાં આવી.
પણ (ના) નિયમ, ટેક, વચન.
રથ (ના) ચાર પૈડાની માફાના આકારની ગાડી.
પાયદળ (ના) પગે ચાલનારૂં લશ્કર.
વાટમાં (ના) રસ્તામાં.
ચારણ (ના) એક જાત છે. કવિત ગાવાનો ધંધો કરે છે.
મહાભારત (ના) કૈરવ-પાંડવની લડાઇનું પુસ્તક.
પરાક્રમ (ના) બહાદૂરીના કામ.
શૂર (ના) જુસ્સો, આવેશ.
ચડાવ્યું (ક્રિ) વધાર્યું, ઉશ્કેર્યું.

## પાઠ ૫૧ મો.

પોહો ફાટતાં (કૃ) સૂર્યોદય થતાં, સવારમાંજ.
શરૂ થઇ (ક્રિ) જારી થઇ.
ગર્ભવંતી (વિ) દહાડાવાળી, બેજીવવાળી, હમેલવાળી.
રાનમાં (ના) જંગલમાં, વનમાં.
રણમાં (ના) લડાઇમાં, યુદ્ધમાં.
પડયો (ક્રિ) મરણ પામ્યો.
ગત (ના) વલે સ્થિતિ.
છાયા (ના) શીળો, છાંયડો.
દહાડા કાઢયા (ક્રિ) વખત ગુજાર્યા.
ફળાદિ (ના) ફળ વિગેરે.
અવતર્યો (ક્રિ) થયો, જન્મ્યો.
સમજણો (વિ) સમજવાળો. સમજી શકે એવો.
કાસદ (ના) સંદેશો લઇ જનાર મજુર.
નગર (ના) શેહેર.
રાજધાની (ના) રાજાને રહેવાનું ઠેકાણું
પુતળું (ના) બાવલું મૂર્ત્તિ.
છત્ર (ના) છતર, છત્રી.
ધરેલું (કૃ) રાખેલું, પકડેલું, ગોઠવેલું.
તીર (ના) બાણ.
ગ્રંથ (ના) પુસ્તક, ચોપડી.
રચ્યો (ક્રિ) બનાવ્યો, લખ્યો.
ઇનસાફી (વિ) વાજબી ઇનસાફકરનાર.
લાંછન (ના) એબ, બટ્ટો કલંક.

## પાઠ ૫૨ મો.

વંશ (ના) ઓલાદ, કુળ.
બખેડો (ના) બળવો, હુલડ.
મૂદલે (ના) બીલકુલ, જરાપણ.
ચેન (ના) આનંદ.
કાંપતા (કૃ) ધ્રુજતા.
ઠાઠ (ના) ભભકો, રોપ-વૈભવ.
પારજ નહીં એટલે છેડો નહીં એટલે ભભકો ઘણો હતો.
પરાક્રમી (વિ) બહાદુરીના કામ કરનાર.
સંતાન (ના) છોકરૂં.
પડયા (ક્રિ) મરીગયા.
સમાપ્તિ (ના) નાશ, છેડો, આખર.
વરે (અ) સાથે, જોડે.
વારસ (ના) જેને વારસો મળવાનો હોય તે, દત્ત પુત્ર.
મહા (વિ) ઘણો, મોટો.
સમર્થ (વિ) જોરાવર, બળવાન.
વટેમાર્ગુ (ના) મુસાફર, રસ્તે જનાર.
મદદે (ના) કુમકે.
મિત્ર (ના) ભાઇબંધ, દોસ્તદાર.
ભાલો (ના) ભોકવાનું એક હથિઆર, લાકડીને છેડે લોઢાનું અણીદાર પાનુ હોય તે.
સોરઠ (ના) કાઠિઆવાડ.
રાજપાટ (ના) રાજગાદી, રાજાને બેસવાનો મોટો ને ઊંચો શોભિતો પાટલો.
ક્ષેત્ર (ના) તીર્થ, પવિત્ર જગ્યા.
ઊગમણી (વિ) પૂર્વદિશા તરફની.
દાન (ના) ધર્મને બદલે કંઇ આપવું તે.
દેહ છોડી (ક્રિ) મરણ પામ્યો.
દેહ (ના) શરીર.
વંશજો (ના) વંશમાં જન્મેલા છોકરા, વંશજનું બહુવચન વંશજો છે.
દશા (ના) હાલત, સ્થિતિ.
રાજકન્યા (ના) રાજાની છોકરી.

## પાઠ ૫૩ મો.

છેટે (અ) આઘે, દૂર.
વધતા ગયા (ક્રિ) આવતા ગયા, આગળ આવતા ગયા.
આખર (અ) છેલ્લે.
તૂટી પડયા (ક્રિ) લડવાને લૂટવાને ને દેશ જીતવાને ઉતરી પડયા.
ચિતા (ના) લાકડાની ચેહે.
ખડકી (કૃ) સીંચીને, ગોઠવીને.
ધણી (ના) ઊપરી અધિકારી રાજા.
ઇતરાજી (ના) નાખુશી, કમમહેરબાની.

## પાઠ ૫૪ મો.

વેર (ના) દુશમનાઈ.
થડમાં (અ) પાસે, નજીક.
ચિંતા (ના) ફિકર.
પેઠી (ક્રિ) થઇ, લાગી.
કુમકે (ના) મદદે.
સંસ્થાન (ના) રાજ્ય, પ્રદેશ.

નજર કરી (ક્રિ) જોયું.
છાતી ચલાવી (કૃ) હિંમત રાખીને.
છાવણી (ના) લશ્કરનો પડાવ, મૂકામ.
ઠેઠ (અ) છેક.
અપમાન (ના) ગેરઆબરૂ, તિરસ્કાર.
સેહેવાયું (ક્રિ) ખમાયું, વેઠાયુ.
આપઘાત (ના) પોતાને હાથેજ પોતાનો જીવ લેવાનું કામ.
ખરચી (ના) ખરચવાનાં નાણાં.
દગો (ના) કપટ.
વખેરાઇ ગયાં (ક્રિ) આમતેમ નાશી ગયાં, જૂદાં પડી ગયાં.
ભંડાર (ના) ખજાનો, તીજોરી.
દ્રવ્ય (ના) દોલત, માલમતા, ધન.
રોકડું નાણું (ના) નગદ રૂપિઆ.

---

## પાઠ ૫૫ મો.

---

બુરી (વિ) નઠારી, ખરાબ.
મતલબ (ના) ઇચ્છા, હેતુ, વિચાર.
વતન (ના) સ્વદેશ જન્મભૂમિ.
કોલકરાર (ના) સંધિની શરત, દોસ્તીના કરાર.
ખાલસા કરવું (ક્રિ) પોતાના તાબામાં લેવું, જીતી લેવું.
જાથુ (અ) સ્થાયી, કાયમ, હંમેશના ઘરબાર માંડીને.
પરાક્રમ (ના) બહાદૂરીનું કામ.
વેર (ના) દુશમનાઇ.
હરડતા (વિ) મુસલમાની ધર્મ ઉપર ઘણો ભાવ રાખનાર, ધર્મચુસ્ત.
ખૂન કરવુ (ક્રિ) મારી નાંખવું.
જમાવ (ના) ફેલાવો, એકઠા કરવા, ટોળું, સમુદાય.

---

## પાઠ ૫૬ મો.

---

સ્વારી (ના) લશ્કરનો મૂકામ.
નીસરણી (ના) માળ કે કંઇ ઊંચી જગાએ ચઢવાનું બાંયાવાળું સાહીત્ય
કોટ (ના) શેહેરને ફરતી ઊંચી ભીંત
મંડપ (ના) માંડવો, દેવની મૂર્ત્તિની આગળનું દીવાનખાનું.
પ્રાર્થના (ના) વિનંતિ, કાલાવાલા.
સહાય (ના) મદદ.
હઠાવી દીધા (ક્રિ) પાછા કાઢયા.
નિશાન (ના) ધજા, વાવટો.
રગદોળાયું (ક્રિ) છુંદાયું, અંટવાયું.
હાથ કર્યું (કૃ) જીતી લીધું.
ખાળ્યો (ક્રિ) રોકયો, અટકાવ્યો.
તંગાસ (ના) ખૂટકો.
તરફડીને (કૃ) હાથપગ પછાડીને.

---

## પાઠ ૫૭ મો.

---

રણમાં (ના) લડાઇમાં, યુદ્ધમાં.
શૂરા (વિ) બહાદૂર.
શૂરાતન (ના) બહાદૂરી.
પાઠશાળા (ના) મોટી નિશાળ.
સ્થાપી (ક્રિ) મંડાવી.

કાવ્ય (ના) કવિતા.
રચના (ના) બનાવટ.
કિર્ત્તિ (ના) આબરૂ.
સૂરજ ચંદ્ર તપે એટલે સૂર્ય ચંદ્ર પ્રકાશે ત્યાં સુધી. એટલે હંમેશાં.
કઠોર (વિ) નિર્દય, ઘાતકી.
અવગુણ (ના) નઠારો ગુણ.
દરબાર (ના) કચેરી.
પસરી (ક્રિ) ફેલાઇ.
બંડી (ના) બાંય વગરનું બદન.
બૂટ (ના) ચાંચ વગરના ને ઉભા ખડાનો જોડો.
પેહેરવેશ (ના) પોશાક.

## પાઠ ૫૮ મો.

વંશ (ના) ઓલાદ, કુળ.
અમલ (ના) સત્તા.
તોડી પાડતો (ક્રિ) બંધ કીધો, અટકાવ્યો.
ઓલાદ (ના) વંશ, કુળ.
વખો (ના) દુઃખ, આપત્તિ.
વખાનો માર્યો એટલે દુઃખને લીધે.
દેવસ્થાન (ના) દેવને રેહેવાનું ઘર, દેવ મંદિર.
જોગજોગે (અ) માંડે ભાગ્યે.
વતન (ના) જન્મભૂમિ, પોતાનો દેશ.
તખ્ત (ના) ગાદી, રાજપાટ.
મમતા (ના) હેત, માયા.
અધિકાર (ના) સત્તા, હુકમ.
મર્યાદશીળ (વિ) અદબ પાળનારા, વિવેકી.
પેગડા (ના) પાવડા, ઘોડાના જીન નીચે જે પગ ઘાલવાને પાવડા લટકે છે તે.

## પાઠ ૫૯ મો.

બંદોબસ્ત (ના) વ્યવસ્થા.
ઘાણ વળ્યો (ક્રિ) ઘણા માણસ મરી ગયાં.
સંતોષ (ના) તૃપ્તિ.
દત્તક (ના) વારસ, કોઇને છોકરો ન હોય તો બીજા છોકરાને પોતાનો છોકરો કરી રાખે, તે છોકરો દત્તક કહેવાય છે.
ઝેર (ના) અદેખાઈ, વેર.
મોખરે (અ) આગળ.
ટુકડી (ના) વિભાગ, ટોળું.
જખમી (વિ) ઘાએલ.
સહીસલામત (અ) સાજો તાજો, અણી શુદ્ધ.

## પાઠ ૬૦ મો.

નિરાંતે (ના) સુખથી, ચેનથી.
ખુન્નસ (ના) જુસ્સો.
જડાવ (ના) એક વસ્તુ જોડે બીજી વસ્તુને ટાંકી લેવી તે. સોનાના દાગીનામાં નંગ જડી લેવાં.

બખ્તર (ના) કવચ, લડવૈયા સિપાહના ડગલા ઊપર લોઢાની સળીઓ ઢાંકણીના જેવી જડી લઇને જે બનાવે છે તે.
જમાવીને (કૃ) એકઠી કરીને.
છાવણી (ના) લશ્કરનો પડાવ.
છાપો માર્યો (ક્રિ) હલ્લો કીધો.
ધૂળધાણી કરી નાંખી (ક્રિ) વિખેરીને મારી નાંખી.
કતલ કર્યા (ક્રિ) કાપી નાંખ્યા.
સર કર્યાં (ક્રિ) જીતી લીધાં.
ઘાણ કાઢીને (કૃ) મારી નાંખીને.

---

## પાઠ ૬૧ મો.

---

નામના (ના) આબરૂ, ખ્યાતિ.
જોધ્ધો (ના) લડવૈયો.
ફતે (ના) જીત.
કાળ (ના) વખત.
કળા (ના) યુક્તિ, તદબીર, હુનર.
ગાંઠે (ક્રિ) તાબે રહે, પત કરે.
ઠેર કર્યા (ક્રિ) મારી નાંખ્યા.
ટાંપી (કૃ) ધારી, તાકીને જોઇ, લાગ જોઇ.
સાવધ (વિ) હોશિયાર, જાગૃત.
દશા (ના) હાલત.
ફાંસામાં (ના) દાવમાં.
હાલ (ના) અવસ્થા.
કોર (ના) બાજુ.
સ્વતંત્ર (વિ) પોતાનેજ તાબે, બીજા કોઇને તાબે નહીં તે.
સમાચાર (ના) બનાવ.
મન કાઢી નાખ્યું (ક્રિ) ધ્યાન આપ્યું નહીં, દરકાર રાખી નહીં.

---

## પાઠ ૬૨ મો.

---

ખોડ (ના) ખાપણ, ભૂલ.
મિજાજ જાય (ક્રિ) ગુસ્સે થાય.
ગમે છે (ક્રિ) પસંદ પડે છે.
માથા ફૂટીઆ (વિ) જે કરવામાં માથું દુખે એવા અઘરા.
હિસાબ (ના) દાખલા.
અકળા (ક્રિ) ગભરા.
મા (અ) નહીં. ના.
હાથરો (ના) તપેલામાં ઘાસ ભરે છે તે-તે ફુલેલું હોય તેથી એનો અર્થ એવો થાય છે, કે મોં ફુલેલું. તોબરા જેવું. જ્યારે માણસ મનમાં ને મનમાં ગુસ્સે થયો હોય, ત્યારે તેનું મોં ચઢેલું હોય છે, ત્યારે કહે છે કે હાથરા જેવું છે.
સુસ્ત (વિ) આળસુ, ભાન વગરનો.
સુઝે (ક્રિ) માલમ પડે.
ટેવ (ના) આદત, મહાવરો, રીત.
બાપુ (ના) બાપ, બેટા.
વદી (ના) સરવાળામાં જમણા અંકના સરવાળામાંથી દશકની જે સંખ્યા નીકળે તે જે ડાબી તરફના દરેક અંકમાં ઉમેરવામાં આવે છે તે જેમ

 ૫૫
 ૪૯
 ----
 ૧૦૪

નવ ને પાંચ ચૌદો ચાર વદી એક ચાર ને એક પાંચ ને પાંચ દશે શુન વદી એક.

સવાલ ૧લો—ઠાકોરમાં કયા કયા સારા ગુણ હતા? અને કયો નઠારો ગુણ હતો?

(૨) ઠાકોરનું ભણતર કોણ તપાસતું? અને તે તપાસનારને એક દહાડો કઇ ખોડ માલમ પડી?

(૩) એ ખોડ માલમ પડી ત્યારે ઠાકોરને તેના બાપે શું કહ્યું?

---

## પાઠ ૬૩ મો.

---

દડદડ (અ) ટપટપ.

અકળામણ (ના) ગભરામણ.

બડબડવું (ક્રિ) ગુસ્સે થઈ મનમાં ધીમે ધીમે બોલવું.

ગુણાકાર (ના) એકની એક રકમને કેટલીક વાર લઇ તેનો સરવાળો કરવાની સેહેલી રીત તે ગુણાકાર.

દયામણું (ત્રિ) જેને જોઇને દયા આવે તેવું.

ડસકાં (ના) રડતાં રડતાં આચકા ખાવા તે.

જીવ લગાડીને (કૃ) મન દઈને, લક્ષ રાખીને.

ઉમંગ (ના) હોંસ, ઉલટ.

ઉલટભેર—હોંસની સાથે.

આનંદ (ના) ખુશી.

લોહી નાંખ (ક્રિ) લુછી નાંખ. સાફ કર.

સાંભરતા (ક્રિ) યાદ રહેતા.

નથી સાંભરતા—યાદ નથી.

ચીડે છે (ક્રિ) ગુસ્સે થાય છે.

ગમે (ક્રિ) આનંદ થાય, ખુશી ઉપજે, પસંદ પડે.

પાર (ના) છેડો, અંત.

કંડિઆ (ના) સાંકડા મોની ટોપલી.

સવાલ ૧—ઠાકોર ઓરડામાં એકલો પડવાથી શું વિચાર કરવા લાગ્યો?

(૨) ઠાકોરના ઓરડામાં કોણ જઇ પોહોંચ્યું ને તેની જોડે ઠાકોરને શી વાત થઇ?

(૩) ઠાકોરના રડવાનો પાર શાથી આવ્યો?

---

## પાઠ ૬૪ મો.

---

વસમું (વિ) અઘરૂં.

કાયર થવું (ક્રિ) કંટાળવું, થાકી જવું.

કહેવત (ના) ઘણા અસલના વારાથી લોકોમાં બોલાતું શિખામણ રૂપી વાકય.

ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ એટલે જ્યાં ભૂલ પડે ત્યાં ફરીથી તપાશી જોવું. અને જેટલી વાર ભૂલ પડે

તેટલીવાર ફરીથી ગણવું.

ગોખી રાખી (ક્રિ) મોઢે રાખી.

ચુકું (ક્રિ) ભૂલું.

પાડોશી (ના) પાસેના ઘરમાં રહેનાર.

હિંમત આપતો (ક્રિ) દીલાસો દેતો.

ગુંથું છું (ક્રિ) કરૂં છું, બનાવું છું, શીવું છું.

એ વતી મારૂં પેટ ભરૂં છું એટલે કંડિઆ ગુંથી, તે વેચી, તેના જે પૈસા આવે, તેથી મારૂં ગુજરાન ચલાવું છું.

હસમુખી (વિ) ઝટ ઝટ વારમાં હસે એવી, ખુશ મિજાજની.

આનંદી (વિ) આનંદમાં રહેનાર.

તાળો (ના) હીસાબ ખરો છે કે ખોટો તે જાણવાને જે રીત હોય તે, યુક્તિ, શાબિતી.

ધુંધવાતો (વિ) બળતો ગુસ્સે થાય એવો, ચીઢીઓ.

સવાલ ૧—વીજળીએ કંડિઆવાળા છોકરાને કયા બે સવાલ પૂછ્યા ને તેના જવાબ તે છોકરાએ કેવા આપ્યા?

(૨) વીજળીને કંડિઆવાળા જોડે જે વાત થઇ તે ઠાકોરે સાંભળી, તેથી ઠાકોરને શી અસર થઇ, ને તેણે શું કીધું ને તેણે તેના બાપને શું કહ્યું?

**ઉપલા ત્રણ પાઠનો સાર.**

જે કામ આપણને ન આવડે તો કાયર થઇને તે મૂકી દેવું નહીં, પણ જ્યાં સુધી તે બરાબર આવડે ત્યાં સુધી ફરી ફરીને કર્યાજ કરવું. જો એમ કર્યા કરીએ તો છેલ્લે તે બરાબર આવડે છે, ને જે મુશકેલી પેહેલાં જણાતી તે પછી નહીં જણાય ને એ કામ બહુ સેહેલું થઇ જશે, માટે નહીં કંટાળતાં ફરી ફરીને કરવું.

---

## પાઠ ૬૫ મો.

---

સમસ્યા (ના) જવાબ મેળવવાને થોડી હકીકત કહેવી તે. સંકેત, શાન, ઇશારત.

નર (ના) માણસ, પુરૂષ.

તન (ના) શરીર.

શોભે (ક્રિ) સારી દેખાય.

ઊત્તમ (વિ) બીજાથી વધારે સારૂં.

સજ્જન (ના) સારા માણસો.

જામો (ના) મોટી ઘેરવાળો અંગરખો.

કુળ (ના) ઓલાદ, વંશ.

તાત (ના) બાપ.

તણો (અ) નો.

વિવાહ (ના) લગ્ન.

છાશ (ના) દહીંને વળોવવાથી જે નરમ પ્રવાહી પદાર્થ બને છે તે.

ફાળ (ના) કુદકો, છલંગ.

ફાળ ભરે કુદકો મારે.

મૃગ (ના) હરણ.

શ્વાન (ના) કૂતરો.

ચતુર (વિ) ડાહ્યા.

સુજાણ (વિ) સારા જાણીતા.

નાગ (ના) સાપ.
કાગ (ના) કાગડો.
દેડકો (ના) પાણીમાં રહેનારૂં એક ચોપગું પ્રાણી.
ભમરો (ના) છ પગવાળું ને એ શોભિતી પાંખવાળું નાનું પ્રાણી.
નિર્બળ (વિ) જોર વિનાની.
કોલ (ના) કોયલ, એક પક્ષી.
વસે (ક્રિ) રહે.
દરે (ના) દરમાં–દર એટલે ભોંયમાંનો ખાડો કે જેમાં કોઇ પ્રાણી ભરાઇ રહે છે.
સાપણ (ના) સાપની માદા, સ્ત્રી.
પઢતો (કૃ) ભણતો.
પૂર્યો (ક્રિ) ગોંધ્યો.
ચેતજો (ક્રિ) સમજજો.
મધૂરો (વિ) મીઠાબોલો.

**સમજુતી.**

એક માણસે એટલે અંગરખાએ બીજા માણસને પોતાનામાં ઘાલી દીધો, એટલે પુરૂષને, તેથી તે પુરૂષનું શરીર સારૂં દેખાય છે એ માણસ ઘણો સરસ પ્રાણી છે. માટે તમે સજ્જનો કહો કે એ પ્રાણી તે કયું ?

(૨) સારા કુળમાં જેનો જન્મ છે, અને તે પોતાના બાપ જોડે પરણી છે, તો એ વસ્તુ કઇ, તેનો તમે સારા માણસો વિચાર કરો.

(૩) તે કુદકો મારે છે, પણ હરણ નથી. તેમ સસલો કે કુતરો પણ નથી. તેનું મોં ઊંચું છે પણ તે મોર નથી. હે સારા જાણીતા ચતુર માણસો એ પ્રાણી કયું ?

(૪) તેના શરીર પર પીળો રંગ છે, પણ તે પોપટ નથી. તેમ તેના શરીર પર કાળો રંગ છે તોપણ તે સાપ નથી. તેને પાંખ છે, તો પણ તેની ગણના પક્ષીમાં થતી નથી. વળી તે કાળો છે, પણ કાગડો નથી. ત્યારે એ પ્રાણી કયું ?

(૫) તે સ્ત્રી જાત છે, પણ જોર વિનાની નથી, તે રંગે કાળી છે, તો પણ કોયલ નથી. તે દરમાં રહે છે, તોપણ તે સાપણ પણ નથી. ત્યારે એ વસ્તુ કઇ તેનો જવાબ દો !

(૬) તે ભણે છે, પણ વિદ્વાન કહેવાતો નથી. તેને ગોંધ્યો છે તથાપિ તે ચોર નથી, તે મીઠું બોલે છે, પણ મોર નથી, માટે જે ડાહ્યા માણસ હશે તેજ જાણશે કે એ પ્રાણી કયું ?

---

## પાઠ ૬૬ મો.

---

પોરા (ના) પાણીમાં જે ઝીણા જીવડા હોય છે તે.
સૂક્ષ્મદર્શક (વિ) ઝીણી વસ્તુને દેખાડનાર.
યંત્ર (ના) સાંચો.
સૂક્ષ્મદર્શક યંત્ર (ના) ઝીણી વસ્તુને મોટી કરીને દેખાડનારો સંચો.

ખાબોચીયું (ના) પાણીથી ભરાયલો છાછર ખાડો.
અખ્ખરત (ના) નવાઈ.
જેરવે છે (ક્રિ) પચાવે છે, હજમ કરે છે.
ખોરાક (ના) ખાવાનું.
પારદર્શક (વિ) જેની આરપાર દેખાયતે.
ગળીએર (વિ) ગળીના રંગ જેવું.
ચક્કર (ના) કુંડાળું.
હોડ (ના) ગબરડી.
ભક્ષ (ના) ખાવાનું, ખોરાક, શિકાર.
આમળા (ના) વાંક, વાંકાશ.
આકાર (ના) ઘાટ, ડોળ.
ઘાટ (ના) આકાર.
સુંદર (વિ) શોભિતા.
નકસી (ના) કારીગરીનું કામ, ચિત્ર.

સવાલ ૧ લો—સૂક્ષ્મદર્શક યંત્ર એટલે શું ને તેથી શું જણાય છે. (૨) ખાબોચીમાના પાણીમાંજ જીવડા હોય છે કે? (૩) પોરાના પેટમાં કોથળી છે તેમાં ખાધેલું પચાવે એ શી રીતે શોધી કાઢયું? (૪) ચક્કરવાળા પોરાનો ભક્ષ તે શી રીતે મેળવે છે? (૫) એ પાઠમાં છ જાતના પોરા કયા છે તે કયા કયા? (૬) પાણીમાં પોરા હોય છે તે ફાયદાકારી છે કે નુકશાનકારી? ને જો ફાયદાકારી હોય તો શાથી?

---

## પાઠ ૬૭ મો.

---

વર્ણન (ના) બયાન, હકીકત.
મધે (અ) માં.
પ્રખ્યાત (વિ) જાણીતું, નામીચું.
રાજધાની (ના) રાજાને રહેવાનું ઠેકાણું.
બાગ (ના) બગીચા, વાડી.
રમણિય (વિ) શોભાયમાન.
માંડવી (ના) બજારનો ચોક.
હવેલી (ના) મોટું ઘર.
બેડોળ (વિ) નઠારા ઘાટવાળી, કદરૂપી.
દાણ (ના) જકાત, વેરો.
તાબૂત (ના) કાગળનો બનાવેલો મસિદ વગેરેનો કાઇ પણ આકાર.
તોપખાનું (ના) તોપ રાખવાનું ઠેકાણું.
શાહુકાર (ના) શેઠ, સરાફ, રૂપિઆ આપ લે કરવાનો ધંધો કરનાર.

સવાલ ૧ લો—વડોદરૂં ગુજરાતમાં વધારે પ્રખ્યાત શાકારણથી છે? (૨) શેહેર વચ્ચે શું છે? માંડવી ઉપર શું છે? (૩) ગાયકવાડની જૂની હવેલી કેવી છે? (૪) ફતેહપુર, વાડીપરૂં, ગેંડીનો દરવાજો ને સરસીયું તળાવ ક્યાં આવ્યાં? (૫) ગેંડીનો દરવાજો એવું નામ કેમ પડયું? ને ગોપાળરાવ મલારરાવ કોણ? અને તેણે કેવું દેવાલય બંધાવ્યું છે?

---

## પાઠ ૬૮ મો.

મોદીખાનું (ના) સીધું ભરી રાખવાની જગા.

ભદ્ર (ના) કલ્યાણ. પણ આ ઠેકાણે એ નામની જગા.

પૂર્વજો (ના) બાપદાદા.

કાંપ (ના) લશ્કરનો મૂકામ.

જોગ (વિ) લાયક.

સવાલ ૧ લો--પાણીનો દરવાજો ભદ્ર એ કયાં છે ને ત્યાં આગળ શું છે? (૨) લાલીપૂરનો દરવાજો, સૂરસાગર તળાવ, અને લાડબાહેલીનું મંદીર કયાં આવ્યાં? (૩) રાપપરૂં તથા બાબાજીપરૂં કયાં આવ્યાં? ને ઘીનો કાંટો કયાં છે? ને એ જગ્યા શેને માટે પ્રખ્યાત છે? (૪) વિશ્વામિત્રી નદી ઊપર કેટલા પૂલ છે? જૂના પૂલ પાસે શું છે? ને બાકીના બે પૂલ શા કામમાં વપરાય છે? (૫) કાંપ કયાં આવી? ને તેમાં કોણ રહે છે? તથા નવું તોપખાનું ને દાંડીયું બજાર કયાં આવ્યાં? ગાયકવાડ મહારાજની વર્ષમા કેટલીવાર ગોટી સ્વારી નીકળે છે? ને તે કયારે કયારે?

---

## પાઠ ૬૯ મો.

આથમણી (વિ) જે બાજુએ સૂર્ય આથમે તે બાજુ એટલે પશ્ચિમ દિશા.

ખંડ (ના) જે પૃથ્વીના ભાગમાં ઘણા દેશો આવ્યા હોય તે ભાગ.

બરફ (ના) ઠરી ગએલું પાણી.

અરૂણ (ના) સૂર્ય ઉગતાં પેહેલાં જે પ્રકાશ દેખાય છે તે.

ઝગઝગે છે (ક્રિ) પ્રકાશે છે.

જળચર (વિ) પાણીમાં રહેનાર.

પ્રાણી (ના) જાનવર.

ચરબી (ના) ઉપલી ચામડી ને માંસના લોચાની વચ્ચેનો સફેત થર.

વનસ્પતિ (ના) ભાજીપાલો.

ગુજરાન (ના) પોષણ.

નિર્મળ (વિ) ચોખ્ખું.

મેવો (ના) બદામ, ચારોળી, પીસ્તાં, અંજીર, આલુ વિગેરે.

ગરમી (ના) તાપ.

મધ્ય (વિ) વચલો.

પુષ્કળ (વિ) ઘણા.

સદા (અ) હંમેશાં.

શિખર (ના) ટોચ.

ગમ (ના) બાજુ, તરફ.

લાગેલો છે (ક્રિ) જોડાએલો છે.

મેદાન (ના) સપાટ ને પાધર ઝાડ વિનાની જમીન.

જવલે (અ) કવચિતજ, કોઇક વખતેજ

ચેહેરો (ના) આકાર, રૂપ, દેખાવ.

રીતભાત (ના) રિવાજ.

લિપિ (ના) અક્ષરનું લખાણ.

ગોરો (વિ) સફેત, ઉજળો, કોરો.

માંજરી (વિ) બિલાડીની આંખના જેવી પીળી.

સવાલ ૧લો–એશિઆની કઇ બાજુએ યૂરોપ આવ્યો ને તે બેની વચ્ચે શું છે? યૂરોપની બીજી ત્રણે બાજુએ શું છે? અને તેથી યૂરોપ શું કહેવાવો જોઇએ?

(૨) યૂરોપના ઊત્તર ભાગ વિષે શી હકીકત જાણવા જેવી છે?

(૩) યૂરોપના મધ્ય, પૂર્વ અને દક્ષિણ ભાગનું વર્ણન કરો.

---

## પાઠ ૭૦ મો.

---

પરોપકાર (ના) પારકાનું ભલું કરવું તે.
જગત (ના) દુનિઆ.
પાડોશી (ના) આપણા ઘરની જોડના ઘરમાં રહેનાર.
ભલું (વિ) સારૂં.
રીત (ના) ધારો, નિયમ.
ખપ (ના) જરૂર.
રળવા (કૃ) કમાવા.
જાતની (ના) શરીરની.
સંભાળ (ના) કાળજી.
બરદાશ (ના) કાળજી, સંભાળ.
મોહોલ્લો (ના) શેરી, ફળીયું, પોળ.
અભણ (વિ) ભણ્યા વિનાના.
ડહાપણ (ના) સારી સમજ.
જ્ઞાન (ના) સમજ, જાણવું.
એવું તો કયાંથી થાય? એટલે એવું નહીંજ થાય.
ગમે એવો હો એટલે સારા હોય કે નઠારા હોય.
એવું સૂઝે તે થાઓ એટલે એવું ભલું થાઓ કે ભુંડું થાઓ.
ધંધે (ના) કામે, રોજગારે.
લાગીશ (ક્રિ) મંડીશ. ધંધે લાગીશ એટલે હું તો મારૂં કામ કરીશ. એ છોકરાઓને સુધારવાપર કંઇ લક્ષ આપવાનો નથી.
દેવું (ના) દેણ, કરજ આપવું.
પરવા (ના) દરકાર, ગરજ.
નજર કરતો નથી એટલે જોતો નથી. એટલે તેનું ભલું કરવાને તો બીલકુલ મેહેનત કરતો નથીજ પણ તેના તરફ જોતો મન્નત નથી.
સ્થાપન કરે છે (ક્રિ) મંડાવે છે, કઢાવે છે, શરૂ કરાવે છે.
ધંધે વળગે છે એટલે ધંધે લાગે છે, એટલે રોજગાર કરતાં શીખી પોતાનો ધંધો ચલાવે છે.
વખાણ કરવાં (ક્રિ) સારૂં બોલવું.
હેત (ના) માયા, પ્રિત.
ધર્મ (ના) ફરજ, કરવાનું તે, કર્તવ્ય.
રાજી (વિ) ખુશી.

સવાલ ૧–પરોપકાર એટલે કોઇનું ભુંડું ન કરવું, એટલો અર્થ પૂરતો છે કે નહીં? અને જો નહીં તો કહો કે પરોપકાર એટલે શું?

(૨) જે માણસ કોઇ પણ ગરીબ માણસની દરકાર ન કરે ને તેને સુધારીને સુખી ન કરે તેના કરતાં

કયો માણુસ વધારે સારો ? અને પરમેશ્વર કેવા માણુસ ઉપર ખુશી થશે ?

## પાઠ ૭૧ મો.

ભાંડે (ક્રિ) દે, આપે.
કાયર થઇને (કૃ) કંટાળીને, થાકીને.
રઝળતાં (કૃ) રખડતાં.
અપમાન (ના) ગેરઆબરૂ.
ખુલ્લું (વિ) ઊઘાડું, દેખીતું.
સદ્ગુણી (વિ) સારા ગુણવાળા.
આજ્ઞા (ના) હુકમ.
નીતિ (ના) સારી ચાલ.
ભક્તિ (ના) પરમેશ્વરનું ભજન કરવું તે.
પ્રસન્ન (વિ) ખુશી, રાજી.
વેરી (ના) શત્રુ, દુશમન.
ચાહે (ક્રિ) ઇચ્છે.
વાંચો (ક્રિ) કરો.
કલ્યાણ (ના) ભલું.
દેશી (વિ) એક દેશના.
સ્વધર્મી (વિ) એક ધર્મના, પોતાના ધર્મના.

સવાલ ૧—જે માણુસ કોઇ પણ માણુસનું ભલું કરે તોપણ તે માણુસ પોતાનું ભલું કરનારને ગાળો દે તો પેલા ભલું કરનારે તેનું ભલું કરવાનું કામ છોડી દેવું જોઇએ કે ? અને જેનું ભલું થાય છે તેમણે પોતાનું ભલું કરનાર તરફ કેવી ચાલ વાપરવી જોઇએ ?

(૨) કોઇ પણ માણુસ પરમેશ્વર પર પ્રિતિ રાખે છે ને તેની આજ્ઞા માને છે એમ કયારે કહેવાય ?

(૩) કયાં ચાર કામ કરીએ તો પરમેશ્વર આપણાપર પ્રસન્ન રહે ?

(૪) પરોપકાર કરવામાં શું જોવું ને શું ન જોવું જોઇએ ?

### ઉપલા બે પાઠનો સાર.

દરેક માણુસે કોઇનું પણ ભુંડું ન કરવું એટલુંજ નહીં. પણ દરેક હર કોઇનું ભલુંજ કરવું. પરમેશ્વરને રાજી રાખવાનો ખરો રસ્તો એ છે કે હરેક માણુસનું ભલું કરવું. જો આપણે કોઇનું ભલું કરીએ તોપણ તે આપણું માઠું કરે, તો આપણે તેનું ભલું કરવાનું કામ છોડી દેવું નહીં, પણ તેને સુધારવાની મેહેનત લેવી. દરેક છોકરાએ એટલું યાદ રાખવું જોઇએ કે બને તો હરકોઇનું ભલું કરવું, પણ માઠું તો કોઇનું પણ નજ કરવું.

## પાઠ ૭૨ મો.

વાડી (ના) બાગ.
મોગરો (ના) એક જાતનું ફુલ ઝાડ.
કૌવચ (ના) એક જાતના વેલા કે જેને લાંબી તપખીરીઆ રંગની સીંગો આવે છે ને તે સીંગપર રૂવાંટી હોય છે તે જો આપણા શરીરને લાગે તો બહુ ખજવાળ આ-

વે છે ને ચામડી ઉખડી જાય છે.
બી (ના) બીયું.
અગત્યની (ના) જરૂરની.
શિખામણ (ના) સમજાવીને કોઇને કાંઇ સલાહ આપીએ તે, બોધ.
સાંભરી આવી છે=યાદ આવી છે. એમાં સાંભરી અવ્યય કૃદંત.
દ્રષ્ટાંત (ના) દાખલો.
ફળ (ના) પરિણામ, છેવટ.
ગાળ રોપે=ગાળ દે.
વાવે તેવું ઊગે=જેવું રોપીએ તેવોજ પાક ઉતરે.
કરે તેવું પામે=જેવું કામ કરીએ તેવું ફળ મળે.
અંતે (અ) આખરે, છેલ્લે.
ધૂળજ છે=ધુળ જેવી નજીવી વસ્તુ છે તેવું એનું ફળ નજીવુંજ આવે છે, એટલે એમાં કાંઇ ફાયદો નથી.

સવાલ ૧–છોકરાએ વાડીમાં શેનાં ઝાડ જોયાં ને તેણે પોતાની માને શું પૂછયું ?

(૨) માએ એ વિષે છોકરાને શું કહ્યું ?

### પાઠનો સાર.

આપણે જેવાં કામ કરીએ તેવાં ફળ મળે છે. જેમ કે જુવાર વાવીએ તો જુવાર ઉગે, પણ તેમાંથી કાંઇ કપાસ થતો નથી, તેમ આપણે કોઇને નઠારા શબ્દ કહીએ તો તે આપણને નઠારા કહેશે, પણ સારા નહીં કહે. માટે આપણે કોઇને નઠારા શબ્દો કહેવા નહીં.

---

## પાઠ ૭૩ મો.

---

બીજ (ના) બી, બીયું.
મીઠા (વિ) મધુર, સારા.
બોલ (ના) શબ્દ.
માનવી (ના) માણસ.
કડવા (વિ) નઠારા, કંટાળો આપે એવા.
કદાપિ (અ) કોઇ પણ દહાડો.
આશ (ના) આશા.
લેશ (વિ) થોડી, જરા.
વિવેકથી (ના) વિવેક બુદ્ધિથી, ઇનસાફની રાહે, વાજબી રીતે.
પ્યાર (ના) હેત.
ખાર (ના) અદેખાઈ, વેર.
પામવા (કૃ) મેળવવા.
ઉપાય (ના) ઇલાજ.
દોષ (ના) ગુન્હો, ઠપકો, કલંક.
ચઢાવીએ (ક્રિ) મૂકીએ, આપીએ.
વંદન (ના) કાલાવાલાના, સ્તુતિના.
સુણો (ક્રિ) સાંભળો.
નિંદક (ના) નિંદા કરનાર, ચુગલીના.
નંદો (ક્રિ) ચુગલી કરો.
સાલસ (વિ) ભલો, સીધો.
ખંદું (વિ) લૂચું.
નિર્મળ (વિ) ચોખ્ખા.
ગંદું (વિ) ગોબરું.
વાણી (ના) બોલ, શબ્દ.

વદે (ક્રિ) બોલે.
જનમાં (ના) માણસમાં માણસની સાથે
તુર્ત (અ) તરત.
પડછંદો (ના) પડઘા, સામો અવાજ.

### સમજુતી.

જેમ મોગરાના બીજ સારાં છે, તેમ માણુસોના બોલ પણ સારા હોય છે, અને જેમ કૌવચના બીજ નઠારાં છે, તેમ માણુસના બોલ પણ નઠારા હોય છે. પણ જેમ મોગરાના બીજમાંથી કૌવચ કોઇ પણ દાહાડો થતું નથી, તેમ માણુસના સારા બોલનું પરિણામ કદી પણ નઠારૂં આવતું નથી, તેમજ વળી કૌવચના બીમાંથી મોગરો થવાની આપણે જરા પણ આશા રાખી શકીએ નહીં, તેમજ માણુસના નઠારા બોલનું સારૂં પરિણામ આવશે નહીં.

એકવાર જો આપણે વિવેકબુદ્ધિથી વિચાર કરી જોઇએ, તો આપણુને માલમ પડે છે, કે જેવાં બી વાવીએ તેવાંજ ઝાડ ઉગે છે, મતલબ કે જેવા બોલ આપણે બોલીએ, તેવાં ફળ આપણુને ભોગવવાં પડે છે. દલપતરામ કવિ કહે છે, કે જો આપણે કોઇની પ્રિતિ મેળવવી હોય, અથવા કોઇની જોડે દુશમનાઇ કરવી હોય, તો તેનો ઉપાય આપણાજ હાથમાં છે, એટલે જો આપણે કોઇનું સારૂં કરીએ તો તે આપણાપર હેત રાખશે, ને તેનું માઠું બોલીએ અથવા કરીએ તો તે આપણા ઉપર વેર રાખશે, માટે કોઇ માણુસ આપણાપર હેત કે દુશમનાઇ રાખે, તેમાં બીજા કોઇ માણુસને માથે આપણે ઠપકો મૂકવો નહીં, એ તો આપણા સારા માઠા બોલ ઉપરથીજ થાય છે.

જો તમે કોઇને સ્તુતિના બોલ કહેશો, તો તે તમારી સ્તુતિ કરશે, અને જો કોઇની નિંદા કરશો, તો તે તમારી નિંદા કરશે, તમે જો કોઇને ભલો, કહેશો તો તે સામો માણુસ તમને ભલો કહેશે અને તમે તેને લૂચો કહેશો, તો તે તમને લૂચો કહેશે. તેમજ વળી તમે કોઇને ચોખ્ખા શબ્દ કહેશો, તો તે તમને ચોખ્ખા શબ્દ કહેશે, પણ જો તમે કોઇને ગોજા કહેશો, તો તે તમને ગોજા કહેશે. માટે જનમાં એટલે માણુસો જોડે આ દુનિઆમાં માણસો જેવા બોલ બોલે છે, તેનો તેવોજ પડઘો તરત પડે છે. એટલે જેવા બોલ આપણે બોલીએ તેવાજ પાછળથી આપણે સાંભળીએ. મતલબ કે આપણુને પણ તેવાજ શબ્દ કોઈ કહે.

### પાઠનો સાર.

જેવા બોલ આપણે સામા ધણીને કહીશું, તેવાજ બોલ તે આપણુને કહેશે. જો તે આપણી રૂબરૂમાં તેવા શબ્દ કદાચ નહીં કહે, તો પાછળથી તો

આપણે માટે તે તેવાજ શબ્દ બોલશે. માટે કોઇને માઠા શબ્દ ન કહેવા. વાજબીની રાહે કોઇને ઠપકો આપવો પડે તો તે કંઇ માઠા શબ્દ ન કહેવાય, પછી સામો માણસ તેને માઠા શબ્દ માની લે, તો તેમાં આપણો ઉપાય નથી.

---

## પાઠ ૭૪ મો.

---

દાખલો (ના) દ્રષ્ટાંત, શાબિતી.
લક્ષ રાખ્યું--ધ્યાન આપ્યું.
ઉછરેલો (કૃ) ઉધરેલો.
ઓલાદ (ના) વંશ, કુળ.
અવસ્થા (ના) હાલત.
વેઠતો (ક્રિ) ખમતો.
પરદેશ વેઠતો—પરદેશમાં રેહેતો.
જોગ (ના) લાગ, તાલ, જોગવાઇ.
સુલતાન (ના) પાદશાહ. મુસલમાન પાદશાહનેજ સુલતાન કહેવાય છે. હિંદુને નહીં.
દરજ્જે (ના) હોદ્દે, પાયરીએ.
સુબો (ના) હાકેમ, અમલદાર, ગવરનર
હકુમત (ના) વહીવટ, રાજ્યકારભાર.
સ્વતંત્ર (વિ) કોઇને તાબે નહીં એવો. પોતાનેજ તાબે.
ખુબ સુરત (વિ) રૂપાળો.
મૂળ (ના) પાયો, મંડાણ.
મૂળ કાઢવું (ક્રિ) નાશ કરવો, જડમૂળથી ઉખેડી નાખવું.
સર કરીને (કૃ) જીતીને.
રાજધાની (ના) રાજાને રહેવાનું ઠેકાણું કે શેહેર.
મિનારો (ના) ગોળ ઊંચો છોબંધ થાંભલાના આકારની નિસરણી તે માંહેથી પોલી હોઈ તેમાં ચઢવાને પગથીઆં હોય છે.

---

## પાઠ ૭૫ મો.

---

અમલ (ના) હકુમત, સત્તા.
દ્રઢ (વિ) સ્થિર, ગંભીર, પાકા વિચારનો, નિશ્ચિત વિચારનો.
આધિન (વિ) તાબે.
દમ (ના) રામ, જોર, શક્તિ.
બખેડો (ના) હુલ્લડ, તોફાન.
મોજ (ના) શેહેલ.
મારતો (કૃ) કરતો.
બંડ (ના) હુલ્લડ.
સળગવું (ક્રિ) થવું.
રક્ષણ (ના) બચાવ.
બેગમ (ના) પાદશાહની સ્ત્રી અને બીજો અર્થ એવો પણ થાય છે કે રાજ્ય ચલાવનારી મુસલમાન સ્ત્રી. પછી તે પાદશાહની સ્ત્રી હોય કે દીકરી કે બેન પણ હોય, તોપણ તે બેગમ કહેવાય છે.
ખુંચી લીધું (ક્રિ) લઇ લીધું.
શોભે (ક્રિ) છાજે, ઓપે.
તેના ડહાપણથી આડો આંક હતો એ

ટસે તેનામાં ઘણુંજ ડહાપણ હતું.

ગુણ (ના) ફાયદા.

દોષ (ના) ગેરફાયદા.

દરબાર (ના) કચેરી.

સંકટ (ના) દુઃખ.

ખાળ્યું (ક્રિ) અટકાવ્યું.

જુલમ (ના) બળાત્કાર.

બદચાલ (ના) નઠારી ચાલ-રીત.

ઝાંપો (ના) વાડાનું બારણું, પણ આ ઠેકાણે દરવાજો.

---

## પાઠ ૭૬ મો.

---

પુસ્તક (ના) ચોપડી.

ઊતારી (કૃ) નકલ કરી, કોપી કરી.

લખામણી (ના) લખવાની મજુરીના પૈસા.

ગુજરાન (ના) પોષણ, નિર્વાહ.

ફકીરી (વિ) ફકીરના જેવી.

ગ્રંથ (ના) ચોપડી, પુસ્તક.

મૂળથી (અ) પહેલાંથી.

દુભાવાય (ક્રિ) દુખી કરાય.

ખુમાટ (ના) પોકાર.

હાલહાલ (અ) તરત.

---

## પાઠ ૭૭ મો.

---

એલચી (ના) રાજાનો વકીલ કે પ્રતિનીધી અથવા આડતીયો. કોરટમાં જે વકીલ કેસો લડે છે તે નહીં.

સન્માન (ના) આદર.

દાવો (ના) હક.

સત્તા (ના) જોર, કૌવત, તાકાત.

આશરો (ના) મદદ.

વિસામો (ના) આરામ.

સદાચરણી (વિ) સારી ચાલનો.

અરીલ (વિ) નરમ, ભલો.

ગણકારે (ક્રિ) કબુલ કરે, પત કરે, લેખવે, ગણે.

નિર્દય (વિ) દયા વગરનો.

ઊઠયો (ક્રિ) થયો, લડયો.

નીવડે (ક્રિ) નીકળે, તૈયાર થાય.

અણબનાવ (ના) લડાઇ.

---

## પાઠ ૭૮ મો.

---

વજીર (ના) પ્રધાન, દિવાન.

જોગ ફરી વળે છે-કમબખ્તી થાય છે. દુઃખ આવી પડે છે.

વેરી (ના) દુશ્મન, શત્રુ.

સલાહ (ના) અભિપ્રાય. વિચાર.

ભંભેર્યો (ક્રિ) ઉંધું સમજાવ્યું.

આડું આવ્યું (ક્રિ) વચ્ચે આવ્યું.

એશઆરામ (ના) મોજમઝા, સેહેલ.

ઉદાસ (વિ) દલગીર.

નાદાન (વિ) ડાહ્યો નહીં તે, બેસમજ.

મતિ (ના) અક્કલ.

દ્રઢ (વિ) ચળે નહીં એવો, નિશ્ચિત, ઠરેલ.

ખાડો ખોદે તે પડે-જે માણસ ખાડો

ખોદી તેમાં બીજાને પડવાનું ધારે તેમાં તે પોતેજ પડે છે, મતલબ કે આપણે કોઇનું માઠું કરવા ઇચ્છીએ તો તેનું તો ભૂંડું નથી, પણ આપણુંજ થાય છે.

હોશ (ના) હોંશિઆરી, દમ, રામ.

છીનવી લેવી (ક્રિ) લઇ લેવી, ખૂંચવી લેવી.

---

## પાઠ ૭૯ મો.

કુળ (ના) ઓલાદ, વંશ.

સંગત (ના) સોબત, દોસ્તી.

અધીકાર (ના) સત્તા, દરજ્જો.

અમીરી (વિ) ઉમરાવના, ઉંચા કુળના.

ખાનદાન (ના) વંશ, કુળ, ઓલાદ.

બળવાન (વિ) જોરાવર.

અસલના (અ) પહેલાંના.

વારામાં (ના) વખતમાં.

ફતેહ (ના) જીત, જય.

કટ્ટા (વિ) સકત, ખરેખરા પાકા.

ઊગારવાથી (કૃ) બચાવવાથી.

દિલ (ના) મન.

કોમળ (વિ) નરમ, પોચું નાજુક.

રખેને (અ) કદાપિ, કોણ જાણે.

અપરાધ (ના) ભૂલ–ચુક, દોષ.

આશરો (ના) મદદ.

સહવાસ (ના) મુલાકાત, સાથે રહેવું.

---

## પાઠ ૮૦ મો.

અણઘટતી (વિ) લાયક નહીં એવી. અયોગ્ય.

કુપાત્ર (ત્રિ) નઠારા–નઠારા સ્વભાવના.

તકસીર (ના) ગુન્હો.

શિક્ષા (ના) સજા–નશીહત.

જાસ્તી (વિ) વધારે.

જુલમ (ના) બળાત્કાર.

પચાવી પડયા (ક્રિ) બથાવી પડયા. ખાઇ ગયા, પચાવીને જૂદું પાડો તો કૃદંત થાય.

ધોરી (ત્રિ) મોટા સરિયામ. સીધો.

અંધેર (ના) ગેરબંદોબસ્ત, અવ્યવસ્થા

કેવળ (અ) તદન, બીલકુલ.

પરાજય (ના) હાર.

આડ (ના) વચ્ચે પડેલી નડતર. અંતરાય.

---

## પાઠ ૮૧ મો.

મૂળ (ના) જ્યાંથી નદી નીકળે તે ઠેકાણું.

આથમણે (ના) પશ્ચિમ તરફ.

વળ્યો (ક્રિ) ફર્યો, ગયો, ચાલ્યો.

બેશુમાર (વિ) ઘણા, બહુ.

ગુણો (ના) થેલાઓ, કોથળાઓ.

નિભાવ (ના) ગુજરાન, પોષણ.

દ્રવ્ય (ના) દોલત, પૈસા.

ઝવેર (ના) હીરા, માણેક, મોતી વિગેરે

## પાઠ ૮૨ મો.

કઠણુ (વિ) અઘરું, મુશકિલ.
નિશ્ચય (ના) નક્કી ઠરાવ.
સમાચાર (ના) ખબર અંતર-સંદેશા.
ચિંતા (ના) ફિકર.
ફતેહ (ના) જીત, જય.
અતિશે (વિ) ઘણો, વધારે.
વહેમ (ના) શક, ભ્રાંતિ.
વિશ્વાસ ઘાતી (વિ) દગલબાજ, ભરોસો આપી પછી કામ નહીં કરનાર.
ડોક (ના) ગરદન૫ર.
સાન (ના) ઇશારત, અણુસારો.
કાળજું (ના) હૃદય.

## પાઠ ૮૩ મો.

રાગે (ના) વખતમાં.
ચઢિઆતો (વિ) ચડતો.
હુન્નર (ના) કારીગીરી.
કસબ (ના) કારીગીરી.
લેખામાં (ના) ગણત્રિમાં, હિસાબમાં.
માત્ર (અ) ફક્ત.
ડાંગર (ના) ભાત.
નીપજે છે (ક્રિ) પેદા થાય છે.
ચિત્ર (ના) ચિત્રામણ, છબી.
પુલ (ના) નદી, ખાડી કે એવા કોઇ પાણીના ભાગ ઉપર થઇ જવાને જે લાકડાંના પાટીયાં ને લોઢાના થાંભલાનો બાંધેલો માળ અથવા રસ્તો.
સુરંગ (ના) જમીનની અંદર ખાડો ખોદી માંહે દારૂ ભરી તે સળગાવી જમીન ફોડે છે તે.
આગબોટ (ના) દેવતાથી ચાલતી હોડી એ નામ ખરું નથી. કારણ કે તે કંઇ દેવતાથી ચાલતી નથી, પણ વરાળથી ચાલે છે. આગબોટ એટલે વરાળથી ચાલતી હોડી.
નામદાર (વિ) હોદ્દાથી અથવા માનથી પ્રખ્યાત થએલું માણસ.
વિક્ટોરિઆ (ના) એ અંગ્રેજી શબ્દ છે અને એનો શબ્દાર્થ જીત મેળવનારી એવો થાય છે.
દેશાવર (ના) બીજા કે પારકા દેશ.

સવાલ ૧-પૃથ્વીના બધા મળી કેટલા ખંડ છે અને એ બધામાં સૌથી ચઢીઆતો કયો ખંડ છે અને શા માટે?

(૨) ઈંગ્લાંડના હુનર આગળ કયા દેશનો હુનર હારી જાય છે?

(૩) આપણા ઉપર કયા લોકનું રાજ્ય છે? અને તે કયા દેશના રહીશ છે? ગ્રેટ બ્રિટનના કયા ત્રણ ભાગ છે?

(૪) આપણા દેશથી ઈંગ્લાંડ જવું હોય તો કયા બે રસ્તા છે? અને તે દરેક રસ્તે કેટલો વખત લાગે છે?

(૫) ઈંગ્લાંડમાં કયા કયા પદાર્થ પાકે છે ને કયા કયા નથી પાકતા? તથા ત્યાંના કયાં જનાવર ઘણાં સારાં

થાય છે ?

(૬) ઈંગ્લાંડનું મુખ્ય શેહેર કયું ને તે કઈ નદી ઉપર છે તથા તેમાં કેટલી વસ્તી છે ને તેમાં કઇ રાણી રહે છે ?

(૭) ટેમ્સ નદી ઓળંગવાને કેટલા ને કયા કયા રસ્તા છે ? અને નીચેનો રસ્તો શી રીતે તૈયાર કીધો હશે ? ને તેમાં અંધારૂં ન રહે માટે શું કરે છે ?

(૮) ઈંગ્લાંડ દેશમાં કયો કયો માલ નીપજે છે ને તે કયા દેશોમાં જાય છે ? આપણા દેશમાં કેટલા રૂપીઆનો માલ દર વર્ષે કયાંથી આવતો હશે ?

(૯) અંગ્રેજો ઈંગ્લાંડ સિવાય બીજે કોઇ ઠેકાણે વસે છે ? ને હોય તો કયાં ?

---

## પાઠ ૮૪ મો.

---

વડી (વિ) ઘણી.
કૃપા (ના) મેહેરબાની.
પૂરો (વિ) ઘણો.
હેડામાં (ના) હૈયામાં, મનમાં.
હર્ષ (ના) ખુશાલી, આનંદ.
અચલ (વિ) જાય નહીં એવો.
અમલ (ના) સત્તા, રાજ્ય.
હજો (ક્રિ) ભવિષ્ય કાળ છે. રહેજો, હોજો.
કુશળ (ના) આબાદી.
કલ્યાણ (ના) ભલું.
કળા (ના) તેજ, શોભા.
દોલત (ના) ધન.
ચડતી (વિ) વધતી.
વિધવિધ (વિ) તરેહતરેહના.
વખાણ (ના) સ્તુતિ, આબરૂ.
શત્રુ (ના) વેરી, દુશ્મન.
સંહારજો (ક્રિ) ભવિ૦ કા૦ મારી નાખજો.
થાજો (ક્રિ) થજો.
દુષ્ટ (વિ) પાપી માણસ.
અફળ (વિ) નકામા.
ઉદ્યોગ (ના) મહેનત.
વિજયા કુંવરી (ના) જીત મેળવનારી બાળકી.
વિજય (ના) જીત, ફતેહ.
જગતપતિપણુ (ના) દુનીઆના રાજાપણું.
જોગ (વિ) લાયક, યોગ્ય.
અખૂટ (વિ) ખૂટે નહીં તેટલી.
સમય (ના) વખત.
સહાય (ના) મદદ.
કષ્ટ (ના) દુઃખ.
કૃપાનિધિ (ના) મેહેરબાનીના ભંડાર એટલે પરમેશ્વર.
કાપજો (ક્રિ) મટાડજો.
જશ (ના) આબરૂ.
ગવાય (ક્રિ) બોલાય.
જન (ના) માણસ.
અખંડ (વિ) સલામત, ભાગેલો નહીં તે.
સોહાગ (ના) શોભા, પહેરવેશ.
મટી ગયાં (ક્રિ) જતાં રહ્યાં.

ઉપજ્યો (ક્રિ) થયો.
અંગ (ના) શરીર, મન.
અથાગ (વિ) ઘણો.
જગ (ના) દુનિઆ.
અચળપણું (ના) કાયમપણું.
નિર્મળ (વિ) ચોખો, અદલ, વાજબી.
ન્યાય (ના) ઇનસાફ.
સદાય (અ) હમેશાં.
સુજસ (ના) સારી આબરૂ.
ઝામજો (ક્રિ) ફેલાજો, પથરાજો.
ગુણીજન (ના) ગુણ જાણનારા માણુસ, સારા ગુણવાળા માણસ.
ગ્રંથ (ના) ચોપડી, પુસ્તક.
દયાવંત (વિ) દયાવાળો, દયાળુ.
દીપાવડો (વિ) શોભિતો.
સદ્‌ગુણી (વિ) સારા ગુણવાળો.
રાજસમાજ (ના) રાજકચેરી, પાર્લામેન્ટ
ચોગણી (ના) ચારગણી.
હામ (ના) હિંમત.
ચિતે (ના) મનમાં.
ચઢો (ક્રિ) વધો, થાઓ.
રક્ષા (ના) બચાવ, રખેવાળી, રક્ષણ.
મહારાજ (ના) મોટાં રાજા એટલે પરમેશ્વર.
અમરવેલી (ના) મરે નહીં એવો વેલો, નમૂળી.
પરિવાર (ના) કબીલો, છોકરાં છૈયાં.
સજન (ના) સારા માણસો.
કુંવરી (ના) રાજકન્યા, એટલે આ ઠેકાણે વિકટોરિઆ મહારાણી.
જયજયકાર (ના) જીત, ફતેહ.

## સમજુતી.

હે પરમેશ્વર અમે તારી પાસે એટલું માગીએ છીએ કે ઘણા હેતવાળી જે વિકટોરિઆ મહારાણી તે ઘણાં વર્ષ સુધી જીવો. આપ મેહેરબાની કરી એટલું આપો કે જેથી અમે મનની અંદર રાજી થઇએ. વિકટોરિયા મહારાણી ઘણા વર્ષ જીવો.

એનું જાય નહીં એવું રાજ્ય અમારાપર અમર રહેજો અને મેહેરબાની કરી એને આબાદ કરજો અને એનું ભલું કરજો. વિકટોરિયા મહારાણી ઘણા વર્ષ જીવો.

દરરોજ એનું તેજ અને દોલત વધો, અને તરેહ તરેહના એના વખાણ થાઓ. વિકટોરિયા મહારાણી ઘણા વર્ષ જીવો.

હે પરમેશ્વર એના તમામ શત્રુઓને મારી નાંખજો. અને પ્રાણી માત્ર માણસો કે જેઓ એનું માઠું ધારે છે તેઓની મહેનત નકામી થજો. વિકટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

એ જયવાળી રાજકુમારીની જીત વધારજો કે જે રાજકુમારી આખી દુનિઆની રાણી થવાને લાયક છે. વિકટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

હે પરમેશ્વર તમે એને ખૂટે નહીં એટલી દોલત આપો. અને બધે વખતે તમે એને મદદ કરજો. વિકટોરિયા

મહારાણી ઘણા વર્ષ જીવો.

હે મેહેરબાનીના ભંડાર એટલે પરમેશ્વર એના દુ:ખ તમે મટાડજો કે જેથી કરી એની આબરૂ આખી દુનિઆમાં ફેલાય. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

જે રાણીના રાજથી બધા માણસો સુખી થયાં એવી માહારાણીની શોભા હમેશાં કાયમ રહેજો. એટલે એનો પેહેરવેશ કાયમ રહેજો અને તે ક્યારે કાયમ રહે! કે જ્યારે એ નામદારના ભરથાર જીવતા રહે ત્યારેજ. માટે હજો એનો અખંડ સોહાગ એટલે એમના ભરથાર જીવતા રહો. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

જેના રાજ્યથી જુલમના જે દુ:ખ રૈયત ઉપર હતાં, તે જતાં રહ્યાં છે, તેથી લોકના મનમાં ઘણી ખુશી થઈ છે. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

એનો અદલ ઇનસાફ આખી દુનિઆમાં હમેશાં કાયમ રહો. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

એની સારી આબરૂ દુનિઆમાં ફેલાજો કે જેથી સારા ગુણવાળા માણસો એના ગુણ પુસ્તકમાં લખીને ગાય. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

એની સારા ગુણવાળી રાજસભા એટલે પાર્લમેન્ટ દયાળુ ને શોભિતી દેખાય છે. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

એના મનમાં સોગણી હિમત વધો. અને હે પરમેશ્વર તમે એનો બચાવ કરજો. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

કદી પણ મરે નહીં એવો વેલો હંમેશાં ઘણો વધે છે, તેમ એના વંશનો વધારો થજો. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

દલપતરામ કવિ કહે છે કે હે આરા માણસો તમે એ રાજ્ય કન્યાની ફતેહ બોલો. વિક્ટોરિઆ મહારાણી ઘણા વર્ષ જીવો.

## પાઠનો સાર.

આપણા ઉપર રાજ્ય કરનાર રાજા કે રાણી જે હોય તેનું હમેશાં આપણે ભલું ઇચ્છવું. તેનું માઠું ન કરવું એટલુંજ નહીં પણ તેનું માઠું થાય એવો વિચાર પણ ન કરવો, અને પરમેશ્વરની આપણે જ્યારે રોજ સ્તુતી કરીએ ત્યારે આપણા રાજકર્તાને હંમેશાં બધી વાતે સુખી રાખવા ને દયાળુ પિતાને આપણે જરૂર માગણી કરવી જોઇએ એવી દરેક માણસની ફરજ છે.

---

## પાઠ ૮૫ મો.

---

ફુટડાઈ (ના) રૂપાળુપણું, ખૂબસૂરતી.

ટાપટીપ (ના) મહેનત, માથાફોડ.
ચાલ (ના) રિવાજ, ધારો, નિયમ.
જંગલી (વિ) જંગલના રેહેવાશી જેવા મૂર્ખ.
અજ્ઞાન (વિ) અજાણ્યા, નહીં ભણેલા.
વીંધાવી (કૃ) કોચાવી, કાણું પડાવી.
કડીઓ (ના) વાળીઓ.
અંગ (ના) શરીરના ભાગ.
ડોળ (ના) ઘાટ, આકાર.
અસલના વારામાં એટલે પહેલાના વખતમાં.
સોગઠું (ના) પાસાની રમતમાં લાકડાની એક વસ્તુ.
ખુબસુરત (વિ) રૂપાળો.
અવતર્યું (ક્રિ) જન્મ્યું, પેદા થયું.
ચોખંડા (વિ) ચારખુણાવાળાં ચોરસ.
ડામ (ના) તપાવેલી ધાતુથી શરીરના જે ભાગને નિશાન કરે છે તે.
વડાઈ (ના) મોટાઇ, આબરૂ.
છાપ (ના) મોહોર, સિકકો, નિશાન.

સવાલ ૧--આ તો અમારો ચાલ છે માટે તે કરવું પડશે એમ જંગલી લોકો એકલાજ માને છે કે? બીજા પણ કોઇ ખરા? જંગલી લોકો પોતાના શરીરને શોભાવવાને માટે શું શું કરે છે? અને તે ખરેખરી શોભા છે કે તેથી દુઃખ થાય છે? અને જ્યારે તેથી દુઃખ થાય છે ત્યારે તે કરવામાં તેઓ બિચારા નારાજી હશે નહીં વારૂ?

(૨) મોટા માણસ ને નાના બાળકના હાડકામાં શો ફેર છે? અને તેથી નાના બાળકના હાડકાં શા કામમાં વધારે સવળ પડે છે?

(૩) અસલના વખતમાં એક દેશના લોકો કેવા માથાને પસંદ કરતા? અને તેવાં માથાં કરવાને તેઓ શું કરતા?

(૪) તુર્કસ્તાનના લોકોને તથા અમેરિકાની નજીકના એક બેટના લોકોને કેવાં માથાં પસંદ હતાં? અને તેવાં કરવાને તેઓ શું કરતા?

(૫) સિયામના ને મલબારના લોકો શેમાં મોટાઇ માને છે? અને તેવી રીત આપણા દેશમાં કેવી ગણાય છે?

---

## પાઠ ૮૬ મો.

---

શિકલ (ના) ઘાટ, ડોળ, આકાર.
કસર (ના) ખામી.
કદરૂપાં (વિ) કદરૂપાં, બેડોળ.
વેહ (ના) કાણું, બાકું.
ચીર્યું (વિ) બેહેલું.
નામાંકિત (વિ) પ્રખ્યાત, જાણીતો.
બૂટ (ના) કાનનું કાણું ને લમણાની વચ્ચેનો કાનનો એક અણીદાર ભાગ. કાનના કાણાની નીચે જે ભાગ હોય છે તેને તો કાનની લાળી કહે છે. બૂટ ને લાળી જૂદી હોય છે.

વજન (ના) ભાર, તોલ.
ટાંગના (ક્રિ) લટકાવતા.
પાટલી (ના) પગનું તળીયું જે જમીન પર રહે છે તે ભાગ.
લંગડો (વિ) ખોડો.

સવાલ (૧) માથા ને કપાળનો આકાર ફેરવવામાંજ ફક્ત જંગલી લોકો મેહેનત કરે છે? અને નહીં તો બીજા કયા અવયવને કદરૂપાં કરે છે?

(૨) કયા કયા દેશના લોકો નાકને ચીબાં કરે છે? અને કયા દેશના લોકો નાક મોટું હોય તેને પસંદ કરે છે? અને કયા દેશના લોકો નાકની અણીને ઉંચી વાળે છે?

(૩) કેખુશરો કોણ? ને તેના વિષે આ પાઠના સંબંધમાં શું જાણો છો?

(૪) કાનની બૂટ ને કાનના વેહ વિષે શું જાણવામાં આવ્યું?

(૫) ચીન દેશની બાયડીઓને આ બાબતમાં કંઇ પીડા છે?

---

## પાઠ ૮૭ મો.

---

કમ્મર (ના) કેડ.
દમ લેવો (ક્રિ) શ્વાસ લેવો.
કરોડ (ના) વાંસાની વચ્ચેનું ઉભું હાડકું.
મરડાઇ જાય છે (ક્રિ) વાંકુ વળી જાય છે.
પાંસળી (ના) કરોડને મળનારી આડી હાડકીઓ.
સણકા નાંખવા (ક્રિ) કળતર થવું, ધટકા ભરવા.
કાંટો (ના) બાઈડીને નાકમાં પેહેરવાનું એક જાતનું ઘરેણું.
પાંદડી (ના) બાઇડીને કાને પેહેરવાનું એક ઘરેણું.
ચોકડાં (ના) બાઈડીને કાને પેહેરવાનું ઘરેણું. વાળીયું.
નીચ (વિ) હલકી.
કુમળા (વિ) નાજુક, સુવાળાં, આળાં.
ભમર (ના) આંખના ખાડા ઉપર ઉગેલા વાળ.
હડપચી (ના) દાઢી.
પોંચો (ના) હથેલીનો ઉપલો ભાગ.
વાલોળ (ના) એક જાતની લાંબી ને મોટી પાપડીનો વેલો.
છુંદે છે (ક્રિ) ભોકે છે, સોયની અણી વતે માંહે ઘાલે છે.
ટપકાં (ના) ડાઘ.
વેલ (ના) વેલાના જેવો આકાર.
બુટ્ટા (ના) ગોળ નકસી.
વેદના (ના) દુઃખ.
સુણી જવું (ક્રિ) ફુલી જવું, ઉપસી જવું.
રેખ (ના) દાંતમાં સોનાની ખીલીઓ મારે છે તે.

સવાલ (૧) યુરોપના બૈરાં શેમાં શોભા માને છે? અને તેમ કરવામાં વખતે કેવાં કેવાં દુઃખ ખમવાં પડે છે?

(૨) આપણા લોકોમાં એ નકામી શોભામાં કયા કયા ઉપાયો કામે લગાડે છે તેથી શી ઇજા ભોગવવી પડેછે?

(૩) નાક કાન વીંધવાની તથા દાંત રંગવાની અને ઊપર જે બધી ફુટડાઇ મારેની ટાપટીપ કહી તેની ખરી જરૂર છે કે નહીં? અને તેની જરૂર નથી તો તે શા ઉપરથી સાબેત થાય છે?

---

## પાઠ ૮૮ મો.

---

વર્ણન (ના) બ્યાન, હકીકત.

ધર્મશાળા (ના) મુસાફર લોકોને મફ્ત રહેવાનું ઘર.

દેરૂં (ના) છોબંધ બાંધેલું ગોળ ઘુમટદાર મકાન કે જેમાં વિશેષે કરી દેવની મૂર્ત્તિ બેસાડેલી હોય છે તે.

માનતા (ના) પરતો, સચ્ચાઇ.

જાત્રા (ન) નહાવાને તથા ધર્મ દાન કરવા કોઇ પણ પવિત્ર ઠેકાણે જવું તે.

સિંહાસન (ના) સિંહને બેસવાનું ઠેકાણું એવો શબ્દાર્થ છે પણ વિશેષાર્થ દેવ કે રાજાને બેસવાની ગાદી. કે પાટ.

સણગારીને (ક્રૃ) શોભાવીને.

સાફ (વિ) આબેહુબ.

સ્તંભે (ના) થાંભલે.

ગુહરયો (ના) આબરૂદાર માણસો.

ચોઘડીયાં (ના) ચાર ચાર ઘડીએ દેવસ્થાનમાં ઢોલ ને સરણાઇ વાગે છે તે.

તાબામાં (ના) હવાલામાં.

ભેટ (ના) સોગાદ, બક્ષીસ.

કર (ના) વેરો.

આરસપહાણ (ના) એક જાતનો ચળકતો ને લીસો પત્થર. સંગેમરમર.

બાંધણી (ના) બાંધવાની રીત, ઢબ.

પાળિયા (ના) કોઇ પણ બાહાદુર માણસના મરવાના ઠેકાણાપર કે તેને જ્યાં દાટયો હોય કે બાળ્યો હોય ત્યાં તેના બહાદુરીના વખાણ જે થાંભલા ઉપર કોતરેલાં હોય તે થાંભલો.

લેખ (ના) દસ્તાવેજ, લખાણ.

સૈકો (ના) સેંકડો, સો સોનું માપ.

(૧) અંબાજીનું દેરૂં કયાં છે ને તેમાં મૂર્ત્તિ છે?

(૨) એ દેરૂં કોણે ને કયારે બાંધ્યું ને તે શાથી જણાય છે?

(૩) એ દેરાં પાસે ધર્મશાળા છે? અને હોય તો તે કોણે બંધાવી છે?

(૪) અંબાજીની ઉપજ કોણ લે છે ને શા માટે? અને જાત્રાળુને માથે કંઇ કર છે? અને હોય તો તે કોણ લે છે?

(૫) જૈન લોકોના દેરાં કયાં છે ને તે કોણે બંધાવ્યાં? અને કયારે? એ બંધાવનાર ગુજરાતના કયા રાજા-

ના વખતમાં હતો ?

(૬) એ જૈન દેરાં પાસે અસલ કયું શેહેર હતું ને તે વખતે ત્યાં કોનું રાજ હતું ?

---

## પાઠ ૮૯ મો.

---

ગુમાસ્તા (ના) નોકર, મેહેતા, વાણોતર.

બારસાખ (ના) બારણાનું ચોકઠું.

લેખ (ના) લખાણ.

કમાણી (ના) કમાઇ, પેદાસ.

દશાંસ (વિ) દસમો ભાગ.

અર્પણ કરે છે (ક્રિ) આપે છે.

જાત્રાળુ (ના) જાત્રા કરવા જનાર.

મકાઇ (ના) એક જાતનું અનાજ જુવારના જેવાજ પણ તેનાથી એના દાણા મોટા હોય છે.

જવ (ના) એક જાતનું ઘઉંના જેવું અનાજ.

કોશ (ના) ગાઉ.

આથમણો (અ) પશ્ચિમ તરફ.

જબર (વિ) જબરો, મજબુત.

દમ (ના) શ્વાસ.

દમ ભરાઇ જાય છે=શ્વાસ ખૂબ ચાલે છે એટલે થાકી જવાય છે.

જ્વાળા મુખી (વિ) બળતા મોંનો પહાડ—અથવા જે પર્વતના શિખરમાંથી બળતો ધુમાડો ને રાખ નીકળે તે.

એ કોઇએ સળગાવ્યો નથી હોતો, પણ જમીનની અંદર પીગળેલો રસ છે તે કોઇ કોઇ વાર બહાર નીકળવાનું જોર કરે છે ને એ પ્રમાણે પર્વતના શીખરમાંથી નીકળે ને તેના રેલા ઊતરે ને તે સુકાઇ જાય ત્યારે તેને લાળા કહે છે.

સવાલ ૧—કુંભારીઉં ગામ ને પોટેશ્વર મહાદેવ ક્યાં છે. કુંભારીયાના દેરાંની સંભાળ કોણ રાખે છે?

(૨) કુંભારીયાના દેરાં ક્યારે બંધાયાં ને તે શાથી માલમ પડે છે?

(૩) અંબાજીના દેરાં પાસેનું જે મોટું તળાવ છે તે શી રીતે બંધાવ્યું ?

(૪) અંબાજીમાં જાત્રાળુ કેટલી મુદત રહે છે ને ત્યાં તેલ દીવેલ દરરોજ કેટલું ખપે છે ?

(૫) આરા સૈકોરના પહાડમાં શેનો પાક થાય છે તથા ગબર તે શું ?

---

## પાઠ ૯૦ મો.

---

માયાળુ (વિ) હેતવાળો, હેત રાખે એવો.

સ્વભાવ (ના) ટેવ, ગુણ.

સોબત (ના) સંગત, દોસ્તી.

ભાઇબંધી (ના) દોસ્તી, મિત્રતા.

માયા (ના) હેત.

ભાઇબંધ (ના) દોસ્ત, મિત્ર.

વાંક (ના) ગુન્હો, કસુર.

આપણે વેંત નમીએ તો બીજો હાથ નમે=આપણે કોઇને થોડું માન આપીએ અથવા કોઈનું થોડું ભલું કરીએ તો તે આપણું તેથી વધારે કરે છે.

ઇલાજ (ના) ઊપાય.

આપસ્વાર્થી (વિ) પોતાનું ભલું કરનાર.

પરવા (ના) દરકાર.

પરગજુ (વિ) પારકાનું ભલું કરનાર.

દયાળુ (વિ) દયા લાવનાર.

ફાવે ત્યારે એટલે લાગ આવે ત્યારે.

ધર્મે પણ ન પૂછે એટલે આપણે કયા ધર્મના એટલે શી જાત છીએ, તે વિષે પણ તે તપાસ ન કરે, તો પછી ભાઇબંધી તો કયાંથીજ કરે. મતલબ કે જો આપણે કોઇનું ભલું લાગ આવે ત્યારે પણ ન કરીએ, તો આપણા મિત્ર કોઇ થશે નહીં એટલુંજ નહીં, પણ આપણે શી જાત છીએ તેની પણ કોઇ દરકાર રાખશે નહીં; અને એ વાત ખરી છે કે કોઇ આપણી દોસ્તી કરવા આવે ત્યારે તે પ્રથમ આપણું નામ, ઠામ, ધર્મ ને ગુણથી વાકેફ થવા ઇચ્છશે. પછી આપણી ભાઇબંધી કરશે.

આપણા માણસ એટલે આપણા સગાં વહાલાં ને નોકર ચાકરો.

ગોઠિઆ (ના) મિત્ર.

તજવાથી (કૃ) છોડવાથી.

દોષ (ના) ગુન્હો, પાપ.

સવાલ ૧–કેવાં છોકરાંની કોઇ દોસ્તી ન કરે?

(૨) આપણા ઉપર આપણા મિત્રો હેત ન રાખે તેમાં આપણો વાંક શી રીતે શાબિત થાય?

(૩) વાજબીની રાહે કોઈનું માઠું કરવું પડે ને તેથી તે માણસ આપણા ઉપર ગુસ્સે થાય ત્યારે આપણે શું કરવું?

(૪) આપણા ભાઇબંધ થવાને ઘણા લોક કયારે આવે?

(૫) આપણે ઘણા સુખી કયારે થઇએ ને આપણી ભાઈબંધી નહીં કરતાં આપણે કયા ધર્મના છીએ તે જાણવાની દરકાર પણ કયારે ન રાખે?

(૬) કેવા માણસને વધારે ભાઇબંધ હોય? અને પરગજુ થવાથી માત્ર આપણે એકલાજ સુખી થઈશું કે?

(૭) કોઇને આપણા ખરેખરા મિત્ર કરી લેવા હોય તો કયો ઉપાય કામે લગાડવો? અને કેવી રીતનું પરગજુપણું બતાવવામાં પાપ છે?

## પાઠનો સાર.

જો આપણે હરકોઇની સાથે હળી મળીને ચાલીએ, અને હસમુખો સ્વભાવ રાખીએ તો, આપણા દોસ્તદાર ઘણા થશે. પણ ધુંધવાતો સ્વભાવ રાખીએ ને લાગ આવે ત્યારે પણ કોઈનું ભલું ન કરીએ, તો આપણી દો-

રની કોઇ કરશે નહી. વાજબીની રાહે કોઇનું માઠું કરવું પડે, તેમાં ફિકર કરવી નહીં; ને બીજાનું માઠું કરીને અથવા ગેરવાજબી રીતે કોઈનું ભલું કરવું નહીં. પરગજુ થવાથી આપણે એકલા સુખી થઇશું એટલુંજ નહીં પણ આપણા ભાઇબંધ ને સગા પણ સુખી થશે.

---

## પાઠ ૯૧ મો.

કાણુ માછલી (ના) મોતી ઉત્પન્ન કરનારી એક જાતની માછલી.
શીપ (ના) માછલીને રેહેવાનું ઘર.
રમુજી (વિ) મઝા આપનારી.
માછી (ના) માછલી પકડવાનો ધંધો કરનાર.
ખીનાં (ક્રિ) ખીધાં.
બે પગનો ચોર (ના) માણસ.
ચાર પગનો ચોર (ના) ઉંદર અને એવાં બીજાં ચોપગાં પ્રાણી.
છાજલી (ના) કંઇ માલ મૂકવાને કરા જોડે જડી લીધેલું પાટીયું.
ભચરડાઇ (કૃ) કચડાઇ, દબાઇ, છુંદાઇ.
ઘાટ (ના) આકાર, કદ.
રાનમાં (ના) જંગલમાં, વનમાં.
ફસાઇ (કૃ) આંટામાં આવી જઈ.
ધાસ્તી (ના) બીક, દેહેશત.

સવાલ ૧–કાણુ માછલીની શીપો કેવી રીતે બંધ થાય છે? કોણ કરે છે? ને તેના જોર વિષે કઇ બે વાત આવી ગઇ?

---

## પાઠ ૯૨ મો.

ચીના (ના) ચીન દેશના રેહેવાશી.
ભોજન ક્રિયા (ના) જમવાનું કામ અથવા રીત.
તરેહ (ના) રીત.
કાંટા (ના) સાપના આકારનો એક ઘાટ જે વડે ખાવાનું મોમાં મુકે છે તે.
અણીદાર (વિ) તીણી.
અવઘડવાળું (વિ) હરકતવાળું.
વેલા (ના) આપદા, દુઃખ.
વાના (ના) વસ્તુઓ.
પીરસાયાં (ના) ભાણામાં મૂકાયાં.
એકી નજરે જોયા કરે એટલે ધારી ધારીને જોયા કરે.
ફાવતું (કૃ) અનુકુળ પડતું.
ટગટગર (અ) એકી નજરે.
અંતે (અ) આખરે છેલ્લે.
કકડીને લાગેલી એટલે ખુબ લાગેલી.
ઘેંસ (ના) ઉકાળો, રાબડી, કાંજી.
ગટગટાવી ગયો (ક્રિ) પી ગયો.
તરેહવાર (વિ) નવાઇ જેવી.

સવાલ ૧–સાહેબ લોકો ને ચીના લોકો શા વડે ખાય છે?

(૨) ચીનમાં ગએલા યૂરોપીને જમતી વખતે શી આપદા પડી ને શાથી?

---

## પાઠ ૯૩ મો.

ચોરસ (વિ) ચાર ખૂણાનો આકાર.
કોર (ના) બાજુ, કોરણુ.
ટોચ (ના) શિખર.
આકાર (ના) ઘાટ.
પરોણો (ના) આપણે ઘેર આવેલો બીજા કુટુંબનો માણસ.
મેજ (ના) ટેબલ, પાટ.
અથાણું (ના) મીઠામાં કે બીજા મસાલામાં કેરી વિગેરે પદાર્થને આથે છે તે.
પુરૂં (વિ) ઘણું, બધું.
ફાડીને (ફૃ) પહોળું કરીને.
કોળીઓ (ના) ખાવાના પદાર્થનો એક નાનો જથો જે હાથમાં પકડાય તેટલો. ગ્રાસ.
ખૂમચા (ના) મોટી છાછર થાળી.
કાવો (ના) ઉકાળો.
સુરમ (ના) વાસ, પીમળ.

સવાલ ૧—ચીના લોકો ભાત શી રીતે ખાય છે?

(૨) જમી રહ્યા પછી ટેબલપર ખાવાનું ભરી પ્લાલાને કેવી રીતે ગોઠવે છે?

(૩) જમવા આવેલામાંથી કોઇ ભૂખ્યો રહ્યો નથી એની પરીક્ષા ચીના શી રીતે કરે છે?

(૪) જમી રહ્યા પછી છેક છેલ્લી કઇ ક્રિયા કરવામાં આવે છે?

(૫) ચીના લોકો ચા શી રીતે ઊકાળે છે ને તેમાં ગળપણ શા પ્રમાણે નાંખે છે?

## પાઠ ૯૪ મો.

પાલીતાણા (ના) ભાવનગરની પાસે એક ગામ છે.
વર્ણન (ના) હકીકત, બ્યાન.
નજરે આવે છે એટલે જોવામાં આવે છે.
રળિઆમણો (વિ) શોભિતો.
શ્રાવક (ના) જૈન ધર્મ માનનારા લોકો, એ શબ્દનો અર્થ તો સાંભળનારા થાય છે એટલે ગુરૂઓ જે ધર્મનું બ્યાન કરે, તે સાંભળનાર.
તીર્થ (ના) પવિત્ર જગ્યા.
સંઘ (ના) જાત્રાળુ લોકનું ટોળુ.
મોકળો (વિ) પહોળો.
આનંદ (ના) ખુશી.
આનંદ પામે છે. ખુશી થાય છે.
ઘાટ (ના) પર્વતનો રસ્તો.
વિસામા (ના) થાક ખાવાની જગ્યા.
લાંબી નજર કરીએ = દુર સુધી જોઇએ.
નામીચા (વિ) પ્રખ્યાત, જાણીતા.
ધનવાન (વિ) પૈસાદાર.
શિલા લેખ (ના) પત્થરપર કોતરેલા અક્ષર.
કુંડ (ના) પાણી ભરવાને બાંધેલો ઊંડો છોબંધ ખાડો.
ગ્રંથ (ના) પુસ્તક, ચોપડી.

ઉચકા (ના) સામટો અવેજ.
કર (ના) વેરો.
તાબામાં (ના) હવાલામાં, કબજામાં.
પૂજારા (ના) પૂજા કરનાર.
સંઘ (ના) જાત્રાળુ લોકના ટોળાં.
ભરાય છે (ક્રિ) એકઠા થાય છે.
રાતવાસો (ના) રાતમાં રહેવું.
સદાવ્રત (ના) હંમેશાં ધર્માદા સીધું આપવાનો નિયમ.
મરકી (ના) ઘણા માણસ મરી જાય તેવો રોગ.
પથરાય છે (ક્રિ) ફેલાય છે.

સવાલ ૧—પાલીતાણા આગળ જે પર્વત છે તેનું નામ શું? આઘેથી ને પાસેથી તે કેવા દેખાય છે. તેના ઉપર કયા લોકના દેરાં છે?

(૨) કયાં કયાંના લોકો ત્યાં જાત્રા જાય છે?

(૩) પાલીતાણેથી એ પર્વત તરફ જતાં રસ્તો કેવો છે?

(૪) આદિશ્વરના દેરા વિષે ને સૂરજ કુંડ વિષે શું જાણો છો?

(૫) એ પર્વત કયા રાજાના તાબામાં છે? ને તે રાજા જાત્રાળુ પાસેથી કર લે છે તે કોણે શી રીતે બંધ કરાવ્યો છે?

(૬) પાલીતાણાના દેરાંના પૂજારા કયા લોક છે ને ટુંક એટલે શું?

---

## પાઠ ૯૫ મો.

ભૂમધ્ય સમુદ્ર=પૃથ્વીની વચ્ચે જે દરિઓ આવેલો છે તે.
બેટ (ના) જે જમીનના ભાગને ચારે બાજુએ પાણી હોય તે જમીન. હાલમાં આફ્રિકા બેટજ છે કારણ કે ૧૮૬૯માં સ્વેઝની સંયોગીભૂમિ ખોદીને તેની નેહેર બનાવવાથી આફ્રિકા એશિઆથી જૂદો પડયો છે.
કિરણ (ના) સીધી લીટીમાં જતો પ્રકાશ.
દડ (ના) પણો, ઝીણી રેતી.
જવલે (અ) કદાચિત, કોઈ વખતે.
રણ (ના) રેતીના મેદાન.

સવાલ ૧—આફ્રિકાની ઉત્તરે શું છે ને તેની પેલીમેર કયો ખંડ છે? એશિઆ ને આફ્રિકાની વચ્ચે શું છે?

(૨) આફ્રિકા બેટ છે કે દ્વીપકલ્પ અને બેટ એટલે શું?

(૩) આફ્રિકાના મધ્ય ભાગમાં શું છે? અને તે રણનું વર્ણન કરો.

---

## પાઠ ૯૬ મો.

અસલ (અ) પેહેલાં.
નામીચો (વિ) પ્રખ્યાત.
ગરજ (ના) દરકાર, કામ.
સારે છે (ક્રિ) બજાવે છે, કરે છે.
સાલ (ના) વરસ.

પુર (ના) રેલ.
કાંપ (ના) કચરો, કાદવ.
રસાળ (વિ) કસવાળી, ફળદ્રુપ.
શામળા (વિ) કાળા.
ગુચ્છળીઆળા (વિ) ગુચ્છળા જેવા વાંકા વળી ગએલા.
ઠુંકા (વિ) નાના.
કદરૂપા (વિ) બેડોળ.
ખબરદાર (વિ) હોંશિઆર.
માયાળુ (વિ) હેત રાખનારા.
નિમકહલાલ (વિ) જેનું ખાય તેનું સારૂં ઇચ્છનાર, વફાદાર.
નિમક એટલે મીઠું.
કસબ (ના) હુનર.
કેપ એ અંગ્રેજી શબ્દ છે એનો અર્થ ભૂશિર થાય છે.
કાલોની એ અંગ્રેજી શબ્દ છે ને એનો અર્થ સંસ્થાન કે રાજ્ય થાય છે.
હિંસારી (વિ) ફાડી ખાનાર શિકારી.
પેદાશ (ના) નીપજ.
ઝોળેઝોળાં (ના) ટોળેટોળાં.
સિંહ (ના) એક જાતનું ફાડી ખાનાર પશુ.
ખુની (વિ) મારી નાખે એવા.

સવાલ ૧—આફ્રિકાના મધ્યમાં જે રણ છે તેનું નામ શું ને તેની ઉત્તરે કયો દેશ છે ને તે શાથી પ્રખ્યાત છે?

(૨) મિસર દેશમાં વરસાદ નથી આવતો તો ખેતી શી રીતે થતી હશે?

(૩) બુર લોકો ક્યાં રહે છે ને તેના વિષે શું જાણો છો?

(૪) હબસી લોક વિષે શું જાણવા જોગ બીના છે?

(૫) આફ્રિકાની છેક દક્ષિણે કયા લોકનું સંસ્થાન છે? તથા આફ્રિકામાં કયાં કયાં જાનવર થાય છે?

(૬) રેતીના રણમાં એટલી બધી રેતી કોણે પાથરી મૂકી હશે?

જવાબ:—એ રેતી કોઇએ પાથરી નથી, પણ અસલ એ જગાએ દરિઓ હશે, તે ધરતીકંપ થવાથી આઘો ખસી ગયો તેથી રેતી પડી રહી ને રણ થયાં.

---

## પાઠ ૯૭ મો.

---

પિતા (ના) બાપ.
સેવા (ના) ચાકરી.
છડો (વિ) એકલો.
છોટો (વિ) નાનો.
પોષી (કૃ) ખવરાવી પીવરાવીને.
રૂડી (વિ) સારી.
રીત (ના) તદબીર.
રાજી (વિ) ખુશી.
આભાર (ના) ગુણ; પાડ.
મુછ (ના) નસકોરાંની નીચે ને ઉપલા હોઠની ઉપર પુરૂષને જે વાળ ઊગે છે તે.
તાણી (ક્રિ) ખેંચી.
કદી (અ) કોઇ દહાડે.

અંતરે (ના) મનમાં.
રીસ (ના) ગુસ્સો.
આપે (સ) તમે.
મુખે (ના) મોઢે.
શિક્ષા (ના) શિખામણ.
વિદ્યા (ના) ભણતર.
વિવેકે (ના) વિવેકમાં.
વિવેક (ના) સારૂં નરસું પારખવાની શક્તિ.
ભલી (વિ) સારી.
ભેદ (ના) છાની વાત-મર્મ છુપા અર્થ.
સીધા (વિ) પાધરા-બરાબર.
દીધા (ક્રિ) આપ્યા.
કદી (અ) કોઇ વખતે.
કોટી (વિ) કરોડો.
સહી (કૃ) ખમીને, વેઠીને.
કષ્ટ (ના) દુઃખ.
કાયા (ના) શરીર.
છત્ર (ના) છતરી.
છાયા (ના) શાળો.
છત્રછાયા કરવી એટલે રક્ષણ કરવું.
અતિ (વિ) ઘણો.
પ્રાણથી (ના) દીલથી, મનથી.
પ્યાર (ના) હેત.
અત્યંત (વિ) ઘણોજ.
આનંદ (ના) ખુશાલી.
પૂરો (વિ) ઘણો.
પાડ (ના) ગુણ.
ભૂલે (ક્રિ) વિસરી જાય.
પાજી (વિ) ખરાબ-પ્યાજ ઉપરથી પ્યાજી થયું છે. પ્યાજ એટલે કાંદો એની વાસ ઘણી ખરાબ છે તેથી એ વસ્તુને ખરાબ ગણી છે તેથી પ્યાજી એટલે ખરાબ.
વડો (વિ) મોટો.
વાંક (ના) ગુન્હો, કસુર.
રાંક (વિ) ગરીબ.
દીધો (ક્રિ) કીધો.
દંડ (ના) શિક્ષા.
દેતાં (કૃ) આપતાં.
દીલ (ના) મનમાં.
આણી (ક્રિ) લાવી.
તજી (કૃ) છોડી દઇને.
સ્નેહ (ના) હેત.
દેહે (ના) શરીરે.
પીડા (ના) દુઃખ.

### સમજુતી.

જ્યારે હું ઘણો નાનો છોકરો હતો ત્યારે મારે બાપે મને ખવરાવી પીવરાવીને ઉછેરીને મોટો કીધો, અને ઘણી સારી તદબીરથી મને ખુશી રાખતા. તો હે બાપાજી તમારો એ ગુણ હું કેમ કરીને ભૂલી જાઉં ? નહીંજ ભૂલું.

જે વખતે તમારી છાતી ઉપર બેશીને તમારી મૂછો ખેંચતો ત્યારે તમે પોતાના મનમાં મારા ઉપર કોઇ દહાડો પણ ગુસ્સે થયા નથી, અને વળી હું જે જે વાત કહેતો તે તમે કબુલ કરતા, તો પછી હે બાપાજી તમારો એ ઉપકાર હું શી રીતે ભૂલી

જાઉં ? કદી નહીં ભૂલું.

મને સારી સારી શિખામણ આપીને તમે સુધાર્યો છે. વળી મને ભણાવીને સારા નરસાની પારખ કરતાં શીખવ્યો છે. વળી સારી સારી વાતના જે છુપા અર્થ તે પણ તમે મને બરાબર બતાવ્યા છે, તો પછી હે બાપાજી તમારો એ ઉપકાર હું શી રીતે ભૂલી જાઉં. કદી નહીં ભૂલું.

કોઈ કોઈ વખતે તમે તો જાતે કરોડો દુઃખ વેઠતા, પણ મને તો તમારી છાતીમાં લઈને રક્ષણજ કરતા, અને વળી તમારા ખરા દિલથી મારા ઉપર જે તમે ઘણું હેત લાવતા, તે ઉપકાર હે બાપાજી હું કેમ ભૂલી જઈશ, કદી નહીં ભૂલું.

મને જોઈને તમે ઘણા ખુશી થતા, અને જે જે વસ્તુ હું માગતો તે તમે તરત લાવી આપતા, એવો તમારો ઉપકાર જે છોકરો ભૂલી જાય તેને ઘણો ખરાબ છોકરો જાણવો. હે બાપાજી તમારો એ ઉપકાર હું કેમ ભૂલી જઈશ, કદી નહીં ભૂલું.

કોઈ વખતે હું મોટો ગુનો કરતો, તો તમે મને ગરીબ જાણીને શિક્ષા કરવામાં દયા રાખતા. વળી હેત મૂકી દઈને તમે મારા શરીરને કોઈ દહાડો દુઃખ દીધું નથી, તો હે બાપાજી તમારો એ ઉપકાર હું કેમ ભૂલીશ, કદી નહીં ભૂલું.

## પાઠ ૯૮ મો.

ગણાવી (કૃ) અનુભવી કરીને.
ભાગ્યશાળી (વિ) નશીબદાર, સુખી.
તુચ્છ (વિ) હલકી.
ટેવ (ના) આદત, ખો.
ટાળી (ક્રિ) મટાડી.
જનો (ના) માણસો.
મધ્ય (અ) માં.
કીર્તિ (ના) આબરૂ.
ગાજી (કૃ) ફેલાઇ.
લાવ (ના) લાવો, ફાયદો.
ગુણ (ના) પાડ.
તાત (ના) બાપ.
સજ્યા (ક્રિ) કીધા.
ઉપાય (ના) ઇલાજ.
નિર્ખતા (ક્રિ) જોતા.
નેત્ર (ના) આંખ.
નીર (ના) પાણી, આંસુ.
લગાવી (કૃ) અફાડીને, વગાડીને.
બાળ (ના) નાનો છોકરો.
અજાણ્યો (વિ) અજ્ઞાન.
ઉરે (ના) મનમાં.
ગુણ (ના) પાડ.
આણ્યો (ક્રિ) લાવ્યો.
જાણીતો (વિ) વાકેફગાર.
જગનાથજી (ના) દુનિયાનો ધણી, પરમેશ્વર.
હયાતી (ના) જીવવું, જીંદગાની.
સેવના (ના) ચાકરી.

સ્નેહ (ના) હેત.
ભાવથી (ના) હેતથી.
ગણે (ક્રિ) માને.
છંદ (ના) કવિતાની એક જાત.
પિતુ (ના) બાપ.
ભક્તિ (ના) ચાકરી, સેવા.
પામી (કૃ) કરી.
લાગશે (ક્રિ) વળગશે.

### સમજુતી.

વળી તમે મને ભણાવીને તથા અનુભવી બનાવીને અને મારામાં જે હલકી ટેવ હતી તે છોડાવીને સુખી કીધો છે, કે જે નઠારી ટેવ જવાથી તથા ભણતર અને અનુભવથી મારી આબરૂ માણસોમાં એટલે દુનિઆમાં ફેલાઇ છે.

મેં જે ફાયદા મેળવ્યા છે, અને હવે પછી જે મેળવીશ તેનો પાડ હું તમારોજ ગણું છું. વળી મને સુખ થાય, તેને માટે આપે હંમેશાં ઇલાજો કીધા છે. તો હે બાપાજી તમારો ઉપકાર હું કેમ ભૂલીશ, કદી નહીં ભૂલું.

આંખમાં હરખના આંસુ લાવીને તમે મને જોતા, વળી છાતી સાથે અડાડીને મને હેતથી દાબતા, વળી મારી જોડે તમે મીઠા મીઠા શબ્દોમાં વાત કરતા, તો હે બાપાજી તમારો એ ઉપકાર હું કેમ ભૂલીશ, કદી નહીં ભૂલું.

હું આજ સુધી નાનો છોકરો હોવાથી છેક અજ્ઞાન હતો, તેથી તમારો એ ઉપકાર મારા મનમાં લાવતો નહતો, પણ હવે હું જાણીતો થયો છું, તો તમારો ઉપકાર યાદ રાખીશ, માટે હે બાપાજી તમારો એ પાડ હું કેમ ભૂલીશ, કદી નહીં ભૂલું.

જો પરમેશ્વર મને જીવતો રાખશે, ને આપ પણ જીવતા હશો તો, તમારી ચાકરી સાચા હેતથી હંમેશાં કરીશ, માટે હે બાપાજી તમારો ઉપકાર હું કેમ ભૂલીશ, કદી નહીં ભૂલું.

આ છંદને જે કોઇ સારા માનીને હેત રાખીને ભણશે, તો તેઓ પોતાના બાપની ચાકરી કરીને કદી પણ નઠારા કહેવાશે નહીં, તેઓને સારૂં જ્ઞાન મળશે, અને સારા કામમાં તે વળગશે, એટલે તેને સારો ધંધો મળશે. આ છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે.

### ઉપલા એ પાઠનો સાર.

છોકરાઓ જ્યારે નાના હોય છે ત્યારે તેનો બાપ તેને ઉછેરવાને તથા ભણાવવા ને સુખી કરવાને ઘણી મેહેનત લઇ દુઃખ ખમે છે. માટે છોકરાઓને ઘટારત છે કે, તેઓ જ્યારે મોટા થાય, ત્યારે તેના બાપની સારી ચાકરી કરી તેને હરેક વાતે સુખ આપવું. જે છોકરા પોતાના ઘરડા બાપની ચાકરી કરશે તે સુખી થશે. ને

જે તેના બાપને દુ:ખ દેશે તે જરૂર દુ:ખી થશે. માટે દરેક છોકરાએ પોતાના બાપની મરજી સાચવવી.

## પાઠ ૯૯ મો.

ખોટું (વિ) માઠું, ખરાબ.
જીવ હેઠે બેઠો નહીં એટલે નીરાંત વળી નહીં.
ફિકર (ના) ચિંતા.
ઘાતકી (વિ) નિર્દય, ક્રૂર.
પાર પડીશ એટલે મારી ઈચ્છા પૂરી થશે એટલે પાદશાહ થઈશ.
બેશુદ્ધ (વિ) ભાન વગરનો.
નિમકહરામી (ના) જેનું ખાય તેનું માઠું કરવાનો ગુણ.
બુરી (વિ) ખરાબ.

## પાઠ ૧૦૦ મો.

હુમલા (ના) હલ્લો, ચઢાઇ.
પંજાબ (ના) પાંચ પાણીની વચ્ચેની જમીન.
ઠેઠ (અ) છેક
ખોરાક (ના) ખાવાનું.
ખપી ગયો (ક્રિ) વપરાઇ ગયો.
નિર્દય (વિ) દયા વિનાનો

## પાઠ ૧૦૧ મો.

ફોજ (ના) લશ્કર.
વજીર (ના) પ્રધાન.
પાધર (વિ) સપાટ, ડુંગરા વિનાનો.
ઊજડ (વિ) વસ્તી વિનાનો.
કુલ (વિ) બધા, તમામ.
ગુલામ (ના) જીંદગાની સુધીનો ચાકર.
નામ કાઢવું એટલે આબરૂ મેલવી.
વિનતિ (ના) આજીજી, કાલાવાલા.
કુંવર (ના) રાજાનો છોકરો.
મજલ (ના) એક દિવસમાં જેટલું ચાલી શકાય તેટલું અંતર. સાધારણ રીતે ૩૦ ગાઉને મજલ કહે છે.
પાટવી (વિ) ગાદીએ બેસનાર.

## પાઠ ૧૦૨ મો.

ફુરસદ (ના) પરવાર, વખત.
ઉગમણુ (ના) જેણી તરફ સૂર્ય ઊગે તે દિશા, પૂર્વ દિશા.
ખંડણી (ના) તાબાના રાજાઓ પોતાના ઊપરી રાજાને પોતાની પેદાશમાંથી જે ભાગ આપે છે તે.
આવકાર (ના) માન.
સમાપ્તિ (ના) છેડો, અંત.
પડતી (વિ) માઠી, નરસી.
દશા (ના) હાલત, સ્થિતિ.
ફરી ગયા (ક્રિ) તાબે રહેવાને કબુલ કીધું હતું તે પાળ્યું નહીં, ને સા-

મા થયા.
પોંચા (ના) હથેલીનો ઉપલો ભાગ.

## પાઠ ૧૦૩ મો.

હાર (ના) હારવું તે, પરાજય.
વિશ્વાસ (ના) ભરોસો.
બંધીખાને (ના) કેદખાનામાં.
બેગમ (ના) પાદશાહની સ્ત્રી.
ક્લેશ (ના) દુઃખ, કંકાસ.
પંડિત (ના) ભણેલા માણસ. વિદ્વાન.
ડોળ (ના) ભભકો.
બેવકુફ (વિ) મુર્ખ.
અહંકાર (ના) મગરૂરી.
ભોગવવાં (કૃ) વેઠવાં.
કાયદા (ના) રાજ્ય ચલાવવાના ધારા.
આબાદી (ના) પુષ્ટી, મજબુતાઈ.
ખાનપાન (ના) ખાવું, પીવું.
વેહેમ (ના) શક.
સપરમો (વિ) મોટા તેહેવારનો. ખુશીનો.
સંપ (ના) એકો.
અમીર (ના) ઉમરાવ.
ફતેહ (ના) જીત.

## પાઠ ૧૦૪ મો.

મારા (ના) મારી નાંખનાર, ખુની.
ઘાતકી (વિ) દયા વગરનો, ક્રૂર.
ભોગવવું (કૃ) વાપરવું.
ઉગાર્યો (ક્રિ) બચાવ્યો.
ઘાત (ના) ખુન.
વઝીર (ના) પ્રધાન, દિવાન.
માલિક (ના) ધણી.
નીવડત (ક્રિ) નીકળત, થાત.
રંડીઆજી (ના) છીનાળું.
લપટાઇ ગયો (ક્રિ) ફસાઇ પડ્યો.
રીબાવીને (કૃ) દુઃખી કરીને.
સર કર્યો (ક્રિ) જીત્યો, વશ કીધો.
સંતોષ (ના) તૃપ્તિ, મનની ઇચ્છા પૂરી થવી તે.
વગ (ના) ઓળખાણ, તરફેણ.
નસંતાન ગયું એટલે બચ્ચાં મરી ગયાં.

## પાઠ ૧૦૫ મો.

રંગમહેલ (ના) પાદશાહને સુવાનું સુંદર ઘર.
દેવડી (ના) પેહેરેગીરને રહેવાનું નાનું ઘર.
રૈયત (ના) પ્રજા, લોકો.
ઓલાદ (ના) વંશ, કુળ.
દુવાઇ (ના) આણ.
નીતિ (ના) સારી ચાલ, વાજબી રીત.

## પાઠ ૧૦૬ મો.

ખપી ગયાં (ક્રિ) મરી ગયાં.
પંડે (સ) પોતે, જાતે.
કંટાળીને (કૃ) નારાજી થઇને.

કાયમ રાખ્યો એટલે બહાલ રાખ્યો.
માર્ગમાં (ના) રસ્તામાં.
કાત્તરૂં (ના) દગો, કપટ.

## પાઠ ૧૦૭ મો.

કુંડાળું (ના) ગોળ આકાર.

અમેરિકા એ અમેરિકસ નામના માણસના નામ પરથી પડ્યું છે, પણ એ ખંડની પ્રથમ શોધ તો કોલંબસે કીધી છે.

નકશો (ના) દેશ કે ખંડનું ચિત્ર કે છબી.
ગોળાર્ધ (ના) અરધો ગોળો પૃથ્વીનો અડધો ભાગ.
અસલથી (અ) પહેલાંથી.
શુમારે (અ) આશરે.
વહાણવટી (ના) વહાણનો ઉપરી, કમાન, નાખુદા.
છાતી ચલાવીને (કૃ) હિંમત કરીને.
ખારેખાત (અ) સાચે, ખરેખરો.
ઢગલે ઢગલા (વિ) ઘણું.
વસ્યા (ક્રિ) રહ્યા.
તરેહ (ના) રીત.
સૈબિરિઆ (ના) એશિઆઇ રૂશિઆનો ઉત્તર ભાગ.
ચિત્ર (ના) છબી.
ગરમી (ના) તાપ.
સમશીત (વિ) વચાલાવાંધાનું એટલે ટાઢને તાપ બંને સરખાં.
કપાસ (ના) રૂનો છોડ.

સવાલ ૧. અમેરિકા નામ શા ઉપરથી પડ્યું? અને એની ખરેખરી શોધ કોણે કરી? (૨) પૂર્વ ગોળાર્ધ ને પશ્ચિમ ગોળાર્ધ તથા નવી ને જુની દુનિઆ નામ શા માટે પાડ્યાં? (૩) અમેરિકાખંડનો આકાર કેવો છે? અને એ ખંડના કયા બે ભાગ પાડવામાં આવ્યા છે? (૪) અમેરિકાખંડમાંથી કઇ ધાતુ ઘણી નીકળે છે? તથા હાલ એ ખંડમાં ક્યાંથી લોકો જઇ વસ્યા છે? (૫) અમેરિકાના ઉત્તર મધ્ય ને દક્ષિણ ભાગની હવા કયા કયા ખંડ જોડે મળતી છે તથા ત્યાં શા શા પાક થાય છે?

## પાઠ ૧૦૮ મો.

ખોટા (વિ) જૂઠા.
વહેમ (ના) શક, ભામા.
અજ્ઞાની (વિ) જ્ઞાન વિનાના, અજાણ્યા, મુર્ખ.
ધારે (ક્રિ) માને.
ભૂત (ના) એ શબ્દનો અર્થ તો મરી ગએલું એમ થાય છે, પણ આ ઠેકાણે મરી ગએલો માણસ જે બીજા માણસોને દુખ દે છે તે.
ઝોડ ઝડપથી (ના) ભૂતના સપાટામાં આવવાથી.
પ્રકાર (ના) જાત, તરેહ.

સમજુ (વિ) ડાહ્યા, સમજણા.
લાયક (વિ) યોગ્ય.
વિશેષ કરીને (અ) ઘણું કરીને.
નાત (ના) જાત, પણ આ ઠેકાણે અમુક જાતના માણસોની જમણવાર.
વાસ (ના) પીમળ, સોડમ.
કરડી (વિ) સકત.
ધગધગતા (વિ) બળતા.
અંગારા (ના) લાળા, બળતા કોયલા.
ઓસડ (ના) દવા, માણસને સાજા થવા જે પદાર્થ ખાવા આપે છે તે.
વેસડ (ના) ઓસડના જેવું બીજું કંઇ.

સવાલ ૧. અજ્ઞાની લોકોમાં કઇ કઇ જાતના વહેમો ચાલે છે? અને તે કોણે મટાડવાને મહેનત કરવી જોઇએ? (૨) નજર લાગવાનો દાખલો આપો, ને તે મટાડવાને વહેમી સ્ત્રીઓ શું કરે છે? (૩) ઘણો મંદવાડ આવે ત્યારે અજ્ઞાની માણસ શું કરે છે? અને નજર શી રીતે બાંધે છે? (૪) થાળી જોડે વાડકો ચોંટી ગયો તેથી ખરેખરી નજર લાગેલી એ વાત સાચી કે નહીં, અને જો નહીં તો વાડકો ચોંટી કેમ ગયો તે સમજાવો? (૫) એવી રીતે નજર ઊતારવાથી અથવા બાંધવાથી રોગ મટે છે કે નહીં? અને નહીં તો ખરેખરો શાથી મટે?

---

## પાઠ ૧૦૯ મો.

---

પ્રયોગ (ના) કરી જોવું, અજમાયશ.
લગડી (ના) ઢાળકી, રણી.
પડછાયો (ના) અડકાયલી ચીજનો ઓળો.
યુક્તિબંધ (વિ) રીતસર, યોગ્ય રીતે.
પરવેશ (ના) પાશ, સ્પર્શ.
ખબરદારી (ના) હોશિઆરી.
ચોકશી (ના) સાવચેતી, કાળજી.
મંછા ભૂત એટલે મનની ઇચ્છા કે સમજ એ ભૂતને શંકા ડાકણ એટલે મનમાં જે કંઇ વહેમ હોય તેજ ડાકણ બાકી ખરેખરાં ભૂત ડાકણ નથી.

સવાલ ૧, થાળીમાં વાડકો ચોંટી જાય છે, તે જેને નજર લાગી હોય તેના ઉપર ઉતારીને કરીએ તોજ એમ બને કે? (૨) કુલ્લીનો પ્રયોગ કેવી રીતે ને કયારે કરે છે? તેથી નજર લાગ્યાની વાત સાચી ઠરે છે કે? અને જો સાચી નહીં ઠરે તો એવી રીતે છમ છમ બોલે તેનો દાખલો આપો! (૪) દુધપાક, પાપડ વિગેરે બગડી જાય ત્યારે મુર્ખ લોકો શું ધારે છે? અને તેઓનું ધારવું ખરૂં હોય છે? અને જો નહીં તો શાથી બગડે છે તેનું કારણ તમે કહો? (૫) ભૂત વિષે મુર્ખ લોકોમાં કેવી રીતના વહેમ હોય છે? અને એ વિષે લોકોમાં કઇ કહેવત છે? અને તે કહેવતનો અર્થ શો છે?

---

## પાઠ ૧૧૦ મો.

---

ભાવસાર (ના) લુગડાં છાપનાર.

પરોણો (ના) કોઈ કામ માટે આવેલો પરગામનો માણસ.
છેટે (અ) આઘે, દુર.
મધરાતે (અ) અડધી રાત્રે.
સાડી (ના) કિંમતી સાલ્લો.
ચાંદરણું (ના) ચંદ્રનો પ્રકાશ.
વંત્રીઓ (ના) ડાકણો.
આણ (ના) દુવાઈ, હુકમ, આજ્ઞા.
અંતે (અ) આખરે, છેલ્લે.
બીનો (ક્રિ) બીધો.
ચીસ (ના) બરકો, ખુમાટો.
આડોશી (ના) પાડોશી વિગેરે.
પાડોશી (ના) આપણા ઘરની નજીકમાં રહેનાર'
ધાઇ આવ્યાં (ક્રિ) દોડી આવ્યાં.
દબાવી (કૃ) ચાંપી, ભાર દઇને પકડી.
કમાડ (ના) બારણાં.
ઉતાર્યાં (ક્રિ) ચણિઆરાંમાંથી બહાર કાઢયાં.
ધ્રુજવું (ક્રિ) બીકથી હાલવું, કંપવું.
હામ (ના) હિંમત.
ચોકીવાળા (ના) પોલિસના માણસ. ચોકીવાળા માણસ હોય તો ચોકીવાળા વિશેષણ થાય.
તીર (ના) બાણ, રાકું, લાકડાં અથવા જવઇના સળીઆમાં અણીદાર લોઢાનું પાનું ઘાલેલું હોય તે.
ચોટયાં (ક્રિ) લાગ્યાં.
રોણુ (ના) તોફાન.
મચી રહ્યું (ક્રિ) થઈ રહ્યું.
ડામચીઓ (ના) ગોદડાં મૂકવાને લાકડાંની ઉંચી માચી.

વાવાયાથી નળીઉં ખસ્યું એટલે જોરથી પવન આવ્યો. તેથી નળીઉં ખસી ગયું એટલે સેહેજ અવાજ થયો, અને તે અવાજ સાંભળીને કુતરૂં ભસવા લાગ્યું, તેથી ત્યાં માણસોએ એકઠા થઇને ઘણોજ અવાજ કરી મૂકયો, એવામાં વળી કોઇ માણસ એમ બોલ્યો કે મેં ચોરને નાસતાં જોયો. પછી એવી પાયા વગરની વાતને લોકો મલાવી મલાવીને વધારે છે. અખો સ્વામી કહે છે કે, ભાઇઓ વેહેમની વાત એવી હોય છે. એટલે પવનથી નળીઉં ખસ્યું તેથી વેહેમી માણસોએ અનુમાન કરી છેક એટલે સુધી વાત વધારી કે મેં ચોર જોયો.

મસાણ (ના) હિંદુ લોકોનાં મુડદાંને દાટવા તથા બાળવાનું ઠેકાણું.
નીપજે છે (ક્રિ) થાય છે.
ફાસફરસ (ના) એક જાતનો પવન.
ભડકો (ના) બળતું.

સવાલ ૧. ભાવસારને ઘેર આવેલા પરોણાને કયાં સુવાડયો ને તે કયારે ને શાથી બીધો? (૨) જેનાથી તે બીધો તેને તે શું ધારતો હતો, ને ખરેખરૂં તે શું હતું? અને તે શી રીતે માલમ પડયું? (૩) મસાણ કાંઠે ઘણી ખરી વાર ભડકા થાય છે તે શાથી?

---

## પાઠ ૧૧૧ મો.

ડીલ (ના) શરીર.
મુઠ મારવી (ક્રિ) દુઃખી કરી મારી નાખવું,
ભુવો (ના) ભૂત કાઢનાર.
કનેનો (અ) પાસેનો.
ઉપાય (ના) ઈલાજ.
ઉતાર મૂકવો (ક્રિ) ભૂત, ડાકણને કાઢવાને માંદાના માથા ઉપર ખાવાનો કોઇ પદાર્થ ઉતારી ચકલે મૂકવો.
ઠગી જાય છે (ક્રિ) છેતરી જાય છે.
રતનજોત (ના) એક જાતનું ઝાડ જેનાં બીયાં ઝેરી છે.
ચોકસી (ના) તપાસ.
શીખાઉ (વિ) શીખનાર.
ચોટ (ના) ઝપટ, પેચ.
અજમાવી જોવું (ક્રિ) કરી જોવું.
જીવ લાગ્યાથી એટલે કંઇ ઝેરી જીવડા એ ખાધાથી.
વશિકરણ (ના) કોઇ પણ માણસને તાબે કરી લેવાની વિદ્યા.
શુકન (ના) કાંઇ પણ કામની શરૂઆતમાં સારૂં કે નઠારૂં જે કંઇ ચિન્હ દેખાય તે.
અપશુકન (ના) નઠારા શુકન અથવા ચિન્હ.
પોગળ (વિ) તૂત, બનાવટ.

સવાલ ૧. લીંબુમાંથી લોહી શી રીતે ને કોણ કાઢે છે? ને તેથી તે લોકોને શું સમજાવે છે? ને તે ખરેખરૂં લોહી હોય છે કે? અને નહીં તો રાતું શાથી દેખાય છે? (૨) કોઈ પણ ઝાડને મૂઠ મારી છે, એમ ક્યારે કહેવાય? અને ઝાડ છેક મરી જાય અથવા તેનાં પાંતરાં ખરી જાય છે, તેના ખરાં કારણ ક્યાં છે? (૩) પહેલેથી ગણાવો કે આપણા લોકોમાં કયા વહેમો ચાલે છે?

---

## પાઠ ૧૧૨ મો.

ચોરી (ના) કોઇ માણસની કંઇ પણ વસ્તુ છુપી રીતે લઈ લેવાની ક્રિયા.
માલ (ના) મતા, મિલકત. વસ્તુ.
કાચો (વિ) પકવેલો નહીં તે.
પારો (ના) એક જાતની ધોળા રંગની ધાતુ. એ વસ્તુ ગરમ દેશમાં પ્રવાહી રૂપે ને ઠંડા દેશમાં નક્કર રૂપે હોય છે.
અન (ના) ખાવાનો હર કોઈ પદાર્થ એવો એનો શબ્દાર્થ છે, પણ વિશેષાર્થ તો માત્ર અનાજ (જેવાં કે જુવાર, ઘઉં, બાજરી, કઠોળ વિગેરે) થાય છે.
ધન (ના) દોલત, પૈસા.
હરતાલ (ના) એક જાતનો નક્કર થઇ ગએલો રસ.
ભમે (ક્રિ) ફરે.
જયમ (અ) જેમ, જે રીતે.

કાળ (ના) મોત.

કૌવચ (ના) એક જાતના વેલાતી શીંગ કે ફળ જે અડકવાથી ખંજવાળ આવી આપણી ચામડી જતી રહે છે તે.

ખાળ (ના) ચામડી.

ગાંણુ (ના) ગાયન.

ગાળ (ના) અપશબ્દ, નઠારા શબ્દ.

કુડાં (વિ) નઠારાં.

ચઢાવે (ક્રિ) મૂકે.

આળ (ના) તોહોમત.

અગ્નિ (ના) દેવતા.

ઝાળ (ના) ભડકો.

કો (વિ) કોઇ.

ધણી (ના) માણસ.

લખમી (ના) પૈસો, દોલત.

પચે (ક્રિ) રહે, ભોગવે.

વાસીદું (ના) ઘરમાંથી વાળી કાઢેલો કચરો.

સાએલું (ના) ખાંડણીયું.

તાલ (ના) મઝા.

સાહે (ક્રિ) પકડે.

છછુંદર (ના) ચેણુ.

આપ (સ) પોતે.

તજતાં (કૃ) મૂકી દેતાં.

હાલ (અ) તરતજ.

માળી (ના) ફુલના છોડ ઉછેરનાર અથવા ફુલ વેચનાર.

છીંડું (ના) વાડમાં બાકું હોય તે.

છૂટ (ના) મોકળાશ, ખુલ્લી જમીન.

ફાંસ (ના) સરાક, નાનો સળી.

સાલ (ના) વેહેની અંદર બરાબર બેસતો આવે એવો લાકડાનો છોલી કાઢેલો ભાગ. લફરં જંજાળ.

થોભ (ના) અટકાવ.

મોભામોભ (ના) એક મોભથી બીજે મોભે.

મોભ (ના) ઘરના છાપરામાં ઊંચામાં ઊંચા થાંભલા ઉપર નાંખેલો આડો થાંભલો.

જેમ કાચો પારો ને કાચું અનાજ ખાધેલું પચતું નથી, તેમ ચોરીનો પૈસો કોઇને પચતો નથી. એટલે ભોગવી શકાતો નથી. એટલે જેમ કાચો પારો શરીરે ફુટી નીકળે છે, તેમ ચોરીનો માલ પણ ફુટી નીકળે છે, એટલે ચોરીનો માલ પણ બધી દુનિઆના જાણવામાં આવે છે, ને જેમ કાચું અનાજ પેટમાં દુખે છે અથવા તો માંદા પાડે છે, તેમ ચોરીનો માલ પણ દુઃખી કરે છે અને ઉલટા વધારે પૈસાનું નુકશાન કરે છે. જેવી રીતે કાચી હડતાળ ખાધેલી માફક આવતી નથી, પણ ફુટી નીકળે છે તેમ ચોરીનો માલ પણ ભોગવાતો નથી, જેમ માણસના માથા ઉપર મોત ભમે છે, એટલે દરેક માણસને મોડું વહેલું પણ મરવુંજ પડે છે, તેમ ચોરીનો માલ મોડો વહેલો પણ ચોરનારને ફજેત કરે છે, ને જેમ મોત માણસનો જી-

વ લઇને જાય છે, તેમ ચોરીનો માલ બીજા પૈસાને જોડે લઇનેજ જાય છે.

જેમ કૌવચ આપણા શરીરને લાગે છે તો ખંજવાળ આવીને આખરે આપણા શરીરની ચામડી જતી રહે છે, તેમ ચોરીનો માલ પણ આપણને ખંજવાળના માફક ઘણી ગભરામણ કરાવે છે, ને આખરે જેમ ચામડી જાય છે, તેમ ચોરીનો માલ પોતાની જોડે બીજા પૈસા લઇનેજ જાય છે.

જેમ ગાયન થતું હોય, ત્યાં આગળ કોઈ ગાળ દઇને સાંભળનારના મન દુઃખી કરે છે, તેમ આપણે ખરી મઝામાં હોઇએ, તોપણ ચોરીનો પૈસો આવેથી તે આપણને દુઃખી કરે છે. વળી ચોરીનો પૈસો જો આપણી પાસે હોય તો તેથી કરીને આપણે માથે નઠારાં અનેક તરેહનાં તોહોમત પણ આવે છે.

જેમ દેવતાનો ભડકો ખમી શકાતો નથી તેમ ચોરીનો પૈસો સુખે વાપરી શકાતો નથી, પણ જેમ દેવતાની ઝાળ આપણને બાળી મૂકે છે, તેમ ચોરીનો પૈસો આપણા મનને બાળે છે, એટલે મનને ચેન પડતું નથી.

જેમ જીવતી માખ ગળ્યામાં આવી હોય તો તે જેમ પેટમાં રહેતી નથી, પણ પાછી નીકળી જાય છે, ને ઉલટી કરાવી ખાધેલું પણ બહાર કઢાવે છે, તેમ ચોરીનો પૈસો પચતો નથી, અને વળી જેમ ઉલટીથી આપણું ખાધેલું અન પણ નીકળી જાય છે, તેમ ચોરીનો પૈસો આપણા પૈસાને પણ લેતો જાય છે.

જેમ આખા કોળાનું શાક થતુ નથી એટલે તેને છોલીને તથા મોળીનેજ તેને રંધાય છે, તેમજ વળી ઘરમાંથી વાસીદું કાઢતાં તેમાં કાંઈ સાબેલા જેવી ભારે વસ્તુ તણાઇ જતી નથી- અને કોઈ માણસ એમ કહે કે મેં તો આખા કોળાનું શાક કીધું હતું, અને વાસીદું કાઢતાં સાબેલું ઘરમાંથી તણાઇ ગયું, તો આપણે તેને જૂઠો કહીશું. ને તેની મશ્કરી થશે, તેમજ ચોરીનો પૈસો રાખનારની મશ્કરી થાય છે, અને તે ચોરીના તોહોમતમાંથી મટવાને જે જે વાત કહે તે જુઠીજ હોવાથી તેની વધારે મશ્કરી થશે.

જેમ સાપ ચેણને પકડે ને તેને ખાઇ જાય તો તરત સાપ મરી જાય છે, ને પકડયા પછી જો મૂકી દે, તો તરતજ આંધળો થાય છે, તેજ પ્રમાણે ચોરી કરવામાં જો ફતેહ પામ્યા એટલે બરાબર ચોરી કરી શકીએ તો મરવાનો વખત આવે છે, એટલે સરકાર શિક્ષા કરે છે, પૈસા જાય છે, ને લોકોમાં આબરૂ ઓછી થાય છે. ને ચોરી કરતાં પકડાઇ ગયા તો સાપ જેમ ચેણને મૂકી દેતાં આંધળો થાય છે

તેમ આપણને દુ:ખ થાય છે, એટલે કુજેતીને શિક્ષા થાય છે.

જેમ ખેતરમાંના છોડ ખાવાને બકરી ભરાઇ હોય. તો તેને કાઢી મૂકવાને માળી પોતાના ખેતરની આસપાસની વાડમાં નાનું બાકું રાખી, તે જગ્યાએ જરા મોકળાશ રાખવાનું ડહાપણ વાપરે, તો કોઇ દહાડો તે મોકળાશનો લાભ લઈ, તેમાંથી ઊંટ ખેતરમાં પેસી જઇ, તે બધા છોડ ખાઇ જાય, તેથી લાભને માટે રાખેલું છીંડું ઊલટું નુકશાનકારી થઇ પડે છે, તેમ વધારે પૈસા મેળવવાથી આપણે સુખી થઇશું, એવું ધારી જે માણસ ચોરી કરે, તે એવા ચોરીના પૈસાથી સુખી તો થતો નથી, પણ ઉલટો પેહેલાના કરતાં વધારે દુ:ખી થાય છે. તેમજ વળી આપણા શરીરના કોઇ ભાગમાં નાની સરાક પેઠી હોય, તેથી ઝાઝું દુ:ખ થતું ન હોય, તોપણ તેને મોટું દુ:ખ માની કાઢવાનું ડહાપણ કરે, તો તે કહાડવામાં વખતે, મોટું સાલ માંહે પેસી જાય, એટલે તેને કાઢતાં ઘણી ચામડી ખોતરવી પડે ને તેથી દરદ ઉલટું વધી પડે છે, તેમ ચોરીના માલથી સુખી થવાની ઇચ્છા રાખનાર ખરેખરો સુખી થતો નથી પણ ઊલટો વધારે દુ:ખી થાય છે. આની મતલબ એમ નથી કે શરીરમાં સરાક પેઠી હોય, તે કાઢવાની મેહેનત ન કરવી પણ નાની સરાક હોય કે જેનાથી આપણને બીલકુલ ઇજા ન થતી હોય, ને તેએની મેળેજ આમ તેમ હાલવાથી નીકળી જવાની હોય તો પછી તે જગાએ ચપ્પુએ કરી ચામડી ખોતરવી તેથી વખતે લોહી નીકળી વધારે હેરાન થઇએ.

ચોરીની વાતને છાની રાખવાનો આપણે પ્રયત્ન કરીએ, તોપણ તે છાની રહેતી નથી, પણ જેમ પવન ઝટ વારમાં અહીંથી તહીં જઇ શકે છે, તેમ ચોરીની વાત પણ બહુ ઝડપથી બધા દેશમાં પસરી જાય છે. જેમ બિલાડી છાપરાના એક મોભ ઉપર ચઢી હોય તેત્યાંથી બીજા ને ત્રીજા મોભ પર ચાલી જાય છે, તેમ ચોરીની વાતને અટકાવવાની આપણે મહેનત કરીએ તો તે નકામી જાય છે, ને તે વાત કંઇ એક ઠેકાણે અટકી રહેતી નથી, બધે ફેલાઈ જાય છે.

### પાઠનો સાર.

ચોરી કરવી એ મહા પાપ છે. માણસ ચોરી કરતાં પહેલાં એમ ધારે છે કે ચોરીથી જે પૈસો આવશે તે વાપરીને હું સુખી થઇશ, પણ તેમ થતું નથી, ને ઊલટો પહેલાં કરતાં વધારે દુ:ખી થાય છે, અને વળી ચોરી પકડાયા વિના કદી રહેતીજ નથી. અને જો ન પકડાય તો પરમેશ્વર તો એ વાતથી જાણીતો હોય છેજ તેથી તે

એ ચોરીના પૈસાથી આપણને સુખી કરતો નથી, પણ ઊલટો દુઃખી કરેછે, માટે દરેક છોકરાએ ચોરી કરવાની દાનત કદી રાખવી નહીં. મહેનત કરી જે કંઈ આપણે પેદા કરીએ તેટલાથી રાજી રહેવું, પણ ચોરી કરી પૈસો મેળવી સુખી થવાની ઇચ્છા કોઇએ કરવી નહીં, શાથી જે એથી સુખી થવાતું નથી પણ ઉલટા દુઃખી થઇએ છીએ.

---

## પાઠ ૧૧૩ મો.

---

વર્ણન (ના) બ્યાન, હકીકત.

તીર્થ (ના) જાત્રાની જગા.

પ્રસિદ્ધ (વિ) જાણીતું.

રણછોડજી (ના) દેવામાંથી છોડવનાર એક દેવ.

ધામ (ના) ઠેકાણું, મૂકામ.

રચના (ના) બનાવટ, બાંધણી, રચના ૧ લી વિભક્તિમાં છે.

કોટ (ના) જાડી મજબૂત ને ઊંચી ભીત.

દુકાન (ના) માલ વેચવા બેસવાનું ઘર.

ઢાળીઆં (ના) અડાળી, એક પડાળવાળું છાપરૂં.

ગૌશાળા (ના) ગાયને બાંધવાનું ઠેકાણું.

રસોડું (ના) રાંધવાનો ઓરડો, રાંધણી.

નગારખાનું (ના) નગારાં વગાડવા બેસવાનું ઠેકાણું.

ચોક (ના) છોબંધ બાંધી લીધેલી ચોરસ આકારની જમીન તેના ઉપર ઘણું કરીને છાપરૂં હોતું નથી.

ચોરસી (ના) ચોરસ કકડા, મોટી ઈંટના આકારનો પત્થર.

રંગમંડપ (ના) રંગ પૂરીને તથા બીજો સામાન મૂકીને શોભિતો કરેલો ઓરડો.

આરસપહાણ (ના) એક જાતનો લીસો ને ચળકતો પત્થર.

કઠેરો (ના) હદ નકી કરવા લાકડા અથવા ધાતુના સળીઆથી કરી લીધેલી ટટ્ટી.

બારસાખ (ના) બારણાં ગોઠવવાનું ચોકઠું.

કમાડ (ના) બારણાં.

સવાલ ૧. ડાકોર શેને માટે પ્રખ્યાત છે? (૨) રણછોડજીના દેરાની રચના કેવી રીતની છે? (૩) રણછોડજીના દેરામાં ચઢયા કે પહેલું શું આવે છે? (૪) માંહેલા ને બહારના દેરામાં કેટલાં માણુસ ઉભાં રહી શકે છે? (૫) રંગમંડપનું ભોંય તળીયું કેવું છે તથા તેમાં કેટલા થાંભલા છે?

---

## પાઠ ૧૧૪ મો.

---

સિંહાસન (ના) સિંહને બેસવાનું ઠેકાણું એવો શબ્દાર્થ થાય છે, પણ વિશેષાર્થ દેવ કે રાજાને બેસવાનું ઠેકા-

ણું કે પાર.
સણગાર (ના) ઘરેણાં.
તખ્તા (ના) ચોરસ આરસા.
છપરખાટ (ના) સૂવાનો પલંગ તેના ઉપર મલમલનું ઝીણું કપડું મછર આવતા અટકાવવાને બાંધે છે.
મેળો (ના) ઘણાં માણસ જાત્રામાં એકઠાં થાય તે.
તલપૂર (વિ) તલ માય એટલી.
નબળો પોચો (વિ) જોર વગરનો.
નબળા પોચાનું કામ નથી એટલે શરીરે બળવાન ન હોય તો તે માણસની ભીડમાં છુંદાઈ મરે છે.
શુમારે (અ) આશરે.

સવાલ ૧. રણછોડજીની મૂર્તિને કેટલા રૂપિઆનો સણગાર છે? (૨) સેન ઓરડો એટલે શું? ને તેમાં ક્યાંથી જવાય છે? અને તે ઘણો સુંદર શાથી બન્યો છે? તેમાં છપરખાટ શેનો છે? (૩) રણછોડજીની આખા વર્ષમાં મોટી જાત્રા કેટલી ભરાય છે ને ક્યારે ક્યારે? (૪) જાત્રા વખતે કેટલાં માણસ એકઠાં થાય છે? ને તે વખતે ક્યાં ક્યાંથી શું શું માલ આવે છે? અને તે બધો ખપી જાય છે ખરો કે?

---

## પાઠ ૧૧૫ મો.

---

આંગે (ના) કબજે, તાબે.
બાગ (ના) વાડી, બગીચો.
ગરજ (ના) દરકાર, પરવા, કામ.
સારે છે (ક્રિ) કરે છે બજાવે છે.
આરા (ના) ઓવારા.
મગર (ના) એક જાતનું મોટું જાનવર, પાણીમાં રહે છે.
કમળ (ના) એક જાતનું ફુલ.
ખુટતું (કૃ) કમી થતું.
હનુમાન (ન) હનમાન, બજરંગ.
દેવસ્થાન (ના) દેવના મંદિર.
ઇમારત (ના) મકાન.
લક્ષ્મીજી (ના કૃષ્ણપરમાત્મા અથવા પરમેશ્વરની સ્ત્રી.
સદાવ્રત (ના) ધર્માદા સીધું આપવાનો નિયમ.
વસુલ (ના) ઉપજ.
દેવસ્થળ (ના) દેવનું ઠેકાણું કે મંદિર.
ખીચોખીચ (વિ) પાસેપાસે.

સવાલ ૧–રણછોડજીના દેરાને અંગે કેટલા બાગ છે ને તે ક્યાં છે તથા એ દેરાને કયા બે ગામની ઊપજ મળે છે? (૨) ડાકોરમાં કોઇ નદી છે? અને નહીં તો ત્યાંથી કેટલે છેટે કઈ નદી છે? અને ગામમાં કયું તળાવ છે અને તેમાં ક્યાં પ્રાણી વસે છે? તથા ક્યાં ફુલ થાય છે? (૩) ગોમતી તળાવની વચ્ચે શું છે? (૪) રણછોડજી સિવાય ડાકોરમાં બીજાં કયા દેવસ્થળ છે? (૫) વડોદરા, અમદાવાદ ને સુરતથી ડાકોર કેટલું દૂર થાય છે?

## પાઠ ૧૧૬ મો.

ઘાત (ના) જે પીડાથી મરી જવાય એવી પીડા.
સાંધો (ના) બે હાડકાનું જોડાણ જેવા કે કહોણી, ઢીંચણ, પહોંચો વિગેરે.
નસ (ના) શરીરમાં ચામડાની દોરીઓ છે તે જેમાંથી લોહી વહે છે.
કળતર (ના) દુખાવો.
કરાર (ના) સુખ.
ફેર (ના) તફાવત.
બળતરા (ના) લાહે, અગન.
જળો (ના) એક જાતનું કાદવમાં રહેનાર જીવડું.
ઇસ્પિતાલ (ના) દવાખાનું.
દાક્ટર (ના) વૈદ, અંગ્રેજી દવા જાણનાર.
ઝોળી (ના) લુગડાના ચાર છેડા કશા જોડે બાંધી લઈ તેનો વચલો ભાગ ઝૂલતો રાખવો તે, ખોઈ.
વેદના (ના) દુઃખ, પીડા.
ઘડી (ના) પડ, થર.
અંગ (ના) શરીરનો ભાગ.
મુડદાલ (વિ) મરી ગયા જેવું.

સવાલ ૧–સાંધામાંની નસ તુટવાથી કે લાંબી થયાથી માહે દુઃખ થાય ત્યારે કયા ત્રણ ઉપાય અનુક્રમે કરવા? (૨) સાંધો ખસી જાય એટલે શું ને તે વખતે કયો ઉપાય કરવો? (૩) હાડકું ભાગ્યું હોય તો તે શાથી જણાય છે ને તેને સાજું કરવાને કયા ઉપાય કરવા? (૪) ભાગેલા હાડકાવાળા ભાગને જોરથી ખેંચી બાંધીએ તો શું થાય? અને ઘણુંજ ઢીલું બાંધીએ તો વખતે શું થવાનો સંભવ રહે છે?

## પાઠ ૧૧૭ મો.

ગંઠાઇ જાય (ક્રિ) બંધાઇ જાય, ગાંઠ પડી જાય.
ઘા (ના) જખમ, છેદ.
રૂઝાય (ક્રિ) રૂઝ આવે, નવી ચાંમડી આવે.
કસ્તર (ના) ઝીણી રજ, ભૂકો.
ધાર (ના) કોરણ.
લોટાની ધારે એટલે લોટાની કોરણ વડે પાડી રેડી ધોઇ નાંખવું.
કોકીલું (વિ) થોડું ઉનું, ઊંફાળું.
ટેભા (ના) ટાંકા.
ઘાએલ (વિ) ઘાવાળું.
સૂઝશે (ક્રિ) ફુલશે.
ધોરી નસ (ના) મોટી નસ મુખ્ય નસ.
લાગલોજ (અ) તરતજ.

સવાલ ૧–ભાગેલા અંગને ક્યારે હલાવવું; ને નહીં હલાવીએ તો શું થાય? (૨) ભાગેલે અંગે કેટલી મુદત સુધી કામ ન કરવું? ને જ્યારે કરવું ત્યારે કેવી રીતે કરવું? મોટો ઘા નહીં હોય ત્યારે તેને કેવી રીતે પાટો બાંધવો? અને જ્યારે મોટો ઘા હોય

ત્યારે પાટાને બદલે શું કરવું? ઘામાં સુંજવા ન દેવું? અને કદાચ જાય તો તે શી રીતે કાઢી નાંખવું? (૪) ઘાથી ઘણી વેદના થાય તો શું કરવું? ઘામાંથી ઝાઝું લોહી નહીં જાય માટે શુ કરવું ને કદાચ ધોરી નસ કપાઇ હોય તો શું કરવું?

---

## પાઠ ૧૧૮ મો.

---

ચતો (વિ) સવળો, સીધો.

પાસે (ના) બાજુએ.

પાસાભેર (અ) એક બાજુથી બીજી બાજુ અને બીજીથી વળી પાછો પેહેલી બાજુએ ફરવું.

ફેફસું (ના) દમ લેવાની જગ્યા.

હચમચાટ (ના) હાલવું, હલન વલન.

કામળો (ના) ઉનનું લુગડું.

બગલ (ના) ખભાની નીચેનો ખાડો.

પાસાં (ના) બાજુઓ.

શેક (ના) શેકવાની ક્રિયા, શેકણી.

ચોળવું (ક્રિ) મસળવું.

લાગલગાટ (અ) તુટ પડયા વિના, અવિછિન્ન.

ઝેર (ના) વિખ, જે વસ્તુ થોડી ખાધાથી મરી જવાય તે વસ્તુ.

ઉલટી (ના) ઓકારી.

સરવળસરવળ (અ) આમતેમ હાલવું.

ખુન (ના) એક જાતના ઝાડના બીયાં તેને ઉકાળીને પીવામાં આવે છે તેથી શરીરમાં જાગૃતિ આવે છે.

કાવો (ના) ઉકાળો.

છાલક (ના) ઝાપટ.

પાણીની છાલક મારવી એટલે પાણી છાંટવું.

સફેદી (ના) ઇંડામાંથી નીકળતો ધોળો રસ.

સવાલ ૧–ડુબી ગએલો માણસ જીવતો છે કે નહીં તે જાણવાને કઈ યુક્તિ કરવી? તે જીવતો જણાય તો પછી તેને હોશિઆર કરવાને કયા ત્રણ ઉપાયમાંના બે જરૂર કરવા પડે છે ને તે ઉપાય ધીમે ધીમે થોડી વાર રહીને કરીએ તો ચાલે? (૨) ઝેર ઉતારવાને તે માણસ પાસે શું કરાવવું? ને તે ક્રિયા શું કીધાથી થાય? (૩) અફીણનું અથવા તાંબાના કાટનું ઝેર હોય તો ઉલટી કરાવ્યા પછી તેને શું પાવું?

---

## પાઠ ૧૧૯ મો.

---

આસ્ટ્રેલિઆ એ શબ્દનો અર્થ દક્ષિણ એશિઆ થાય છે.

અગ્નિ (વિ) પૂર્વ ને દક્ષિણ દિશા વચ્ચેનો ખુણો.

બેટ (ના) જે જમીનની ચારે બાજુએ પાણી હોય તે.

ખંડ (ના) ઘણા દેશ મળી જે પ્રદેશ બન્યો હોય તે.

ખાટના (ના) આકારના.

ગ્રેટબ્રિટન (ના) યૂરોપખંડમાંનો એક દેશ જેમાં અંગ્રેજો વસે છે. તેના ત્રણ ભાગ છે. ઈંગ્લાંડ, સ્કાટલાંડ ને વેલ્સ.

વિકટ (વિ) અઘરો, ભયંકર.

વસે છે (ક્રિ) રહે છે.

અનાડી (વિ) મુર્ખ, સાચી વાત ન માને એવો.

જંગલી (વિ) નહીં સુધરેલા.

ઝોળેઝોળાં (ના) ટોળેટોળાં.

ટક્કર લેવી એટલે લડાઇ કરવી, બાથ ભીડવી.

ઢગલેઢગલા (વિ) ઘણુંજ.

ઢગલેઢગલાને જુદા પાડી વ્યાકરણ કરે તો નામ થાય.

દેશાવર (ના) બીજા દેશ.

વતની (વિ) અસલ રહેવાશી.

ખબરદાર (વિ) હોશિઆર.

ખુની (વિ) ખુન કરે એવા, મારી નાંખે એવા.

જુલમી (વિ) જુલમ કરે એવા.

સોબત (ના) સંગત, મેળાપ.

સવાલ ૧—આખી પૃથ્વીમાં સૌથી મોટો બેટ કયો છે? ને તે કયાં છે? ને હાલ ત્યાં કયા લોકો જઇ વસ્યા છે? (૨) આસ્ટ્રેલિયાના મધ્ય ભાગમાં ઝાઝી વસ્તી થઇ નથી તેનું શું કારણ? (૩) આસ્ટ્રેલિઆમાંથી કઇ ધાતુ ઘણી નીકળે છે? (૪) ન્યુઝીલાંડ નામના બેટની સંખ્યા કેટલી છે? ત્યાંના અસલ રહેવાશી કેવા છે? અને એ બેટની જમીન કેવી છે?

---

## પાઠ ૧૨૦ મો.

---

પાટવી (વિ) ગાદીએ બેસવાનો હક ધરાવનાર.

બેહેકેલો (વિ) છાકેલો, ફાટેલો.

સોબત (ના) સંગત.

કુકર્મ (ના) નઠારાં કામ.

ગોઠિયો (ના) મિત્ર, સોબતી.

સરકારમાં (ના) આ ઠેકાણે ઈનસાફની કચેરીમાં.

કુંવર (ના) રાજાનો છોકરો.

શરમ (ના) ખાતર, આબરૂ.

ન્યાયાધિશ (ના) ઇનસાફ કરનાર અમલદાર.

ભાઇબંધ (ના) દોસ્ત.

સજા (ના) શિક્ષા.

છોડી (કૃ) મૂકી.

છોડી દેશે એટલે નિર્દોષ ઠરાવી કાચી કેદમાંથી રજા આપશે.

અદાલત (ના) ઇનસાફ કરવાની કચેરી.

નજરમાં (ના) ધ્યાનમાં, લક્ષમાં.

ઠર્યો (ક્રિ) શાબિત થયો.

ગુનેગાર (ના) ગુન્હો કરનાર.

સ્નેહી (ના) મિત્ર, દોસ્તદાર.

ખાતર (ના) શરમ, દરકાર, તરફદારી.

ઠરે (ક્રિ) શાબિત થાય.

તરફદારી (ના) પક્ષ.
કાયદા (ના) ઇનસાફ કરવાના નિયમો.
કાયદા તોડવા એટલે કાયદા પ્રમાણે નહીં પણ તેનાથી ઉલટું કરવું.
ક્રોધ (ના) ગુસ્સો.
કેદી (ના) જે માણસ કેદમાં હોય તે.
બેઅદબી (ના) અવિવેક.
ઘટે (ક્રિ) શોભે, છાજે.
સપડાક (ના) તમાચા.
ચોડી (ક્રિ) મારી.
ધીરજ (ના) હિંમત.
ચીડ (ના) ગુસ્સો.
ગાદી (ના) તખ્ત, પાટ, આસન.
પિતા (ના) બાપ.
હુકમ (ના) આજ્ઞા, ફરમાન.
પાળવા (કૃ) માનવા.
અપમાન કરવું એટલે નહીં માનવું.
કાયદા અમલમાં લાવવા એટલે કાયદા બજાવવા. અથવા કાયદામાં જે કહ્યું હોય તે મુજબ કામ ચલાવવું.
ગુનો (ના) તકસીર, વાંક.

સવાલ ૧. ઈંગ્લાંડના રાજાનો પાટવી કુંવર જુવાનીમાં કેવી ચાલનો હતો? અને તેને કોની સોબત લાગી હતી? અને તેથી તે શું કરતો? (૨) ઇનસાફની કોરટમાં એ રાજકુંવર કેવા ઇરાદાથી હાજર થયો? અને એની મરજી પ્રમાણે કામ થયું કે નહીં? જો નહીં થયું તો એણે ન્યાયાધિશને શું કહ્યું? અને તે તેણે માન્યું? ન્યાયાધિશે કૂંવરને શું કહ્યું? ને ગુનેગારની જોડે બીજો કોણ કેદમાં ગયો.

---

## પાઠ ૧૨૧ મો.

---

ઠપકો (ના) નઠારાં કામ માટે ધમકાવીને કહેવાના શબ્દો.
વીલો (વિ) ઝંખવાણો, ફીક્કો.
વીલો પડી ગયો એટલે તેનું મોં ઉતરી ગયું, તેના હોશ ઉડી ગયા.
હુકમ માથે ચઢાવવો એટલે હુકમ માનવો.
માથું નમાવવું એ માન આપવાની નિશાની છે.
નિર્ભયપણે (ના) ધાસ્તી વિના.
અમલમાં આણે એટલે બજાવે.
ચાલ (ના) વર્તણુંક.
આતુર (વિ) હોંસીલા.
અમીર ઉમરાવ (ના) મોટા દરજ્જાના કુલીન ગૃહસ્થો.
દુરાચરણી (વિ) નઠારી ચાલના.
કારભારી (ના) પ્રધાન.
તમારૂં મોં દેખાડશો નહીં એટલે તમે મને કદી પણ મળશો નહીં.
તંગીમાં (ના) હરકતમાં, પૈસાની તાણ.
લુચ્ચાઇ દોંગાઇ (ના) હરામખોરી.
પેટ ભરવું એટલે ગુજરાન ચલાવવું.
નભે (ક્રિ) ટકે, ચાલે.
દરમાયા (ના) પગાર.
કેડે (અ) પછી.
ધીરજ (ના) હિંમત.

શરમ (ના) દરકાર, પરવા.
શાબાશી (ના) વખાણ.
ખબરદારી (ના) હોંશિઆરી.
લાયકી (ના) યોગ્યતા, વિવેક.
બહાલ રાખ્યા (ક્રિ) કાયમ રાખ્યા.
નિમકહલાલ (વિ) ખાય તેનું ભલું કરનાર.

સવાલ ૧—ન્યાયની કોરટમાં જે બનાવ બન્યો, તેથી રાજા શા માટે ખુશી થયો? (૨) જ્યારે રાજા મરણ પામ્યો ત્યારે એ કુંવર ગાદીએ બેઠો ત્યારે તેને કોણ કોણ મળવા ગયું? (૩) નવા રાજાએ પોતાના મિત્રને તથા એના ન્યાયાધિશને શું કહ્યું?

## ઉપલા બે પાઠનો સાર.

મોટા દરજ્જાના માણસે હલકા ને નીચ સ્વભાવના માણસની દોસ્તી નહીં કરવી જોઇએ જો કરે તો મોટા માણસની આબરૂ ઓછી થાય છે. બીજું આપણે આપણી ફરજ હોશીઆરીથી વાજબી રીતે હિંમતથી બજાવવા શીખવું જોઇએ. ત્રીજું વાજબીની રાહે જો કોઇ માણસ આપણું અપમાન કરે, તો તેના ઊપર ગુસ્સે નહીં થવું, પણ આપણી જે કાંઇ ભૂલ હોય તે સુધારવી. વાજબી રીતે કોઇ પણ માણસે અગાઉ આપણું માઠું કીધું હોય તો જયારે તે માણસ આપણા દાવમાં આવે ત્યારે તેને દુઃખી નહીં કરવો.

## પાઠ ૧૨૨ મો.

સપુત (ના) સારો છોકરો.
કપુત (ના) નઠારો છોકરો.
આપ (સ) પોતાનું.
રળેલું (કૃ) કમાયલું પેદા કરેલું.
સવાઇ (વિ) સવાગણું.
ઢાંકે (ક્રિ) સંતાડે, કહાડી નાંખે, મટાડે.
કુળ (ના) કુટુંબ, વંશ.
કલંક (ના) બટ્ટો.
અંગ (ના) શરીર.
નિત્ય (અ) હંમેશાં.
વેહેવારી (કૃ) કામમાં લાવીને.
વિશ્વ (ના) દુનિઆ.
વખાણે (ક્રિ) સારૂં બોલે.
પુઠ (અ) પાછળ.
જુઠ (ના) જુઠું.
દિલ (ના) મન.
દાઝે (ક્રિ) બળે, નારાજી થાય.
સજ્જન (ના) સારા માણસ.
દાતા (વિ) દાન કરે એવો.
શૂર (વિ) બહાદૂર.
નૂર (વિ) આબરૂદાર.
લજવ્યો (ક્રિ) સરમાવ્યો.
કીર્ત્તિ (ના) આબરૂ.
કીર્ત્તિ કરે એટલે તેના વખાણ કરે.
કવિજન (ના) કવિતા કરનાર, કવિ.
સકળ (વિ) સઘળા.
ગુણ (ના) સારા ગુણ.
લહે (ક્રિ) લે, રાખે.

લેશ (વિ) જરા, થોડી.
કુળ (ના) વંશ.
લાજ (ના) શરમ, આબરૂ.
ધન (ના) પૈસો, દોલત.
નમે (ક્રિ) વાંકો વળે.
વેરી (ના) દુશમન, શત્રુ.
પાય (ના) પગ.
દુષ્ટ (વિ) પાપી.
રૂએ (ક્રિ) રડે.
દુ:ખ રડવું એટલે દુ:ખ કહેવું.
કલંક (ના) બટ્ટો, એબ.
બોલ (ના) વચન.
બાપીકો (વિ) બાપનો.
બોળે (ક્રિ) ડુબાવે, નહીં માને.
છિદ્ર (ના) કલંક, એબ,
ખોલે (ક્રિ) ઉઘાડું કરે.
આધિન એટલે તાબે.
થકો (અ) થી.
આધિન થકો એટલે આધિનપણાથી એટલે પારકાને તાબે રહીને.
જમે (ક્રિ) ખાય.
લાજ (ના) શરમ.
મરજાદા (ના) અદબ, વિવેક.
નય (અ) નહીં.
લહે (ક્રિ) લે, રાખે.

**સમજુતી.**

જે પોતાની મેળે કમાઇને ખાય, અને પોતાનો બાપ જે કંઇ દોલત આપી ગયો હોય, તેમાં મેહેનત કરી વધારો કરી સવાગણું કરે, વળી પોતાના શરીરની મેહેનત કરી. પોતાના વંશમાં જે કંઈ કલંક હોય, તે કાઢી નાંખે, મતલબ કે ઘણાં સારાં કામ કરે, તો લોકો તેના કુટુંબમાં અગાઉ બનેલો નઠારો બનાવ ભૂલી જઇ પેલાના સારા કામનાં વખાણ કરે. વળી આખી દુનિઆ તેના પાછળથી વખાણ કરતી હોય, તેમજ જૂઠું જોઇ તે માણસનું મન દુ:ખી થતું હોય, વળી તે સારો માણસ, દાતાર, બહાદૂર, આબરૂદાર, અને તેને કોઇ સારો માણસ સરમાવે તો સરમાતો હોય, એટલે પોતાની હદ મૂકી દેતો હોય, વળી કવિઓ જેનાં કવિતામાં વખાણ ગાતા હોય, અને જે પોતાના મનમાં બધા સારા ગુણ રાખતો હોય, કવિ સામળ ભટ કહે છે, કે એટલા બધા ગુણ જેનામાં હોય, તેને લોકો સારો છોકરો કહે છે.

જેને પોતા વંશની જરા પણ શરમ નથી, એટલે પોતા વંશની આબરૂ જતી હોય, તો તેને તેની દરકાર ન હોય, અને વળી તેનો બાપ કંઇ કમાઇને પૈસો મૂકી ગયો હોય તે પણ ગુમાવે, વળી પોતાના દુશ્મનને પગે લાગે એટલે તેને નમે, અને પોતાનું દુ:ખ પાપી માણસ આગળ કહી બતાવે. વળી પોતાના વંશનું કંઇ લાંછન હોય તે તે પોતેજ ઉઘાડું પાડે. અને પોતાના બાપની કરેલી કબુલાત માને નહીં (એટલે

તેના બાપે કોઇને લખી આપ્યું હોય કે હું અથવા મારો છોકરો તમારા રૂપિઆ આપીશું, ને પછી છોકરો વાંકુ બોલી આપે નહીં તો એમ કહેવાય કે બાપનો બોલ પાળ્યો નહી) વળી સારા માણસોને વિના કારણ હેરાન કરતો હોય, અને પોતાની એબ પોતેજ ઉઘાડી પાડતો હોય, વળી પારકાને તાબે રહી પોતાનું ગુજરાન ચલાવતો હોય, અને શરમ તો બીલકુલ રાખતોજ ન હોય, એવા ગુણ જેનામાં હોય, તેને લોકો નઠારો છોકરો કહે છે. એમ સામળ કવિનું કહેવું છે.

**પાઠનો સાર.**

ઉપલા છપામાં સારા છોકરાના જે લક્ષણ કહ્યાં છે, તેવાં દરેક છોકરાએ રાખવાં જોઇએ, અને નીચેના બીજા છપ્પામાં જે દુર્ગુણ કહ્યા છે, તેમાંનો કોઇ પણ આપણામાં જણાય, તો તે તરત કાઢી નાંખવો જોઇએ.

---

## પાઠ ૧૨૩ મો.

---

એકલશૂરો (વિ) એકલગંધો, જે પોતે એકલોજ રહે બીજાની સોબત પણ ન કરે એવો.

લક્ષણ (ના) ગુણ. ચાલ.

કેવળ (અ) તદન, બીલકુલ.

છાતીવાળો (વિ) હિંમતવાળો.

મસ્કરો (વિ) મસ્કરી કરે એવો.

ચપળ (વિ) હોશિઆર.

ધારે (ક્રિ) નિશ્ચય કરે.

મધ્ય (વિ) વચલો.

આળસ (ના) સુસ્તી.

વાંક (ના) ગુન્હો, કસુર.

ઠપકો (ના) નારાજી થઇ ગુસ્સો જણાવવા મોટેથી જે બોલ કહેવાતા તે.

સરદાર (ના) ઉપરી.

હુકમ (ના) આજ્ઞા.

હુકમમાં રહે એટલે કહ્યા પ્રમાણે ચાલે.

હસમુખો (વિ) હસતાં મોંનો, જે સહેજ વાતમાં હસીને બોલે. એટલે ખડ ખડ હસે પછી બોલે એમ નહી પણ સેહેજ હસી પોતાની ખુશી બતાવે.

મીઠાશથી (ના) મીઠા શબ્દોથી કોઇને સારા લાગે એવા શબ્દોથી.

નવરાશ (ના) ફુરસદ, પરવાર.

ઊદમાત (ના) મસ્તી, હુલ્લડ, તોફાન.

ઠાવકું (વિ) ગંભીર, ડહાપણવાળું.

ઉદ્યોગ (ના) મહેનત.

વર્ગ (ના) કલાસ.

ચોખ્ખી ના એટલે બીલકુલ ના, કોઇ દહાડો રમેજ નહીં.

સવાલ ૧ લો. કહાનદાસને શિવશંકરના ગુણ એક બીજાને મળતા આવતા હતા ? (૨) કહાનદાસમાં કેવા ગુણ હતા ? તે વર્ગમાં પહેલો નંબર કેમ મેળવી ન શક્યો ? એના વર્ગમાં ૧ લો નંબર કોણ રાખતો ? અને જ્યારે

તે પહેલો નંબર રાખતો ત્યારે તે કહાનદાસથી ભણુવામાં હોશિઆર હશે નહિં વારૂ ? જો નહીં તો તેનો પહેલો નંબર શી રીતે આવતો તે કહો ?

---

## પાઠ ૧૨૪ મો.

બેવકૂફ (વિ) ભાન વગરનો.

ભલો (વિ) સારો, સારા સ્વભાવનો.

રાંડી રાંડ (ના) જે બૈરીનો વર મરી ગયો હોય, તે બૈરી.

દલણાં દળીને પેટ ભરતી એટલે દળવાથી જે મજુરી મળતી તે મજુરીના પૈસાથી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતી.

માંદો સાજો (વિ) એટલે થોડા દહાડા માંદો રહે, વળી થોડા દહાડા સાજો થાય ને વળી પાછો માંદો પડે એવો.

નિભાવ (ના) ગુજરો.

શિવશંકર ભણુશે તોજ ઘરની આબરૂ રહેશે એટલે શિવશંકર ભણી ગણી કંઈ કમાતો થશે તોજ ઘરમાં ખાવા પીવાનું મળશે, નહીં તો બીજે કંઇ રસ્તેથી કમાઇ થાય તેવું નથી.

મહા (વિ) ઘણી, મોટી.

વેળા (ના) આપદા, દુઃખ.

ભોગવીને (કૃ) ખમીને, વેઠીને.

હેત (ના) માયા.

સંભાળ (ના) કાળજી.

લાયક (વિ) યોગ્ય.

જીવ હતો એટલે મન હતું એટલે રમવામાં મન રાખતો.

ટેવ (ના) આદત.

થાકી પાકી (વિ) ઘણી થાકેલી.

વાસીદું (ના) ઘરમાંનો વાળી કાઢવાનો કચરો.

શિક્ષક (ના) શીખવનાર, મેહેતાજી, મારતર.

ઉમેદ (ના) હોંસ.

ભરણ પોષણ (ના) ગુજરાન, ખાનપાન.

કમાતો (વિ) રળતો, રળે એવો.

હરખાશે (ક્રિ) ખુશી થશે.

મગન (વિ) રાજી ખુશી.

તુરંગ (ના) વિચાર.

કને (અ) પાસે.

સવાલ. શિવશંકર નિશાળેથી ઉઠે કે તરત ઘેર શા માટે જતો ? (૨) શિવશંકરની મા પોતાના કુટુંબનું પોષણ કયા ધંધાથી કરતી ? (૩) શિવશંકર ભણીને ધંધે ન લાગત તો એના કુટુંબનું પોષણ કઈ કમાઈમાંથી થવાનું હતું ? (૪) શિવશંકરની મરજી શું થવાની હતી ? (૫) અને તેના મનમાં કેવા વિચાર આવતા ?

---

## પાઠ ૧૨૫ મો.

ભાઇ ભાંડુ (ના) ભાઇ બેન વિગેરે બીજાં સગાં.
વડો (વિ) મોટો.
ગમતું (ક્રિ) પસંદ પડતું.
ખપ (ના) કામ, જરૂર.
મન પર લે એટલે મનમાં ધારે ચિંતવે.
વહાલ (ના) હેત, પ્રિત.
થાક આવે થાકી જાય.
રઝળતો (કૃ) રખડતો, વિના કારણે આમ તેમ ભટકતો.
સાંભરી આવે (ક્રિ) યાદ આવે.
સાંભરી કૃદંત ને આવે ક્રિયાપદ.
વીસરી (કૃ) ભૂલી.
સેહેજ (અ) થોડીવારમાં, થોડી મહેનતે.
પાર પડત એટલે શિક્ષક થાત.
સરદારી (ના) ઉપરીપણું.
મોટાઇ (ના) આબરૂ.
કઠણ (વિ) અઘરા.
ભાંગ કરવું એટલે મનમાં જે વિચાર આવ્યા હોય તે માંડી વળાવવા.
મળતાવડો (વિ) મીલનસાર.
જાતને (ના) દેહને, પોતાને.

સવાલ ૧. કહાનદાસના મા બાપની સ્થિતિ કેવી હતી? અને બીજા ભાંડુઓને કહાનદાસ શાથી ગમતો? (૨) કહાનદાસ પોતાની માને ઘરનું કામ કરવા લાગતો કે નહીં? અને બરાબર નહીં તો શાથી? (૩) કહાનદાસ ઘણો હોશિઆર હતો તોપણ વર્ગમાં ૧ લું નામ તેનું કેમ નહોતું આવતું? (૪) કહાનદાસ ને શિવશંકર એ બેમાંથી ખરેખરો એકલશૂરો કોણ?

## પાઠ ૧૨૬ મો.

લગભગ (અ) આશરે, સુમારે.
પોણો (વિ) આખી વસ્તુના ચાર ભાગ કરીએ તેમાંના ત્રણ ભાગને પોણો કહે છે.
જળ (ના) પાણી.
ઢંકાએલો (કૃ) ઢુબેલો.
ભંડાર (ના) ખજાનો, વખાર.
મહાસાગર (ના) મોટો દરિઓ.
મહા એ વિશેષણ ને સાગર એ નામ.
વહાણ (ના) મોટી હોડી, એક બંદરેથી બીજે બંદરે માલ વિગેરે પાણીમાં થઇને લઇ જવાને લાકડાનું લંબ ગોળાકાર જે બાંધે છે તે.
ધોરી (વિ) મોટો, સરિઆમ.
સેહેજ (અ) સહેલથી, થોડી મેહેનત અને મુદતમાં.
ખાર (ના) ખારાશ.
ઠરી જવું (ક્રિ) ઝમી જવું, ઝમીને બરફ થઇ જવું.
તળીઉં (ના) નીચેનો ભાગ.
ગાળીઓ (ના) બે ડુંગરા કે ટેકરાની વચ્ચેની નીચી જમીન અથવા ખીણ.

ફેર (ના) તફાવત.
ખડક (ના) દરિઆમાં બંધાઇ ગએલો ને પાણીની નીચે હોય એવો ટેકરો.
કલ્પ્યા છે (ક્રિ) ધાર્યા છે.
પાસિફિક (ના) શાંત. એવું નામ પાડવાનું કારણ કે એ દરિઆમાં તોફાન બહુ ઓછું થાય છે.
આટલાંટિક (ના) એવું નામ પાડવાનુ કારણ કે આફ્રિકામાં અટલાસ પર્વતની પાસે એ આવ્યો છે તેથી.
હિંદી (ના) આ ઠેકાણે નામજ કહેવું, કારણ દરિઆનું નામ છે, બાકી હિંદી છે તો વિશેષણ.

હિંદુસ્તાનની પાસે આવેલો માટે એવું નામ પાડયું.
ઉત્તર (ના) પૃથ્વીની ઉત્તરમાં આવેલો માટે એવું નામ પાડયું.
દક્ષિણ (ના) પૃથ્વીની દક્ષિણમાં આવેલો માટે એવું નામ પાડયું.
રોકી (કૃ) ઘેરી.
વિસ્તાર (ના) મોટાઇ, લંબાઇપહોળાઇ.
બરફ (ના) ઠરી ગએલું પાણી.
ખરાબો (ના) ખડક.

સવાલ ૧. પૃથ્વીના કેટલા ભાગ ઉપર પાણી છે? બે દેશની વચ્ચે દરિઓ હોય તે નુકશાનકારી છે કે ફાયદાકારી? અને ફાયદાકારી છે તો શાથી?

(૨) દરિઆનું પાણી શા માટે કોહી નથી જતું?

(૩) પૃથ્વી ઉપર મોટા પાણીના જથો છે, તેના કેટલા વિભાગ પાડયા છે? તેના નામ દો? અને તે નામ શાથી પડયાં? અને એ પાંચે મહાસાગર પૃથ્વીના કયા ભાગમાં છે તે કહો?

---

## પાઠ ૧૨૭ મો.

---

ધારણ કર્યું (ક્રિ) રાખ્યું.
માર્ગે (ના) રસ્તે.
વિદ્યા (ના) ભણતર.
ચરિત્ર (ના) કામ, કારકિર્દીનું વર્ણન.
ઝીણી (વિ) બારીક, જેમાં વધારે વિચારનો ખપ પડે એવી.
ભાન (ના) ખબર.

વિદ્યા સારે માર્ગે વાપરવી એટલે વિદ્યા ભણવાથી જે જ્ઞાન મળ્યું હોય, તે જ્ઞાન માણસ જાતનું વાજબી રીતે ભલું કરવામાં વાપરવું તે, જેમ કોઇ માણસ રેલવેની ગાડી જવાને પર્વતો કોચી રસ્તા કરવાનું કામ શીખ્યો હોય, અને તે પ્રમાણે તે એકાદ મોટા પર્વતને કોચી ગાડીને જવાનો રસ્તો કરી આપે, તો તેણે વિદ્યાનો સારો ઉપયોગ કીધો કહેવાય, પણ તેજ વિદ્યાવડે તે મોટાં શેહેરોનો વિના કારણ નાશ કરે, તો એણે નઠારો ઉપયોગ કીધો કહેવાય.
માથે પડયો એટલે ભોગવવો પડયો.
વેરો (ના) કર.
સરતે (વિ) સોંઘે.

ભાવે (ના) કિંમતે.
જુક્તિ (ના) તદબીર.
દેશાવર (ના) પારકો દેશ.
વોહોરવા (કૃ) ખરીદવા.
સાટે (ના) બદલે.
ખરાબ થયા એટલે પૈસે ટકે નુકશાન થયું.
ખરાબ (વિ) થયા (ક્રિ)
પોતાનું રૂપ પ્રકાશ્યું એટલે તેનો ખરો સ્વભાવ બહાર પાડયો.

## પાઠ ૧૨૮ મો.

નિર્દય (વિ) દયા વિનાનો.
બેવકુફ (વિ) ભાન વિનાનો.
ગડબડ (ના) તોફાન, અવ્યવસ્થા.
ઊતરડી (કૃ) ઉતરાવી.
બળવો (ના) ફુલ્લડ, બંડ.
ડગલું મૂક્યું એટલે ગયો.
કમર બાંધી એટલે લડવાને તૈયાર થયા.

## પાઠ ૧૨૯ મો.

દશા (ના) હાલત.
આવકાર (ના) માન, આવકાર કર્યો એટલે માન આપ્યું,
તખ્ત (ના) ગાદી.
ફંટાયો (ક્રિ) વળ્યો, ગયો.
સ્વતંત્રતા (ના) આપઅખત્યારી.
વસુલ (ના) ઉપજના રૂપીઆ.
ઇજારે આપવો એટલે ઉચક રૂપીઆ એક માણસ પાસેથી લઈ તેને અસલ ઉપજ ઉઘરાવવા દેવી.
ઘાતકી (વિ) દયા વગરનો.
બંધાય (ક્રિ) થાય.
દૂર કર્યો (ક્રિ) મટાડયો, દૂર (અ)
શાહજાદો (ના) પાદશાહનો છોકરો.
બરતરફ કરવો = નોકરીમાંથી કાઢી મૂકવો.

## પાઠ ૧૩૦ મો.

શાહજાદો (ના) પાદશાહનો છોકરો.
બેવકુફ (વિ) મુર્ખ.
નબળો (વિ) દુર્બળ, જોર વગરનો.
પીતરાઈ ભાઇ (ના) કાકાના છોકરા.
અદલ (વિ) વાજબી, સાચો.
ઈનસાફી (વિ) ઇનસાફ કરનાર.
દયાવંત (વિ) દયાવાળો.
રીબાવીને (કૃ) દુઃખી કરીને.
ચાલ (ના) રિવાજ, રીતભાત.
ભારે (વિ) મોટા, ભારે એ પહેલી વિભક્તિમાં છે.
વેરો (ના) કર.
ઊઘરાતદાર (ના) કર ઉઘરાવનાર.
જાસ્તી (વિ) વધારે.
પાઠશાળા (ના) મોટી નિશાળો, મદરેસા,
ધર્મશાળા (ના) ગરીબ લોકો તથા મુસાફર લોકોને મફત રહેવાનું ઘર.

દવાખાના (ના) ઇસ્પીતાલ.
હમામખાના (ના) નાંહાવાની જગ્યા.
ઇમારત (ના) મકાન, ઘર.
તરાપા (ના) લાકડાંને બાંધી લઇ પાણી પર તરી શકે એવો ઘાટ બનાવેલો તે.
મછવા (ના) નાની હોડી.
ખપ (ના) કામ.
તખ્ત (ના) ગાદી.
અણબનાવ (ના) લડાઈ.
બદી નહીં એટલે તાબે રહી નહીં. બદી એ ક્રિયાપદ ભૂતકાળ.
ગણકારતાં (ક્રિ) પત કરતા, તાબે રહેતા, અનિયમિત ભૂતકાળ.
રાજ ચિન્હ (ના) રાજાની નિશાનીઓ જેવી કે નોબત, ચમ્મર, છત્ર, રાજદંડ વિગેરે.
માન (ના) આબરૂ.
ઉપકાર (ના) પાડ, ગુણ, આભાર.
સ્વતંત્ર (વિ) આપઅખત્યાર.

## પાઠ ૧૩૧ મો.

જુલમી (વિ) જુલમ કરનાર.
જુલમનો વરસાદ વરસાવ્યો એટલે ઘણો જુલમ કીધો.
બૂમ (ના) ગપ, વાત,
ઘેરો (ના) લશ્કરે શેહેર કે કિલ્લાની આસપાસ વીંટળાઇ વળવું.
હઠાવ્યા (ક્રિ) પાછા કાઢયા, આણ્યા.
ખાળી (કૃ) રોકી, અટકાવી.
લાગ (ના) તાલ, દાવ, વખત.
અભય (વિ) બીક વગરનું.
વચન (ના) શબ્દ.
હડખાએલું (વિ) જેને હડખવા થયો હોય તે.
ભટકીને (કૃ) રખડીને.
કોગળીયું (ના) ઓકીને તથા ઝાડા થવાથી મરી જવાય એવો રોગ.
ઓચિંતા (વિ) એકદમ.
ગેરબંદોબસ્ત (ના) અવ્યવસ્થા.

## પાઠ ૧૩૨ મો.

સત્તા (ના) હકુમત.
લૂટફાટ (ના) ચોરી.
હુમલો (ના) ચઢાઇ.
ઊપમા (ના) અલંકાર, સરખામણી.
ઘાતકી (વિ) ક્રૂર, દયા વિનાનો.
લડવૈયો (ના) લડાઈ કરનાર.
દોંગો (વિ) ફીસાદ કરનાર.
આસ્તિક (વિ) ભાવ રાખનાર.
ડોળ (ના) ભભકો.
માનવી (ના) માણુસ.
નાહક એટલે વિના કારણ. ગેરવાજબી રીતે.
પાડ (ના) ગુણ.
હાકેમ (ના) સૂબેદાર, અમલદાર.
અમલ (ના) રાજ્ય.
હકુમત (ના) રાજકારભાર.

શિક્ષા (ના) સજા.
લોભી (વિ) લોભ કરનાર.
ઘાતકી (વિ) દયા વગરના.
એકલપેટા (વિ) પોતાનુંજ ભલું ઈચ્છનારા.
દશા (ના) હાલત, સ્થિતિ.
પડતી દશા એટલે નઠારી હાલત.
માત્ર (અ) ફક્ત તદન.
તાબાનું (ના) કબજાનું.

## પાઠ ૧૩૩ મો.

ઈંડિઅન (ના) હિંદુસ્તાનનો રહીશ, એ ખરો અર્થ છે, પણ પ્રથમ જે યુરોપી એ અમેરિકાખંડ શોધ્યો, તેઓ તેને અમેરિકા નહોતા ધારતા, પણ હિંદુસ્તાન ધારતા હતા તેથી તેઓએ, એ દેશમાં જે લોક જણાયા તેને ઇંડિઅન કહ્યા, તે હજી તેમનું તેમ ચાલે છે, બાકી એ નામ ખોટું છે. માટે આ ઠેકાણે ઈંડિઅન એટલે અમેરિકાનો અસલ રહેવાશી.
અવસ્થા (ના) હાલત.
સંગત (ના) સોબત.
ખ્રિસ્તિ (ના) ખ્રિસ્તિ ધર્મને માનનારા, વિશ્વાસી.
તરેહવાર (વિ) નવાઈ જેવી.
રીતભાત (ના) રિવાજ, ધારા.
ઇશારત (ના) અણસારો.
કુંડું (ના) એક જાતનું મોહોળા મોંનું વાસણ.
કામળી (ના) ઊનની ધાબળી.
મસળવા (કૃ) અમળાવવા.
સાબુ (ના) મેલ કાપે એવા પદાર્થનો જે ગોળો બનાવે છે તે.
વાયદો (ના) મુદત નક્કી કરવી તે.
વાયદાસર એટલે કબુલ કરેલી મુદતે.
ચૂકતા (કૃ) ભૂલતા.
અબ ઘડી (અ) હમણાં, તરતજ.
સઈ (ના) દરજી-

સઈની સાંઝ એટલે દરજીઓને કંઈ આપણે શીવવા આપ્યું હોય તે તૈયાર કરી આપવાનો વાયદો તેણે સાંઝનો કીધો હોય, તેથી આપણે સાંઝે લેવા જઈએ, ત્યારે કહેશે કે કાલ સાંઝે આવજો. વળી બીજે દહાડે જઈએ ત્યારે કહે કે કાલ સાંઝે આવજો, એમ તે જૂઠા વાયદા કર્યા કરે છે, તેથી એવી કહેવત થઈ પડી છે, કે સઈની સાંઝ ને મોચીના વહાણાનો પાર આવતો નથી. મોચીએ સવારનો વાયદો કર્યો હોય તો તે પણ રોજ સવારનો વાયદો કર્યોજ જાય, ને જૂઠું બોલવાને પસ્તાતો નથી. માટે સઈની સાંઝ ને મોચીના વહાણાનો પાર આવતો નથી, એટલે એ લોકો વાયદો પાળવામાં જૂઠા પડે છે.
વહાણું (ના) સવાર, પ્રભાત.
પાર (ના) છેડો, અંત.
પાળે છે (ક્રિ) માને છે.

રવિવાર પાળવો એટલે અઠવાડી-આમાં એક દહાડો ખ્રિસ્તિ લોકો આરામ લે છે, ને તે દિવસ પરમેશ્વરની ભક્તિ કરવામાં કાઢે છે, તે રવિવારે એમ કરે છે, માટે રવિવાર પાળવો એટલે ધંધો રોજગાર નહીં કરતાં માત્ર પરમેશ્વરની ભક્તિમાં વખત કાઢવો.

શિકાર કરવો એટલે ખાવાને માટે જાનવર મારવાં.

મધુર (વિ) મીઠો.

ભજન (ના) ભક્તિના ગીત.

ગ્રંથ (ના) પુસ્તક, ચોપડી.

કમાડ (ના) બારણું.

આવકાર (ના) ભાવ, સત્કાર

ખોળો (ના) પલાંઠી માંડીને બેસતાં બે જાંગથી ઘુંટણ લગીમાં જે ખાડો થાય છે તે.

ઘુમટો (ના) સોડીઓ, પહેરેલા લુગડાંને માથા ઉપરથી મોં તરફ ઉતારી મોં ઢાંકવું.

પ્રાર્થના (ના) સ્તુતિ.

દીલ (ના) મન.

પાડ (ના) આભાર, ગુણ.

સવાલ ૧. અમેરિકાના ઈંડિઅન લોકો હાલ શાથી સુધર્યા છે? (૨) વાયદો પાળવામાં ઈંડિઅન લોકો કેવા છે? તેનો એકાદ દાખલો આપો? (૩) આપણા દેશમાં કયા લોકો બરાબર વાયદો પાળી શકતા નહીં હોવાથી તે વિષે એક કહેવત છે? અને તે શી છે? (૪) અમેરિકાના ઈંડિઅનની કઇ ટેવ ખરાબ છે? (૫) ઈંડિઅન લોકો કયો તેહેવાર બહુ પાળે છે?

---

## પાઠ ૧૩૪ મો.

---

મુસાફરી (ના) દેશમાં ફરવું, દેશાટણ.

કડીઓ (ના) નેતર કે વાંસની સળીઓનો એક જાતનો ટોપલો.

ચોકઠું (ના) ચાર ખુણાવાળો લાકડાનો આકાર.

પારણું (ના) ઘોડીઆની વચે લટકતું લાકડાની ચોરસ માચી જેને કઠેરા કરી લીધા હોય છે.

નકશી કામ (ના) ચિત્રામણ.

પીઠ (ના) વાંસો.

બરડો (ના) વાંસો.

અઢીંગીને (કૃ) અડકાડીને.

માયાળુ (વિ) હેત રાખનાર.

સુંદર (વિ) શોભિતા.

ભાતે ભાતના (ના) જાત જાતના.

ગુંથે છે (ક્રિ) બનાવે છે, ભરે છે.

બિરાજી (કૃ) શોભી.

ટકાઉ (વિ) ઘણી મુદત ચાલે એવાં.

મજબૂત (વિ) ભારે, સંગીન.

નરમ (વિ) ઢીલી, પ્રવાહી.

સિસોલિયાં (ના) શાહુડીના પીછાં.

ચાપાચીપીઆ (વિ) પંચાતખોરા, રગઝગ કરનારા.

પક્કા (વિ) પાકા, ખબરદાર.

ભાવ (ના) કિંમત, મૂલ.
માલ (ના) જણસ.
ખંધા (વિ) પાકાં, ખબરદાર.
ધારી (કૃ) મનમાં નક્કી કરી.
ફેરા (ના) ધક્કા, આંટા, ટાંપાં.
ઘાઘરો (ના) ચણિયો, બૈરાંને પહેર-
વાનું એક લુગડું.
લલચાયું (ક્રિ) લોભાયું.
મન લલચાયું એટલે તે લેવાને મ-
ન થયું.
વારા ફરતી (અ) એક પછી એક.

સવાલ ૧. ઇંડિઅન લોકો મુસાફ-
રીમાં પોતાના છોકરાંને કેવી રીતે રા-
ખે છે? (૨) છોકરાંવાળું પારણું બા-
યડી કેવી રીતે ઊંચકે છે? (૩) ઇં-
ડિઅનની બાયડીઓ શેના કંડિઆ ત-
થા વાસણ શી રીતે ને કેવાં બનાવે
છે? (૪) ઇંડિઅન લોકો બીજી કઇ વ-
સ્તુથી સારી રીતે જાણીતા છે? (૫)
એ લોકો કઇ કઇ બાબતમાં ઘણા ખ-
બરદાર હોય છે, તેમાં વધારે ખબર-
દાર સ્ત્રી હોય કે પુરૂષ?

---

## પાઠ ૧૩૫ મો.

---

ખુંધી (વિ) વાંસામાંથી વાંકી થઇ ગ-
એલી.
ઊધના (ના) એક ગામ છે તે સચી-
નના નવાબને તાબે છે, ને તે સુ-
રતથી દક્ષિણમાં ૧ ગાઉ દૂર છે.
ઊધના પહેલી વિભક્તિમાં છે.
હસમુખી (વિ) હસતાં મોંની, આનંદી.
ઊમરો (ના) બારસાખની નીચેનો ભાગ.
આંગણે (ના) બારણાં આગળ.
ચિત્ત (ના) મન, ધ્યાન, લક્ષ.
બેડોળ (વિ) કદરૂપી.
લંગડી (વિ) ખોડી.
ટેકયા (કૃ) અડકાડયા, ટેકા દીધા.
ઊતરી ગએલું (વિ) ફીક્કું, તેજ વગરનું.
ઉદાશી (વિ) દીલગીરીવાળું.
ઠીંગણી (વિ) નીચી, બટકી.
બેઢંગું (વિ) ઢંગ વિનાનું, કદરૂપું.
કેડે (અ) પાછળ, પુઠે.
પડયાં (ક્રિ) દોડયાં, ગયાં, લાગ્યાં.
ખભું (ના) હાથનો ઉપલો સાંધો.
ખભાં ચઢાવીને એટલે હાથના સાં-
ધા ઉંચા કરીને. એમ કરવાની મત-
લબ એ કે પેલી ખુંધી છોકરીના ચાળા
પાડવા.
ખોડંગતાં (કૃ) ખોડાતાં.
ચાળા પાડવા એટલે સામું કોઇ જે-
મ કરતું હોય તેમ જાણી જોઇને કરવું તે.
શામેલ થઇ (ક્રિ) દાખલ થઇ.
બહાવરી (વિ) ગાભરી, બેબાકળી.
હૈયું કઠણ રાખીને એટલે મન સા-
વધ રાખીને.
છેક (અ) બીલકુલ.
લગભગ (અ) પાસે.
બાપડી (વિ) બિચારી, ગરીબડી.
ચીડવો છો (ક્રિ) ખીજવો છો.

દુઃખમાં મરી રહેલી એટલે દુઃખમાં રીબાયા કરે છે, અથવા હેરાન થાય છે.

પજવો છો (ક્રિ) દુઃખી કરો છો.

લાજ (ના) શરમ.

સામી (વિ) ઉલટી.

ધરે છે (ક્રિ) લાયક છે.

દિંગ (વિ) તાજુબ.

દિંગ થઇ ગયો એટલે તાજુબ થઇ જઈ આશ્ચર્ય પામી ગઇ.

શરમાઇ (કૃ) લજવાઇ.

સવાલ ૧--ઉધના ગામ કયાં છે અને તેમાં કોનું રાજ્ય છે? (૨) અમૃત ને જીવલી વિશે સું જાણો છો? (૩) જીવલીને કોણે ખીજવી ને તેમ કરતાં કોણે અટકાવ્યું?

---

## પાઠ ૧૩૬ મો.

---

દાઢી (ના) હડપચી ઉપર ઉગેલા મોટા વાળ, જે છાતી ઉપર લટકા રહેછે.

જટા (ના) માથાના બધા વાળને વધવા દઈ જે અંબોડો વાળે છે તે.

ડોળા (ના) આંખના ખાડામાં જે ધોળો ને વચેથી કાળો તરતો ગોળ પદાર્થ તે.

ડાંગ (ના) લાકડી.

થરથરીગયાં (ક્રિ) ધ્રૂજીગયાં, બીહીગયાં.

બેટા (ના) છોકરા, ઘણા હેતથી બોલાવતી વખતે છોકરીને પણ બેટા કે દીકરા કહેવાનો ચાલ છે.

હીંડ (ક્રિ) ચાલ.

માકને એટલે માની પાસે કનેનું પદચ્છેદ જુદું કરવું ને તે અવ્યય છે.

લોહી (કૃ) લુછી, સાફ કરી.

ધીમી પાડી એટલે શાંત કીધી, ધીરજ આપી.

હારે (અ) સાથે, જોડે.

વેગળે (અ) દૂર, આઘે.

ઝાડી (ના) ઘણા ઝાડનો જથો.

ખેતરવા (ના) ખેતરપૂર જમીન, એક ખેતર જેટલી લંબાઈ.

જોવામાં પડી એટલે જોવા લાગી.

બહેનપણી (ના) સોબતી, સહીઅર, સખી.

વળી (ક્રિ) ગઇ, ફરી, ચાલવા લાગી.

સરત (ના) યાદ, ભાન.

ફેરો (ના) વખત.

છેટે (અ) દૂર, આઘે.

માર્ગ (ના) રસ્તો.

ભટકી (ક્રિ) રખડી.

ભાંગ્યા (ક્રિ) પેઠા, ભોકાયા.

ઓઢણી (ના) છોકરીઓને પેહેરવાનો નાનો સાલ્લો.

ચણિયો (ના) ઘાઘરો.

ઊઝરડા (ના) શરીર છોલાવાથી જે લીસોટા શરીર પર પડે છે તે.

રોવા (કૃ) રડવા.

દહાડો વળે એટલે ઇચ્છેલું કામ થાય.

પરસેવો (ના) શરીરમાંથી તાપને લીધે જે પાણી નીકળે તે.

ઘુંટણપૂર (વિ) ઘુંટણ જેટલો ઊંડો.

ઘુંટણ (ના) પગના નળાની ઉપરનો સાંધો.

ચીલો (ના) ગાડાંને જવાનો રસ્તો, ઘરેડ.

આશરે આશરે (ના) અનુમાન કરીને, ધારીને.

ઝુંપડી (ના) નાની છાપરી.

સવાલ ૧. જીવલીને ખીજવનાર છોકરાં શાથી નાશી ગયાં? અને બાવાએ જીવલીને શું કહ્યું ને કયાં લઇ ગયો? (૨) અમૃત ઝાડીમાં શી રીતે ભૂલી પડી? (૩) ભૂલી પડયા પછી તે કેણી ગમ ચાલી ને રસ્તે તેને શા શા દુઃખ પડયાં? છેલે તે કયાં આવી પહોંચી?

---

## પાઠ ૧૩૭ મો.

---

નીચી (વિ) થોડી ઊંચી.

સુંદર (વિ) શોભિતી.

વાડી (ના) બાગ.

ભાત ભાતનાં (ના) જાત જાતનાં.

વેલા (ના) ઊંચે નહીં વધતાં જમીનની સપાટી ઉપર વધનાર વનસ્પતિ, કોળા, તુરીયાં, દુધી, તડબુચ, ગલકા, પાપડી વિગેરેના વેલા હોયછે.

હિંમત (ના) હોશિઆરી, જાગૃતિ.

ફાળ (ના) ધાસકો, બીક.

ફાળ પડી એટલે બીધી, ફીકર થવા લાગી.

નાસવાનું (કૃ) દોડવાનું.

હાય અથવા આય (ના) શક્તિ જોર, કૌવત.

અકળાઇને (કૃ) ગભરાઇને.

રોઇ (કૃ) રડી.

ઘાંટો (ના) સાદ, અવાજ.

બીની (ક્રિ) બીધી.

દિલાસો (ના) ધીરજ.

મીઠાં (વિ) સારાં, મધુર.

વચન (ના) બોલ, શબ્દ.

સરભરા (ના) સેવા ચાકરી, બરદાસ.

મટી ગઈ એટલે જતી રહી મટી કૃદંત ને ગઈ ક્રિયાપદ.

વીતેલી (વિ) ગુજરેલી, બનેલી, થએલી.

દયા (ના) મહેર, સામાનું દુઃખ મટાડવાને આપણા મનમાં જે અસર થાય તે.

વાટ (ના) રાહ.

મારી વાટ જોતી હશે એટલે મારા જવાના રસ્તામાં મને જોતી ઊભી હશે.

વઢશે (ક્રિ) ખીજશે, ધમકાવશે.

થાક (ના) મહેનત થવાથી શરીરના હાડકાં દુખે છે તે, સુસ્તી.

થાક ખા એટલે આરામ લે. તને થાક લાગ્યો છે એટલે ઘણી મહેનત પડી છે તે થોડી વાર બેશીને મટાડ.

ભૂલી પડી છે એટલે જે ઠેકાણે જવું જો-

ઇએ તેનો રસ્તો એને જડતો નથી.
લોથ (ના) જોર વગરનું કે થાકેલું માણસ. નજીવું.

સવાલ ૧. અમૃતે ઝુંપડી જોઈ તે કેવી હતી ? ને તેની પછવાડે શું હતું ? (૨) ઝુંપડી આગળ અમૃતે કોને શું કરતાં જોઇ ? (૩) એ જોયા પછી અમૃત કેમ બહુ બીધી ? (૪) અમૃત બીધી તે મુજબ ઝુંપડીવાળી છોડીએ તેને બીવડાવી કે નહીં ? અને નહીં તો શું કીધું ને અમૃતને કયાં લઇ ગઇ ને શું કહ્યું ? (૫) એ ઝુંપડીમાં ડોશી હતી તે કોણ ને તેને કોણે અમૃતને ઓળખાવી ? તથા અમૃતને એ ઠેકાણે શું ખાવાનું મળ્યું ?

---

## પાઠ ૧૩૮ મો.

---

વિસામો લીધો એટલે થાક ખાધો, આરામ લીધો.
વિસામો (ના) આરામ.
હીંડયાં (ક્રિ) ચાલ્યાં.
ભલી (વિ) સારી, સારા સ્વભાવની.
ખીજવી (ક્રિ) ચીડવી, પજવી.
વીસરી (કૃ) ભૂલી.
ઊગારી (ક્રિ) બચાવી, રક્ષણ કીધું.
સંકટ (ના) દુઃખ, પીડા.
સમે (ના) વખતે.
સહાય (ના) મદદ, આશરો.
બાળક (ના) નાનું બચ્ચું, પૂરી સમજ આવી નથી એવું છોકરૂં.
સમજણી (વિ) સમજણવાળી, ડહાપણવાળી.
ખોટું (વિ) ખરાબ, નઠારૂં.
પજવી (ક્રિ) દુઃખી કીધી.
સંભારી (કૃ) યાદ રાખી.
ખાર (ના) અદેખાઇ, વેર.
અપરાધ (ના) ગુન્હો, વાંક, કસુર.
કોપ (ના) ગુસ્સો.
માફ કર એટલે ગુન્હાની શિક્ષા નહીં કર.
ગુન્હા (ના) વાંક.
ઘટે છે (ક્રિ) લાયક છે, યોગ્ય છે.
મંદવાડ (ના) માંદગી, બીમારી.
ખુંધ (ના) કમર કે છાતીમાંથી વાંકા વળી જવાથી વાંસા તરફ જે ટેકરો અથવા ઢેબ નીકળે છે તે.
ખોડી (વિ) પગે લંઘાતી.
દયા (ના) સામાનું દુઃખ મટાડવાને મનમાં જે લાગણી થાય તે.
બા (ના) બેહેન.
દોહિલી (વિ) દુઃખી, હેરાન.
વળી (ક્રિ) ચાલી, ફરી.

સવાલ ૧—જીવલી ને અમૃત ગામ ભણી ચાલતાં હતાં, તે વખતે તેઓની વચે શી શી વાતો થઇ ? (૨) છેલ્લે અમૃતનું ઘર દેખાવા માંડયું ત્યારે જુદાં પડતી વખતે અમૃતે જીવલીને શું કહ્યું ?

## ઉપલા ચાર પાઠનો સાર.

હર કોઈ માણસની શરીરની ખોડ ખાપણ જોઇ આપણે તેની મશ્કરી કરી તેને ખીજવવું નહીં, પણ તેના શરીરના ભાગ બરાબર નથી તેથી તેના ઉપર દયા રાખવી જોઇએ. (૨) કોઇ પણ માણસે અગાઉ આપણને વિના કારણ હેરાન કીધા હોય, તે વાત મનમાં રાખી લાગ આવે ત્યારે હેરાન નહીં કરતાં સુખી કરવાને બનતી મહેનત કરવી. જેમ જીવલીએ કીધું છે તેમ. (૩) આપણે હર ઘડીએ પરમેશ્વરના ગુન્હા કરીએ છીએ અને તે દયાળુ પિતા આપણા ગુન્હા માફ કરે છે, માટે આપણે પણ બીજા માણસના ગુન્હા માફ કરવા જોઇએ. (૪) આપણે હર કોઇ માણસને સુખી કરવાને હમેશાં મહેનત કરવી. ને એક બીજાને સુખી કરવામાં મદદ કરવી.

---

## પાઠ ૧૩૯ મો.

---

આકાર (ના) ઘાટ, કદ, ડોળ.
મેદાન (ના) સપાટને ખુલ્લી જમીન.
ચો (ના) ચાર.
તરફ (ના) બાજુ.
ચોતરફ એટલે ચારે બાજુ તરફ.
લાંબી નજરે એટલે ઘણે દૂર સુધી.
વેગળે (અ) આઘે, દૂર.
ગગન (ના) આકાશ.
પ્રાંત (ના) દેશનો એક ભાગ.
મૂલક (ના) દેશ.
દડો (ના) ગોળો.
અસલ (અ) પહેલાંનો વખત.
તળીયું (ના) હર કોઇ પદાર્થનો નીચેનો ભાગ જે જમીનને અડકે છે તે.
ઉપસેલી (વિ) ફુલેલી.
ચપટી (વિ) બેઠેલી, સપાટ.
વિદ્વાન (ના) ઘણું ભણેલા માણસ.
જોશી (ના) ખગોળ વિદ્યા જાણનારા, જોતિશ શાસ્ત્ર ભણેલા.
કમ્મર (ના) કેડ.
ઘુંટણ (ના) પગનો વચલો સાંધો.
વખુટા (વિ) જુદા.
છેટું (ના) અંતર.
ઢાલ (ના) લડાઇમા ઘા આવતા અટકાવવાનું એક ગોળ ચક્કર જે ગેંડાના ચામડાની કે ધાતુની બનાવે છે વચ્ચેથી ફુલેલી ને ચોગરદમ કોરણ તરફ નીચી હોય છે.
ગળું (ના) કંઠ, ડોક.
અંગ (ના) શરીરના ભાગ.

સવાલ ૧. ઉંચા ટેકરા ઉપર ઉભા રહી લાંબી નજર કરીએ તો શું દેખાય છે? અને એવું આપણાજ દેશમાં દેખાય છે કે? (૨) પૃથ્વીને ગગન મળી ગએલાં દેખાય છે, ત્યાં આગળ જે લીટી દેખાય છે, તેનો આકાર કેવો હોય છે? અને તેનો આકાર શા કારણથી દેખાય છે? (૩) પૃથ્વીનો આકાર

કેવો છે ? (૪) મોટા સપાટ મેદાનમાં બે માણસ એક બીજા તરફ દૂરથી આવતા હોય, તો પ્રથમ તેઓ એક બીજાનો કયો ભાગ દેખશે ? તથા એક ઠેકાણેથી બે માણસ જૂદા પડે તો પ્રથમ કયો ભાગ દેખાતો બંધ પડશે ?

---

## પાઠ ૧૪૦ મો.

---

કાંડે (ના) કિનારે.
સઢ (ના) વહાણમાં પવન ભરવાને બાંધેલી મોટી ચાદર.
ટોચ (ના) ઉપલો ભાગ.
ગાળો (ના) ભાગ.
ખોખું (ના) વહાણના પાટીયાંથી બનાવેલો ભાગ.
નજર પડે એટલે દેખાશે.
ઉપસેલો (વિ) ફુલેલો, ઊંચો, આવેલો.
દાખલો (ના) દૃષ્ટાંત.
નિશ્ચય (ના) શાબિતી.
નિશ્ચય થાય એટલે નકી થાય છે.
અટકળ (ના) ધારણા, વિચાર.
બાંધીએ (ક્રિ) કરીએ.
સંદેહ (ના) શક, વહેમ.
અચંબો (ના) નવાઇ, તાજુબી.
ભાસે (ક્રિ) લાગે, દેખાય, જણાય.
ગગન (ના) આકાશ.
તારા (ના) રાત્રે જે પ્રકાશિત ચાંદરણીઓ દેખાય છે તે.

સવાલ ૧. કોઇ વહાણુ દરિઆમાં દૂરથી આવતું હોય. તો પ્રથમ તેનો કયો ભાગ દેખાય, ને ત્યાર પછી કયો ભાગ દેખાય ? તેમજ કોઇ વહાણુ આપણી આગળથી જતું હોય તો તે દૂર જવાથી પ્રથમ તેનો કયો ભાગ દેખાતો બંધ થશે ? (૨) પૃથ્વી ગોળ દડા જેવી છે એ નિશ્ચય સાચો છે તેની સાબિતી શી છે ? (૩) પૃથ્વી ગોળ છે તેવી કઇ ત્રણ શાબિતી આ પાઠમા જણાવી છે ? જવાબ (૧) દૂરથી આવનાર વહાણુનો ઉપલો ભાગ પ્રથમ જણાય છે, પછી નજીક આવવાથી વચલો ભાગ દેખાય છે ને છેક નજીક આવે ત્યારે તેનો નીચેનો ભાગ દેખાય છે, તેથી શાબિત થાય છે કે પૃથ્વી વચ્ચેથી ઉપસેલી હોવાથી તેનો ઉપસેલો ભાગ વચ્ચે આવવાથી પ્રથમ વહાણુની ટોચ દેખાય છે, ને જેમ પાસે આવતું જાય તેમ ઉપસેલો ભાગ થોડો થતો જાય, તેથી વચલો ભાગ દેખાવા માંડે છે. (૨) પૃથ્વીની ચારે બાજુએ ફરીને પાછું જેની તેજ જગાએ પાછું આવનાર વહાણુ પોતાની દિશા ફેરવ્યા વિના એમ પાછું આવી શકે છે, જો પૃથ્વી ચોખંડી કે બીજા કોઇ આકારની હોત તો એકની એક દિશામાં વહાણુ રહી શકત નહીં, માટે શાબિત થાય છે કે પૃથ્વી ગોળ દડા જેવી છે. (૩) ચંદ્ર, બુધ, શુક્ર વિગેરે બધા ગ્રહ જેને સાધારણુ લોકો તારા

કહે છે, તે આપણે ગોળ દેખીએ છીએ. એ ગ્રહો જ્યારે ગોળ છે તો પૃથ્વી પણ ગ્રહ છે તો તે પણ ગોળ હોવી જોઇએ.

---

## પાઠ ૧૪૧ મો.

---

વિભક્તિ (ના) શબ્દને છેડે આવી તેના અર્થમાં ફેર પાડનારા અક્ષર. એક શબ્દનો બીજા સાથે સંબંધ કરાવનાર અક્ષર.

વાકય (ના) શબ્દોનો જથો કે જેનો પૂરે પૂરો અર્થ સમજ્યામાં આવે—એક શબ્દથી પણ વાકય બને છે. જેમ, છે, નથી.

બોલ (ના) શબ્દ.

હાંકી (કૃ) કાઢી.

સંબંધ (ના) જોડાણ.

સંબોધન (ના) ૮ મી વિભક્તિ.

સાદ (ના) અવાજ.

સાદ કરે એટલે બોલાવે.

પધારો (ક્રિ) આવો.

સવાલ ૧. શબ્દને વિભક્તિ લાગી એમ કયારે કહેવાય? (૨) નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ ને અવ્યય એ પાંચ જાતના શબ્દોમાંથી કયા શબ્દોને વિભક્તિ લાગે છે? (૩) શું અવ્યયને વિભક્તિ નથી લાગતી? જવાબ. કોઇક વખતે લાગે છે. જેમકે હું ક્યારનો આવીને બેસી રહ્યો છું. (૪) વિભક્તિ કેટલી છે ને તે દરેકના પ્રત્યય શા શા છે? (૫) સંબોધન એટલે શું? અને તે કયારે વપરાય છે? તથા એમાં નામનું રૂપ કયારે બદલાય ને કયારે ન બદલાય તે કહો? (૬) પાટીયું, શાકર ને કેરી એ ત્રણ શબ્દોને સાતે વિભક્તિના પ્રત્યય લગાડો?

---

## પાઠ ૧૪૨ મો.

---

સર્વનામ (ના) જે શબ્દ નામને ઠેકાણે વપરાય તેને સર્વનામ કહે છે, જેમ ગોવિંદ નિશાળે આવ્યો, પણ તે ભણ્યો નહીં, એમાં બીજા વાકયમાં તે આવ્યો છે, તે ગોવિંદને બદલે આવેલો છે, માટે તે સર્વનામ કહેવાય.

નામ (ના) જે શબ્દ પ્રાણી અથવા પદાર્થનું નામ હોય તે નામ કહેવાય. જગાના, શહેરના, દેશના, નદીના, પર્વતના, નામ તે પણ નામ કહેવાય છે.

રૂપ (ના) રૂપાખ્યાન, શબ્દને વિભક્તિ લગાડવી.

સંખ્યા (ના) રકમનો આંકડો, જેમ પાંચ, દશ, દશ હજાર એ સંખ્યા કહેવાય.

ભારે (વિ) મોટું, ભારે જ્યારે વિશેષણ હોય ત્યારે તેને પહેલી વિભક્તિ જાણવી. પણ ભારે એ નામ થાય ત્યારે એને ત્રીજી વિભક્તિ લાગી

છે એમ જાણવું.
પુસ્તક (ના) ચોપડી, ગ્રંથ.
વિશેષણ (ના) જે શબ્દ બીજા શબ્દને ગુણ કે સંખ્યા બતાવે તેને વિશેષણ કહે છે.
મુકરર (વિ) નક્કી કરેલું, નીમેલું.

સવાલ ૧. સર્વનામને વિભક્તિ લાગે છે ત્યારે જેવો ફેરફાર નામમાં થાય છે તેવોજ એમાં પણ થતો હશે નહિં વારૂ? (૨) કોણ સર્વનામ શા કામમાં આવે છે? એનું બહુવચન શુ થાય? ને એને બીજા સર્વ નામની પેઠે જ વિભક્તિ લાગે છે કે? (૩) વિશેષણ એટલે શું? અને તેનો દાખલો આપો? (૪) નીચે લખેલા શબ્દોને કઇ વિભક્તિ લાગી છે તે કહો. મે, મારૂં, કોનો, તમારૂં, તેણે, તમે, તમને.

---

## પાઠ ૧૪૩ મો.

---

પ્રકાર (ના) જાત, તરેહ.
વર્ણન (ના) બ્યાન, હકીકત.
ક્રિયાપદ (ના) જે શબ્દમાં કંઇ પણ ક્રિયા રહેલી હોય તે શબ્દો.
અસર (ના) લાગણી, સંબંધ.
ભેદ (ના) તફાવત, ભાગ, વિભાગ, જાત.
સકર્મક (વિ) કર્મવાળું.
અકર્મક (વિ) કર્મ વિનાનું.
મૂળભેદ (ના) જે ક્રિયાપદ નક્કી પણે થાય છેજ એમ બતાવે તે મૂળભેદ જેમ હું લખુ છું, તે જશે. એ મૂળભેદ કહેવાય.
શકયભેદ (ના) જે ક્રિયાપદમાં તે ક્રિયા કરનારની શક્તિ બતાવાતી હોય તેવા ક્રિયાપદને શકયભેદ લાગ્યો છે, એમ કહેવું. જેમ માણેકલાલથી લખાય છે.
કાળ (ના) વખત, ક્રિયા કયા વખતમાં બની તે જણાવવાને ક્રિયાપદને કાળ કહેવા પડે છે..
વર્ત્તમાન (વિ) ચાલુ.
ભૂત (વિ) ગએલો.
ભવિષ્ય (વિ) આવતો.
હું જાઊં છું એટલે હાલ હું જવાનું કામ કરૂં છું. હું ગયો એટલે પાછલા વખતમાં મેં જવાનું કામ કીધું હતું. હું જઇશ એટલે હવે પછીના આવતા વખતમાં હું જવાનું કામ કરીશ. માટે જાઊં છું એ વર્ત્તમાન કાળ. ગયો એ ભૂતકાળ ને જઇશ એ ભવિષ્ય કાળ એમ કહેવાની રીત છે.

સવાલ ૧. ક્રિયાપદ એટલે શું? અને તે કેટલી જાતના છે? અને તે દરેક જાત શી રીતે ઓળખી કાઢવી?

જવાબ—જે શબ્દમાં કંઇ પણ ક્રિયા એટલે કંઇ પણ કરવાનું રહેલું હોય તે. ક્રિયાપદની બે જાત છે (૧) સકર્મક અને (૨) અકર્મક. ધાતુ ઉપર.

નાર પ્રત્યય મૂકી કોણ વડે સવાલ પૂછવો એટલે કર્તા માલમ પડે છે, અને ધાતુ ઉપર વાનું પ્રત્યય મૂકી શું વડે સવાલ પૂછવાથી કર્મ માલમ પડશે. જો કર્તા ને કર્મ બંને હોય, તો તેને સકર્મક કહેવું, ને એકલો કર્તાજ હોય, તો અકર્મક કહેવું. સવાલ (૨) ક્રિયાપદને કેટલા ને કયા કયા . ભેદ લાગે છે, તથા કેટલા ને કયા કયા કાળ લાગે છે?

## પાઠ ૧૪૪ મો.

પ્રકાર (ના) જાત, ભાગ, તરેહ.

અવ્યય (ના) જે શબ્દના રૂપમાં કંઈ વધઘટ થતી નથી તેવા શબ્દો.

ઉભયાન્વયી (વિ) બે શબ્દ કે વાક્યને જોડનાર અવ્યય.

શબ્દયોગી (વિ) બીજા શબ્દની સાથે જોડાએલો અવ્યય.

અચરતી (ના) નવાઇ.

હરખ (ના) ખુશી.

શોક (ના) દીલગીરી.

ઉભરા (ના) વિચાર, વલણ.

નિશાની (ના) એંધાણી.

કેવળપ્રયોગી (વિ) આશ્ચર્ય, દુઃખ, ખુશાલી વગેરે થવાથી આપણે જે ઉચ્ચાર કરીએ તે ઉચ્ચારને કેવળપ્રયોગી અવ્યય કહે છે.

ક્રિયા વિશેષણ (ના) જે અવ્યય ક્રિયાપદનો ગુણ દેખાડે તે.

ક્રિયાવિશેષણ જોડે અવ્યય શબ્દ આવ્યો હોય તો ક્રિયાવિશેષણનું પદચ્છેદ વિશેષણ થાય.

સવાલ ૧ લો. અવ્યય એટલે શું? અને તે કેટલી જાતના છે? અને કયા કયા? (૨) ઉભયાન્વયી, શબ્દયોગી, કેવળપ્રયોગી અવ્યય અને ક્રિયાવિશેષણ અવ્યય એટલે શું? અને તેના પાંચ પાંચ દાખલા આપો?

## પાઠ ૧૪૫ મો.

સૃષ્ટિ (ના) દુનિઆ.

સમે (ના) વખતે.

માનવી (ના) માણસ.

વસતાં (ક્રિ) રહેતાં, અનિયમિત ભૂતકાળ.

વન (ના) જંગલ.

મોઝાર (અ) માં, વિષે.

ડરતાં (ક્રિ) બીતાં. અ૦ ભૂ૦ કા૦

થકી (અ) થી.

સંપ (ના) એકો, હળી મળી ચાલવાની સમજ.

લગાર (વિ) થોડી.

પેરણ (ના) પહેરવાનુ લુગડું.

વેઠતાં (ક્રિ) ખમતાં, ભોગવતાં. અ૦ ભૂ૦ કા૦

દેહે (ના) શરીરે.

અતુલ (વિ) ઘણુંજ.

તણી (અ) ની.
મતિ (ના) અક્કલ, સમજ.
સાર (વિ) સારી.
સહાય (ના) મદદ.
ભલાં (વિ) સારાં.
સુસંપ (ના) સારો સંપ, સુ વિશેષણ ને સંપ નામ.
અડચણ (ના) હરકત, મુશીબત.
ભાગી (ક્રિ) મટી ગઇ.
બાંધ્યા (ક્રિ) કીધા.
બંદોબસ્ત (ના) ધારા, નિયમ.
જન (ના) માણસ.
અબળ (વિ) જોર વગરના, ગરીબ.
સબળ (વિ) જોરવાળા, તવંગર.
દૂર થયાં એટલે જતાં રહ્યાં.
કારણ (ના) સબબ.
જરૂર (અ) નક્કી, જરૂર નામ પણ થાય, પણ આ ઠેકાણે તેમ નથી. આ ઠેકાણે જાણો ક્રિયાપદનો ગુણ બતાવે છે માટે ક્રિ૦ વિ૦ અવ્યય છે.
શોક (ના) દીલગીરી, દુઃખ.
સંપતિ (ના) દોલત.
સાંપડે (ક્રિ) મળે.
લાજ (ના) આબરૂ.
વખાણે (ક્રિ) સારૂં કહે.
તરત (અ) ઝટવારમાં.
તોડવા (કૃ) કકડા કરવા.
તાંતણો (ના) દોરો.
જુથ (ના) જથો, ટોળું.
કુટુંબ (ના) વંશ, ગોત્ર, પિત્રાઈઓ.
શત્રુ (ના) દુશ્મન.
ટકે છે (ક્રિ) રહે છે.
ઝુંડ (ના) ઝાડનો જથો, ટોળું.
એકલ (વિ) એકલું.
છેદે (ક્રિ) કાપે.
ભેદે (ક્રિ) ભાગે.
નિજ (સ) પોતાની.
કોટ (ના) શહેરને ફરતી જાડીને મજબુત ભીત.
તસ્કર (ના) ચોર.
ત્રાસ (ના) બીક, ડર.
ધકાવે (ક્રિ) આગળ હડસેલે, ફેંકે.
ઊપજે (ક્રિ) થાય.
મેહ (ના) વર્ષાદ.
ઊહાવ (ના) જથો.
પોઢી (વિ) મોટી.
રચીએ (ક્રિ) કરીએ.
પાળ (ના) તળાવની આસપાસ ફરતી જે ભીત કરી લીધી હોય તે.
તળાવ (ના) પાણી ભરાઈ રહેવા માટે ખોદેલો મોટો ખાડો.
મળીને (કૃ) હળીમળીને.
ઠામ (ના) ઠેકાણું.
ભાગે (ના) હિસ્સે.
ભાગે ભળતાં એટલે ભાગે આવતું.
ભોગવો (ક્રિ) ખમો, વેઠો.

જ્યારે દુનિઆ પહેલ વહેલી થઇ ત્યારે બધાં માણસ જંગલમાં રહેતાં, અને એક બીજાથી બીતાં હતાં, અને તેઓની વચ્ચે બીલકુલ એકકો નહોતો.

વળી તે વખતે પહેરવાનાં લુગડાંને બદલે ઝાડની છાલ અને પાતરાં હતાં, અને ખાવાનાં ફકત જંગલમાં ઝાડનાં ફુલ ને ફળ હતાં. અને જંગલમાં રહેવાનું હોવાથી શરીરે બહુ દુઃખ ભોગવવું પડતું.

પછી જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ પરમેશ્વરે માણુસને એક બીજા સાથે હળી મળીને ચાલવાની સારી સમજ આપી- તેથી એક બીજાની મદદે કરીને માણુસોએ સારાં રહેવાનાં ઘર બાંધ્યાં.

જેમ જેમ માણુસોમાં સારો એકકો એટલે હળીમળીને ચાલવાની સમજ વધતી ગઇ, તેમ તેમ તેઓના દુઃખ ઓછાં થતાં ગયાં, અને માણુસોને દુઃખ ન પડે, એવા નિયમો બાંધ્યા.

જોર વગરના અને જોરવાળા તમામ માણુસો સુખી થયા, ને બધાં દુઃખ જતાં રહ્યાં. એમ સુખી થવાનું ખરૂં કારણ હળીમળીને ચાલવાની સમજ છે, એમ તમે નકી જાણો.

માટે માણુસ જાતનાં તમામ સુખ એક બીજાની જોડે હળીમળીને ચાલવામાંજ છે, અને જ્યાં એવી સમજ નથી હોતી, ત્યાં હમેશાં દુઃખજ હોય છે. વળી એક બીજાની જોડે હળીમળીને ચાલવાથી પૈસો પણુ મળે છે. અને એ પ્રમાણે હળીમળીને ચાલનાર માણુસની આબરનાં લોકો વખાણ કરે છે.

જુઓ કે સુતરનો એક તાર હોય, તો તેને તોડવાને હર કોઇ ઓછા જોરવાળો પણુ હિંમત કરી શકશે, પણુ ઘણા એવા તારનો જથો હોય એટલે જાડું દોરડું હોય, તો તેને કોઇ પણુ સેહેલથી તોડી શકશે નહીં.

જેમ સુતરના ઘણા તાર એકઠા હોવાથી તેને તોડી શકાતા નથી, તેમ આપણે પણુ આપણા વંશના બધા માણુસો જોડે હળીમળીને ચાલતા હોઇએ, તો આપણા શત્રુથી આપણું માઠું કદી પણુ થઇ શકશે નહીં. જુઓ કે ઘણાં ઝાડ એક જથામાં ઉગ્યાં હોય, તો તે જલદીથી પવનના સપાટાથી ઊખડી જતાં નથી, પણુ એકલું એકજ ઝાડ હોય, તો તે સેહેલથી પવનના ઝપાટાથી ઉખડી જાય છે.

છોકરાઓની પાસે જે છૂટા છૂટા પથરા હોય, તેને તેઓ ભાગી નાખે છે, અથવા કાપી નાખે છે, પણુ એવા ઘણા પથરા એકઠા કરી, તેની જાડી ભીત બનાવીએ, તો આપણુને ચોરની બીક જતી રહે છે.

વળી થોડી ધૂળ પડી હોય, તેને માણુસો ધોઇને કહાડી નાખે છે, અથવા નો હણુસેલીને ફેંકી દે છે, પણુ એવી ઘણી ધૂળ એકઠી કરીને તેની જાડી ને મજબૂત ભીત કરી લઇએ, તો તેનું તળાવ થાય છે, ને આપણુને તેથી પી-

વાનું ને ધોવાનું પાણી મળે છે. પેહેલાં થોડી ધૂળ હતી, તેને પાણીએ કરી ધોઈ નાખતા, પણ ઘણી ધૂળે સંપ કરી એક જથામાં થઈ, તો તે ઉલટી પાણીને રોકી શકે છે, માટે માણુસે પણ એક બીજા જોડે હળીમળીને જે કંઈ કરવાનું હોય, તે કરવું, તો તેનું કામ સારૂં ને ફાયદાકારી થાય છે.

માટે હે માણુસો તમે પણ એ પ્રમાણે સંપ કરીને બધે ઠેકાણે ચાલશો, અને એક બીજાના દુ:ખ તેમજ સુખમાં ભાગ લેશો, તો દલપતરામ કવિ કહે છે કે, તમે જરૂર સુખી થશો.

**પાઠનો સાર.**

માણસો એક બીજાની જોડે હળીમળીને એટલે સંપ કરીને ચાલે, તો બધી વાતે તેઓ સુખી થશે. પણ હળીમળીને નહીં ચાલે, તો દુ:ખી થઈ મરી જવાનો વખત આવે, માટે દરેક માણસે હર કોઇની જોડે મળી સંપીને ચાલવું જોઇએ.

---

## પાઠ ૧૪૬ મો.

---

ચોખ્ખો (વિ) વાજબી, સાચો.
વ્યવહાર (ના) લેવડદેવડ, રોજગાર.
ખરીદ કરવું (ક્રિ) વેચાતું લેવું, ખરીદને જૂદું પાડો તો ક્રિયાવિશેષણ અવ્યય થાય.
ધંધો (ના) રોજગાર.
પ્રકારે (ના) રીતે, તરેહથી.
કાવતરૂં (ના) દગો.
છેતરવું (ક્રિ) ઠગવું, ભૂલાવામાં નાખવું.
વેપારી (ના) વેપાર કરનાર માણસ.
કાટલાં (ના) હર કાંઇ ચીજ તોળવાને જે પત્થર કે ધાતુના અમુક વજનના કકડા બનાવે છે તે.
માપ (ના) માપું, લંબાઇ, તોલ વગેરે ભરવાનું સાધન.
રતીભાર (વિ) ચણોઠીપૂર, ચણોઠી જેટલું.
રતીને જૂદું પાડો તો તે નામ થાય.
ચોખાપૂર (વિ) ચોખા જેટલું.
કસર (ના) ઓછાપણું, ખોડ.
કહેવત્ત (ના) ઘણા લાંબા વખતથી લોકોમાં બોલાતું આવેલું શીખામણનું વાક્ય.

**મોલમાં સાટું પણ તોલમાં સાટું નહિં.** એટલે માલની કિંમત કરતી વખતે તેમાં નફાનો બદલો વાળી લેવો, પણ તોળી આપતી વખતે ઓછું આપી નફાનો બદલો વાળવો નહીં, મતલબ કે કિંમત પાલવે તેટલી વધારે લો, પણ તોલ ઓછું તોળવું નહીં.
જાત (ના) તરેહ.
છાની (વિ) છુપી.
ઘરાક (ના) સોદો લેનાર.
શરત (ના) કબુલાત.
સામાન (ના) માલ.
તોલ (ના) વજન.

ભૂક (ના) ભૂખ.
માલમ પડે (ક્રિ) જણાય, માલમ ને જાુદું પાડો તો ક્રિ૦ વિ૦ અ૦ થાય.
દામ (ના) પૈસા, એકદામ એટલે અઢી દોકડા.
ધંધો (ના) રોજગાર.
પાપ (ના) ગુન્હો.

**પેટ સૌને લાગ્યું છે.** એટલે સૌને ખાવાને જોઇએ, મતલબ કે હર કોઈ કમાવાની ઇચ્છા રાખે.
ઊંધી (વિ) આડી, ખોટી.
સમજણ (ના) અક્કલ.
દુકાનદાર (ના) દુકાનવાળો.
ગરજ (ના) જરૂર, દરકાર.

સવાલ ૧. આપણે બીજા જોડે કઈ કઇ બાબતમાં દગો કરવો નહીં? (૨) વેપારીએ કાટલાંને માપ કેવાં રાખવાં? (૩) કોઇને ત્યાંથી આપણે માલ લીધો, ને તપાશી જોયાથી માલમ પડે કે શરત કરતાં માલ ઊંચી જાતનો છે અથવા વધારે છે તો આપણે તે લઇને મુંગા મુંગા ઘેર ચાલ્યા જવું નહીં વારૂ? અને નહી તો શું કરવું? (૪) કેટલાક માણસ એમ સમજે છે કે ધંધામાં કોઇને છેતરવું એ પાપ નથી, તો એ વાત ખરી કે ખોટી? (૫) આપણે ત્યાંથી કોઇએ માલ લીધો તે નઠારો કે ઓછો હોય ને તે ઘરાક લઇને જાય તો, આપણે જાણ્યા છતાં છાનામાના બેશી રહેવું એમાં કંઇ પાપ છે?

## પાઠ ૧૪૭ મો.

વાજબી (વિ) ખરૂં.
ભલા (વિ) સારા, સાહુકાર.
આદમી (ના) માણસ.
ભરોસો (ના) વિશ્વાસ.
ભરોસો ઉઠી જાય છે એટલે વિશ્વાસ જતો રહે છે.
મન વાળવું એટલે મનમાં માની લેવું.
બલા (ના) પાપ, પાપથી કમાયલા પૈસા.
અજાણતાં એટલે નહીં જાણતાં.
ગેરવાજબી (વિ) ખોટું, ખોટે રસ્તે, હરામનું.
બહાને (ના) નિમિત્તે, કારણે.
સંતોષ (ના) તૃપ્તિ.
ડહાપણ (ના) ડાહ્યાપણું, અક્કલ.
ન્યાલ (વિ) સુખી, તવંગર.

**ચાર દહાડાનું ચાંદરણું** એટલે ચંદ્રનું અજવાળું માત્ર ચાર દિવસજ આખી રાત હોય છે, બાકી બીજે દિવસે તો તે થોડી વાર રહીને પાછું જતું રહે છે, કારણ કે ચંદ્ર આપણને જે પ્રકાશ આપે છે, તે તેનો પોતાનો નથી, પણ પારકાનો એટલે સૂર્યનો છે, તેથી જ્યારે સૂર્યના ખસવાથી ચંદ્રના અમુક ભાગનો પ્રકાશ જતો રહી તે ઝાંખો થઈ જાય છે, તેમ પારકાને ઠગીને લીધેલા

પૈસા ખરેખરા આપણા નથી, તે તો આખરે આપણી પાસેથી જતા રહે છે, માટે વેપારમાં કે બીજા કોઇ પણ ધંધામાં કોઇને છેતરીને પૈસા લીધા હશે, તો તે આપણા નથી, માટે જતાજ રહેવાના. સુદ ચૌદસ પૂનેમ વદ પડવો ને બીજને દહાડે ચંદ્ર લગભગ આખી રાત પ્રકાશે છે,
ભોગવાય (ક્રિ) વપરાય.
ઉઘાડો (વિ) ખૂલ્લો, ચાહન.
દંડ (ના) શિક્ષા.
વકર (ના) આબરૂ.
ઘરાકી (ના) ઘરાકનું જારી રહેવું.
ટુટી જાય છે એટલે જતી રહે છે.

અંતે ધર્મે જે, ને પાપે ખે. એટલે સાચી વાતથીજ આખરે જીત ગણે છે ને ખોટી વાતથી આખરે નાશ થાય છે. પહેલાં કદાચ યુક્તિથી ખોટી વાતવાળો ફાવી જાય છે, પણ પાછળથી તેને નુકશાન થયા વિના રહેતું નથી. તેમ સાચું કામ કરનારને કદાચ દુશ્મનો પહેલાં હેરાન કરે, પણ આખરે સાચો માણસ જીતેજ છે.
લુચ્ચાઇ (ના) દગો, હરામખોરી.
છેતરે (ક્રિ) ઠગે.
સોદો (ના) માલ, વસ્તુ.

સવાલ ૧ લો. વેપારી ઘરાકને છેતરવાનું શાથી વાજબી ગણે છે? અને તે કારણ ખરૂં છે? અને ખરૂં નહીં તો શાથી? (૨) કોઇ લુચ્ચા માણસે આપણને છેતર્યા હોય તો આપણે શું સમજીને રાજી રહેવું? (૩) છેતરીને કોઇ સુખી થાય કે નહીં? અને કદાચ થાય, તો તે હંમેશાં સુખી કાયમ રહે ખરો?

## ઉપલા બે પાઠનો સાર.

વેપાર રોજગારમાં અથવા હર કોઈ ધંધામાં કોઇ પણ માણસે બીજાને છેતરવો નહીં, શાથી જે છેતરવું એ મોટું પાપ છે. વળી છેતરવાનું કામ કરીએ, તો તે મોડું વહેલું લોકોના જાણવામાં આવે છે, ને તેથી ઘરાકી ટુટી જવાથી નુકશાન થાય છે. વળી છેતરવાથી કદાચ પૈસા મળે, પણ તે સુખે ભોગવાતા નથી, ને પરમેશ્વર તો તેની શિક્ષા કરે છેજ. માટે છેતરવાનું કામ કદી કરવું નહીં.

---

## પાઠ ૧૪૮ મો.

---

વિના (અ) વગર.
ટેક (ના) નિયમ, સાચવટ.
વાળે (ક્રિ) દે, જાય.
બોલી વાળે એટલે બોલી દે અથવા બોલી જાય.
ટેવ (ના) આદત.
પળે (ક્રિ) કરી શકાય, બજાવી શકાય.
પૂરો (વિ) ઘણો.
પાળે (ક્રિ) કરે, બજાવે.
તોલ (ના) આબરૂ.

ભરોસો (ના) વિશ્વાસ.
નરો (ના) પુરૂષો.
નારી (ના) સ્ત્રી.
વેણ (ના) વચન, બોલ.
નાણું (ના) પૈસા.
શોક (ના) દીલગીરી.
ધરો (ક્રિ) રાખો.
ટેક (ના) નિયમ.
ઉરે (ના) મનમાં.
ધીર (ના) ધીરજ, હિંમત.
ધારી (ક્રિ) રાખી.
સુણ્યા (ક્રિ) સાંભળ્યા.
શૂર (વિ) બહાદૂર.
વીર (ના) માણસ, બહાદૂર માણસ.
સત્યવાદી (ના) સાચું બોલનાર.
અનાદિ (વિ) જેની શરૂઆતજ નથી એવું અસલનું.
લાજ (ના) આબરૂ.
લાભકારી (વિ) ફાયદો કરનાર.
માનવી (ના) માણસ.
ખુએ (ક્રિ) ગુમાવે.
ખૂબ (વિ) ઘણો.
ખોટો (વિ) નઠારો.
માન ઉતારવું એટલે આબરૂ જવી.
ભસે (ક્રિ) કુતરાંનું બોલવું.
ચરણ (ના) પગ.
કાટે (ક્રિ) કરડે.
લબાડી (વિ) જુઠો.
લહે (ક્રિ) લે.
ઉપમા (ના) અલંકાર, સરખાવણી.
સાટે (ના) બદલે.
બકે (ક્રિ) બોલે.
લજ્જા (ના) આબરૂ.
જોગવારી (અ) લાયક.
સરે (ક્રિ) થાય.
ઉપજે (ક્રિ) થાય.
અંગે (ના) શરીરે.
રંગે (ના) રીતે, રિવાજે.
ભલા (વિ) સારા,
પામશો (ક્રિ) મળશે.
લાભ (ના) ફાયદા.
ભારી (વિ) મોટા.
કેણ (ના) શબ્દ, બોલ.
શક્તિ (ના) જોર, તાકાત.
કાચી (વિ) થોડી, નરમ.
ઠરી (કૃ) સુખી થઇને, નીરાંત થઇને.
ઊંચ (વિ) ઊંચો. મોટો.
ઠામે (ના) ઠેકાણે.
છંદ (ના) કવિતા.

## સમજુતી.

નિયમ વગરના માણસો ઘણું બોલી દે છે, ને પાછળથી પોતાના બોલ્યા પ્રમાણે ચાલી શકતા નથી. માટે હે ભાઇઓ તમે એવી નઠારી આદત ન રાખો, ને તમારાથી બની શકે તેટલાજ શબ્દ વિચારીને બોલો.

જે માણસ પોતાના બોલ્યા પ્રમાણે ચાલે તેની આબરૂ વધે છે, અને જે માણસ પોતાના બોલ્યા પ્રમાણે ચાલી શકે નહી, તેની આબરૂ ઓછી થય,

છે, એવા જુઠા માણુસ ઊપર કોઈ સ્ત્રી કે પુરૂષ વિશ્વાસ રાખે નહીં, માટે હે ભાઈઓ તમારાથી બની શકે તેટલા-જ બોલ વિચારીને બોલો.

પૈસા જાય તો જવા દેજો, પણ બોલેલો બોલ જવા દેશો નહીં, એટલે બોલ્યા પ્રમાણે ચાલવામાં કદાચ પૈસાનુ નુકશાન થતું હોય, તો તે થવા દેવું, પણ બોલેલું તો પાળવુંજ, એવી રીતે બોલેલું પાળવાથી જો પૈસા જાય, તોહું તેથી દીલગીર થતો નથી. (હું એટલે દલપતરામ કવિ)

મનમાં હિંમત રાખીને બોલેલું પાળવાનો નિયમ તમે રાખો. હે ભાઈઓ જેટલા બોલ તમારાથી બજાવી શકાય તેટલાજ વિચારીને બોલજો.

ઘણા બહાદૂર માણસોના નામ સાંભળ્યાં છે, તેઓ પોતાનું બોલેલું પાળવામાંજ મરી ગયા છે, તેથી તેઓની આબરૂ આ દુનિઆમાં ઘણી વધી છે. અને એવી રીત એટલે બોલેલું પાળવાની રીત કંઇ આજકાલની નથી, પણ એ તો અસલથી ચાલી આવેલી છે. માટે હે ભાઈઓ તમારાથી પાળી શકાય તેટલાજ બોલ વિચારીને બોલજો.

જે પ્રમાણે બોલે તે પ્રમાણે કરે તેજ માણુસને ખરેખરો મોટો જાણવો, પણ જે પોતાના બોલ્યા પ્રમાણે ચાલતો નથી, તેને ઘણો નઠારો માણસ જાણવો. બોલેલું નહીં પાળવાની ટેવ હશે, તો તે ટેવ કોઈ દહાડો આબરૂ લેશે, એટલે એવી ટેવથી આબરૂ ઓછી થશે, માટે હે ભાઇઓ તમારાથી પાળી શકાય, તેટલાજ શબ્દ વિચારીને બોલજો.

જે કુતરો ભસે છે, તે કઇ કરડવાનો નથી, પણ કરડનાર કુતરો તો છાનોમાનો આવીને બચકું ભરીને નાશી જશે, તેજ પ્રમાણે જે માણુસ બહુ બોલે છે, તેનાથી કંઇ થઈ શકવાનું નથી, ને આખરે તેને પોતાની જુઠું બોલવાની ટેવને બદલે જુઠાની છાપ લાગુ પડે છે. (કરડનાર કૂતરો જેમ થોડું ભસે છે, અથવા બીલકુલ ભસતો નથી તેમ કરી બતાવનાર માણુસ તે કામ કીધા પહેલાં ઝાઝું બોલતો નથી) જે માણુસ બહુ બોલે તેનું બહુ બોલાપણું આબરૂ ખોવાને લાયક થાય છે, માટે હે ભાઇઓ તમારાથી પાળી શકાય, તેટલાજ બોલ વિચારીને બોલજો.

તમને સુખ થાય કે દુઃખ થાય, તો પણ દહાડો ને રાત એજ રીત રાખજો. (એટલે જેટલું કરી શકાય તેટલુંજ બોલવું) જો એવી રીત રાખશો, તો લોકોમાં તમને ઘણી આબરૂ મળશે, અને તેથી તમને ઘણા ફાયદા થશે. માટે હે ભાઇઓ તમારાથી જેટલું બની શકે તેટલાજ શબ્દ વિચારીને બોલજો.

સુતાં, ઊઠતાં, બેસતાં પણ સાચી

વાતજ બોલજો. અને તમારામાં કૌવત થોડું છે, માટે બહુ મોટા શબ્દ એટલે ઘણી અઘરી વાત કરવાની કદી કબુલ કરશો નહીં. જો સાચું બોલવાની અને બોલેલું પાળવાની ટેવ રાખશો, તો તેથી નીરાંતે મોટે દરજ્જે ચઢશો, એટલે સુખી થશો. આ છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે.

**પાઠનો સાર.**

જેટલું આપણાથી બની શકે તેટલુંજ કબુલ કરવું. વધારે મોટું કામ કરવાની કબુલાત આપીએ, ને પછી થાય નહીં, તો આબરૂ જાય છે, ને લોકો જુઠામાં ગણે છે. વળી કરી શકાય તેટલુંજ બોલવાની રીત અસલથી ચાલી આવી છે. અને ઘણા માણસોએ પોતાનું બોલેલું પાળવામાં પોતાનો જીવ પણ ખોયો છે, માટે દરેકે બોલેલું પાળવામાં કદાચ પૈસાનું નુકશાન થતું હોય, અથવા જીવ જતો હોય, તો તે જવા દેવો, પણ બોલેલું તો પાળવુંજ.

---

**પાઠ ૧૪૯ મો.**

---

રાજપાટ (ના) રાજગાદી.
દાદો (ના) બાપનો બાપ.
હાકેમ (ના) સુબેદાર.
તાબામાં (ના) કબજામાં.
ફેલાવતો (ક્રૃ) વધારતો.
ઝાંપો (ના) વાડનું બારણું, પણ આ ઠેકાણે નાકું, છેડો.
અમલ (ના) સત્તા, હકુમત.
અદલ (વિ) વાજબી.
પંડે (સ) પોતે, જાતે.
આશરો (ના) મદદ.
પ્રાર્થના (ના) સ્તુતિ.
રૈયત (ના) પ્રજા, લોક.
તિરસ્કાર (ના) ધિક્કાર.
આકીન (ના) ભાવ, હેત, શ્રદ્ધા.
ધર્મ (ના) ફરજ, કામ, કર્તવ્ય.
સમાધાની (ના) શાંતિ, સંપ, સલાહ.
ઉત્તમ (વિ) સારૂં, સરસ.
રાજધાની (ના) રાજાને રહેવાનું ઠેકાણું.
ગુજરી (ક્રૃ) ગઈ.
દશા (ના) હાલત.
પડતી દશા એટલે નરમ હાલત, માઠી હાલત.
તખ્ત (ના) ગાદી.
સદ્‌ગુણ (ના) સારા ગુણ.
અહંકારી (વિ) અભિમાની, પોતાને જ સૌથી મોટો ને ડાહ્યો માનનાર.
જુલમી (વિ) જુલમ કરનાર.
બનતું (ક્રૃ) ફાવતું.
બનતું ન હતું એટલે દોસ્તી ન હતી.
બલવો (ના) તોફાન.
ઊગમણા (વિ) પૂર્વ તરફના.
ફરી ગયા એટલે એના તાબામાંથી જતા રહી, એની સત્તા માનવા ન લાગ્યા.
ધણી (ના) માણસ, માલિક.

શખ્સ (ના) માણસ.
દશા (ના) સ્થિતિ, હાલત.
બદલી (કૃ) ફેરવી.
આથમણા (વિ) પશ્ચિમ તરફના.

---

## પાઠ ૧૫૦ મો.

---

બાળચરિત્ર (ના) નાનપણનો હેવાલ.
હિમત (ના) બહાદૂરી.
ઊદ્યોગ (ના) મહેનત.
ફાવ્યું નહીં એટલે ધારેલું કામ થયું નહીં એટલે સમરકંદ જીતાયું નહીં.
સમાવવા (કૃ) બેસાડી દેવા, મટાડવા.
ઘેરો (ના) શેહેરની ફરતા દુશ્મનોએ પડાવ નાંખી અંદરથી કોઇને બહાર ને બહારથી કોઇને અંદર જવા ન દેવું તે.
માત્ર (અ) ફકત.
હલ્લાં (ના) હુમલો, ચઢાઇ.
વીણી વીણીને (કૃ) શોધી શોધીને.
વતન (ના) પોતાનો દેશ.
સંકટ (ના) દુઃખ.
ઉગરીને (કૃ) બચીને.
મગ્ન (વિ) રાજી, ખુશી.
અકલની વાત એટલે જે વાંચવાથી કે સાંભળવાથી અકલ વધે તેવી.
ચિત્ત (ના) મન, લક્ષ.
શોક (ના) આનંદ.
વનસ્પતિ (ના) ઝાડ પાલો.
આદિ લઇને એટલે વિગેરે.
કુદરતી (વિ) પરમેશ્વરની બનાવેલી વસ્તુ જેવી કે, પાણી, સૂરજ, ચંદ્ર, ઝાડ વિગેરે. ટેબલ ખુરસી એ માણસની બનાવેલી છે, પણ લાકડું પરમેશ્વરે બનાવ્યું છે.
ચિત્ર (ના) ચિતરામણ.
પ્રીતિ (ના) હેત.
ટંટા (ના) ફિસાદ, હુલડ.
હાથ આવ્યાં એટલે મળ્યાં, જીતી લીધાં.
અણગમતો (વિ) અકારો, અળખામણો, વહાલો નહીં લાગે એવો.
બળવાન (વિ) જોરાવર.
દુશ્મન (ના) વેરી.

---

## પાઠ ૧૫૧ મો.

---

પેઠો (ક્રિ) દાખલ થયો, આવ્યો,
અંકોડા બંધ એટલે આંકડે આંકડાને બાંધી લેવા તે.
પાયદળ (ના) પગે ચાલનાર લશ્કર.
મોખરે (ના) આગલો ભાગ.
ઘેરી (કૃ) રોકી, આંતરી.
વિખરાઈ (કૃ) છૂટી પડી.
લોથ (ના) મુડદાં, શબ.
ભરતખંડ (ના) હિંદુસ્તાન.
સહેવાયો (ક્રિ) ખમાયો, વેઠાયો.
વચન (ના) બોલ, શબ્દ.
મોખરાના (ના) આગળના.
સાંકડે આવી ગયો એટલે ઘણા દુઃખમાં અથવા મુશીબતમાં આવી પડયો.

કાળજાં (ના) અંતઃકરણ, મન.
ધડકવા (ક્રિ) ધબકતા.
કાળજાં ધડકવા લાગ્યાં એટલે હિંમત છોડવા માંડી.
કુરાન (ના) મુસલમાનનું ધર્મ પુસ્તક.
સોગન (ના) સમ, સપથ.
બારેવાટ એટલે બાર રસ્તે.
બારેવાટ થઇ ગયું એટલે થોડા આમ થોડા આમ ને થોડા આમ એ પ્રમાણે નાશી ગયા
બારેવાટ એમાં બારે એ વિશેષણ ને વાટ એ નામ છે.
સરહદ (ના) છેક છેલી હદ દેશનો છેવાડેનો ભાગ.
રણમાં (ના) લડાઇમાં.
ટૂટી પડયાં એટલે લડવાને ઉતર્યાં.
તોબા પોકરાવી એટલે થકવ્યો.
પોકરાવી (ક્રિ) બોલાવી.
સલાહ (ના) સંધિ, દોસ્તીના કરાર.
ઘસાવા લાગ્યું એટલે નબળુ થવા લાગ્યું.

---

## પાઠ ૧૫૨ મો.

---

શાહજાદો (ના) પાદશાહનો છોકરો.
ઝાઝા (વિ) ઘણા.
કાઢવાના નથી એટલે જીવતા રહી ભોગવવાના નથી.
આયુષ (ના) આવરદા, જીવતર.
ખાટલો (ના) ઢોલિયો, પલંગ.
પ્રદક્ષિણા (ના) ફેરા, આંટા.
ઉપાડી લઇને એટલે લઇ લઇને એટલે મારી નાખીને.
ઉગાર (ક્રિ) બચાવ.
રોગ (ના) મંદવાડ.
સાજો (ના) સારો, રોગ વિનાનો.
ફેર (ના) તફાવત.
વહેમ (ના) શક, અંદેશો.
લોથ (ના) મુડદુ, લાસ, શબ.
ઘોર (ના) કબર, માણસને જે જગાએ દાટી તેના ઉપર જે ચણતર કરે છે તે.
મસિદ (ના) મુસલમાનને પરમેશ્વરની બંદગી કરવાનું મકાન,
આરસ (ના) એક જાતનો ચળકતો ને સુંવાળો પથર.
સપરમો દહાડો એટલે તેહેવારનો દિવસ.
સપરમો એ વિશેષણ છે.
મેળો (ના) ઘણા માણસનું અમુક જગાએ એકઠા થવું.
શૂરો (વિ) બહાદૂર.
ચતુર (વિ) ડાહ્યો.
વૃતાંત (ના) હેવાલ, હકીકત.
ઇબારત (ના) બીના, પદ્ધતિ, શૈલી.
મળતીઆ (ના) મિત્ર, મળતા વિચારના.
આનંદ (ના) ચહેન, સુખ.
રમજાન (ના) મુસલમાનના બાર મહિનામાંનો નવમો મહિનો કે જેમાં એ લોકો અપવાસ કરી દહાડે ખા-

તા નથી પણ સૂરજ આથમ્યા પછી ખાય છે.

મુસાફરી (ના) દેશમાં ફરવું, દેશાટણ.

જબરો (વિ) જોરાવર, બહાદૂર.

માયાળુ (વિ) હેત રાખનાર.

નેહેર (ના) ખાઇ, એકાદી નદીમાંથી પાણી બીજી જગાએ જવાની ખાડી.

નવાઇના (ના) જે રતમાં જે ફળ મળવું જોઇએ તે રત સિવાયની બીજી રતમાં મળે તે નવાઇનું ફળ કહેવાય, વળી જે દેશમાં તે ન થતું હોય, ત્યાં તે મળે, તો તે પણ નવાઇનું ફળ કહેવાય, જેમ આપણા ગુજરાતમાં લીલી દરાખ એ નવાઇનું ફળ કહેવાય. કારણ તે પૂનામાં થાય છે, પણ ગુજરાતમાં નથી. તેમજ શીઆળામાં કેરી મળે, એ પણ નવાઇનું ફળ કહેવાય.

પ્યાર (ના) હેત.

નવરાશ (ના) ફુરસદ, પરવાર.

અતિ (વિ) ઘણો.

લોભ (ના) લાલચ, આપણી પાસે જે વસ્તુ પુરતી હોય, તો પણ તે મેળવવાને ઇચ્છીએ, તો આપણે લોભ કર્યો કહેવાય.

અવગુણ (ના) નઠારો ગુણ.

લેશેજ નહીં એટલે ગણશેજ નહીં, રાખશે નહીં.

વાંક (ના) ગુન્હો, તકસીર, અપરાધ.

---

## પાઠ ૧૫૩ મો.

---

લાલચ (ના) લોભ, જે વસ્તુ આપણી પાસે પૂરતી હોય, તોપણ બીજી મેળવવાને મહેનત કરવી, તેને લાલચ કે લોભ કર્યો કહે છે.

દહાડા (ના) મોસમ, રતુ.

કેરીના દહાડા એટલે ઉનાળાનો પાછલો ભાગ એટલે વૈશાખ ને જેઠ મહિના.

ઝુમી (કૃ) નમી, લંચી.

પાકે ચઢેલી એટલે પાકવા માંડેલી.

દાઢ (ના) બેવડા દાંત, ચાવવાનાં દાંત.

સળકી (ક્રિ) ચવળી, જાગૃત થઈ.

દાઢ સળકી એટલે ખાવાનું મન થયું.

સાખીયાં (ના) પાકવા પર આવેલી કેરી.

મીઠાં (વિ) ગળ્યાં.

મજાના (વિ) સારાં.

ધણી (ના) માલિક.

હીંડ (ક્રિ) ચાલ.

આંબો (ના) કેરીનું ઝાડ.

ચોર (ના) હરામનું ખાનાર, છાની રીતે બીજાનો માલ લઇ લેનાર.

દવશાત (ના) માલ, દમ, કાયનાત.

મા (અ) નહીં.

વિચારમાં પડયો એટલે વિચાર કરવા લાગ્યો.

પીળાં રેચક એટલે ઘણું પીળાં.

લલચાયો (ક્રિ) લોભાયો.

શિખામણ (ના) સમજાવીને કોઇને

સારી સલાહ આપવી તે.
સંતાઇને (કૃ) છુપાઇને.
છાનામાના (વિ) મુગા, ચુપચુપ.
શરમાયો (ક્રિ) સરમાયો.
શરમ (ના) લાજ.
મોટા મનનો એટલે ઉદાર, સખી.
એકલપેટો (વિ) પોતાનોજ લાભ ઇચ્છનાર.
૨. પોતાનું એકલાનુંજ પેટ ભરનાર.

સવાલ. જગો ને રણછોડ એ બંને જતા હતા, તેણે રસ્તામાં કયાં ઝાડ જોયાં? (૨) રણછોડે જગાને શું કહ્યું, ને તેનો જવાબ જગાએ શો આપ્યો? (૩) એ બંનેની વાત કોણે સાંભળી ને તે સાંભળનારે જગાને શું આપ્યું?

## પાઠનો સાર.

કોઇ પણ માણસ ન દેખે તોપણ કંઇ વસ્તુ ચોરવી નહીં, શાથી જે તે પરમેશ્વરથી છાનું રહે નહીં, માટે ચોરી કરવી નહીં, વળી છેક નજીવી વસ્તુ પણ ચોરવી નહીં, કારણ કે એમ કરતાં કરતાં મોટી વસ્તુ ચોરવાની ટેવ પડે છે.

---

## પાઠ ૧૫૪ મો.

---

બંદર (ના) જે શેહેર કે ગામ દરિઆ કે નદી કિનારે હોય, ને ત્યાંથી વહાણ જતાં કે આવતાં હોય તેવાં શેહેરને બંદર કહે છે.
ગુણ (ના) સારૂં લક્ષણ.
ખાર (ના) વેર, અદેખાઇ.
વેર વાળવું એટલે આપણું કોઇએ માઠું કીધું હોય, તેનું આપણે પાછળથી માઠું કરવું તે.
ક્ષમા (ના) માફી.
વાંક (ના) ગુન્હો.
મનમાં રાખવો એટલે યાદ રાખવો.
રીત (ના) ધારો, નિયમ.
અણબનાવ (ના) ટંટો.
સાલસ (વિ) ભલો, સારો.
જીભ ચલાવે એટલે જીભ વાપરે એટલે જીભે કરી ગાળ દેવી.
હાથ ચલાવવો એટલે કોઇને હાથે કરી માર મારવો.
જરા (વિ) થોડો.
સામા થવું એટલે પાછી ગાળ દેવી કે મારવો.
ફીકો (વિ) ફીક્કો, મોં ઊતરી ગએલો.
પસ્તાય (ક્રિ) દીલગીર થાય.
લાગ્યું (ક્રિ) જણાયું, માલમ પડયું.
માફ કરવું એટલે ગુન્હો જવા દેવો, ક્ષમા કરવી, દરગુજર કરવું.
અદાવત (ના) વેર, દુશ્મનાઇ.
ન્યાય (ના) ઇનસાફ.
ટંટો (ના) ફીસાદ.
પતાવી (કૃ) પૂરો કરીને.
ભૂંડું (વિ) નઠારૂં.
કમનશીબ (વિ) અભાગીઓ, ફુટેલા નશીબનો.
નિર્ધન (વિ) પૈસા વિનાનો પૈસે ગરીબ.

નીચ (વિ) હલકો.
નિર્દય (વિ) દયા વિનાનો.
સોબત (ના) સંગત, મેળાપ.
ચાલ (ના) રિવાજ, ટેવ.
અમથા (વિ) નકામા, ફોકટ.
સમ ખાવા એટલે શપથ લેવા.
ઝેરીલાળી (વિ) ઘણી ભૂંડી, ઘણીજ ખરાબ, અપશબ્દવાળી.
ચાલી (ક્રિ) થવા લાગી.
ધાર્યું (વિ) માન્યું, વિચાર્યું.
મારા પર એટલે મારે માટે. મને લાગુ પડે એવી રીતે.
ચીડાને (કૃ) ખીજીને, ગુસ્સે થઇને.
ચોપડીને (કૃ) દઇને, આપીને, ભાંડીને.
બચ્ચા (ના) છોકરા.
જોઈ લઇશ એટલે વખત આવશે ત્યારે તારૂં માઠું કરવાને ચુકીશ નહીં.
દેખાડી આપું એટલે તને મારૂં પરાક્રમ દેખાડીશ. કે હું કેવો બહાદૂર છું.
મારૂં નામ નહીં એટલે મારૂં જે નામ પાડયું છે તે નકામું મતલબ કે જરૂર તેને મારૂં પરાક્રમ દેખાડીશ.
મારૂં નામ નહીં એવું બોલે ત્યારે જાણવું કે બોલનારનો ઘણો પાકો નિશ્ચય તે કામ કરવાનો છે.
ધમકી (ના) બીક.
ધ્યાન (ના) લક્ષ, મન.

સવાલ ૧. પાલ ગામ કયાં છે ? અને ત્યાં કયો છોકરો રહેતો હતો ? (૨) રાજારામમાં કયો સારો ગુણ હતો ? અને તે આખા ગામને વહાલો શાથી લાગતો ? (૩) શું કરવાથી નુકશાન થતું નથી એમ રાજારામને જણાયું ? (૪) મોરાર કોણ ? અને તેનો મેળાપ રાજારામ જોડે શી રીતે થયો ? મોરારમાં કયા માઠા ગુણ હતા, ને તે શાથી તેનામાં આવ્યા હતા ? અને મોરારે રાજારામને શું કહ્યું ?

---

## પાઠ ૧૫૫ મો.

---

વાડી (ના) બાગ, ફળ ને ફુલના છોડનું ખેતર.
વાવ્યા (કૃ) રોપ્યા.
વહાણું (ના) સવાર, પ્રભાત.
ખાતર (ના) કોવડાવેલું છાણ.
પૂરે (ક્રિ) સીંચે, નાંખે.
ગોઠવણ (ના) બંદોબસ્ત.
પ્રેમ (ના) હેત, પ્રિત.
એનીજ કહેવાતી એટલે એના નામથી તે વાડી ઓળખાતી એટલે રાજારામની વાડી એમ કહેવાતું.
લાંબા સૂતેલા એટલે ભોંય પર પડેલા.
ઉછેર્યા (કૃ) મોટા કીધા.
ફેંદી નાખેલા એટલે છુંદી નાંખી તેના પાતરાં ને ડાળી આમ તેમ કરી નાંખેલાં. ફેંદી કૃદંત ને નાંખેલા પણ કૃદંત છે.
દિલ (ના) મન.
ખાટું થયું એટલે નારાજી થયું.

ઉમેદ (ના) આશા, હોંસ.

ભંગ થઇ એટલે જતી રહી, ભંગ એ ક્રિયાવિશેષણ અવ્યય ને થઈ કૃદંત.

ઘોળાઈ (ક્રિ) ફરી ફરીને યાદ આવી.

કઢાપો (ના) દીલગીરી, દુઃખ, અફસોસ.

ખડખડાટ (ના) ખડખડ થતો અવાજ.

કોદાળી (ના) એક જાતનું જમીન ખોદવાનું ઓજાર.

સુદ્ધાં (અ) સાથે, સહિત, સોત.

વેર (ના) દુશ્મનાઈ.

વચન (ના) બોલ, શબ્દ.

સાંભરી (ક્રિ) યાદ આવી.

રીસ (ના) ગુસ્સો.

જોમ (ના) જુસ્સો, આવેશ.

લુચ્ચો (વિ) હરામખોર.

સજા (ના) શિક્ષા.

પકડો (ક્રિ) ઝાલો.

મનમાંથી નીકળી જવું એટલે ભૂલી જવું.

મારા હાથમાં છે એટલે મારી મરજી ઉપર છે.

ક્રોધ (ના) ગુસ્સો.

સમાવ્યો (ક્રિ) કાઢી નાંખ્યો.

સવાલ ૧; રાજારામે પોતાના ઘરની પછવાડે શું બનાવ્યું હતું ? અને તેમાં શું વાવ્યું હતું ? (૨) એ વાડી કોના નામથી ઓળખાતી ? ને એમાંના વેલા કોણે ઉખેડી નાંખ્યા ? અને શાથી માલમ પડયું કે ફલાણાએજ તે ઉખેડી નાંખ્યા ? (૩) રાજારામે એ વેલા ઉખેડી નાખનારને શી સજા કરાવી.

---

## પાઠ ૧૫૬ મો.

આંસુ (ના) રડવાથી આંખમાં જે પાણી આવે છે તે.

લોહી (ક્રિ) લુછી, સાફ કરી.

ઠીકઠાક (વિ) દુરસ્ત.

ભૂંડાએ (વિ) નઠારા માણસે.

ચોળાચોળ (ના) પંચાત, ભાંજગડ.

નિયમ (ના) ધારો, રિવાજ.

જવા દઉં છું એટલે માફ કરૂં છું.

ક્ષમા કરવી એટલે માફ કરવું

કઠણ (વિ) અઘરૂં, મુશ્કેલ.

રૂડી (વિ) સારી.

ચાલ (ના) વર્તણુંક, રિવાજ.

હરખાયો (ક્રિ) ખુશી થયો.

મગન (વિ) રાજી. ખુશી.

ગાંઠવાળી એટલે નક્કી કીધું.

સંભારે (ક્રિ) યાદ દેવડાવે.

વિશાત (ના) દમ, માલ, જીવ.

વિસારે પડી એટલે યાદ નહીં રહી.

મનમાં રાખી મેલી એટલે યાદ રાખી મૂકી.

સામું (વિ) ઉલટું.

મોં સતાડી એટલે મોં છુપાવી.

વેગળો (અ) આઘો.

ઓચિંતા (વિ) અણધાર્યા, એકદમ.

ટટ્ટુ (ના) નાનો ઘોડો.

હાથ આવે નહીં એટલે પકડાય નહીં.

લગામ (ના) ઘોડાના મોંમાં જે લોઢાની ઘાલે છે તે, ચોકડું.

ઝાલીને (કૃ) પકડીને.
પાડ (ના) આભાર, ગુણ.
માનવો પડયો એટલે કબુલ કરવો પડયો.
કાળના (ના) મોતના.
કાળના મોંમાંથી છોડવ્યો, એટલે મને મરતાં બચાવ્યો, બાકી હું મરીજ જાત એમાં શક નથી.
મરણ તોલ (વિ) અધ મુઓ. એટલો બધો મારતે કે હું મરવા જેવો થઇ જતે.
અવસ્થા (ના) સ્થિતિ.
સ્વભાવ (ના) મિજાજ, ખવાસ, પ્રકૃતિ.
મા બેન સમી (વિ) મા બેનનું નામ દઇને.
પારજ નહીં એટલે છેડોજ નહીં એટલે ઘણીજ.
પેટ ભરીને એટલે ધરાઉં તેટલું.
જળજળીઆં (ના) આંખમાં પાણી ભરાઇ આવે છે તે.

સવાલ ૧. રાજારામ પોતાની વાડી દુરસ્ત કરતો હતો, તે વખતે ત્યાં કોણ આવ્યું? ને તેણે રાજારામને શું પૂછ્યું, તથા રાજારામે શો જવાબ દીધો? (૨) રાજારામની માએ શાથી જાણ્યું કે આ વખતે એને માફ કરવું બહુ અઘરું પડે છે? (૩) રાજારામને મોરારનો મેળાપ શી રીતે થયો? અને મોરારે શું કહી રાજારામનો પાડ માન્યો? (૪) રાજારામનું નુકશાન મોરારે કીધું, તે બીજા માણસો થોડે દહાડે ભૂલી ગયા, પણ રાજારામે શા કારણથી એ વાત મનમાં રાખી મૂકી.

## પાઠ ૧૫૭ મો.

દયા (ના) સામાનું દુઃખ જોઇ આપણા મનમાં તેને મદદ કરવાની જે ઇચ્છા થાય તે.
ચાકર (ના) નોકર.
અબઘડી (અ) તરતજ, હમણાં.
બાપજી કરી જવા દે એટલે ઘણી ખુશીથી જવાની રજા આપે.
રાજી (વિ) ખુશી.
મીઠાશથી (ના) મીઠા શબ્દથી.
મરજી (ના) ઇચ્છા.
નુકશાન (ના) ખરાબી જાન.
નીચું જોવાનું એટલે શરમાવાનું.
કાયર (વિ) કંટાળેલો, થાકેલો.
શરત (ના) ધારો, નિયમ, કરાર.
નામ (વિ) થોડું.
ભૂંડું (વિ) નઠારા શબ્દ.
સંગત (ના) સોબત.
આચરણ (ના) ચાલ.
રહેણી (ના) વર્તણુક, ચાલ.
મન હતું એટલે મરજી હતી.
કેડે (અ) પછી.
ભલામણ (ના) સિફારસ, વખાણ.
ઘટારત (વિ) લાયક, યોગ્ય.
વેર (ના) શક, વહેમ.

સવાલ ૧. રાજારામે મોરારને શો

ઉપદેશ કીધો ? અને તે મોરારે મા-ન્યો ? (૨) મોરાર કોને ત્યાં ચાકર રહેવા ગયો, ને તેણે એને શા માટે ન રાખ્યો ? (૩) મોરારને કોણે ભણા-વવા માંડ્યો ને કેવી શરતે ? કેટલી મુદતમાં તે વાંચતાં લખતાં શીખ્યો ? અને પછી કોને ત્યાં નોકર રહેવા ગ-યો ? (૪) જેને ત્યાં નોકર રહેવા ગ-યો તેણે મોરારને શું કહ્યું ? ત્યારે મો-રારે પોતાની વાત કોને પૂછી જોવા કહ્યું ? (૫) મોરારને ચાકર રાખવાને દેશાઇ શાથી ચહાતા હતા ? અને તે-ણે રાજારામને શું પૂછ્યું ? રાજારામે મોરાર વિષે કેવો અભિપ્રાય આપ્યો ? (૫) મોરારને મહેનત લઇ રાજારામે શા માટે ભણાવ્યો ? તેનું કારણ દેશા-ઇએ પૂછ્યું ત્યારે રાજારામે શું કહ્યું ?

---

## પાઠ ૧૫૮ મો.

---

બોલીએ (ના) કબુલાતે, શરતે.
પરઠણ (ના) શરત, કબુલાત.
ચાકરી (ના) નોકરી, સેવા.
પગાર (ના) મહેનતના બદલામાં જે પૈસા મળે તે. દરમાયો, મુસારો, પગાર એ પોર્ટુગીઝ શબ્દ છે.
બલા (ના) પાપ.
છો બલા જતી એટલે ભલે એ પાપ અથવા પીડા જતી.
ભલા (વિ). સારા સ્વભાવના.
ખબરદાર (વિ) હોશિઆર.
ભૂડાં (વિ) ખરાબ, માઠાં.
લક્ષણ (ના) ગુણ, ટેવ.
તજ્યાં (ક્રિ) છોડી દીધાં.
નવરી (વિ) પરવારની; ફુરસદની.
જાન (ના) નુકશાન.
ખરખરો (ના) પસ્તાવો, દીલગીરી.
બદલો (ના) સાટું, અવેજ.
સામર્થ્ય (ના) જોર, કૌવત. પૈસા આ-પવાની શક્તિ, તાકાત.
માનવો (ક્રિ) કબુલ કરવો.
ઉપાય (ના) ઇલાજ, યુક્તિ.
માફ માગવી એટલે ગુન્હો કીધો હોય, તે તેના મનમાંથી કાઢી નંખાવવા દીલગીરી સાથે બે બોલ કહેવા.
શરમ (ના) લાજ.
ચેન (ના) સુખ, આરામ.
હૈયું ભરાઈ આવ્યું જણાય છે એટલે કંઇ દુઃખ લાગવાથી તું રડવા જે-વો જણાય છે.
ધીરજ (ના) હિંમત.
ટાઢક (ના) શાતા, ઠંડક.
વળશે (ક્રિ) થશે.
ગળગળતે (વિ) રડતે. દીલગીર.
સાદે (ના) અવાજે.
ખટપટ મહેનત, માથા ફોડ.
ટેવ (ના) આદત, નિયમ.
ધારૂં છું (ક્રિ) માનું છું.
કદી (અ) કોઇ દહાડો.
વય (ના) ઉમ્મર.

ભાવ (ના) હેત, પ્રિત.
અપરાધ (ના) ગુન્હા.
ખરૂં દિલ એટલે સાચું મન.
ક્ષમા (ના) માફ.

સવાલ ૧. દેશાઇએ મોરારને કેવી શરતે નોકર રાખ્યો ? અને તેને કાકે એને જવા દીધો કે નહીં ? (૨) દેશાઇને ત્યાં રહ્યા પછી મોરારની ચાલ સુધરી કે નહીં ? અને ફુરસદની વેળાએ તે શું કરતો ? (૩) મોરાર પોતાના કયા પાપી કામને માટે પસ્તાવા લાગ્યો ? (૪) મોરારને દેશાઇએ પગાર ક્યારથી આપવો શરૂ કીધો ? અને એના એ પગાર વિષે વાત થઇ, ત્યારે દેશાઇએ મોરારને જોઇ શું અનુમાન કીધું ? (૫) મોરારે પસ્તાવવાનું ખરૂં કારણ કહ્યું કે નહીં ? અને તેને શી શીખામણ દીધી ? તથા રાજારામને વિષે દેશાઇ શું બોલ્યા ?

## ઉપલા પાંચ પાઠનો સાર.

હર કોઇએ કોઇનું કદી પણ માઠું નહીં કરવું. અને કદાચ કોઇ મુર્ખ માણસે આપણું માઠું કીધું હોય, તો તેના ઉપર વેર ન રાખતાં લાગ આવે ત્યારે તેનું ભલું કરવું. એમ કરવાથી પરમેશ્વર બહુ રાજી થાય છે, ને તે આપણા ગુન્હા માફ કરે છે.

---

## પાઠ ૧૫૯ મો.

---

કષ્ટનષ્ટાષ્ટક (વિ) દુઃખને નાશ કરનારા આઠ એટલે આઠ છંદ.
અહો (અ) હે.
દેવ (ના) પરમેશ્વર.
સદા (અ) રોજ, નિત્ય.
દાસ (ના) ચાકર.
પ્રભુ (ના) પરમેશ્વર.
પ્રાણથી (ના) મનથી.
પૂર્ણ (વિ) ઘણો.
પ્યારો (વિ) વહાલો.
આપ (સ) તમે.
અત્યંત (વિ) ઘણુંજ.
આનંદ (ના) ખુશાલી.
કૃપાનાથ (ના) મહેરબાનીના ધણી એટલે પરમેશ્વર.
મહા (વિ) મોટું.
કષ્ટ (ના) દુઃખ.
કાપો (ક્રિ) મટાડો.
પૂરો (વિ) ઘણો.
બુરો (વિ) ખરાબ.
પ્રાણી (ના) જીવ.
છેક (અ) ઘણો.
દયાવંત (વિ) દયા લાવનાર.
તથાપિ (અ) તોપણ.
છુટે (ક્રિ) મટે, જાય
છાપ (ના) સિક્કો, મહોર.
છાપો (ના) મારો, દાબો.
છાપ છાપો એટલે મહેરબાનીની છાપ

મારા ઉપર મારો એટલે મારા ઉપર મેહેરબાની કરો.
સગો (વિ) સંબંધી, વહાલો.
કથા (ના) વાત.
વૃથા (વિ) ફોકટ, નકામો.
વાદ (ના) બોલવાની શક્તિ.
કાચી (વિ) નરમ.
શિરે (ના) માથે.
થાપો (ક્રિ) મૂકો.
શિરે હાથ થાપો એટલે માથા પર હાથ મૂકો એટલે મારા ઉપર મેહેરબાની કરો, આશિર્વાદ આપો.
સમે (ના) વખતે.
આરામ (ના) બિસામો.
સંતાપ (ના) દુઃખ.
કાપે (ક્રિ) મટાડે.
બાળ (ના) નાનો છોકરો.
શ્રેષ્ટ (વિ) ઉત્તમ, સરસ.
આપદા (ના) દુઃખ.
ઉગારો (ક્રિ) બચાવો.
શોક (ના) દીલગીરી.
સિંધુ (ના) દરિઓ.
સદ્ય (અ) તરત.
તારો (ક્રિ) બચાવો, ઉપર રાખો.
પ્રલે (અ) નાશ, મટાડો.
સર્વથા (અ) સઘળી રીતે.
સર્વદા (અ) હંમેશા.
શુદ્ધ (ના) ખબર, સંભાળ.
કૃપાળુ (વિ) મહેરબાન, દયાળુ.
સંકટે (ના) દુઃખને વખતે.
સાય (ના) મદદ.
વિલાપો (ના) દુઃખ, ટળવળાટ.
ધરૂં (ક્રિ) રાખું.
અંતરે (ના) મનમાં.
આશા (ના) ઉમેદ, હોંશ.
ભણું (ક્રિ) બોલું.
આગે (અ) આગળ, નજીક.
દીન (વિ) ગરીબ.
ભાષા (ના) બોલી, શબ્દો.
માપો (ક્રિ) તપાશી જુઓ કે કેટલાંછે.
વડો (ના) મોટો, ઘણો.
વેગ (ના) ઝડપ, ઉતાવળ, શક્તિ.
ચડો (ક્રિ) આવો, દોડો.
વારે (ના) મદદે.
શોક (ના) દીલગીરી.
દ્રષ્ટિ (ના) નજર.
ક્લેશ (ના) દુઃખ.
કળાપો (ના) દુઃખ, મુશીબત, વેદના.
પ્રાણી (ના) માણસ, જીવ.
પૂરો (વિ) ઘણો.
પ્રેમ (ના) હેત.
સરે (ક્રિ) થાય.
અર્થ (ના) મતલબ, ઇચ્છા, કામ.
ઠરે (ક્રિ) બેસે, જપે.
થીર (વિ) હાલે ચાલે નહીં એવું પણ આ ઠેકાણે સુખી.
ઠામે (ના) ઠેકાણે.
રૂડા (વિ) સારા.

**સમજુતી.**

હે પરમેશ્વર હું તારો હમેશાંના

ચાકર છું. અને તું મને મારા મનથી ઘણો વહાલો લાગે છે. મને તમે ઘણી ખુશાલી આપો, ને મેહેરબાનીના ભંડાર એટલે પરમેશ્વર તમે મારૂં મોટું દુઃખ મટાડો.

હું ઘણો ખરાબ ને પાપી માણસ છું, તોપણ તમે તો મારા ઉપર મેહેરબાનીજ રાખો છો, તમે જો મારા ઊપર મેહેરબાની કરો તો, મારાં પાપ મટી જાય, માટે હે પરમેશ્વર તમે મારૂં મોટું દુઃખ મટાડો.

હે પરમેશ્વર સાચામાં સાચો સગો તો માત્ર તુંજ છે. મારી બોલવાની શક્તિ ઘણી નરમ છે, તો પછી હું તને નકામી વાત શી કહું. મતલબ કે તારી આગળ બોલી શકવાને મને શક્તિ જ નથી, તો પછી જે કંઈ વાત કહું તે નકામીજ છે. જો તમે મારા માથા ઊપર હાથ મૂકો, એટલે તમે જો મારા ઉપર મેહેરબાની કરો, તો મારૂં બધું સારૂંજ થશે. માટે હે પરમેશ્વર મારૂં મોટું દુઃખ તમે મટાડો.

પાપ કરવાથી દુઃખી થઈ જઇને થાકેલો જે હું તેને આ વખતે તારા વગર બીજો કોણ વિસામો આપે? (કોઇ નહીં પણ તુંજ આપશે) અને વળી મારાં પાપને દુઃખ પણ કોણ મટાડવાનું? હું તારો છોકરો છું, ને તું મારો ઉત્તમ પિતા છે, માટે હે પરમેશ્વર તમે મારૂં મોટું દુઃખ મટાડો.

હે પરમેશ્વર તમે મને આજે આ દુઃખમાંથી છોડાવો. અને વળી જે દીલગીરીના દરિઆમાં હું પડયો છું, તેમાંથી તમે મને તરતજ કાઢો. હે પરમેશ્વર તમે મારાં આ બધાં પાપનો નાશ કરો, ને હે મેહેરબાન પરમેશ્વર તમે મારૂં આ મોટું દુઃખ મટાડો.

તમે હંમેશાં ને વળી બધી રીતે મારી સંભાળ રાખી છે, અને વળી દયાળુ થઇને દુઃખને વખતે મને મદદ કીધી છે. તમારા વિના મારા દુઃખન ટળવળાટ બીજું કોણ જાણે? માટે હે દયાળુ પરમેશ્વર તમે મારૂં મોટું દઃખ મટાડો.

હું મારા મનની અંદર આપની એક ઊમેદ રાખું છું, અને તમારી આગળ દુઃખથી ગરીબ શબ્દોમાં બોલું છું, કે મારા પાપની માફી મળવા માટે તમે મહેરબાની કરી તેની એટલે પાપની માપણી કરો, કે તે કેટલાં છે? હે દયાળુ પરમેશ્વર તમે મારૂં મોટું દુઃખ મટાડો.

તમે ઘણી ઝડપથી મારી મદદે આવો. અને જ્યારે તમારી મારા ઉપર મેહેરબાનીની નજર થશે, ત્યારેજ મારી દીલગીરી જતી રહેશે. અને જ્યારે તમારી મારા ઊપર મેહેરબાની થશે, ત્યારે કોઇ પણ જાતના દુઃખની વેદના મને થવાની નથી માટે હે દયાળુ પરમેશ્વર તમે મારૂં મોટું દુઃખ

મટાડો.

જો કોઈ પણ માણસ આ દુઃખ કાપી નાંખે એવા આઠ છંદ વડે પરમેશ્વરની સ્તુતિ ઘણા હેતથી કરે તો દલપતરામ કહે છે, કે તેની બધી ઇચ્છાઓ પૂરી થશે, ને તે સુખને ઠેકાણે બેસશે.

## પાઠનો સાર.

દરેક માણસે પરમેશ્વરની દરરોજ ખરા અંતઃકરણથી પ્રાર્થના કરવી જોઇએ. તેની સ્તુતિ કરવી એટલે તેનાં વખાણ કરવાં. એટલે તેનામાં જે મોટા ગુણો છે, તે કહી બતાવવા, ને તે માનવા. જેમકે હે પરમેશ્વર તું દયાળુ છે, માયાળુ છે, ને બધી શક્તિમાં પૂરો છે. તારામાં ઘણું ડહાપણ છે. અને તારામાં બધાજ સારા ગુણ છે. આવી રીતે સ્તુતિ કરવાની જરૂર છે ખરી, પણ એકલી સ્તુતિથી તે આપણા ઉપર રાજી થતો નથી, પણ તેની ઇચ્છા પ્રમાણે ચાલીએ, ને તેનાથી ડરીને ચાલીએ, તો તે આપણા ઉપર રાજી રહે છે, ને આપણે સુખી થઇએ છીએ. જુઠું ન બોલવું, ચોરી ન કરવી, કોઈનું ભૂંડું ન કરવું, ને આપણી શક્તિ પ્રમાણે હરકોઇ પ્રાણીનું ભલું કરવું. એ તેની ઇચ્છા છે, માટે તે પ્રમાણે ચાલીએ, ને તેની સ્તુતિ કરીએ, તોજ તે રાજી થાય છે. માટે હમેશ તેમ કરવું જોઇએ. તે આપણા ઉપર ઘણા ઉપકાર હંમેશાં કરે છે. અને આપણું દુઃખ મટાડનાર ખરેખરો તો તેજ છે. માટે એવા ફાયદાકારી પ્રભુની સ્તુતિ જે ન કરે, ને તેની ઇચ્છા પ્રમાણે ન ચાલે, તેને પાપી જાણવો, ને તે જરૂર દુઃખી થશે.

---

## પાઠ ૧૬૦ મો.

---

દૈત્ય (ના) રાક્ષસ, મોટા બીયામણા કદનો માણસને દુઃખી કરનાર એક પ્રાણી.

દેશાઇ (ના) જેને સરકાર તરફથી સારાં બહાદૂરીના કામ કરવા બદલ કંઈ રોકડ અથવા ગફત જમીન બક્ષીસ થઇ હોય, તે માણસ.

ચડયો (ક્રિ) પહોંચ્યો.

જાતે (ના) પંડે, શરીરે.

પાન (ના) માણસ.

છેટેથી (ના) દૂરથી. અવ્યય પણ થાય.

થાકવું (ક્રિ) શરીરની શક્તિનું થોડી મુદત માટેજ કમી થવું.

પડી રહેવા (કૃ) સુઈ રહેવા.

કલ્યાણ (ના) ભલું, સારૂં.

ઉતારો (ના) મુકામ. રહેવાની જગા.

મૂળે (ના) મૂળમાં.

બોહોળા (વિ) ઘણા, ઝાઝા.

વસ્તારી (વિ) ઘણાં છોકરાં છૈયાંવાળો.

રહે (ક્રિ) ઉભા રહો, થોભો.

કોઢારૂં (ના) ઢોર બાંધવાનું ઘર.

ઢાણી

[illegible] તમે જાતે એકલાજ છો, પણ પરમેશ્વર તમને ૨૧ છોકરા આપે અથવા બધાં છોકરાં છૈયાં મળી તમને ૨૧ છોકરા થાય. મતલબ કે તમે સુખી થાઓ.

ભટજી (ના) બ્રાહ્મણ.

ઝોળી (ના) લૂગડાના કકડાના ચારે છેડા બાંધી લઇ વચમાંથી ઝુલતો રહે એવો ઘાટ, તેમાં બ્રાહ્મણો દાણા લે છે.

ઉતારી (ક્રૃ) કાઢી.

કને (અ) પાસે, નજીક.

વારતા (ના) બનાવ, હકીકત, બનેલી હકીકત કહી બતાવવી.

અક્કલ (ના) ડહાપણ.

પછવાડે લાગ્યા એટલે ઘણા આગ્રહથી કહેવા લાગ્યા કે કંઇ વારતા કહો.

સવાલ ૧—કસન દેસાઈ સાંઝે ઓટલે બેસી શું કરતા હતા, એવામાં ત્યાં કોણ આવી ચઢ્યું, ને તેણે શું કહ્યું, તેનો જવાબ કસન દેશાઇએ કેવો આપ્યો? (૨) ભટજીને ક્યાં મૂકામ મળ્યો? ને તેણે દેશાઇના છોકરાને શું પૂછ્યું? અને છોકરાઓએ શો જવાબ ભટજીને આપ્યો? (૩) વારતા સાંભળી તે ઉપર કેવો વિચાર કરવાને ભટજીએ છોકરાને કહ્યું?

## પાઠ ૧૬૧ મો.

---

અગણોતરો (વિ) સંવત ૧૮૬૯માં જે મોટો દુકાળ પડયો હતો તે.

કાળ (ના) દુકાળ, વરસાદ નહીં આવવાથી અનાજ ન પાકે એવો વખત—નઠારો વખત.

વખો (ના) દુઃખ, વિપત્તિ.

વખાનો માર્યો એટલે દુઃખને લીધે.

રાચરચીલું (ના) સામાન સરંજામ જેવું કે, ખાટલો, ગોદડાં, વાસણ, પેટી, લૂગડાં વિગેરે.

વહાણ (ના) પાણીમાં તરી શકે એવું લાકડાનું બનાવેલું એક વાહન.

પર (વિ) પારકો.

પરમુલક (ના) પારકો દેશ.

વાટે (ના) રસ્તે.

વાવાઝરડું (ના) પવનનું તોફાન.

ડામાડોળ (અ) આમતેમ હાલવું.

ખારવા (ના) વહાણ ચલાવનાર ખલાસી.

બચાવ (ના) રક્ષણ.

અંતે (અ) આખરે, છેલ્લે.

બેટ (ના) જમીનનો ભાગ કે જેની ફરતું પાણી હોય તે.

અથડાઇને (ક્રૃ) કુટાઇને.

તરીને (ક્રૃ) પાણીમાં ઉપર રહીને.

કાંઠે (ના) કિનારે, દરિઆની કોરણે.

સુદ્ધાં (અ) સાથે, સહિત.

ઓહોળી (વિ) ઘણી.

દમડી (ના) પૈસાનો આઠમો ભાગ એવો કાંઈ સિક્કો નથી, પણ હિસાબ ગણવામાં વપરાય છે.
ઓજાર (ના) સાધન, સાહિત્ય, સરંજામ જેવાં કે હળ, ફડકો, કરબ, કરપી, કોદાળી, કુહાડી વિગેરે.
હાથ લાગી (ક્રિ) મળી.
પકવ્યું (ક્રિ) નીપજાવ્યું.
અડચણ (ના) હરકત.
ટાંકયાં (ક્રિ) ઘડયાં, ઘંટીના જેવાં તૈયાર કીધાં.
લોટ (ના) અનાજનો ઝીણો ભૂકો, આટો.
ઘંટી (ના) દાણા દળવાનુ ઓજાર.
વતી (અ) વડે, થી.
ચમત્કારી (વિ) નવાઈ જેવી.
ઉતાવળ (ના) ઝડપ.
જુવાન (વિ) નાની ઉમરનો.
હીંડાય (ક્રિ) ચલાય.
ધીરજ (ના) શાન્તિ, શબુરી.
રમુજ (ના) મઝા.
વેગળેથી (અ) દૂરથી, આઘેથી.
ખંચાઇને (કૃ) અચકીને, બીને, આચકો ખાઇને.
દૈત્ય (ના) રાક્ષસ.
મીચેલી (કૃ) બંધ કરેલી.
બિહામણું (વિ) જેને જોઇને બીક લાગે એવું.
નિહાળીને (કૃ) ધારીને, તાકીને.
ઉજળો (વિ) સફેદ, ધોળો.
જાં
ચળકચ
છાંયડો (ના) શીળો.
ગરક (વિ) ડુબેલો, ખુડેલો.
ગરક થઇ ગયો એટલે ડુબી ગયો.
જોવામાં ગરક થઇ ગયો એટલે જોયા જ કીધું.
મીઠી નજરે એટલે ડોળા કાઢી ધમકાવ્યા વિના, હેતથી.
નજરે (ના) દ્રષ્ટિએ, કટાક્ષે.

સવાલ ૧—ભટજીએ શી વાત છોકરા આગળ કહી? જગો પટેલ કોણ ને તે કયાંથી કયાં જવા નીકળ્યો ને તે શા માટે? (૨) જગાના વહાણનું શું થયું? ને તે બચ્યો કે નહીં? જગો એકલોજ હતો કે? (૩) બેટ જોઇને જગાને શો વિચાર આવ્યો? તે બેટમાં વસ્તી હતી કે નહીં? અને નહીં તો જગાને ખાવાનું શી રીતે મળ્યું? (૪) જગો બેટમાં ફરવા નીકળ્યો, ત્યારે તેણે શું જોયું? અને જે જોયું તે કેવું હતું?

## પાઠ ૧૬૨ મો.

ભલો (વિ) સારો.
વાહ (અ) સારૂં, ભલે, ઠીક.
ભલમનસાઈ (ના) સારાપણું.
પાછે પગે એટલે પીઠ તરફ, ઊંધો, મોં ફેરવ્યા વિના.
મા (અ) નહીં, ના.

પલાણુ (ના) બેઠક, આસન.

સપાટાબંધ (અ) ઝડપથી.

ફાળ પડી એટલે ધાસ્કો પડ્યે લાગી.

જીવ ઉડી ગયો એટલે જીવ જ લ્યા જેવી થઈ ગઇ, મતલબ ણી ગભરાઈ.

શા ભોગ મળ્યા એટલે કેવી ખરાબી-માં આવી પડયા.

હોઈયાં કરી જવું એટલે ખાઇ જવું.

પૂછપરછ (ના) તજવીજ—પુછગાછ તપાસ

ઉઘાડામાં એટલે ખૂલ્લામાં.

ટેવ (ના) આદત.

પાંગોહાં (ના) હાથના ખભા આગળ-ના સાંધા.

રહી જાય છે (ક્રિ) દુ:ખે છે, દુખવાથી તે કામ કરતાં અટકી જાય છે.

સોંપો (ક્રિ) આપો.

સેહેલું (વિ) ઝટ કરી શકાય એવું, અઘરૂં નહીં તે.

રમત (ના) મઝા.

ખૂબ (વિ) ઘણો.

ખાણુ (ના) કંઈ પણ વસ્તુ જમીનમાંથી બહાર કાઢવાને ખોદેલો ખાડો.

દરકાર (ના) ગરજ, પરવા.

સવાલ ૧–રાક્ષસને જગા પટેલની મુલાકાત થયાની વાત ભટજીએ છોક-રાને કહી, ત્યારે છોકરાએ રાક્ષસ વિ- ..શા રીતે આવ્યો ? ને ( ન આવતો જોઇ જગાની બાયડી શા માટે ગભરાઇ ? (૪) જગાએ પોતાની બાઇડીને એ રાક્ષસ વિષે શું કહ્યું ને તે એ રાક્ષસથી રાજી થઇ કે નહીં ? જગાની બાઇડીએ કયું કામ રાક્ષસને સોંપવાને કહ્યું ? ને પછી જગાએ રા-ક્ષસને શું કરી આપ્યું, તથા રાક્ષસને કામપરથી જગો કયારે રજા આપતો ? અને એવી રજાની રાક્ષસને જરૂર હ-તી કે નહીં ?

---

## પાઠ ૧૬૩ મો.

---

સરદી (ના) ભેજ, હવા, ઠંડક.

મેડો (ના) માળ.

રાન (ના) જંગલ, વન.

વહેરૂં (ક્રિ) ચીરૂં, કરવતથી ચીરવું.

જડાય (ક્રિ) ખીલા ભોકી મજબુત કરવું.

કરવત (ના) આરી, દાંતા દાંતાવાળું પાટીયાં વેહેરવાનું લોઢાનું એક ઓજાર.

પાડવા (ક્રિ) તૈયાર કરવા, બનાવવા.

તે ચોકઠું કહેવાય.
સ્વાધિન કીધું એટલે સોંપ્યું, આપ્યું.
પીઢીયાં (ના) માળનાં પાટીયાં જે ચોરસ લાકડાંના કકડા ઊપર રહે તે કકડા.
સુંદર (વિ) શોભિતો, રમણિય.
ચૂકવી આપ્યું એટલે પતાવી દીધું. ચૂકવી એ કૃદંત ને દીધું ક્રિયાપદ.
વાત ચાલી એટલે વાત થવા લાગી.
કંદ (ના) વેલાનું મૂળિયું. રતાળુ, બટાટા, સુરણ. સકરીયાં એ કંદ કહેવાય.
તરેહ તરેહના (ના) જાત જાતના.
મેવા (ના) ફળફળાદિ.
કાલાવાલા (ના) આજીજી.
કાલાવાલા કર્યા એટલે ઘણી નમ્રતાથી વિનંતિ કીધી.

**સંઘર્યો સાપ પણ કામનો છે.** એટલે સાપ આપણને કરડી ખાય છે, તેથી તેને આપણે રાખી મૂકતા નથી, પણ કોઇ દહાડો એવો આવે, કે તેનો પણ ખપ પડે છે, મતલબ કે જે વસ્તુ હાલ આપણે કશા કામની ન જણાય, તો તે પણ રાખી મૂકવી. વખ-

...કે નહીં.

...લ ૧. જગા પટેલે પોતાના ધ...ાળ શા માટે ને કેવી રીતે કો...સે કરાવ્યો? (૨) મેડો કરાવ...સુતાર વગેરેને મજુરીના બદલા... જગાએ શું આપ્યું? (૩) જગા પટેલને મેવા, ફળ, રૂપિઆ વગેરે લોકો શેના બદલામાં આપવા લાગ્યા? (૪) જગા પટેલને રૂપિઆ કયું કામ કરાવી આપવાના બદલામાં આપવા માંડયા, ને રૂપિઆ લેવાની જગાએ ના પાડી ત્યારે તેની બાઇડીએ શું કહીને તે રખાવ્યા?

---

## પાઠ ૧૬૪ મો.

---

ગાંઠ (ના) ગડી, કંદ.
કલ્યાણ (ના) ભલું.
ભેટ (ના) સોગાદ, બક્ષીસ, નજરાણું.
જૂજ (વિ) થોડી, નાની.
કબૂલ કરો એટલે લેવાને હા પાડો અથવા લો.
ચાહતો (કૃ) ઇચ્છતો.
માથે રાખું છું એટલે કબૂલ કરૂં છું.
ધર્મદાન (ના) ધર્મ લાગશે એમ ધારી કંઇ ચીજ કોઇને મફત આપી દેવી.
અલમસ્ત (વિ) શરીરે મજબૂત.
મસ્તાન (વિ) શરીરે માતેલો.

આળસુ (વિ) સુસ્ત, મહેનત નહીં એવો.
ખબર છે એટલે જાણો છો, માલમ
ઊદક પ્રવાહ (ના) પાણીનો રેલો.
દૈત્ય (ના) રાક્ષસ.
વસે છે (ક્રિ) રહે છે.
ભાઇબંધ (ના) દોસ્ત, મિત્ર.
જવલે (અ) કોઈ વખતે.
તળેટી (ના) પર્વતનો નીચેનો ભાગ.
ટોચ (ના) મથાળું, શિખર.
ઘણું ખરૂં (અ) ઘણે ભાગે, ઘણા વખત સુધી-

ડુંગરાની ટોચ પર ઘણું ખરૂં રહે છે, એટલે ઘણો વખત તો તે ઊંચેજ રહે છે, કોઈ વખતે નીચે પણ આવે. મતલબ કે ભોંય તળીયાં પર પવન થોડોજ હોય છે. બીલકુલ હોતો નથી, એમ નહીં જાણવું.

હોવે (અ) હા.
મન (ના) ચિત્ત.

મન ઠેકાણે હોય એટલે મરજી થાય તો, અથવા તે ધારે તો, બીજા કશા કામમાં રોકાએલો ન હોય તો.

ભમતું (કૃ) રખડતું.
બુમરાણ (ના) ઘણી બુમ પાડવી.
સંતાપે છે (ક્રિ) દુઃખી કરે છે.

સવાલ ૧. જગા પટેલે કોને પોતાના રાક્ષસ પાસે મહત કામ કરાવી જગો ભા... આપતા? તે ભીખારીને કેવી શીખામણ આપતો? અને તે ધર્મદાન કરતો કે નહી? (૩) જગા પટેલે જે રાક્ષસ આણ્યો હતો, તેનું નામ ભટજીએ કસનજી દેશાઇના છોકરાને કહ્યું કે નહીં? અને કહ્યું હોય તો તે તમને યાદ છે? અને એ નામનો અર્થ શો થાય છે? (૪) જગા પટેલે ઊદકપ્રવાહને તેના જેવા બીજા કોઈ રાક્ષસની ભાળ પૂછી, ત્યારે ઊદકપ્રવાહે શું કહ્યું?

---

## પાઠ ૧૬૫ મો.

---

ચરચા (ના) વાતચીત, બે માણસ એક બીજા જોડે પોતાનો વહેમ ટાળવાને અથવા હરકોઇ બાબતનું જ્ઞાન મેળવવાને જે વાતચીત કરે છે, તેને ચરચા કહે છે.
ઓળો (ના) પડછાયો.
પાંખ (ના) પક્ષીને ઊડવાનું સાધન જે તેનાં પીછાંથી થએલી હોય છે.
મછર (ના) એક જાતનું ઝીણું જીવડું

ટી (વિ) થોડો, બે આંગળીની ચ-
પટી વગાડીએ તેટલી વાર.
ાવી (કૃ) છો ને ઈંટથી બંધાવી.
ાણી (ના) શેઠની વહુ.
જી (વિ) ખુશી.

બાંધેલી ચાદર.
જરા (વિ) થોડો.
ડર (ના) બીક.
વાતપ્રવાહ (ના) પવનનો રેલો.
બેસણે (ના) ઠેકાણે, આસને.
સ્વભાવ (ના) ટેવ.
સોંપે (ક્રિ) આપે.

નજરમાં આવે ત્યાં સુધી એટલે મ-
રજીમાં આવે ત્યાં સુધી.
ગરીબડો (વિ) ગરીબ, ભલો.
ફેર (ના) તફાવત, ફરક.

પગ ઘસડતાં ચાલવું એટલે ઘણે ધી-
મે ચાલવુ, ને પગ ઉપાડવાને પણ શ-
ક્તિ નહીં હોય, એટલે જમીન જોડે પ-
ગ ઘસડાય છે તે.
ચીડવું છું (ક્રિ) ખીજવું છું.
વાર (ના) વખત.
મદદ (ના) સહાય.
અચંબો (ના) નવાઇ.
મશ્કરી (ના) મજાક, ઠઠ્ઠા.
ધન ધન (અ) શાબાશ શાબાશ.
શરમાવવું (ક્રિ) મુકાબલો કરવો.
પતંગ (ના) નાનું પાંખવાળું જીવડું.

સવાલ. જ્યારે ઉદકપ્રવાહ પોતાના ભાઈની હકીકત જગા પટેલને કહેતો હતો, ત્યારે તે વાત કોના સાંભળ્યામાં આવી? અને એ વાત સાંભળીને તે કયાં ગયો? અને ત્યાં તેના દીઠામાં શું આવ્યું? (૨) મોરાર શેઠે જે રાક્ષસ જોયો, તેને તેણે શું પૂછ્યું? અને તેનો જવાબ શો મળ્યો? (૩) એ રાક્ષસનું નામ શું, ને મોરાર શેઠે તેને પોતાને ઘેર લાવી કયું કામ સોંપ્યું? અને તેથી કોણ રાજી થયું? (૪) વાતપ્રવાહે મોરાર આગળ ઉદકપ્રવાહ વિષે શું કહ્યું?

---

## પાઠ ૧૬૬ મો.

---

સટ દઇને એટલે ઝટ દઇને, ઝડપથી.
સટ એ ક્રિ૦ વિ૦ અવ્યય ને દઇને કૃદંત.
બો (ના) ગુફા, કોતર.
ભાઇબંધ (ના) દોસ્ત, મિત્ર.
ખબર (ના) સમાચાર.
તરાપો (ના) લાકડાંને બાંધી પાણી પર

ઠીક

પાર (ના) છેડા, અંત.

ધીમો (વિ) ઠંડો, ધીમેથી કામ કરન

વેંતીઆ (વિ) વેંત જેવડા ઊંચા.

કહેતોકને (કૃ) કહીને.

સડસડાટ (અ) ઝડપથી.

વળું (ક્રિ) આવું.

જકર (ના) જીદ, તકરાર.

કજીઓ (ના) ટંટો.

અંતે (અ) આખરે, છેલ્લે.

મિજાજ છેક ગયો એટલે ઘણો ગુસ્સે થયો.

પછાડે (ક્રિ) અછાડે, અફાળે, ઠોકે.

ધ્રુજે (ક્રિ) હાલે, બીકથી હાલવું.

છેલ્લે સરવાળે (અ) આખરે.

બડબડતો (કૃ) બોલતો. ગુસ્સામાં બોલતો.

ટાઢો થયો એટલે શાંત થયો. એટલે તેનો ગુસ્સો જતો રહ્યો.

હાલત (ના) દશા, સ્થિતિ.

સમરી (ક્રિ) સુધરી.

રૂડાં (વિ) સારાં, સુંદર.

રાચ રચીલાં (ના) ઘરમાં વાપરવાનો સામાન.

વસાવ્યાં (ક્રિ) લીધાં.

અનેક (વિ) ઘણા, વધારે.

પ્રકારનું (ના) જાતનું.

વૈભવ (ના) મોજ શોખ.

ભોગવવો (કૃ) કરવો.

સવાલ ૧લો. વાતપ્રવાહ કોની ખબર લેવા ને ક્યાં ગયો? અને તે જ-મદદ કીધી? ને તેથી પરિણામ શું થયું? (૪) જે ઠેકાણે જવાનું હતું, ત્યાં પહોંચ્યા પછી એ બંને રાક્ષસોને કેવી રીતનો કજીઓ થયો? અને શાથી? (૫) એટના લોકોને એ બેમાંથી કયો રાક્ષસ વધારે ફાયદાકારી જણાયો.

## પાઠ ૧૬૭ મો.

ટોળું (ના) જથો.

મળીને (કૃ) એકઠા થઇને.

ભાળ (ના) ખબર.

ઊષ્ણતા બાઈ (ના) ગરમી, તાપ.

ઘણો છાતીવાળો (વિ) હિંમતવાળો.

ખાતરી (ના) હિંદુની એક જાત છે, તે ઘણું ખરૂં લુગડાં વણવાનો ધંધો કરે છે.

હિંમત હારવી એટલે નાઉમેદ થઈ બેસવું.

વિગત (ના) તપસીલ.

વિગત પ્રમાણે એટલે તપસીલ પ્રમાણે. બધી, જરેજર.

વેગળો (અ) આઘો, દૂર.

ગગન (ને) આકાશ.
શક્તિ (ના) જોર, કૌવત.

સવાલ ૧. ઉદકપ્રવાહે એક દહાડો બધા લોકોને કોના વિષે ને કેવી રીતની વાત કહી ? (૨) ઉદકપ્રવાહની સ્ત્રીનુ નામ શું, અને તેનો છોકરો તેના બાપને મૂકીને ક્યારે નાશી ગયો ? ને એ છોકરો ઘણો ખરો કોની જોડે રહે છે ? (૩) એ છોકરાની ફરીથી પડપૂછ કરવાને ઉદકપ્રવાહ પાસે કોણ આવ્યું ? (૪) ઉદકપ્રવાહે એ છોકરાનું રહેવાનું ઠેકાણું ક્યાં બતાવ્યું ? અને તે કોનાથી વધારે જોરાવર છે ? એમ કહ્યું તથા એને પકડવાની શી રીત બતાવી ? (૫) ઉદકપ્રવાહના એ છોકરાને ખાવાનું શું જોઇતું, અને તે ક્યારે ? (૬) ઉદકપ્રવાહે પોતાના છોકરાની શક્તિનું કેવું વર્ણન કીધું ?

---

## પાઠ ૧૩૮ મો.

---

વાંસો (ના) બરડો.
પછવાડે મંડ્યો એટલે તેને આગ્રહ ક-

. (ના) શારા અગર બીજ કાઇ વાસણના મોં ઊપર દેવાનું ઢાંકણ.
ળીઓ (ના) વરાળ.
મૂત (વિ) ઝટ ભાગે નહી એવું.
તુ (ના) જમીનમાંથી ખોદી કાઢેલું સોનું, રૂપું, ત્રાંબું, કલઇ સીસું વિગેરે.
શીરોઇ (ના) ધાતુનું પાણી ભરવાનું એક વાસણ કે જે લોટા જેવું હોઇ મોં ઊપરથી લાંબી નળી હોયછે.
ખૂબ (વિ) ઘણું.
સજ્જડ (વિ) મજબુત, ખસે નહીં એવું.
શોભે નહીં એટલે સારૂં દેખાય નહીં.
વણી (ક્રૃ) ગુંથી, બનાવી.
વેહેલા (ના) આપદા, દુઃખ.
ડીલે (ના) શરીરે.
બાપજી કરીને એટલે ઘણી ખુશીથી.
સુતર (ના) રૂની પાતળી દોરી.
કાંતીને (ક્રૃ) રૂની પાતળી દોરી કરીને.

સવાલ ૧. વિઠ્ઠલ ઉદકપ્રવાહને શેનો આગ્રહ કરવા લાગ્યો ? અને તે ને ઉદકપ્રવાહ ક્યાં ગયા ? ને કોને શી રીતે પકડ્યો ? (૨) એ પકડેલા રાક્ષસને કેવી રીતે રાખવાને ઉદકપ્રવાહે વિઠ્ઠલને કહ્યું ? અને તે મુજબ કરતાં પરિણામ શું થયું ? (૩) ફરીથી વિઠ્ઠલે વરાળીયાને શેમાં પકડીને ગોંધ્યો ? ને વરાળીયાએ શું કર્મ કીધું ? (૪) વરા-

પાઠ
અને તના કરેલા કામથી બેટના લા
શી વસ્તુ વાપરવા લાગ્યા ?

## પાઠ ૧૬૯ મો.

મહારાજ (ના) મોટા રાજા, શેઠ.
દોલત (ના) પૈસો, ધન.
પ્રકારે (ના) રીતે, તરેહના.
માલ (ના) વસ્તુ, ચીજ.
ધન્ય (અ) શાબાશ.
હાથ પગ હલાવવો એટલે મહેનત કરવી.
બગાસાં ખાય એટલે ધંધા વિના આ-
ળસુ થઇ બેસી રહે.
વગડો (ના) જંગલ.
નવરા (વિ) નકામા, પરવારતા.
સરતી (વિ) સોંઘી, ઓછી કિંમતની.
ખપ (ના) વપરાશ.
જાગે (ક્રિ) થાય.
છૂટકો (ના) પાર.
છૂટકો નહીં એટલે કરવુંજ પડે.
મુલક (ના) દેશ.
ઉપાય (ના) ઇલાજ.
મનસુબો (ના) વિચાર.
ધારીને (કૃ) કરીને.
બાંધ્યું (ક્રિ) તૈયાર કીધું, બનાવ્યું.
મદદ (ના) સહાય.
દોડાશે (ક્રિ) ચાલશે.
પસારીશ (ક્રિ) ફેલાવીશ.

સો ભટજીએ કેવો કીધો ? (૩) ત્રણે
રાક્ષસ કામે લાગવાથી ઘણો માલ પે-
દા થયો, તેથી બેટના લોકોએ તે મા-
લનું શું કરવા ધાર્યું ? (૪) બેટમાંથી
પરદેશ માલ લઇ જવા, તે લોકોએ શું
બનાવ્યું, ને તે લઇ જતા પહેલાં ત્રણે
રાક્ષસો શેને માટે માહોમાંહે વઢયા ?
(૫) વાતપ્રવાહ ને ઉદકપ્રવાહ વચ્ચે કે-
વી તકરાર થઇ ?

## પાઠ ૧૭૦ મો.

મરજી (ના) ઇચ્છા, મન.
અથડાવું (ક્રિ) રખડાવું.
છાનો રહો (ક્રિ) ચૂપ રહો, મુંગો રહો.
માથે લીધું (ક્રિ) કરવાને કબુલ્યું.
રીસાય (ક્રિ) ગુસ્સે થાય.
બથંબથા (ના) કુસ્તી, બાથ ભીડીને
લડવું.
છોડે (ક્રિ) મૂકે.
વૈભવી (વિ) મોજીલા, શોખીલા, સુખ-
ભોગવનાર.
અક્કલ (ના) સમજણ.

[illegible] (ના) [illegible].

વિલાયત (ના) એ શબ્દનો ખરો અર્થ તો પોતાનો દેશ થાય છે, પણ આ ઠેકાણે ઈંગ્લાંડ દેશ, જે યૂરોપમાં છે, ને જેમાં અંગ્રેજો રહે છે, તે દેશ.

જળચક્કી (ના) પાણીનાં જોરથી ચાલતી ઘંટી.

સવાલ ૧. વાતપ્રવાહ ને ઉદકપ્રવાહ વચ્ચે વહાણ લઇ જવાની તકરાર ચાલતી હતી, તે વખતે વરાળીયો ક્યાં હતો? ને તે એ વાત સાંભળી શું કહેવા લાગ્યો? (૨) પછી આખરે કયા બે રાક્ષસે વહાણ ચલાવવાનું કબુલ કીધુ? અને એ બેમાંથી વખતે કયો રીસાઈ જતો? અને ત્યારે બાકીનો એક વહાણ ચલાવી શકતો કે નહીં? (૩) આવી રીતે બેટનો માલ પરદેશ જવાથી લોકોને શો ફાયદો થયો? (૪) આ બધી વાત સાંભળી દેશાઇના કયા છોકરાને બરાબર સમજ નહીં પડી? તેને ભટજીએ શી સમજણ પાડી?

---

[illegible] (ના) જાર.

આગબોટ (ના) દેવતાથી ચાલતી હોડી, પણ એ નામ ખરૂં નથી, શાથી જે એ કંઇ આગ એટલે દેવતાથી ચાલતી નથી, પણ વરાળથી ચાલે છે.

આગ ગાડી (ના) વરાળના બળથી દોડતી ગાડીઓ.

કાપડ (ના) લૂગડાં.

લક્ષ (ના) ધ્યાન, ચિત્ત.

સંચા (ના) યંત્ર, સાંચા.

સોબતી (ના) દોસ્તદાર.

ખરચીને (ક્રિ) વાપરીને.

ખાતું (ના) વિભાગ, ધંધો, રોજગાર.

ગમી (ક્રિ) પસંદ પડી, ભાવી.

મજેની (વિ) સરસ.

મણા (ના) કસર, ભૂલ.

વાળુ (ના) રાતનું ખાણું.

વેળા (ના) વખત.

આગ્રહ (ના) હઠ ભાવ, ખેંચ તાણ.

સવાલ ૧. ઉદકપ્રવાહ, વાતપ્રવાહ ને વરાળીયો એ શબ્દના અર્થ ભટજીએ કેવા કરી બતાવ્યા? (૨) એ ત્રણે રાક્ષસો વિલાતમાં શા શા કામ કરે છે? (૩) આપણા દેશમાં એ રાક્ષસો ક્યારે કામ કરે, ને આપણે સુખી થઇએ? (૪) હરિઆએ ભટજીને એ વાત સાંભળી શું કહ્યું? (૫) એ વાત ભટજી

અને મળ્યુ તો શું શું મળ્યું ?

---

## પાઠ ૧૯૨ મો.

---

મહિમા (ના) પ્રતાપ, ખરો અર્થ, ગુણ

વિરલો (વિ) કોઇકજ.

હેતે (ના) પ્રિતથી.

હરિ (ના) પરમેશ્વર, મારી નાખનાર.

બાળપણામાં (ના) નાનપણમાં.

ધરાવે (ક્રિ) રાખે, પાડે.

રણછોડ (ના) રણ એટલે દેવું ને છોડ એટલે છોડવનાર, દેવામાંથી છોડવનાર, એટલે પરમેશ્વર.

વ્યાજ (ના) રૂપિઆનું ભાડું.

ખોડ (ના) ભૂલ, ખાપણ.

જોગીદાસ (ના) જેણે સંસાર છોડી જોગ લીધો હોય તે, એટલે બાવા.

વનિતા (ના) બૈરી, વહુ.

સુરજી (ના) સૂરજના જેવો તેજસ્વી.

જસુ (વિ) જેવું.

શાકર (ના) એક જાતનો ગળ્યો પદાર્થ.

મીઠો (ના) માણસનું નામ હોય છે, એનો અર્થ ગળ્યો થાય છે. આ ઠેકાણે મીઠો નામ છે, પણ બીજે કોઇ ઠેકાણે વિશેષણ થઈ શકે છે.

પેર (ના) રીત.

બોલી (ના) શબ્દો, વાક્યો.

ઝેર (ના) જે પદાર્થ થોડો ખાવાથી ળતી રસા .. . . ., . આ-જો હોઇ ઘરેણાંના કામમાં આવે છે.

ઝવેર (ના) માણસનું નામ છે. અને એનો બીજો અર્થ હીરા માણેક મોતી વિગેરે વસ્તુઓને પણ ઝવેર કહે છે.

દામ (ના) પૈસો, રૂપિઓ.

મંગળ (ના) માણસનું નામ છે. અને એનો અર્થ કલ્યાણ અથવા સારૂં થાય છે.

સુખમલ (ના) માણસનું નામ છે. અને એનો અર્થ ઘણો સુખી.

કલ્યાણ (ના) માણસનું નામ છે. અને એનો અર્થ ભલું થાય છે.

દાવાનળ (વિ) ઘણુંજ, દવાનળ શબ્દનો શબ્દાર્થ તો વગડાનો અગ્નિ થાય છે, પણ એ અગ્નિ ઘણા મોટા રૂપમાં થાય છે, માટે દાવાનળ શબ્દનો અર્થ ઘણું કે મોટું પણ થાય છે.

પૂઠ (ના) પીઠ, વાંસો, બરડો.

પલાણું (ક્રિ) બેસવું, પલાણ નામ પણ થાય. પણ આ ઠેકાણે ક્રિયાપદ છે.

એ-

ના અર્થ પર્વત ઝીલનાર થાય છે. એટલે કૃષ્ણ એટલે પરમેશ્વર, કારણ કે કૃષ્ણે ગોવરધન પર્વત ઝીલ્યો હતો.

ાર (વિ) સારાં.

૩૫.

કૃષ્ણ (ના) એક રાજા થઈ ગયો છે. જેને હિંદુ લોકો પરમેશ્વર માને છે, એ શબ્દનો અર્થ તો કાળો થાય છે, પણ આ ઠેકાણે એનો અર્થ પરમેશ્વર થાય છે.

રામ (ના) એક રાજા થઈ ગયો, જેને હિંદુ લોકો પરમેશ્વર માને છે. આ ઠેકાણે એનો અર્થ પરમેશ્વર થાય છે.

પનોતો (વિ) ઘણાં છોકરાં છૈયાંવાળો, વસ્તારી.

પુત્ર (ના) છોકરો.

હીર (ના) રેશમ.

સેવે (ક્રિ) વાપરે.

સૂત્ર (ના) સુતર.

ધનપાળ (ના) માણસનું નામ, પૈસા સાચવનાર.

ધંધો (ના) રોજગાર, મજુરી.

ધરણીધર (ના) માણસનું નામ છે, એનો અર્થ પૃથ્વીને ઝીલનાર એટલે શેશ નાગ એટલે પરમેશ્વર થાયછે.

મજુરી (ના) દરરોજના પૈસા લઈ હ-

દેવો (ના) માણસનું નામ છે. અર્થ પરમેશ્વર.

ઘેલા (વિ) ગાંડા.

સાચો (ના) સાચું બોલનાર, આ ઠેકાણે નામ છે.

તોળે (ક્રિ) જોખે.

તોલ (ના) ભાર, માપ.

ભલો (ના) માણસનું નામ છે, આ ઠેકાણે નામ છે.

ભૂલાવા (કૃ) ફોસલાવવા, છેતરવા.

સંતોષી (ના) તૃપ્તિવાળો, માણસનું નામ છે માટે આ ઠેકાણે વ્યાકરણ પણ નામજ થશે.

ઝાઝું (વિ) ઘણું.

રાજારામ (ના) માણસનું નામ, એનો અર્થ દેશનો ધણી થાય છે.

ભીખ (ના) ગરીબ માગનારને જે કંઇ આપવું તે, ખેરાત.

ઘેલો (ના) ગાંડો, માણસનું નામ છે, માટે વ્યાકરણ નામ થશે.

દે છે (ક્રિ) આપે છે.

શીખ (ના) શીખામણ.

નાનો (ના) માણસનું નામ, એનો અ-

ખ્યાત, બહાદૂર.

પ્રીછે (ક્રિ) જાણે, ઓળખે.

ચતુર (ના) માણસનું નામ છે, એને અર્થ ડાહ્યો.

ચાડી (ના) ચુગલી, બદબોઈ, ગીબત.

નાગ (ના) સાપ.

મેંડક (ના) દેડકો.

ડરે (ના) બીએ.

કરૂણા (ના) મેહેરબાની.

નીર (ના) પાણી. ખરો અર્થ.

## સમજુતી.

પોતાના નામનો ખરા અર્થ પ્રમાણે ચાલે એવો માણસ તો કોઇકજ હોય, મા બાપ હેતથી હરિભાઇ નામ પોતાના છોકરાનું પાડે છે, એટલે પરમેશ્વર જેમ મરતો નથી તેમ હરિભાઇ પણ મરવો ન જોઇએ, કારણ હરિનો અર્થ પરમેશ્વર થાય છે, પણ હરિભાઇ નામવાળા માણસોમાંથી કોઇક તો નાનપણમાંજ મરી જાય છે. વળી રણછોડ એટલે દેવામાંથી છોડવનાર એવું નામ પાડે છે, પણ તે પોતેજ દેવાદાર હોય છે. વળી જોગીદાસ નામ હોય છે, એટલે સંસાર ત્યાગી એવા અર્થનું નામ હોય છે, પણ બધા માણસને એક બૈરી હોય છે, ત્યારે જોગીદાસમાંના કેટલાકને તો એ-

વળી નામ તો હીરાલાલ, મોતીલાલ, ઝવેરદાસ એવાં હોય છે, ને તેઓની પાસે સાચો પૈસો તો નહીં, પણ ખોટો પૈસો પણ હોતો નથી. વળી મંગળદાસ એટલે આનંદી, સુખમળદાસ એટલે ઘણો સુખી, કલ્યાણદાસ, એટલે ભલું કરનાર અથવા સુખી કરનાર એવાં નામ હોય છે, પણ તેઓના વાંસાપર અતિશય દુઃખ ચઢી બેઠેલું હોય છે, મતલબ કે તેના નામના અર્થ પ્રમાણે તેઓ સુખી હોતા નથી, પણ ઘણા દુઃખી હોય છે.

વળી નામ તો વાઘજી ને હાથીભાઇ પાડે છે. એટલે વાઘ ને હાથીના જેવા જોરાવર, પણ તે માણસો એટલા તો કમજોર હોય છે કે તેઓથી એક શેર પણ ભાર ઉંચકી શકાતો નથી. તેમજ વળી નામ તો દેવ, કૃષ્ણ ને રામ એટલે પરમેશ્વર પાડે છે, પણ પરમેશ્વર જેમ બધી વાત જાણે છે, તેમ તેઓ કાંઇ જાણતા નથી, કે કોણ કોણ શું શું કામ કરે છે.

પાસ [illegible] પસા હોતો નથી, ને ગુજરાન ચલાવવા માટે તેને હર કાંઈ ધંધો કરવો પડે છે. વળી ધરણીધર નામ પાડે છે એટલે પૃથ્વીને ઝીલનાર એટલે પરમેશ્વર પણ તે બિચારો મજુરી કરતો ફરે છે.

ગિરધર એવાં ઘણાં સારાં નામ ઘણાનાં હોય છે, તેમજ વળી દેવ એટલે પરમેશ્વર એવાં નામ પણ કેટલાકોનાં હોય છે, પણ તેઓ તો બિચારા બોજો ઊંચકી ઊંચકીને જીંદગી પૂરી કરે છે. વળી નામ તો ડાહ્યાભાઇ હોય છે, પણ તે ગાંડા શબ્દ બોલતો હોય છે, તેમજ વળી સાચાભાઇ નામ પાડે છે, પણ તે બોલું તોળી જુઠો બને છે.

નામ તો ભલાભાઇ એટલે દગો નહીં કરનાર એવું પાડે છે. પણ તે બીજાને ગફલતમાં નાંખવાને ચુકતો નથી. તેમજ વળી સંતોખરામ એટલે તૃપ્તીવાળો એવું નામ હોય છે પણ તે ઘણો લોભ કરી બધાનું ખાઈ જાય એવો હોય છે.

-, તેમજ વળી ઘેલો એટલે ગાંડો એવું નામ પાડે છે, પણ તે એટલો તો ડાહ્યો હોય છે કે બીજાને શીખામણ દે છે.

વળી નાનાભાઈ એટલે ઉમરે નાનો એવું નામ પાડે છે, પણ તે ઘણા વર્ષ જીવીને ઘરડો થાય છે, તેમજ નામ તો પ્રતાપ એટલે જાણીતો કે ઘણો પ્રખ્યાત એવું પાડે છે, પણ તેને કોઇ પણ ઓળખતું એ ન હોય, વળી નામ તો ચતુરલાલ એટલે ડાહ્યો પાડે છે, પણ તે બીજાની ચાડી ચુગલી ખાવાનો ધંધો કરતો હોય છે, તેમજ વળી નાગજી એટલે સાપ એવું નામ પાડે છે એટલે સાપ તો ઝટ વારમાં બીજાં નાનાં પ્રાણીને મારીને ખાઇ જાય છે, ને જેનું નામ નાગજી હોય, તે વખતે એટલો તો બાયલો હોય છે, કે દેડકા જેવા નાના ને કમજોર પ્રાણીને જોઇને પણ બીએ. સામળભટ કવિ કહે છે, કે પરમેશ્વરની મેહેરબાનીથી નામનું પાણી એટલે નામનો ખરો અર્થ તો કોઈકજ ખરો પાડે છે.

---

### પાઠ ૧૭૩ મો.

---

ચાલ (ના) ધારા, રિવાજ, નિયમ.

જ. . . .

મુર્ખાઈ (ના) ગાંડાઈ.
નરસા (વિ) નઠારા, માઠાં.
ગળે ઉતારીને એટલે સમજાવીને, પસંદ પાડીને.
સંપ (ના) એક્કો.
ફેરફાર (ના) તફાવત.
પકડયા (ક્રિ) શરૂ કીધા, પસંદ કીધા.
તેરમું (ના) મરી ગએલા માણસની તિથિનો તેરમો દહાડો.
નાત (ના) જમણવાર.
છેક (અ) તદન, બીલકુલ.
લગ્ન (ના) સ્ત્રી પુરૂષે પરણવું તે.
લૂગડાં લત્તાં (ના) લૂગડાં અને તેવી બીજી ચીજો.
ખાદી (ના) એક જાતનું જાડું સુતરાઉ લૂગડું, રોટી.
મેલાં (વિ) મેલવાળાં, ગંદાં, ગોજાં.
બટાટા (ના) આરબી.
હોંસે હોંસે (ના) ખુશીથી.
પુસ્તક (ના) ચોપડી.
વિદ્યા (ના) ભણતર.

સવાલ ૧. જૂના બધા ચાલ છોડી દેવા જોઇએ કે? જો એમ નહીં તો કેવા છોડી દેવા? (૨) કેટલીક નાતમાં કયા જૂના ચાલ છોડી દીધા છે? ને કયા નવા ફાયદાકારી ચાલ થયા છે? (૩) લૂગડાં પહેરવાના ચાલમાં શો ફે-

ગોળ કે ચારસ પાટીયું જડી લઈ બનાવે છે તે.
ખુરસી (ના) ચાર પાયાની ને નેતરથી ભરેલી એક જાતની તકીઆવાળી માંચી.
ઘડીઆળ (ના) વખત જણાવનાર સંચો.
વહેલ (ના) એક જાતની ગાડી.
પાલખી (ના) એક જાતનું બેસવાનું વાહન તેને માણસ ઊંચકે છે.
ફરક (ના) ફેરફાર, તફાવત.
ઘોડા ગાડી (ના) જે ગાડીને ઘોડો ખેંચી જાય તે.
વહાણ (ના) પાણીમાં તરતું લાકડાનું એક જાતનું વાહન.
આગબોટ (ના) વરાળથી ચાલતી હોડી.
જોડતા (ક્રિ) ઊંચકવાને બાંધતા.
કદાચિત (અ) કદાચ, કોઈ વાર.
લાંછન (ના બટ્ટો, એબ.
રીત ભાત (ના) રિવાજ, ધારા.
અટકળ (ના) ધારણા, અનુમાન.
નક્કી (વિ) ખરો, સાચો.
બટ્ટો (ના એબ, લાંછન.

[illegible] જોવાને ઘડીઆળ વાપરવાં માંડયાં, તેથી આપણે આપણા બાપ દાદાને બટો લગાડયો એ વાત કરી છે?

## ઉપલા બે પાઠનો સાર.

જે જે રિવાજો હાલ આપણામાં ચાલે છે, તેમાંથી જે ફાયદાકારી હોય, તે રાખવાને જે નુકશાનકારી હોય તે કાઢી નાખવા, નુકશાનકારી રિવાજ કાઢી નાંખવાથી લોકો કદાચ બડબડાટ કરી આપણી નિંદા કરે, તો તેની ફિકર ન રાખવી, પણ નઠારા ને નુકશાનકારી ચાલ હોય, તે કાઢી નાંખવાથી ઘણો ફાયદો થશે, ને જે લોકો પ્રથમ આપણી નિંદા કરશે, તેજ પાછળથી વખાણશે.

---

## પાઠ ૧૭૫ મો.

---

ખોદે (ક્રિ) જમીનમાં ખાડો પાડે, અથવા બીજા માણસને દુઃખમાં નાંખવાની મહેનત કરે.

પડે (ક્રિ) પડી જાય, ફાંદામાં આવી જાય.

આશિર્વાદ (ના) શુભ વાચક શબ્દ કહેવા, ભલું કરનાર શબ્દો કહેવા.

હજુરનો (ના) રાજાની રૂબરૂનો, રાજાની કચેરીનો.

ઇર્ષા (ના) અદેખાઇ.

એકાંતે (અ) છાની જગાએ, જ્યાં વાત કહેનારને સાંભળનાર સિવાય બીજો કોઇ હોય નહીં એવે ઠેકાણે.

અડાડીને (કૃ) અડકીને, લગાડીને.

ગમતું (કૃ) પસંદ પડતું.

શ્વાસ (ના) દમ.

ગંધાય છે (ક્રિ) નઠારી વાસ મારે છે.

સમે (ના) વખતે.

ફેરા (ના( આંટા, ધક્કા, ટાંપાં.

કૃપા (ના) મહેરબાની.

ચિઠ્ઠી (ના) લખેલા કાગળની કાપલી જેની અંદર કંઈ ઇનામ આપવાને લખેલું હોય, અથવા બીજું હર કંઇ લખેલું હોય તે, નોટ, ભલામણપત્ર.

હેત (ના) પ્યાર, વહાલ.

રીસ (ના) ગુસ્સો.

દક્ષણા (ના) બ્રાહ્મણને સોના રૂપાં કે ત્રાંબાનું દાન આપવું તે.

સલાહ (ના) વિચાર, શીખામણ.

કોટવાલ (ના) શેહેરના કોટની અંદર રહેનાર તમામ પ્રજાનું રક્ષણ કર-

થૈ જે બાવળ,

ઝાડમાંથી નીકળે

દેવડી (ના) પહેરા ભ.

ઉભા રહેવાની ઓરડી.

વાટ (ના) રાહ, રસ્તો.

ખાડો ખોદે તે પડે એટલે માણસ દગો કરી બીજાને દુઃખી કરવા ધારે, તો તે સામો માણસ દુઃખી થતો નથી, પણ તે દુઃખી કરનારજ દુઃખી થાય છે.

પરતાયો (ક્રિ) દીલગીર થયો.

સવાલ ૧. બ્રાહ્મણ રાજાના દરબારમાં શું કરવા જતો ને તેને જોઈ કોણ તેની અદેખાઈ કરવા લાગ્યું ? (૨) હજામે રાજાજીને શું કહીને ઊંધું સમજાવ્યું ? ને તેથી બ્રાહ્મણ ઉપર કોણ ગુસ્સે થયું ? (૩) બ્રાહ્મણે રાજાજી પાસે કંઇ માગ્યું, ત્યારે તેમણે એને શું આપ્યું ? અને તેથી હજામ શું સમજ્યો ? ને તે બ્રાહ્મણને શું કહેવા લાગ્યો ? (૪) બ્રાહ્મણે પોતાને મળેલી પહેલી બક્ષીસ કોને આપી દીધી? ને તે બક્ષીસની ચીઠીમાં શું લખ્યું હતું ? ને તે કોના પર લખેલી હતી ? (૫) ચીઠીમાં લખ્યા મુજબ કોને શીક્ષા થઇ ? અને તેથી હજામને શી શીખામણ મળી ?

પણ આપણે તેને દુઃખા ..

---

## પાઠ ૧૭૬ મો.

---

પાકું (વિ) દૃઢ, ઘડાએલું, ઝટઝટ વારમાં ફરી ન જાએ એવું

હૈયું (ના) મન, અંતઃકરણ, વિચાર.

ચાલ (ના) રિવાજ, ધારો.

ફલાણો (વિ) અમુક.

ઠીક (વિ) સારો.

વેહેવાર (ના) લેવડદેવડ, આપ લે, જમવા ખાવાનો કે ચાંલ્લો કરવાનો ધારો.

ફેરફાર (ના) તફાવત, ફરક.

ઝીણી (વિ) બારીક.

નજર (ના) બુદ્ધિ, સમજ.

ઝીણી નજરથી એટલે પાકી સમજથી.

નિશ્ચય (ના) નકી ઠરાવ.

નુકશાન (ના) ગેરફાયદો.

લોકો વાતો તો નહીં કરે એટલે લોકો મારા એ કામ માટે નઠારી વાતો તો નહીં કરે.

કાર, ધિક્કાર.

ઇ.

.ર છે એટલે જતી રહે છે.

ખાટું થાય છે એટલે મન દુઃખી થાય છે.

સાંભરી આવે છે એટલે યાદ આવે છે. એમાં સાંભરી એ કૃદંત છે.

સમે (ના) વખત, લાગ, તાલ, પ્રસંગ, દાવ.

મન વાળેછે એટલે મનને સંતોષ પમાડે છે, અથવા તે કરવાનું મન નથી કરતો.

ડગમગતું (વિ) હાલતું, ફરતું.

મરદ (વિ) બહાદૂર, હિંમતવાળો.

હઠે (ક્રિ) પાછું ફરવું.

પેઠે (અ) માફક, ગોડે.

વસ્યું (ક્રિ) નકી થયું.

મચે (ક્રિ) મંડે, લાગે.

વેઠે (ક્રિ) ખમે, ભોગવે.

કાચું હૈયું એટલે ઝટ ઝટ બારમાં ફરી જાય એવું મન.

ફેર (ના) તફાવત.

સવાલ ૧. કાચા હૈયાવાળો માણસ અસલના નુકશાનકારી ધારામાં ફેરફાર કરવાનો વિચાર કરે ને પછી પાછો તે વિચાર શાથી બંધ પાડે છે? અને એ બંધ પાડવાના જે જે કારણ તે બતાવે તે ખરાં હોય છે કે? (૨) પાકાં

(૨) લાભ.

જરૂર (ના) અવશ્યકતા.

જગત (ના) દુનિઆના લોકો.

જગતને મોંઢે કાંઇ ઢાંકણું નથી એટલે દુનિઆના માણસોના મોઢાપર કંઈ ઢાંકણુ નથી, તેઓ તો મરજીમાં આવે તેમ બોલે.

પરાક્રમ (ના) બહાદુરીના કામ.

કાળ (ના) વખત.

સામા થયા છે એટલે તેણે કરવા ધારેલો ફેરફાર કરવા દેતા નથી.

ગુણ (ના) ફાયદો, નફો.

નરમ (વિ) ઠંડા, શાંત.

નરમ પડીને એટલે ટાઢા થઇને.

વખાણ (ના) સારા બોલ.

હિંમત (ના) કંઈ કામ કરવામાં જોખમ ખમવાનો જુસ્સો.

આરંભ (ના) શરૂઆત.

ઓચિંતી (વિ) એકાએક, અણધારી.

અડચણ (ના) હરકત, મુશીબત.

ફરી જાય છે એટલે ફરી જાય છે, ચળી જાય છે.

ર. .૧૯

પાછો હડે છે કે ન

પાકું હૈયું કોને કહે

### પાઠનો સાર.

આપણને એમ જણાય કે રિવાજ સારા નથી, ને તેમાં ફેરફાર કરવાની જરૂર છે, તો તે તરતજ કરવા, તેથી કદાચ લોકો આપણું માઠું બોલે તો તેની દરકાર ન રાખવી. પ્રથમ કરેલો વિચાર ફાયદાકારી ને સાચોજ હોય, તો તે પાછળથી ફેરવવો નહીં, ને જો ફેરવીએ તો લોકોમાં ઊલટી ફજેતી થાય છે.

---

### પાઠ ૧૭૭ મો.

---

ભલો (વિ) સારો.

દૂરથી (અ) આઘેથી, છેટેથી.

દેખતાં (કૃ) જોતાં.

દિલ (ના) મન.

ભાવ્યો (ક્રિ) ગમ્યો.

આકાશ (ના) ગગન, ખાલી જગા.

મેહ (ના) વર્ષાદ.

દીસે (ક્રિ) દેખાય.

કુંડ (ના) પાણી ભરવાને બાંધેલો છોબંધ ખાડો.

દેવતા (ના) દેવ.

વીજ (ના) વીજળી.

૨. .

શોભિતા (વિ) સારા દે

સાંઝ (ના) સૂરજ આથમવાના વખત.

ટાંણે (ના) વખતે.

ઘટ (ના) ઘડીઆળ, ઝાલર, કાંસાની વગાડવાની ઘડીઆળ.

સોમ (ના) ચંદ્ર.

દીપે (ક્રિ) શોભિતો દેખાય, શોભે.

આંખ ફાડી એટલે આંખને પહોળી કરીને એટલે આંખ બરાબર ફેરવીને.

ઝુકી (ક્રિ) ડોલી.

ઝુંડ (ના) જથો, ટોળું.

ઝાઝી (વિ) ઘણી.

મહા (વિ) ઘણો.

સ્વાદુ (વિ) સ્વાદવાળો.

મિષ્ટ (વિ) મીઠો, ગળ્યો.

મેવો (ના) ખાવાનાં ફળ.

વસે (ક્રિ) રહે.

વાંદરા (ના) એક જાતનું જાનવર, એનો આકાર માણસને ઘણો મળતો આવે છે.

સિંહ (ના) એક જાતનું ફાડી ખાનાર

...ગ્યા, છાંયડો.

સુગંધી (ના) સારો વાસ, ખુશબો.

વહે (ક્રિ) જાય, ચાલે.

વાયુ (ના) વા, પવન.

ફૂલી (ક્રિ) ખીલી રહી છે.

ફૂલવાડી (ના) જે વાડીમાં ફૂલ ઉત્પન્ન થાય તે વાડી.

કુવા (ના) પાણી કાઢવાને જમીનમાં ખોદેલો ખાડો.

વાવ (ના) પાણી કાઢવાને જમીનમાં ખોદેલો ખાડો તેમાં ઉતરવાને પગથીઆં કરેલાં હોય છે, ને કુવામાં પગથીઆં નથી હોતાં એટલો ફરક.

કુંડ (ના) પાણી ભરી મૂકવાને ખોદેલો ખાડો, કોઇ કુંડ એટલા ઊંડા હોય છે, કે તેમાં જીવતું પાણી રહેછે.

ઓપે (ક્રિ) શોભે, સારો દેખાય.

અગાડી (અ) આગળ.

વડાં (વિ) મોટાં.

દેવલ (ના) દેવને રહેવાનું મંદિર.

વસે (ક્રિ) રહે.

...જાતનું ઘર, વાડી-

...વાળું ઘર.

...માં) ચૌટું, માલ વેચવા બેસવાની તથા ખરીદવાની જગા.

રૂડા (વિ) સારા.

રોજગારી (ના) વેપારી, ધંધો કરનાર.

રોજગાર (ના) વેપાર, ધંધો.

માલ (ના) સામાન.

તણું (અ) નું.

તળાવ (ના) પાણી ભરી રાખવાને ખોદેલો મોટો ખાડો, એ કુંડથી મોટો હોય છે.

પીવા (કૃ) પાણી પીવા.

પ્રસેવો (ના) પરસેવો, પસીનો.

પરાં (વિ) આઘાં.

વાદળાં (ના) વરાળનો આકાશમાં એકઠો થએલો જથો.

વેંત (અ) તરતજ.

જુક્તિ (ના) તદબીર.

જણાવે (ક્રિ) દેખાડે.

ધુણી (ના) તાપણી.

ટેવો (ક્રિ) ધારો, માનો.

સ્થાન (ના) દેવસ્થાન.

અતિ (વિ) ઘણી.

ખ્યાત (વિ) પ્રખ્યાત, જાણીતી, નામીચી.